શ્રી હરનાથજી કૃત.

ઉપદેશામૃત.

પ્રયોજક

શ્રીયુ ચુનીલાલ મજમુન્દાર.

કીંમત ૧—૪—૦



श्री राधाकृष्ण.

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઈ.

શ્રી

શ્રી હરનાથજી કૃત

ઉપદેશામૃત.

અનુવાદક

લીલુ ચુનીલાલ મઝમુન્દાર.
બીરભંગીર બીલ્ડીંગ્સ–ગીરગામ બેકરોડ, મુંબઈ.

પ્રકાશક

વિઠ્ઠલદાસ નાથાભાઇ મહેતા.
ખખ્ખર બીલ્ડીંગ્સ–સી. પી. ટૅંક, મુંબાઈ.

સંવત્ ૧૯૭૨ સન ૧૯૧૬

કિમ્મત રૂ. ૧-૪-૦ (કલૉથ બાઇન્ડ)

સુરત, ભાગાતળાવ રોડપર આવેલા,
ધી "રાંદેર" પ્રિન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી.



परमहंसजी माधवदासजी.

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઈ.

અર્પણ પત્રિકા.

પરમ પૂજ્ય ગુરૂ પરમહંસ શ્રી માધવદાસજીના પવિત્ર ચરણમાં

નિવાસ નર્મદા તટસ્થ માલસર ગ્રામ.

વંદનીય મહાત્મન્! આપ બંગદેશીય છો તેમ ગુજરાતી પણ છો–આપ યોગેશ્વર છો તેમ ભક્તેંદ્ર પણ છો–આપ સમદર્શી છો તેમ વિશ્વદર્શી પણ છો–આપ નિવૃત્તિ ઉત્સુક છો તેમ પ્રવૃત્તિ પોષક પણ છો–આપ અધમ–રંકના પિતા છો તેમ સંતના નેતા પણ છો. આવા ઉભય સંકલીત અદ્વિતીય હૃદય નિધાનમાંના અનેક રત્નો આપે અસંખ્ય અધમ જીવોને વિના દામે આપી ભકિતમાં તન્મય કીધાં છે અને જીવંત જીવન મુક્ત બનાવ્યો છે.

આ અધમને પણ તેવાજ જીવનમુક્ત બનાવવાની મહદ્ ઇચ્છાથી આપે બંગાલના વિદ્યમાન મહાત્મા ઠાકુર શ્રી હરનાથજી પ્રેમ સંભારે ભરેલા ઉપદેશામૃતના ગ્રંથની મને ભેટ આપી હતી તેમ ઉક્ત મહાત્માથી અપરિચીત સમાજનું શ્રેય કરવાની તીવ્ર ઇચ્છાથી તેનો અનુવાદ કરવાની મને આજ્ઞા પણ કરી હતી તો તે ઇચ્છા અને આજ્ઞાનુસાર પરિપૂર્ણ થયેલ આ પ્રવૃત્તિ બીજ આપના ચરણારવિંદમાં સપ્રેમ સમર્પી કૃતાર્થ થાઉં છું.

મુંબઇ.........
શ્રી રામજયંતિ
સંવત ૧૯૭૨

લી૦
આપશ્રીનો અધમ સેવક.
લીલુ.

આ પુસ્તક નીચેને ઠેકાણેથી મળશેઃ—

[૧] લીલુ ચુનીલાલ મઝમુન્દાર.
બીરભંગીર બીલડીંગ્સ—ગીરગામ બેકરોડ,
મુંબઈ.

[૨] વિઠ્ઠલદાસ નાથાભાઈ મહેતા.
ખખ્ખર બીલડીંગ્સ—સી. પી. ટેંક,
મુંબઈ.

યોગીન્દ્ર મહાત્માશ્રી માધવદાસજી.

(માલસરવાળાના પરમહંસજી મહારાજની)

સંક્ષિપ્ત જીવન--રેખા.

" गंगा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं च दैन्यं च हरति संतसमागमः ॥"

કલ્પતરૂ દીનતાને ગીતિ, ગંગાપાપ, શશી સંતાપહરે;
પાપ, તાપ, નિર્ધનતા, હરતા સંતપુરૂષ જગમાં વિચરે.

ગુર્જરી ગંગા, મહા માયા, નીર નિર્મલા નર્મદાના તટપ-- આજે દીર્ઘકાલથી ભગવદ્ ભજન, ધર્મોપચાર અને યોગ સાધનના જનમન પાવન ત્રિવિધ માર્ગોના પરમ પવિત્ર પ્રચારક, પરમહંસજી માધવદાસજી યોગીન્દ્ર મહારાજની સંક્ષેપમાં જીવનરેખા આંકવાનું અમને જે સૌભાગ્યમાં પ્રાપ્ત થયું છે, તેનો આનંદજનક વિચાર આવતાંજ શિરોલિખિત શ્લોકનું તરત હૃદયમાં સ્મરણ થઇ આવે છે; કેમકે એ શ્લોકનાં ન્હાનાં સરખાં પરિમાણમાં—માત્ર બેજ લીટીમાં સંત મહંત પુરૂષોની કૃપાનો જે મહિમા ગાયો છે, તેનો એ મહાત્માનો સંસર્ગ સેવનાર પ્રત્યેક સજ્જનને સંપૂર્ણ સાક્ષાત્કાર થયા વિના રહેત

નહીંજ હોય. એ શ્લોકમાં દર્શાવ્યા પ્રમાણે સંસારના શાપ, પાપ, તાપ, સંતાપ, પરિતાપાદિ સકલ કંટકોનું નિવારણ કરી શ્રધ્ધાળુ શિષ્યોના ભકિત માર્ગને સરલ બનાવી દેનાર અને દર્શન માત્રથી દુઃખ દૈન્યાદિ દુર્બલતાને દૂર કરનાર એ યથાર્થ યોગીશ્વરના જેવા મહાત્માઓ આ જગતમાં જવલ્લેજ અવતીર્ણ થાય છે. દેશ, કાલ, સ્થિતિ તપાસતાં હાલ હિંદમાં લગભગ છપ્પન લાખ સાધુઓ છે. એ વિશાળ સાધુસમુદાયમાં જો માત્ર પાંચ પચ્ચીસ પણ એવા સાચા સાધુઓ પોતાનું પ્રભુ પરાયણ જીવન પુનિત પરમાર્થમાં ગાળે અને પરમહંસજી મહારાજને પગલે ચાલી, પ્રાચીન ઋષિમુનીઓના દિવ્ય અને ઉચ્ચ આદર્શોને જાળવી રાખવા ભાગ્યશાળી થાય; તો અમને આશા છે કે, આ ભારત વર્ષ પોતાની ભૂતકાળની ભવ્યતાને થોડાજ સમયમાં અવશ્ય પાછી પ્રાપ્ત કરી શકે, તેમાં કંઇપણ સંદેહ નથી. આજ કાલ કરતાં લગભગ ત્રીસ વર્ષ થયાં નર્મદા તીરપર આવેલા સુરમ્ય અને નિર્જન માલસર સ્થાને તેમના સ્થાપેલા ખાખચોક આશ્રમની શીતળ છાયા પ્રભુની પ્રભુતા પાથરીને આસપાસના સમગ્ર ગુજરાત પ્રદેશમાં અજસ્ર અભીવર્ષણ કરી રહી છે. વળી પોતે પણ સ્થળે સ્થળે ફરીને ધર્મ–કર્મના ઉપદેશદ્વારા નીતિ–રીતિની મહત્તા અને પવિત્ર આચાર–વિચાર પાળવાની પૂર્ણ આવશ્યકતા સમજાવી, પોતાના પુણ્ય પ્રતાપે પોતાના વિશાળ શિષ્ય વર્ગના જીવનને ધન્ય કરનારી, દેવદુર્લભ ઉચ્ચ કોટિમાં પ્રવેશ કરાવ્યો છે. એ ઉપરાંત તેમણે સાધુ સમાજને સુધારવાને અનેક સભાઓ ભરી, સંમેલનકરી, તેમજ અન્ય યત્નો આદરીને ઘણું ઘણું કર્યું છે. તેમજ શૃંગાર ભકિતની પ્રેમરસધારા રેલાવવાનો તેમનો ઉત્સાહ આજ સુધી

અખંડ અને અપૂર્વ ભાવે વહી રહ્યો છે. આજે અનેક સ્થળે અંકૂર પામીને તેમના ઉચ્ચ ઉદ્દેશનાં ભક્તિ તેમજ પારમાર્થિક વૃત્તિના વૃક્ષો ચોમેર વિકસવા લાગ્યા છે. હઠયોગ અને રાજયોગની એક વાક્યતા સમજાવી દુર્ગમ જણાતી હઠયોગની રહસ્યાત્મક પ્રક્રિયાઓનો માર્ગ દર્શાવીને, પોતાના દીર્ઘ અનુભવના પ્રતાપે અનેક શિષ્યોમાં તેમણે ઉત્તમયોગ શિક્ષણનો પણ યથેચ્છ પ્રચાર કર્યો છે. તેમના પ્રતાપે આજે ગાંડી ગણાતી ગુર્જર ભૂમિમાં પણ અનેક સુયોગ્ય ગૃહસ્થયોગીઓ અને યોગ માયાઓ તૈયાર થવા લાગ્યા છે. તેમજ આ રસાળ ગુર્જર ભૂમિમાં તેમણે વાવેલાં ગૌર ભક્તિનાં બીજો પણ વૃક્ષરૂપે વિકાસ પામીને પ્રભુ પ્રેમની ઘાટી ઘટામાં પાંગરવા લાગ્યા છે. આવા મહાપુરૂષને આ પુસ્તક સમર્પણ કરતી વખતે તેમનાં દિવ્ય જીવનની આછી આછી ઝાંખી સુજ્ઞ વાંચકને કરાવવાના અભિલાષથી આ પ્રવૃત્તિ આરંભાય છે.

મહારાજશ્રીનો જન્મ શસ્ય શ્યાણલા બંગ ભૂમિના પવિત્ર અને શાન્તિ પ્રિય નદીયા જીલ્લામાં પરમશાન્ત ધામ શાન્તિપુરની સમીપ એક ન્હાના સરખા ગામમાં પવિત્ર બ્રાહ્મણ કુળમાં થયો છે. સમગ્ર બંગ પ્રદેશમાં મુખોપાધ્યાયનું બ્રાહ્મણ પરિવાર પરમ પવિત્ર અને શ્રેષ્ટ મનાય છે. તેમનું કુટુંબ પ્રથમથીજ ભક્તિપ્રિય અને પરમ શ્રદ્ધાળુ હતું, અને તેમાં પણ નદીયા પ્રદેશ કે જ્યાં ભક્તિકૌમુદીના કાન્તિચંદ્રશ્રીકૃષ્ણાવતાર કૃષ્ણ ચૈતન્યનો લીલા અવતાર, ભક્તિમાર્ગની વેગવતી જાન્હવીનો પ્રહાર રેલાવી ગયો છે, ત્યાંજ મહારાજશ્રી પણ અવતીર્ણ થયા હોવાથી, જન્મથીજ અલૌકિક ભક્તિરસની અજસ્રધારાઓ ત્હેમની ચોપાસ રેલાઈ રહી હતી. બાલ્યાવસ્થામાંજ આસપાસ નીતરતી

ભક્તિસુધા નિર્ઝરિણીમાં સ્નાન કરી, તેમનું હૃદય અપૂર્વ પ્રભુ પ્રેમમાં વિકાસ પામતું હતું, તેમની બાલોચિત ચંચળતા વિશુદ્ધ વિદ્યાભ્યાસમાં ઢળી હતી, અને તેમની કુશાગ્ર બુદ્ધિ પહેલેથીજ પ્રભુ ચરણમાં જડાયેલી હોવાથી વિદ્યા કળામાં પણ તેઓ ઘણો વખત ભગવદ્ ભજનમાં ગાળતા હતા. ઇંગ્રેજી શિક્ષણની એ વખતે નવી નવી શરૂઆત હતી. પશ્ચિમનો ઉજ્વલ જ્ઞાનપ્રકાશ પૂર્વમાં ઉદિત થતા ભારત ભાનુની સાથે આ તરફ રેલાવા લાગ્યો. તેનાં પહેલવ્હેલાં કિરણો ઝીલનાર સ્વ૦ રાજા રામમોહનરાય અને સ્વ૦ બાબુ કેશવચંદ્રસેન પરમહંસજી મહારાજના સમકાલિન હતા. વડોદરાના સુપ્રસિદ્ધ સચીવ સદ્દગત શ્રી રોમેશચંદ્ર દત્ત અને માન્યવર શ્રીયુત્ ગુપ્તા સાહેબ જેવા જ્ઞાની પુરૂષો, જે સમયની પ્રખર પાશ્ચાત્ય વિદ્યાનું રસપાન કરીને હિંદુ જાતિનું મુખ ઉજવળ કરી ગયા છે, એજ સંગીન કેળવણીના આદિકાળમાં મહારાજશ્રીએ સંસ્કૃત, ઇંગ્રેજી અને બંગ ભાષાનું ઘણું સારૂં જ્ઞાન સંપાદન કર્યા પછી, આશરે વીશ વર્ષની વયે તેમણે વ્યવહાર ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. સાત્વિકવૃત્તિવાળા, ઉત્સાહી, જ્ઞાન ગંભિર, ઉદ્યોગી અને પ્રમાણિક યુવકે ક્રમે ક્રમે અધિકારીઓની પ્રીતિ સંપાદન કરીને નોકરીમાં આગળ વધવા માંડ્યું. થોડાજ સમયમાં આશરે ત્રેવીસ વર્ષની વયે તેઓ ઉંચી પ્રતિષ્ઠિત પદવી પ્રાપ્ત કરીને સન્માનપાત્ર હોદ્દો ભોગવવા લાગ્યા. એજ સમયે પરિપકવ યુવાવસ્થાના વિકાસમાં અચાનક એક અસાધારણ બનાવથી તેમના જીવનનું તદ્દન પરિવર્તન થઈ ગયું. એ વખતે વિશાળ કુટુંબમાંના વડીલો પોતાના વ્હાલા યુવક સંતાનને પ્રેમથી પરણાવવાની તજવીજ કરતા હતા; પરંતુ પ્રભુભક્ત યુવકનું પ્રેમી હૃદય તો ત્યાર પહેલાં

વ્રજકિશોર નંદનંદન શ્રીકૃષ્ણચંદ્રને પરણીજ ચૂકયું હતું ! સાત્વિક વૃત્તિઓનો જે પ્રબળ પ્રવાહ એક વખત પરમ પવિત્ર પ્રભુ પદમાં ઢળ્યો હતો, તે સંસારની વિપરિત ગતિમાં પાછો વળી શકે તેમ ન્હોતું. નજીક આવતી પ્રલોભનની મોહજાળને હાથ તાળી આપી અસામાન્ય પ્રભુપ્રેમથી મસ્ત બનેલો યુવક, વિશાળ ગૃહજાળની ગુંચવણીને ભેદીને પોતાના વિશ્વવ્યાપક પ્રિયતમને શોધવા સાધુ માર્ગને મહા પ્રવાસે નીકળી પડ્યો ! ગૃહજાળમાંથી છૂટકયા પછી થોડાજ વખતમાં તેમણે બંગાળના એક સુપ્રસિદ્ધ મહાત્મા પાસે શ્રીગૌરચંદ્રના વૈષ્ણવ વૈરાગ્ય ધર્મની દીક્ષા લીધી. દીક્ષા પછી કેટલોક સમય એકાંતિક ધ્યાન ભજનમાં ગાળ્યા પછી તેઓ પવિત્ર તીર્થસ્થળોમાં તેમજ જ્યાં જ્યાં પ્રખ્યાત સંત મહંત અને મહાત્મા પુરૂષો વસતા હોય ત્યાં ત્યાં પર્યટન કરવા લાગ્યા. બંગાળના એ વખતના ઘણાખરા મહાત્મા પુરૂષોની સાથે મળીને તેઓ ભાવથી પ્રભુ પ્રાપ્તિના દુર્ગમ માર્ગની રસભરી વિનોદવાર્ત્તા કરતા હતા. ત્યાર પછી થોડે સમયે સાધુજનોના એક મ્હોટા સંઘને સાથે લઇને તેઓ સ્થળે સ્થળે તીર્થયાત્રા કરતા ફરતા હતા. સદ્દગત સ્વામી વિવેકાનંદના સદ્દગુરૂ અને કાલીમાતાના પરમ ઉપાસક, આદર્શ સાધુપુરૂષ મહાત્મા પરમહંસ રામકૃષ્ણ સાથે તમને એજ વખત દરમ્યાન ગાઢ પરિચય થયો હતો. ખાસ લક્ષમાં રાખવાનું છે કે, પરમહંસ રામકૃષ્ણદેવ પણ મહાત્માશ્રીથી વયમાં ન્હાના હતા ! એ શિવાય ઘણા વૈષ્ણવ ભકતો અને મહાપુરૂષોની સાથે તેમને એજ વખત દરમ્યાન ઘણો પ્રેમ ભરેલો પરિચય થયો હતો. જે જે મહાન્ પ્રભુભકતો અને મસ્ત મહાત્માઓનાં નામ તેમને શ્રવણ ગોચર થતાં, તે સર્વને મલી તેમની સાથે પ્રભુના ઘરની વાતો કરવાને

તેઓ સર્વદા ઉત્સુક રહેતા. થોડો સમય આ પ્રમાણે બંગપ્રદેશમાં ફર્યા પછી ભારતના ચારે ધામની યાત્રા કરવાને તેઓ સાધુસંઘ સાથે નીકળી પડયા બંગાળામાંથી પૂરીને માર્ગે દક્ષિણમાં થઇને, તેઓ આગળ વધ્યા. ન્હાનાં મ્હોટાં શેહેરોમાં જ્યાં જ્યાં તેઓ જતા, ત્યાં ત્યાં પોતાની સાત્વિક પ્રકૃતિ, ઉગ્રત્યાગવૃત્તિ, મસ્ત ભગવદ્દભક્તિ, શાન્ત અને સૌમ્ય મુખમુદ્રા તેમજ ઉદારચિત પરમાર્થ પરાયણ સ્વભાવને લીધે તેઓ સર્વની પૂજ્યભાવ ભરેલી શ્રદ્ધા સંપાદન કરતા હતા. યુવાવસ્થાની સુકોમળ વય હોવા છતાં, પોતાના મહાન્ સાધુસંઘમાં એકઠા મળેલા અનેક પ્રૌઢ અને વૃદ્ધ સાધુજનોના પણ તેઓશ્રી ઘણાં પ્રેમ પાત્ર આગેવાન થઈ પડયા હતા. સાધુસંઘના આગેવાનને **મહન્ત** કહેવામાં આવે છે. એ વખતથીજ તેઓ મહન્ત તરીકે પ્રસિદ્ધ હતા. જ્યાં જ્યાં તેઓ જતા ત્યાં સર્વત્ર સત્કાર પામતા અને પૂજાતા હતા. જે સમયની આ વાત ચાલે છે, એટલે વિક્રમની ગઈ સદીના આશરે મધ્ય ભાગમાં આવી રીતે ચારે ધામની પગે ચાલીને યાત્રા કરવાનું અને પોતાની સાથેના વિવિધ વૃત્તિ પ્રકૃત્તિવાળા સેંકડો સાધુનું સંતોષપૂર્વક પાલન કરવાનું કાર્ય કંઈ સામાન્ય ન્હોતું. આપણા દેશના મસ્ત સાધુ બાદશાહો, જેમને દુનિયાં તો શું, પણ સ્વર્ગના દેવતાઓની પણ ઓછીજ પર્વા હોય છે, તેઓને સલ્લાહ સંપમાં સાથે રાખીને ભગવદ્દ ભક્તિના ઉંડા મંત્રો શીખવી, ઉત્તમ આચાર વિચારથી સર્વત્ર શાન્તિની છાયા પ્રસારવાનું કાર્ય ઘણું મુશ્કિલ હતું. આગગાડીનું સાધન એ વખતે નહિ જેવુંજ હતું; છતાં તેનો પણ એ સમયના સાધુજનો જવલ્લેજ ઉપયોગ કરતા કેમકે પગે ચાલીને ચારે ધામની યાત્રા કરવાનું મહાત્મ્ય ઘણું વિશેષ

મનાય છે. એ સમયનો જનસમાજ, આજના કરતાં વિશેષ અશિક્ષિત હોવા છતાં વિશેષ ધાર્મિક અને શ્રદ્ધાળુ હતો. 'સદાચારી સાધુઓની સેવા સ્વર્ગ પ્રાપ્તિના સાધનરૂપ છે,' એ પ્રાચીન આર્યશાસ્ત્રીના સિદ્ધાંત ઉપર સુધારાનો સીમેંટ એ વખતે મજબુત થર રૂપે લાગેલો ન્હોતો, એથી ન્હાના મ્હોટા સર્વ ગામોમાં સાધુઓની જમાતનો સારી રીતે સત્કાર થતો હતો, અને એ સત્કારના બદલામાં એ વખતના શાસ્ત્રજ્ઞ સાધુજનો શંકા સમાધાન દ્વારા, ઉપદેશદ્વારા તેમજ આચાર-વ્યહવાર અને યોગ ક્રિયાદિ શિક્ષણદ્વારા ધર્મ પ્રચારકનું કાર્ય કરતા હતા. એ વખતે છાપખાના, પુસ્તકો અને પત્રોની આજના જેટલી પ્રગતિ ન્હોતી; એથી એ વખતના સાધુમંડળો ગામેગામ પર્યટન કરીને વિવિધ દેશના વિવિધ ધર્મ-કર્મનું લોકોને ભાન કરાવતા, તેઓ આજની સર્ક્યુલે-ટીંગ લાઇબ્રેરી'ની ગરજ સારતા હતા. જે જે ગામમાં એવા સાધુ સમાજના અખાડા ભમતા અને ભગવદ્ ભજનની ધુન મચાવી જ્યાં જ્યાં એ સાધુજનો થોડા સમયને માટે ધામો નાંખતા હતા, ત્યાં ત્યાં આસપાસના ગામોમાંથી લોકોનાં ટોળેટોળાં તેમનાં દર્શન કરીને ભાગવદ્-વાર્તાનું શ્રવણ અને ભજનામૃતનું પાન કરીને પાવન થતાં હતાં.

મહાત્માશ્રી પણ એજ પ્રમાણે પોતાની સાથેના વિશાળ સાધુ સમાજ સહિત લગભગ ત્રણ વર્ષના સમયમાં પહેલી ચારે ધામની મહા યાત્રા પરિપૂર્ણ કરીને, સંયમ શકિત અને ચિત્તની શાન્તિ વધારવા નિમિત્તે હઠયોગના પ્રખર અભ્યાસ માટે એકાન્ત સેવન કરવા લાગ્યા.

આ ન્હાના સરખા જીવન ઉલ્લેખનો ઝીણી મોટી અનેક મહત્વની વાતોને યોગ્ય સ્થાન આપી શકાય તેમ નથી, તેમજ દેહાભિમાન રહિત નિરક્ષેપ બુદ્ધિવાળા શ્રી પરમહંસજી મહારાજને તેમને પોતાનાં ચરિત્ર સંબંધી વાતો પૂછતાં તેઓ પોતાની અંગત બાબતોને હસવામાંજ ઉડાવીને કહે છે કે–" હમ સાધુ લોગ કયા બાધ માર શકતે હે ? ચ્હેં સબ બાતો છોડ દો. " એમ કહીને તેઓ કંઈ વિશેષ ખુલાસો આપતા નહીં હોવાથી, એ બધા પ્રસંગ અહિં વિસ્તારથી આપી શકાયો નથી; પરન્તુ તેમની સત્સેવાનો લાભ લેનારા કોઇ કોઇ વૃદ્ધ સાધુપુરૂષોને મ્હોડે જે કંઇ વાતો સાંભળવામાં આવી છે, તેમને આધારે અને આપ સ્વલ્પ જાતિ પરિચયને યોગે, અહીં થોડી સામાન્ય વાતો લખેલી છે. ભવિષ્યમાં વિશેષ પાઠવાનો ઉચ્ચ અભિલાષછે. પ્રભુ, કૃપા પ્રભાવે તે અભિલાષા પૂર્ણ થાઓ, એજ અમારી અંતરની યાચના છે.

મહાત્માશ્રીના યાત્રા પ્રવાસમાં તેઓ ગામેગામ કેવો સદુપદેશ આપતા, અને તેમનાં દર્શન પ્રતાપે લોકોના ચિત્તની કેવી શાન્તિ થતી, ત્હેના સંબંધમાં થોડા સમય ઉપર પ્રકટ થયેલા 'ધર્મ પ્રદીપ' માસિક પત્રમાં મહાત્મા મંગલદાસજીના કલ્પિતરૂપકદ્વારા કંઇક છાયા ચીતરવામાં આવી હતી, તેમજ મહાત્માશ્રીની જીવનરેખા પણ કંઇક વિસ્તારથી તેમાં આળેખાતી હતી, પરન્તુ આદ્યસંપાદક એટલે આ લેખકનાં દુર્ભાગ્ય વશાત્ એ માસિકનું જીવન એક વર્ષમાંજ પરિસમાપ્ત થવાથી, એ પવિત્ર પ્રવૃતિ અપૂર્ણજ રહી ગઈ છે. અસ્તુ.

ઉપર જણાવ્યા પ્રમાણે લાંબો સમય એકાન્તમાં યોગાભ્યાસ કર્યા પછી, અને હૃદયનું સંપૂર્ણ સંયમબળ પ્રાપ્ત કર્યા પછી યોગ પ્રભાવે

મળેલી દિવ્ય શરીર સંપત્તિ સહિત બીજી વખત તેઓ ચારે ધામની જાત્રા નિમિત પર્યટન કરવા નીકળ્યા. એ વખતે હરદ્વારથી લગભગ સાતસો સાધુઓનો વિશાળ સમુદય એકત્ર થયો હતો. એ સમાજના મહંત તરીકે તેમની સર્વ વ્યવસ્થા સાચવતા 'યોગીન્દ્ર મહારાજ' આ બીજી વખત પણ, કાશ્મિરથી કન્યાકુમારી અને કરાંચીથી કલકત્તા સુધીના હિંદના ચારે છેડામાં પુણ્ય પ્રવાસ કરીને, દ્વારિકાંપુરી, જગન્નાથપુરી, બદ્રીકેદાર અને સેતુબંધ રામેશ્વર સુધીમાં સમાઈ રહેલાં ભારતનાં અડસઠ તીર્થોમાં પર્યટન કરી આવ્યા.

એ સમય પછી યોગાભ્યાસમાં વળી તેઓ એકાન્ત સેવન વડે વધારો કરવા લાગ્યા. આ વખતે હઠયોગની ઘણી ખરી પ્રક્રિયાઓ તેમણે હસ્તગત કરી લીધી હતી; અને એજ સમયે ફક્ત મરચાં ખાઇને બાર વર્ષ સુધી તેમણે મરચાં કલ્પ કર્યો હતો. એ સિવાય બીજીપણ કેટલીક ઉગ્ર તપશ્ચર્યા અને સાધનાઓથી તેમણે જેજે અલૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત કરેલી છે, તે પરિચિત જનોને સુવિદિત છે.

મહારાજશ્રીની સિદ્ધિ અને તેમના ચમત્કારો વિષે અહિં કંઇ વિશેષ ઉલ્લેખ ન કરતાં માત્ર એટલુંજ લખવાની અમને જરૂર જણાય છે કે, આ ભૌતિક જગત્માં વિજ્ઞાન અથવા જડવાદની આંખે જોઈ શકે, તેનાં કરતાં ઘણાં પ્રબલ અને આશ્ચર્યકારક રહસ્યો ભરેલાં છે. એક ઇંગ્રેજ તત્વવાદી કહે છે તેમ; — " Truth is many a times Stranger than fiction. " અર્થાત્ કલ્પનાનાં અદ્ભુત ચિત્રો કરતાં પણ વધારે વિસ્મયકારક સત્યો આ જગત્માં રહેલાં છે, પણ તે જોવાને શ્રદ્ધાની સાત્વિક આંખોની જરૂર છે. દિવ્ય પ્રદેશમાં આગળ વધીને એ સત્યોનો સ્વીકાર કરવા જેટલી અધિકાર

યુક્ત યોગ્યતાની જરૂર છે. એ અધિકાર પ્રાપ્ત થાય, તેનેજ એવા ચમત્કારોનાં અનાયાસે દર્શન થાય છે. પરમહંસજી મહારાજના સંબંધમાં આવતા અનેક પુરૂષોને એવા અલૌકિક સત્યોનો પ્રબલ પરિચય મળ્યો છે. અને એવા એક કરતાં અધિક પ્રસંગો આ ચરિત્ર લેખકે પ્રત્યક્ષ જોયેલા છે, તેમ મહારાજશ્રી સાથે ફરનારા અને તેમના સત્સહવાસ સેવનારા અનેક વૃદ્ધ પુરૂષો પાસેથી સાંભળ્યા છે. એવા ચમત્કારોમાં જે જે પ્રસંગોનાં સબળ પ્રમાણ આપી શકાય તેમ છે, તેમાંના થોડાં અહિં ટાંકી બતાવવામાં આવે છે.

ચારે ધામની યાત્રા નિમિતે સાધુજનોની સાથે વિહાર કરતા મહારાજશ્રી જ્યારે કરાંચીમાં પધાર્યા ત્યારે ત્યાંના એક શ્રીમાન ગૃહસ્થે ટકોર કરી કે--"સંસારનો ત્યાગ કરી સાધુ વેશ ધારણ કર્યા પછી, આવી મ્હોટી સાધુઓની જમાત સાથે લઇને સંસારના ઉપરજ બોજો વધારવા કરતાં, મહાપુરૂષોએ તો પોતાની સિદ્ધિનાં બળથીજ તેમનો બધો વ્યવહાર ચલાવવો જોઇએ." એ ટકોરના વચનો સાંભળીને, પરમહંસજી મહારાજે જણાવ્યુ કે,—"ભાઈ તમારા જેવા ગૃહસ્થો જે કંઈ સંતસેવા કરે છે, તે અમારા પ્રભુની પ્રેરણાથીજ. પ્રભુ તમારા અંતરમાં વસીને પોતાનાં કલ્યાણના માટે સાધુઓની સેવા કરવાની તમને સદ્બુદ્ધિ આપે છે. નહીતો તમારા જેવા શ્રીમાનોની 'ચમડી તૂટે પણ દમડી ન છુટે!' છતાં ગભરાતા નહીં. ઇશ્વરના દરબારમાં કંઈ તોટો નથી. સંત પુરૂષોએ કહ્યું છે કેઃ—

જિસકા ખર્ચ સાઠ મન, ઔર ઘરમેં નહીં શેર,
ઉસ્કા મોદી રામચંદ્ર, ઉસ્મે નાહીં ફેર."

એવા સમર્થ પ્રભુનો જેમણે આશરો લીધો છે, તે બીજાને ભારરૂપ થવા માટે નહીં, પણ તારવા માટેજ ! શેઠ ! તમારા ગામમાં સાત દિવસનાં આમંત્રણ ફેરવો. પ્રભુનો પ્રસાદ સાતે દિવસ સઘળાને પ્રભુ કૃપાથી મળી રહેશે. ધ્રુવ, પ્રહલાદ, મીરાંબાઇ કે નરસિંહ મહેતા જેવા અનન્યાશ્રિત ભક્તોનું જેમણે સર્વદા પૂરું કર્યું છે એજ ભગવાન પોતે સાધુઓનું વ્રત પૂરું કરશે."

મહારાજશ્રીનાં આ વચનો ઉપહાસની દૃષ્ટિથી જોનારા એ શેઠે, તરતજ સાત દિવસ સુધીનાં આમંત્રણો શહેરમાં ફેરવી દીધાં અને મહારાજશ્રીના અખૂટ ભગવદ્ ભંડારમાંથી હજારો માણસની મ્હોટી સંખ્યાને સાત દિવસ સુધી હંમેશાં ફરતાં ફરતાં ભોજનોનો પ્રસાદ મળવા લાગ્યો ! આ અદ્‌ભુત બનાવથી આખું ગામ આશ્ચર્યચકિત બની ગયું ! આજ સુધી મહારાજશ્રીના એ અદ્‌ભુત પ્રસંગનું કરાંચીના વૃદ્ધ લોકોને સ્મરણ તાજુંજ છે.

વળી મહારાજશ્રી જ્યારે કરાંચીથી નીકળીને કચ્છમાં પધાર્યા ત્યારે, માંડવી બંદરના એક શ્રીમાન વણિકનો પુત્ર પાણીમાં ડૂબીને બેહોશ બની ગયો હતો. તેને શુદ્ધિમાં લાવવાની કે જીવાડવાની બહુએ તજવીજ કરી પણ તે સઘળી વ્યર્થ નિવડી. તે સારો કે જીવતો થાય, એવી કોઇને આશા ન્હોતી. વૈદ્ય ડોકટરોએ તો એટલે સુધી મત આપ્યો હતો કે, તેનું મૃત્યુ થઇ ગયું છે. શ્વાસ અને નાડીઓની ક્રિયાઓ પણ બધી બંધ થયેલી હતી, એ વખતે તે યુવાનનાં શ્રદ્ધાળુ પિતાએ, ડુબતો માણસ તૃણને વળગે, એ કથન અનુસાર પોતાના મૃતઃપાય પુત્રને સજીવન કરવાને અનેક ઉપાયો અજમાવ્યા; છેવટે ત્યાં નજીક-માંજ સાધુઓની જમાત ઉતરેલી છે, તેમાંથી કોઇ સંત મહંત કદાચ

આશીર્વાદ કે મંત્ર બળથી તેને આશ્રય આપી પુત્રને સારો કરી શકશે એવી ધારણાથી તે મહારાજશ્રીની પાસે આવીને રડી પડ્યો. અને કરગરીને પોતાના પુત્રને સારો કરવાની પ્રાર્થના કરવા લાગ્યો. એકના એક પુત્રની શોકજનક સ્થિતિથી દુઃખી વૃદ્ધ પિતાની આવી દયાજનક સ્થિતિ જોઇને મહાત્માશ્રીના દયાળુ હૃદયને બહુ લાગી આવ્યું. તરત તેઓ શેઠની સાથે તેના પુત્રને જ્યાં રાખેલો હતો, ત્યાં આવ્યા, અને ઇષ્ટદેવનું સ્મરણ કરીને જળની બેત્રણ અંજલિયો તેના મુખપર છાંટતાં તરતજ તે શુદ્ધિમાં આવીને આંખો ઉઘાડી બેઠો થયો! આ અદ્‌ભુત બનાવથી માંડવીના લોકો અતિશય વિસ્મય પામ્યા હતા.

કચ્છમાંથી મહારાજશ્રી કાઠીયાવાડમાં પધાર્યા, ત્યાં **સાકરીયાબાવા**, તરીકે આજ સુધી તેઓ પ્રસિદ્ધ છે, તેનું કારણ એ છે કે, એ વખતે તેઓ પોતાની સાથે એક ન્હાની સરખી વાટકી રાખતા અને દર્શન કરવાને આવનારા સર્વ લોકોને એ નાની સરખી વાટકીમાંથીજ શાકરનો પ્રસાદ આપતા આપતા ગમે તેટલા લોકો એકઠા થયા હોય, તો પણ તે સર્વને એ ન્હાની સરખી વાટકીમાંથીજ પ્રસાદ પૂરો પાડતા હતા. સેંકડો માણસોને પ્રસાદ વ્હેંચવા છતાં એ વાટકી કદિ ખાલી થતી ન્હોતી. એથી શાકરનો વાટકીમાં ભંડાર ભરી રાખનારને શાકરીયાબાવા કહેતા હતા.

વળી મહારાજશ્રીની સાથે રહેનારા અથવા વિશેષ પરિચયમાં આવનારા લોકોને, એવા ઘણા પ્રસંગો જોવામાં આવ્યા હશે કે, જ્યારે મહારાજશ્રીના ભંડારમાં અમૂક સંખ્યાના માણસોને માટે રસોઇ તૈયાર કરવામાં આવી હોય, અને પાછળથી અચાનક તે કરતાં આઠ દશ ગણી વધારે સંખ્યામાં માણસો ત્યાં અણધાર્યાં આવી

ચડે; તો તે બધાંને એજ તૈયાર કરેલા પ્રસાદમાંથી સંતોષપૂર્વક જમાડવા છતાં કોઇ દિવસ કોઈ પણ ચીજનો તોટો પડયો જણાયો નથી. એવે પ્રસંગે પ્રભુને થાળ ધરાવી પરમહંસજી મહારાજ પોતાના હાથેજ સર્વને પ્રસાદ પીરસે છે. અને હોંશથી 'હરિહર' બોલાવી, પ્રભુના ભંડારમાંથી સર્વને પ્રભુનો પ્રસાદ પૂરો પાડે છે.

મહારાજશ્રી જે વખતે સિંધમાં વિચરતા હતા, ત્યારે સિંધુ નદિની એક નહેરને કાંઠે એક સમયે તેમની જમાત પડાવ નાંખીને ભગવદ્‌ભજન કરતી હતી, એ વખતે તે સમયનો સિંધના કલેકટરનો તેમની નજીકમાંજ મુકામ થયેલો હતો. સાધુઓના ભગવદ્ ભજનની ધુન અને ઘોંઘાટથી નાજુક કલેકટર સાહેબ અને તેમની મૅડમને બહુજ કંટાળો ઉપજ્યો. એથી કલેકટર સાહેબે ગુસ્સે થઇને પોતાના સિપાહીને એ સાધુ લોકોને ત્યાંથી હાંકી કહાડવાનો હુકમ કર્યો. પરમહંસજી મહારાજ હુકમ સાંભળીને ત્યાંથી તરતજ શાન્ત ચિત્તે પોતાનો મુકામ ઉઠાવી પોતાના સાધુસંતોની સાથે આગળ ચાલતા થયા. એક તરફ સાધુસમાજ વિદાય થયો કે, બીજી તરફ તરતજ મૅડમસાહેબ ભયંકર મંદવાડમાં પકડાઈ પડયાં! ઘણા તાત્કાલિક ઇલાજો લેવામાં આવ્યા, પરન્તુ કંઈ ફાયદો થયો નહિ. એ વખતે કેટલાક શ્રદ્ધાળુ જનોએ કલેકટર સાહેબને કહ્યું કે,—"સંતપુરૂષોને ત્રાસ આપવાથી અને તેમનું અપમાન કરવાથીજ આ વિપત્તિ આવી પડી છે; માટે તેમને પગે લાગી, તેમની ક્ષમા માગી, પાછા સંત પુરૂષોનો આશિર્વાદ મેળવો તોજ સારૂં થશે." એ ઉપરથી કલેકટર સાહેબ તરત મહાત્માશ્રી પાસે આવ્યા અને તેમની ઘણી આજીજીપૂર્વક ક્ષમા માગી—ઉદારચિત્ મહારાજશ્રીએ હસીને તેમનું મન શાન્ત

કરી તેમને પાછા વિદાય કર્યા, એટલે થોડાજવારમાં મેડમને આરામ થવા લાગ્યો. કલેકટર સાહેબે ત્યાર પછી સાધુસમાજને માટે ઉંટો વિગેરે વાહનોની સારી સગવડ કરી આપી. ત્યાર પછી થોડે વખતે કલેકટર સાહેબને કરાંચી આવવું પડયું; ત્યાં એ વખતના પ્રસિદ્ધ એસિસ્ટંટ કમિશ્નર મી. પોલન કે, જે એ કલેકટરના મિત્ર થતા હતા, તેમની પાસે વાતની વાતમાં કલેકટરે ઉપરની હકિકત નિવેદન કરી. ડો. પોલનને એ સાંભળીને ઘણું આશ્ચર્ય ઉપજ્યું, અને એ બાબતની ખાત્રી કરવાને હૃદય આતુર થયું. મહારાજશ્રી ફરતા ફરતા જ્યારે કરાંચી શહેરમાં આવી ચડયા, ત્યારે ફકિરના છૂપા વેશમાં મી. પોલન તેમની તપાસ કરવાને આવ્યા. રાત્રિના બાર વાગે સાધુના અખાડામાં ચોકી પહેરાનું કામ કરનારા સાધુઓના હાથમાં ફકિર વેશધારી આ. કમિશ્નર સાહેબ ત્યાં પગ મૂકતાંજ કેદ પકડાયા ! તેમને જમાતના ઉતારાના મુખ્યદ્વાર આગળ બેસાડીને સાધુઓએ મહારાજશ્રીને ખબર આપી કે,–"આટલી મોડી રાત્રે કોઈ ફકીર જેવો માણસ અંદર દાખલ થતો હતો, તેને અટકાવીને દરવાજા પાસે રાખ્યો છે." મહારાજશ્રી ત્યાં આવીને છૂપા વેશમાં પકડાયેલા અંગ્રેજ અધિકારીને તરતજ ઓળખી કહાડયા અને તેમને છૂટા કરવાનો હુકમ આપીને, દીર્ઘ સમય સુધી કમિશ્નર સાથે ઈંગ્રેજીમાં વાતચીત કરી. મહારાજશ્રીના ઉદાર વિચારો અને સદ્વ્યવહાર જોઇને મી. પોલન તેમના ઉચ્ચગુણોથી મંત્રમુગ્ધ બની ગયા, અને હિંદુતત્ત્વ વિદ્યાનું મહાત્મ્ય સ્હમજી, તેણે મહારાજશ્રીનું શિષ્યત્વ સ્વીકાર્યું તેમજ મહારાજશ્રી સાથે હિંદમાં રહ્યા ત્યાં સુધી તેમનો ઘણા વર્ષોપર્યંત એ સાત્વિક સંબંધ

ચાલુ રહ્યો. ત્યાર પછી તે ગોધરા મહાલના પોલીટીકલ એજન્ટ તરીકે જ્યારે ગોધરામાં આવ્યા ત્યારે તેણે મહારાજશ્રીને ખાસ આમંત્રણ કરીને ગોધરા બોલાવ્યા હતા અને ત્યાર પછી મુંબઇમાં કસ્ટમ ખાતાના કલેકટર થયા. પાછળથી વયોવૃદ્ધ થવાથી પેનશન લઇને વિલાયત ગયા, જ્યાં હજુ તેઓ હયાત છે.

એવા ચમત્કારો મહારાજશ્રીના પ્રસંગમાં આવતા અનેક પુરૂષોએ જોયા છે વડોદરા રાજ્યના તેમજ ગુજરાતના અનેક મ્હોટા અધિકારીઓ અને પ્રતિષ્ઠિત ગૃહસ્થો મહારાજશ્રીની સમક્ષ આવતી વખતે એવીજ રીતે તેમના પ્રભાવથી મંત્રમુગ્ધ બની ગયેલા જણાયા છે. તેમાંના ઘણા મહારાજશ્રી પ્રત્યે અદ્યાવધિ ગુરૂ તરિકેનો પૂજ્યભાવ રાખે છે; અને ઉત્સવને પ્રસંગે તેમજ અન્યથા વખતો વખત મહારાજશ્રીના ખાસ દર્શન નિમિત્ત આશ્રમમાં આવે છે.

મહારાજશ્રી ગુજરાતમાં વિચરતા વિચરતા જ્યારે બીજી વખતના પ્રવાસ દરમ્યાન એક વખત વીરમગામ પધાર્યા હતા, ત્યારે ત્યાંના તારમાસ્તરનો એકનો એક પુત્ર ગુજરી જવાથી, તે ગૃહસ્થ અનંત શોકસાગરમાં ડુબી ગયા હતા. તેમને મહારાજશ્રી ઉપર વિશેષ ભાવ હતો. એ વખતે તેમને આશ્વાસન આપતાં મહારાજશ્રીએ જણાવ્યું કે;—"ભાઈ! શાન્તિ રાખો, ધૈર્ય ધારણ કરો. પ્રભુની ઇચ્છાને આધીન થવું, એજ મનુષ્ય માત્રનું મુખ્ય કર્ત્તવ્ય છે. સર્વસ્વ શ્રી હરિને સ્નેહ અને સંતોષથી સમર્પણ કરવું એજ ધર્મ છે. સર્વ કાર્યો પરમાત્માની ઇચ્છા પ્રમાણેજ થાય છે, એથી શોક કરવો એ ઇશ્વરની ઇચ્છા સ્હામે બંડ કરવા જેવું પાપનું કાર્ય છે. માટે દુ:ખ–શોકના જે પ્રસંગો આવે, તેને પ્રભુના ચરણમાં મસ્તક નમાવી

શાન્તિથી ભોગવી લેવા જોઇએ. તમે સ્વસ્થ થાઓ. પ્રભુ કરશે તો તમને થોડાકજ સમયમાં બીજો પુત્ર પ્રાપ્ત થશે અને તે દિર્ઘાયુ તેમજ વિદ્વાન થશે." મહારાજશ્રીના આશિર્વાદ પ્રમાણે તેને થોડા સમયમાંજ એક પુત્રરત્નની પ્રાપ્તી થઈ. એ ગૃહસ્થ વિદ્યમાન છે અને હાલ અમદાવાદમાં તારમાસ્તર તરીકે કામ કરે છે; અને એ મહારાજશ્રીના આશીર્વાદથી પ્રાપ્ત થયેલો પુત્ર, આ જીવનરેખા લખાય છે, ત્યારે બી૦ એ૦ નો અભ્યાસ કરે છે. એવીજ રીતે મહારાજશ્રીના આશીર્વાદથી અનેકના અભિલાષો પરિપૂર્ણ થયા છે, અને તે બધા લોકો મહારાજ શ્રી પ્રત્યે અનન્ય ભક્તિભાવ રાખે છે.

પરમહંસજી મહારાજની સિદ્ધના સંબંધમાં આ પ્રમાણે કિંચિત ઉલ્લેખ કર્યા પછી હવે આપણે જીવન રેખાના મુખ્ય વિષય તરફ વળીએ.

ચાર ધામ અને અડસઠ તીર્થની ત્રણવાર યાત્રા કરી આવ્યા પછી આજથી લગભગ ત્રીસ વર્ષ પર મહારાજશ્રી પવિત્ર સલિલા નર્મદાની પ્રદક્ષિણા કરતા જ્યારે માલસર ગામ નજીક આવી પહોંચ્યાં, ત્યારે તે પ્રદેશની સાત્વિકતા, રમણિયતા, શાન્તિ અને ભગવદ્‌ભજનને યોગ્ય નિવૃત્તિ નિહાળીને, થોડો કાળ ત્યાંજ નિવાસ કરી, ભગવદ્‌ભજનનો આનંદ લૂટવાની ધારણાથી નદીને કિનારે ખુલ્લી જગ્યામાં ધૂણી ધખાવી, અલક્ષ્ય જગાવવા લાગ્યા. એ વખત તેઓ માત્ર એક કૌપીનજ ધારણ કરતા હતા, અને ખુલ્લી જગ્યામાં નદીને તીરે ભગવદ્‌ભજનના આનંદમાં પોતાનો કાળ નિર્ગમન કરતા હતા. થોડાજ સમયમાં અવધૂત મહાત્માના પડાવની આસપાસના લોકોમાં જાણ થઇ અને તેઓ ટોળે મળીને દર્શન માટે આવવા લાગ્યા. એ સુરમ્ય

શાન્ત સ્થળની સુયોગ્યતાથી આકર્ષાઇને થોડો સમય ત્યાંજ નિવૃત્તિ નિવાસ સેવવાની તેમને પણ ઇચ્છા થઇ. તેમનાં તેજ: પ્રભાવે અલ્પ-કાળમાં એ સ્થળે આજનો ભવ્ય આશ્રમ સ્થપાયો, અને વિશાળ વૃક્ષપર આશ્રય લેવા આવતાં પ્રભુ મહિમાનો કિલકિલાટ કરતાં પક્ષિ-ચોની પેંઠે અનેક સાધુવૃંદો એ પવિત્ર આશ્રમવૃક્ષની શીતલ છાયામાં વિરામ લઇને પ્રભુ મહિમાનો કલ્લોલ વિસ્તારવા લાગ્યાં. ક્રમે ક્રમે. સેવકો અને શિષ્યોની સંખ્યા બહુ વધવા લાગી, અને છેવટે એ ખાખચોક આશ્રમનો ઉન્નતિક્રમ તેમના પુનિત પગલાને પ્રભાવે આજની ભવ્ય દશાને પ્રાપ્ત થયો છે. ત્યાર પછી વીશેક વર્ષને અંતરે એવોજ એક ભવ્ય આશ્રમ રાણુપુરમાં ઉદિત થઇને ભગવદ્ભજનના ગુંજનથી ગાજી રહ્યો છે. એ શિવાય છોટાઉદેપુર, કારવણ, કોરલ વિગેરે અનેક ગામોમાં ઘણાં મંદિરોની વ્યવસ્થા પરમહંસજી મહારાજના હસ્તક તેમના આદેશ અનુસાર ચાલે છે, અને ત્યાં સર્વત્ર તેમના સુપાત્ર શિષ્યો સેવા પૂજા કરીને શ્રી ગૌરચંદ્રની પ્રેમ ભક્તિનો ગુજરાતમાં પ્રચાર કરી રહ્યા છે. ગુજરાતના કેટલાક રાજકુટુંબો પણ મહારાજશ્રી પ્રત્યે પૂજ્યભાવ રાખી, તેમના ઉપદેશ અને તેમની સેવાનો અનુપમ લાભ ઉઠાવે છે. અસ્તુ. એવા સત્પુરૂષોની સેવા જેમનાં સંપૂર્ણ સદ્ભાગ્ય હોય તેમનેજ પ્રાપ્ત થઈ શકે છે; તેમાં કશો પણ સંદેહ નથી.

ખાખચોક આશ્રમની સ્થાપના થયા પછી પરમહસંજી મહારાજની પાછી એજ દશા થઈ પડી ! સંસર્ગ પરિત્યાગ કરી જનસમુદાય ત્યજીને વનમાં ગયા, ત્યારે વનમાં પણ તેમને માટે પ્રભુના ઘેરથી નિર્માણ થયેલો જનસમુદાય ક્રમેક્રમે પ્રબલરૂપમાં જામવા લાગ્યો ! સેંકડો સાધુઓ તેમના આશ્રમમાં આશ્રય મેળવીને ભગવદ્ભજનની ધૂમ મચાવવા લાગ્યા, અને પરમહંસજી મહારાજના અખંડ પ્રભુભંડારમાંથી

તેમને સર્વને યથેચ્છ પ્રેમ પ્રસાદ પ્રાપ્ત થવા લાગ્યો. શોક સ્મરણીય છપ્પનના દુકાળ વખતે ગુજરાત અને કાઠિયાવાડના પ્રદેશો બહુજ બેહાલ બની ગયા હતા. હજારો લોકો ભૂખના દુઃખથી સાધુબાવાઓનો વેશ ધારણ કરી દેશ દેશ ભટકતા પોતાના પેટની આગ બુઝાવવાને અનેક યત્નો કરતા હતા. એવા સેંકડો સાચા તેમજ નામધારી સાધુઓ અને સેંકડો કંગાલો તેમજ ગરીબ લોકો પોતાની દરિદ્રતાનું દારિદ્ર દર્દ દુઃખ, ઉદારતા, જીવદયા અને પરમાર્થના પરમ વૈદ્ય પરમહંસજી મહારાજના પવિત્ર આશ્રમમાં દૂર કરવાને આશા ભર્યા આવવા લાગ્યા. દૂર દૂરથી અનેક અનાથ લોકો એ સ્થાનની કીર્ત્તિ સાંભળીને પણ આશ્રય લેવા આવ્યા હતા. મહારાજશ્રીએ તેમનો સર્વનો સ્થાન, ધાન્ય, ઉપદેશ અને આશીર્વાદવડે સત્કાર કરી, ભાગ્યાના ભેરૂરૂપે અગણિત દુકાળીઆઓનાં અને દુઃખીજનોનાં દુઃખ દૂર કર્યાં હતાં. દુષ્કાળના પ્રચંડ તાપ વખતે માલસર ક્ષેત્રનો ધાન્યભંડાર ઉલેચાઇને ખાલી થઈ જવા લાગ્યો ! મહાત્માશ્રી સંગ્રહધર્મના કટ્ટા શત્રુ હોવાથી ધાન્ય લાવવાનું બીજું કંઈ સાધન નહોતું. એથી જ્યારે માત્ર એકાદ બે ગુણી અનાજ બાકી રહ્યું, ત્યારે ભોજનની વ્યવસ્થા કરનાર અધિકારી મહારાજ વિગેરે સાધુઓ કંઇક ચિંતાતુર થતા જણાયા; પરંતુ બીજેજ દિવસે પ્રભાતમાં અનાજથી છલકાતી એક મ્હોટી હોડી આશ્રમની સ્હામે આવીને ઉભી રહી ! તેમાં ભાત ભાતનાં અનાજ ભરેલાં હતા. તે કોણે મોકલાવી તે કોઈના પણ જાણવામાં આવ્યું નથી ! એ પરમાત્માની મોકલેલી ધાન્ય સંપત્તિથી દુષ્કાળ પીડિત હજારો લોકોનું રક્ષણ થયું ! પરમહંસજી મહારાજનો આવો પ્રબળ પુણ્યપ્રભાવ જોઇને સંસારીઓ અને સંન્યાસી, સદ્-ગૃહસ્થ અને સાધુ વર્ગ સર્વ કોઈ આશ્ચર્યચકિત બની ગયા. માલસર

ક્ષેત્રની કીર્તિ, આવી ઉદાર પરોપકાર વૃત્તિની પાંખપર ચહડીને દેશ વિદેશમાં પ્રસરવા લાગી. એ સમયથી આજ સુધી ત્યાગી કે સંસારી જે કોઇ અતિથિ આશ્રમને આંગણે આવી ચ્હડે છે, તેમનું યોગ્ય ઉદારતા પૂર્વક આનંદ સહિત આદરાતિથ્ય કરવામાં આવે છે.

ત્યાર પછી થોડો સમય વિત્યાબાદ, વડોદરાના નામદાર મહારાજા સાહેબ શ્રીમંત સરકાર સયાજીરાવ એક વખત અચાનક ઉક્ત આશ્રમમાં આવી ચ્હડયા. એ વખતે પરમહંસજી મહારાજજી યોગ સાધના માટેજ ખાસ બાંધવામાં આવેલી આશ્રમની ગુફામાં એકાન્તિક ભગવદ ભજન અને ધ્યાન ધરતા હતા, તેમજ આશ્રમના અન્ય સાધુજનો ભગવદ ભજનમાં લીન બની રહ્યા હતા. સાધુજનોનો હરિનામ ધ્વનિ સાંભળીને ના. મહારાજા સાહેબ પણ વિસ્મિત થયા. અને આવા પવિત્ર આશ્રમની સ્થાપના કરનાર મહાત્માના દર્શન કરવાની તેમણે ઇચ્છા દર્શાવી ધ્યાન ભજનમાંથી પરવાર્યા પછી પરમહંસજી મહારાજ બહાર પધાર્યા એ વખતે ગુફાના દ્વાર સમીપ ના. શ્રીમંત સાહેબને માટે આસન નાખવામાં આવ્યું હતું. ના. શ્રીમંત સરકાર અને મહારાજ શ્રીની વચ્ચે એ સમયે લાંબો વખત સુધી ધાર્મિક અને આધ્યાત્મિક કથા–ચર્ચા ચાલી હતી.

આ પ્રકારની કથા–ચર્ચાપરથી શ્રીમંત સરકાર સાહેબને પરમહંસજી મહારાજ પ્રત્યે ઘણો સદ્‌ભાવ અને પૂજ્યભાવ પ્રકટ થયો. તેમજ આવા મહાત્મા પુરૂષો પોતાના રાજપ્રદેશને પાવન કરે છે. તેને માટે પોતાની ઘણી પ્રસન્નતા જણાવી. વળી રેલ્વે લાઇનિને છેક માલસર સુધી લંબાવી લાવવાનું એજ વખતે તેમણે અભિવચન આપ્યું હતું. તદનુસાર થોડાજ વખત પછી છેક આશ્રમના દ્વાર સુધી વડોદરા રાજ્યની રેલ્વેને લંબાવવામાં આવી છે, એથી

પરમહંસજી મહારાજના ભાવિક ભકતો, સેવકો અને શિષ્યોને એ સમયથી માલસર આવવા જવાની ઘણી અનુકૂળતા મળવા લાગી છે. તેને માટે નાં. શ્રીમંત સરકારને અનેક ધન્યવાદ ઘટે છે. ના. મહારાજા સાહેબ અને મહારાજશ્રીના એ માંગલિક મેલાપ પછી થોડા સમયને અંતરે આજના સાધુઓ અને ત્યાગી પુરૂષોની દુર્દશા જોઇને તેમના શિક્ષણ અને સુધારા માટે પરમહંસજી મહારાજ બહુ યત્ન કરવા લાગ્યા. કેટલાક સંત-મહંત પુરૂષોને આમંત્રણ કરી તેમની સાથે ચર્ચા અને પરામર્શ કર્યા પછી એક **"સાધુ સુધારિણી સભા"**ની સ્થાપના કરવામાં આવી. એ સભામાં મહારાજશ્રી બહુ ઉત્સાહથી ભાગ લેતા હતા, પોતાના વ્હાલા સાધુડાંઓ સાત્વિક શિક્ષણ અને સારા સંસ્કાર પ્રાપ્ત કરીને સમગ્ર જગતનો ઉદ્ધાર કરનારી યથાર્થ સાધુતા સંપાદન કરી શકે અને સાંપ્રત શોચનીય સ્થિતિમાંથી તેમનો ઉદ્ધાર થાય, એવી તેમની તીવ્ર ઉત્કંઠા હતી. એ વિષયને જાહેર રીતે ચર્ચવા માટે સાધુ સભાનું મહાન્ અધિવેશન પ્રતિવર્ષે તેમણે ભરવાનો ઠરાવ મૂક્યો; પરંતુ એ કાર્ય પ્રબળ પરિશ્રમનું અને મ્હોટા ખર્ચનું હોવાથી અનેક શ્રીમાન્ મહંતોમાંથી પણ કોઈ મહાત્માએ એ સાહસ પોતાના માથે ઉઠાવવાનું બીડું ઝડપ્યું નહિ. એટલો ખર્ચ અને શ્રમ ઉઠાવવા કોઈ પણ તત્પર થયા નહિ. આ વખતે ખાસ લખવાની આવશ્યકતા છે કે, પરમહંસજી મહારાજ ગમે તેવા પ્રભાવશાળી અને પ્રબળ પ્રતાપી હોવા છતાં, વ્યવહારની દૃષ્ટિએ તો તેઓ સર્વાંશે એક 'સન્યાસી' સાધુ છે, અર્થાત્ જેટલે અંશે સંન્યાસ, કામના ત્યાગ, ઇષિણાત્યાગ અને અર્થત્યાગને સૂચવે છે, એથી પણ અધિક અંશે તેઓ સર્વદા સર્વસ્વત્યાગી છે. કેટલાક

સંત-મહંતોની પેઠે પૈસા એકઠા કરીને પેટીઓ ભરવાની સંગ્રહબુદ્ધિ તેમનામાં નથી. પૃથ્વીના પરમેશ્વર પૈસાદેવના તેઓ પૂજારી નથી, વિષ્ણુ પિતા કરતાં લક્ષ્મીમાતા ઉપર તેમને અધિક પ્રેમ નથી. તેમજ ધોળે દહાડે મશાલો બાળી, હાથીની અંબાડીપર આરોહણ કરી, ત્રાંસા નગારાંની તેઓ નોબતો ગગડાવી, ડંકા નિશાનના વજ્રનાદ વગડાવી, છડી-ચમ્મરની સાહ્યબી જમાવી, ત્યાગી હોવા છતાં રાજશાહી ઠાઠ-માઠનો અને અતુલ શ્રીમંતાઇનો ભપકો બતાવી આ યુગના કેટલાક મહંતો, આચાર્યો અથવા અગ્રેસરો તરફથી જેવી રીતે અર્થનો અપ-વ્યય કરવામાં આવે છે, તેવી રીતની તેમનામાં લેશ પણ આડંબર પ્રિયતા નથી. ધનમાનની લોલુપતા નથી, અને પોતાને મહાન્ ગણાવી જગત્‌માં યુક્તિ પ્રયુક્તિથી નામ ખાટવાનો તેમનો લોભ નથી. જે અહંપદના ત્યાગ માટેજ આ જગત્‌માં 'ત્યાગ' કરવામાં આવે છે, તે અહંપદનો તેમના અંતપર જરા પણ અધિકાર નથી. પોતાનું જીવન તેઓ આકાશવૃત્તિથી ચલાવે છે. પૈસાના તો તેઓ પરમ શત્રુ છે. એથી પાંચ મળે, તે પહેલાં તો દશ ખર્ચવાને તેઓ આગળથીજ વ્યવસ્થા કરી રાખે છે. આવી સંગૃહ રહિત, અપેક્ષા રહિત સાધુ બુદ્ધિને યોગે સાધુ સભાના મહા અધિવેશનનું મહાન્ સાહસ ખેડવાની ઉત્કંઠા હોવા છતાં, આવી પરિસ્થિતિમાં બીજા કોઇની દૃષ્ટિએ તેમાં ઝીંપલાવવાનું કાર્ય તેમને માટે વાસ્તવિક જણાય નહિ. એ સ્વભાવિકજ ૭. એ વખતના સાધુ સભાના સર્વ સભાસદો પરમહંસજી મહારાજની આ પરિસ્થિતિથી પરિપૂર્ણ પરિચિત હતા; છતાં પણ તેમાંના કેટલાક મહાપુરૂષોએ પરમહંસજી મહારાજને આગ્રહ કરીને આગેવાનીનો ભાગ લેવાની અને પ્રથમ અધિવેશન માલસરનાં આશ્રમમાં ભરવાની તેમજ

તેના સઘળા ખર્ચની વ્યવસ્થા તેમણે પોતે જાતેજ કરી લેવાની દરખાસ્ત કરી ! કોઈ કોઈ વિઘ્નસંતોષી સાધુવેશધારી મહાપુરૂષને મનમાં એવી પણ ઇચ્છા હતી કે, આ મહાન્ ખર્ચ અને અપયશનો કળશ માથે ઉઠાવવા જેવુંજ કામ છે, અને એ કાર્ય પરમહંસજી મહારાજને માથે નાંખવાથી પરિણામે તેઓ જરૂર કંઇ પણ મુસ્કેલીમાં આવી પડશે. વ્યવસ્થા બરાબર સચવાશે નહિ, અને પરિણામે પરમહંસજી મહારાજની અપકીર્તિ થશે; તો એથી પોતાની ઇર્ષા અને દ્વેષવૃત્તિ પરિતૃપ્ત થશે. કેટલાકની એવી ખાસ કુટિલ કામનાથી વિશેષ આગ્રહપૂર્વક એ કાર્યનો સમગ્રભાર પરમહંસજી મહારાજને માથે મૂકાયો. એ વખતે મહારાજશ્રીએ વિચાર્યું કે શુભ કાર્યમાં સંકોચ કરવો તે સારૂં ન કહેવાય. બધાના હિતની ભાવનાથી માત્ર પરોપકારને માટેજ નિષ્કામ બુદ્ધિથી જે કામ માથે ઉપાડવામાં આવે છે, તેને સાક્ષાત્ પરમાત્મા પિઠબળ આપે છે, અને '**नहि कल्याण कश्चिद् दुर्गतिं तात गच्छति**' એ શ્રીકૃષ્ણ પ્રભુનાં વાક્યાનુસાર, કેવળ કલ્યાણથી કરવામાં આવેલા કામનું પરિણામ કદિ પણ દુર્ગતિને નહિ પામે. પ્રભુના કામ પ્રભુ પોતેજ ચલાવીને પાર ઉતારશે. આવા આવા શ્રદ્ધા ભર્યાં ઉદાર વિચાર કરીને "હારિયે ન હિંમત્ત બિસારીએ ન હરિ નામ" એવા પ્રભુ વિશ્વાસના અચલ પદ ઉપર ઉભા રહીને તેમણે અધિવેશન ભરવાનું બીડું ઝડપ્યું. સર્વ સભાસદોએ તરતજ સંમતિ આપી અને તરતજ સાધુસંમેલનની મહાન્ તૈયારીઓ ચાલવા લાગી. સભાના આમંત્રણ માટે શ્રીમંત સરકારને રૂબરૂમાં મળવા પરમહંસજી મહારાજ પોતે પણ વડોદરા પધાર્યાં. ના. શ્રીમંત સરકારે એ વખતે પણ તેમનો ઘણો સત્કાર કર્યો, આવું શુભ કામ માથે ઉઠાવવા માટે તેમને ઘણો ધન્યવાદ

આપ્યો; અને પ્રેમથી આમંત્રણ સ્વીકારી એ મહાન્ કાર્ય સફળતા પૂર્વક પસાર થાય, એવી પોતાની ઉદાર ઇચ્છા દર્શાવીને એ કાર્યને યોગ્ય ઉત્તેજન આપવાની પણ પોતાની ખુશી જણાવી. ત્યાર પછી તરતજ રીંવારાજ્યના રાજ્યગુરૂ શ્રીમાન્ મહંત શ્રીરામ પ્રપન્નાચાર્યને એ અધિવેશનના અધ્યક્ષ થવાનું આમંત્રણ મોકલવામાં આવ્યું. બીજી તરફ માલસર-આશ્રમમાં સામેના ખુલ્લા વિશાળ ક્ષેત્રમાં અધિવેશનના વિશાળ મંડપની રચના કરવામાં આવી. એ મંડપ શિવાય આસપાસ અનેક તંબુ અને રાવટીઓ, પરગામથી આવનાર અતિથિઓના ઉતારાને માટે ખાસ ઉભી કરવામાં આવી હતી. ઈ. સ. ૧૯૦૯ની અન્તે એ અધિવેશન ઉત્સાહપૂર્વક ભરવામાં આવ્યું હતું. તેમાં લગભગ વીશથી પચ્ચીસ હજાર સાધુ, સંસારી અને ત્યાગી સજ્જનોએ ભાગ લીધો હતો. શ્રીમંત સરકારના સુજ્ઞ બંધુ કમીશ્નર ગોવિંદભાઈ હાથીભાઇ તેમજ એ રાજ્યના ઇતર રાજ્યોના મોટા મોટા અધિકારીઓએ ત્યાં પધારીને સભાના સત્કાર્યમાં સ્નેહથી ભાગ લીધો હતો. સંમેલનનું કાર્ય ઘણાજ ઠાઠમાઠથી અને હજારો રૂપિયાના ખર્ચથી ઉઠાવવામાં આવ્યું હતું. એ બધા ખર્ચના પૈસા પરમહંસજી મહારાજ પાસે કેવી રીતે આવ્યા, એ વાત માત્ર પરમાત્માજ જાણે છે! મહારાજશ્રીના શિષ્યો અને બીજા ઘણા સદ્‌ગૃહસ્થોએ સભાના અધિવેશન વખતે સ્વયંસેવકનું કાર્ય કરતા હતા, અને ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ વર્તમાન પત્રોના ખબરપત્રીઓ ખાસ એ સભાનો રિપોર્ટ લેવાને ત્યાં આવ્યા હતા. મુંબઇનાં મુખ્ય વર્તમાન પત્રોમાં એ 'ભારતીય સાધુ પરિષદ્' નો હેવાલ એવખતે વિસ્તારથી પ્રકટ થયેલો હતો.

એ સભા સમક્ષ, 'સાધુઓના શું શું ધર્મ છે? તેમનાં શું કર્તવ્ય છે? સંસારને સુધારીને સાત્વિક બનાવવાનો કેટલો બધો ભાર તેમના ઉપર રહેલો છે?' વિગેરે ઘણી મહત્વની બાબતો વિસ્તારથી સમજાવી પરમહંસજી મહારાજે મધુર અને રસીક ભાષામાં વ્યાખ્યાન આપ્યું હતું. તેમના માર્મિક અને લાગણી ભર્યા શબ્દોનો એ મહાન્ સભામાં ઘણો પ્રભાવ પડ્યો હતો. તેમજ પંજાબના પ્રસિદ્ધ વિદ્વાન અગ્રેસર દિવાન શ્રીમાન્ ટેકચંદજી એ વખતે ખાસ નામદાર શ્રીમંત સરકાર તરફથી સભાના કાર્યની સફળતાનો સંદેશો લઇને આવ્યા હતા; તેમણે પણ એ સમયે બહુજ જુસ્સાદાર અને ભાવ પૂર્ણ ભાષણ કર્યું હતું એ સર્વ હકીકત વર્તમાનપત્રોદ્વારા પ્રજા વર્ગને સારી રીતે વિદિત છે; એટલે અહિં વિસ્તારથી પીષ્ટસ્ય પેષણં કરવાનું કંઈ પ્રયોજન નથી. સભાનું કાર્ય નિર્વિઘ્ને પસાર થયા પછી સંત તુકારામ મહારાજના કથન પ્રમાણે "**बोले तैसा चाले त्याचीं वंद्रावी पावली.**" કહેવા પ્રમાણે કરી બતાવવા માટે આશ્રમમાં જે સામાન્ય સાધુ શિક્ષણ શાળા ચાલતી હતી, તેને મોટા પાયાપર ઉઠાવીને સારા વિદ્વાન પંડિતોને શિક્ષક તરીકે રોકી, સાધુ બ્રાહ્મણના બાળકોને સંસ્કૃત ભાષાનું કાવ્ય, વ્યાકરણ, કર્મકાંડનું અને ધર્મ-કર્મનું તેમજ આચાર વિચાર અને વ્યવહારનું ઉચ્ચ પ્રકારનું શિક્ષણ આપવાનો આશ્રમના મકાનમાંજ ક્રમ ચાલુ કર્યો, એ પાઠશાળા દીર્ઘ સમય સુધી ચાલી હતી, પરંતુ પાછળથી સત્તા અધિકારીઓના કંઇક દબાણને યોગે નિરૂપાયે તે બંધ કરવામાં આવી છે, તેમ છતાં જ્ઞાન વિજ્ઞાન અને

સદ્ વિચારના શુભ પ્રચારને માટે તેઓ સર્વદા પોતાનાથી બનતું કરતા રહે છે. શિક્ષણ અને સાહિત્યને યથોચિત્ ઉત્તેજન આપે છે, અને જ્યાં જ્યાં એવા શુભ પ્રયાસો ચાલતા હોય ત્યાં ત્યાં સ્વયં જઇ પહોંચીને યોગ્યતા પ્રમાણે સજ્જનોની સત્પ્રવૃત્તિમાં સહાય કરે છે. કેટલાક ભક્તિ માર્ગના પુસ્તકો તેમણે ખાસ ઉત્તેજન આપીને પ્રકટ કરાવ્યાં છે, સંધ્યા પૂજા–નિત્ય કર્મનાં નાનાં નાનાં પુસ્તકો જાતે તૈયાર કરી, પ્રકટ કરાવીને પોતાના શિષ્યોમાં તેમજ યોગ્ય અધિકારીઓમાં મફત વ્હેંચે છે. એ ઉપરાંત ધાર્મિક સાહિત્યની શ્રી વૃદ્ધિ કરવાને માટે તેઓ સર્વદા ઉત્સુક અને તત્પરજ રહે છે. આ ચરિત્ર લેખકની માર્ફત **"ધર્મપ્રદીપ"** નામનું એક ધાર્મિક માસિક તેઓશ્રીએ ત્રણ ચાર વર્ષ પૂર્વે શરૂ કરાવ્યું હતું, પરંતુ કેટલાક અટપટા સંયોગો વચ્ચે લખનારનાં દુર્દૈવે એ માસિક એક વર્ષ ચાલીને બંધ થયું હતું, એ ઉપરાંત પોતાની માતૃભૂમિ બંગાલાના મહાન્ ભક્તિમાર્ગ પ્રચારક શ્રીકૃષ્ણાવતાર **શ્રીગૌ**રાંગ પ્રભુ કૃષ્ણ ચૈતન્યનું જીવનચરિત્ર ગુજરાતી ભાષામાં પ્રકટ કરાવી, અનન્ય પ્રેમલક્ષણા ભક્તિનો સુધાપ્રવાહ આ ગુર્જર વાટિકામાં રેલાવવાની તેમણે પુણ્ય પ્રવૃત્તિ કરી છે.

પોતાની પરિપકવ અવસ્થા થઇ હોવા છતાં, તેમની સ્ફૂર્ત્તિ, તેમનો ઉત્સાહ, તેમની ધર્મ જાગૃતિ, તેમની અચળ પ્રભુભક્તિ અને એવી સર્વ પુણ્ય પ્રવૃત્તિ અવ્યાહત અખંડ રહી છે. અને તે નિત્ય પ્રતિ એક સરખીજ ચાલુજ છે. વર્ષમાં લગભગ છમાસ તેઓ ગામે ગામ પોતાના સેવકોમાં ફરતા રહી પોતાના પ્રિય શિષ્યોને સદુપદેશ અને સદ્ધર્મનો બોધ આપે છે. પોતે યોગ ક્રિયાઓ કરે છે અને

બીજાઓને શીખવે છે. બ્રાહ્મ મુહુર્તમાં ઉઠી સર્વ ૠતુઓ અને સર્વ સ્થિતિમાં સમાન ભાવે નિયમ પુર્વક ભગવદ્ ભજન સંયમ આદિ નિત્ય કર્મો કરે છે. પ્રભાતનો પહેલોપહોર તેઓ દૃઢ નિયમ પૂર્વક પ્રભુનેજ અર્પણ કરે છે. આજ કાલનો યુવાન પણ એમના જેટલી નિયમિત નિત્ય ક્રિયાઓ કરી શકે નહિ. શિયાળાની કડકડતી ઠંડી અને ઉનાળાનો પ્રચંડ તાપ, તેમનાં શુભ કાર્યને કોઈ વખત અટકાવી કે પ્રત્યવાય આપી શકતા નથી. માત્ર એકજ વખત સાદું અલ્પ ભોજન અને આખો દિવસ પેટ ભરીને ભજન કરવામાં તેમનું મન હંમેશાં પ્રસન્ન રહે છે. તેમની વાતચિતમાં સરલના ભર્યાં ભાવોનાં ભૂષણો પહેરીને વાક સુંદરી સદ્દુપદેશની સુધા ધારા વર્ષાવી રહે છે. એથી શ્રોતાઓ તેમની વાતચિતમાં તલ્લિન બની જાય છે. ભકિત રસને ધટ્ટ કરી અંતરમાં જમાવનારાં અને શાસ્ત્રનાં સિદ્ધાંતોને દૃઢાવનારા તેમનાં ટુંકા ટુંકા રસીલાં આખ્યાન-વ્યાખ્યાનો અને ચમત્કારિક દૃષ્ટાંન્તો, શ્રોતાઓના શ્રવણપુટને પાવન કરી હૃદયને રસમાં તરબોળ બનાવી દે છે. એ તેમનાં વચનોની માધુરી જયારે જયારે હૃદયનાં સ્મરણ મંદિરમાં ખડી થાય છે, ત્યારે શ્રી રાધિકાની જીવન જયોતિ જેવી પ્રભુની પ્રેમ જાગૃતિ નસેનસમાં સુધારસ રેલાવીને રોમાંચ ખડાં કરી દે છે. તેમની પ્રસન્ન મુખમુદ્રા માત્ર એકજ વખત દર્શનનો લાભ લેનારને પણ જાગૃતિના વિચારોમાં અને રાત્રિજ સ્વપ્નોમાં મુગ્ધ બનાવ્યા વગર રહેતી નથી. તેમની સર્વત્ર સમાનભાવે વ્હેતી નિઃસ્વાર્થ, વિશ્વવ્યાપી પ્રીતિ, પણ સંસર્ગમાં આવનાર મનુષ્ય માત્રને હર્ષ પુલકિત બનાવી, આંખોને અશ્રુસિક્ત કરી દેછે. તેમની ઉદાર અને ઉદાત્ત ભાવનાંઓ હૃદયને મહાન્ અને વિશાળ બનાવે છે.

તેમનો સાદો પણ દિવ્ય ઉપદેશ કોઇ સ્થળે વ્યર્થ જતો નથી. તેમનો દયામય કરસ્પર્શ દુઃખ માત્રને દૂર કર્યા વિના રહેતો નથી, અને તેમનાં પુનિત પ્રેમ પગલાં પ્રત્યેક સ્થાનને પાવન કરી, પ્રભુ સંદેશના પવિત્ર પડઘા પડયા વગર પાછા વળતા નથી. શું સાધુ કે શું સંસારી, શું અધિકારી કે શું ભિખારી, શું શ્રીમાન્ કે શું નિર્ધન, શું વૃદ્ધ કે શું યુવાન, શું પુરૂષ કે શું નારી, જે જે મનુષ્ય જે જે વ્યક્તિ–તેમની મૂર્તિને અંતરમાં ઉતારી એક વખત ધારી ધારીને તેનું ધ્યાન ધરે છે, તેમના સકળ સંતાપને તેઓ સ્મરણ માત્રથી અવશ્ય હરે છે. તેમના અગણિત ગુણોનું ગાન કરતાં, તેમના મહદ્દભાવોનું ધ્યાન ધરતાં, તેમની સૌમ્ય મૂર્તિને સ્નેહથી સ્મરતાં લખનારની લેખિની પોતાની દીન–હીન શક્તિને વિચારી કરી '**किं कर्त्तव्य मूढ**' બની જાય છે! તેમના પ્રત્યેના પૂજ્ય ભાવના પ્રવાહમાં ખેંચાઇને આ સંક્ષિપ્ત જીવનચરિત્રની રૂપરેખા આંકવાનો પરિમિત વિષય, વિશેષ લંબાઈ જવાના ભયથી એ લેખિની વિશેષ સંકોચ પામીને શરમાઇ જાય છે.

પરમહંસજી મહારાજ જેવા એક જાહેર મહાત્માના જીવનની રૂપરેખા આંકવી, એ કાંઇ સામાન્ય એ વિષય નથી. એ વિષયનું નિરૂપણ કરવાને માટે જેટલી યોગ્યતા, દુર્દશીતા, વિશાળતા, કલ્પના અને નિરિક્ષણ શકિતની જરૂર છે. તેનો સોમો હિસ્સો પણ આ લેખમાં નહીં હોવાથી ઘણી મહત્વની બાબતોનો તેનાથી માત્ર ઈશારોજ થઈ શકયો છે. કેટલીક સામાન્ય બાબતોમાં તેનાથી વિશેષ દોરવાઈ જવાયું છે, તેમજ એવા મહાન્ હૃદયના મહાનુભવોને લેખક પોતાનાં દીન હૃદયમાં ગ્રહણ કરવાની શકિતને અભાવે શબ્દ દીનતા ક્ષણે ક્ષણે ક્ષોભ ઉપજાવતી હોવાથી. હૃદયમાં જે કંઈ તેમના મહદ્

ભાવની આછી આછી ઝાંખી થઇ તેને પણ વાકયના અર્થમાં સ્પષ્ટ કરી શકાઈ નથી. ઇશ્વર યોગ્યતા અને આરોગ્યતા આપશે તો ભવિષ્યમાં એ કાર્ય વિશેષ વિસ્તારથી પ્રેમ અને સદ્દભાવ પૂર્વક સિદ્ધ કરવાની ઉત્કટ જીજ્ઞાસા છે. દયાળુ પ્રભુ ! એવો શુભ અવસર આપીને આ રંક જીવનને કૃતાર્થ કરવાનો માર્ગ દર્શાવો ! એજ પ્રાર્થના સહિત પ્રસ્તુત પ્રસંગને પરિસમાપ્ત કરતાં છેવટ એટલુંજ કહેવાની અહીં રજા લેવામાં આવે છે કે જેવી રીતે પ્રબળ પ્રતાપી મહાન્ યોગેશ્વર હઠયોગ અને રાજયોગની પ્રક્રિયાઓ વડે શ્રદ્ધાળુ ભકતનો ભગવાન સાથે અને આત્માનો પરમાત્મા સાથે યોગ કરતાં શીખવે છે. એટલુંજ નહિ પણ સર્વવ્યાપી સ્નેહ રજ્જુથી પ્રાણી માત્રના હૃદય અને આત્મા સાથે આપણી જીવનદોરીને ગુંથીને વિશ્વવાટિકાના નવ પલ્લવિત સૌરભ પુષ્પિત પરમાર્થ સુગંધભીના કુસુમો જેવું પરમાર્થ પરિમલયુકત દીવ્ય જીવન ગાળવાના મહાયોગના તેઓ આપણને જે મહામંત્રો શીખવે છે, તેમને હૃદયમાં ઝીલવાનું, અંતરમાં ઉતારવાનું અને જગતને તે મંત્રો સંભળાવવાનું સર્વાન્તર્યામી સામર્થ્ય આપો, એજ અમારી અંતઃકરણની યાચના છે.

વિષયને પરિસમાપ્ત કરતી વખતે એક જરૂરની વાત તો કહેવી રહીજ જાય છે. મહાત્માશ્રીના પંઢરપુર, મુંબઇ અને અમદાવાદના છેલ્લા પ્રવાસ વખતે ઘણા શ્રદ્ધાળુ અને ભાવિક જીજ્ઞાસુ પુરૂષો તરફથી જાણવામાં આવ્યું છે કેઃ—ગૃહસંસારમાં રહીને યોગનું શિક્ષણ મેળવવાનો સુગમ માર્ગ જો તેમને દર્શાવવામાં આવે તો. તેમનું અતિશય કલ્યાણ થઇ શકે તેમ છે. કેમકે આજ કાલ યોગને નામે બજારમાં દુકાન માંડનારાઓ લોકોને ભરમાવી તેમનાં ધનનાં સાથે તનનું સંપત્તિનું પણ પ્રપંચથી હરણ કરે છે. માટે તેમને એવી

પ્રપંચ જાળમાંથી બચાવવા માટે જો યથાર્થ યોગ શિક્ષણ આપવામાં આવે અને યોગની સહેલી ચાવીઓ બતાવવામાં આવે, તો એક તરફથી દિવસે દિવસે વિલુપ્ત થતો યોગનો મહિમા યથાસ્થિત રૂપે જળવાઇ રહે અને બીજી તરફથી ધનલોભી યોગના વેપારીઓની પ્રપંચ જાળમાંથી રક્ષણ પામીને એવા અનેક ભોળા લોકો પોતાના આત્માનું યથાર્થ કલ્યાણ કરી શકે." પરંતુ એવા જિજ્ઞાસુ પુરૂષોએ જાણવું જોઇએ કે, યોગ એ કંઇ બજારની વસ્તુ નથી. વાણી વડે સમજાવવાનો વિષય નથી. ઘેર બેઠાં ગંગાજીનો લોટો મંગાવીને સ્નાન કરવા જેવું સ્હેલું અને સુતર કામ નથી. પ્રત્યક્ષ ગુરૂગમની ચાવી વિના યોગ–મંદિરના વજ્રમય દ્વાર ઉઘડતાં નથી યમ, નિયમાદિ સાધનોની યથોચિત પ્રાપ્તિ વિના અનધિકારી પુરૂષોથી એ દિવ્ય મંદિરમાં પ્રવેશ કરી શકાતો નથી. અષ્ટાંગ યોગની સાધના સપ્ત લોક-પર વિજય મેળવવા જેટલી દુષ્કર અને દુરતિક્રમ છે, માત્ર ગોવિંદ રૂપ ગુરૂદેવજ પરમ કારૂણિક ભાવે પોતાનાં પવિત્ર ચરણકમળમાં શરણ આપીને શરણાંગતના શિરપર અંતરના આશીર્વાદનું વર્ષણ કરે, ત્યારે એવા આશીર્વાદને બળે તેમજ ફળે યોગની અષ્ટ સિદ્ધિ મળે તેમ છે.

कर्त्तुमकर्त्तुमन्यथा कर्त्तुं समर्थः ગુરૂ દેવ સાક્ષાત્ હાજર રહીનેજ એ વિશેષ શીખવી શકે તેમ છે એ બાબદની અનેક શંકાઓનું સમાધાન કરતી વખતે મહારાજશ્રીએ રૂબરૂમાંજ વિસ્તારથી બધી હકિકત સ્હમજાવી હતી, અને સંશય ચિત્તવાળાઓને તેજ વખત માત્ર કર સ્પર્શ વડે યોગ સમાધિમાં લીન કરી અનુપમ યોગ વિદ્યાનો મહિમા બતાવેલો હતો. એ બધાપરથી જે જે ગૃહસ્થો મહારાજશ્રીનાં દર્શનનો સાક્ષાત્

લાભ લઇ શકયા છે, તેમની તો એ બાબતમાં સંપૂર્ણ ખાત્રી થઈ ચૂકી છે; પરંતુ અદ્યાવધિ જેઓ અજાણ છે. તેમને પ્રાર્થના કરવાની કે, યોગ માર્ગનો યથાર્થ અનુભવ લેવો હોય અને ધ્યાન ધારણાથી આરંભીને નિર્વિકલ્પ સમાધિ સુધીનો ઇશ્વિર સાથે યોગ સાધી આત્મ સ્વરૂપના અખંડાનંદનો લ્હાવો લેવો હોય તો, તેમણે **શ્રીમાલસર** ક્ષેત્રનાં આશ્રમમાં જાતે પધારી મહારાજશ્રીનાં દર્શનનો લાભ એક વખત અવસ્ય લેવો. એથી જરૂર યથેચ્છ લાભ થશે. આટલી અંતિમ સૂચના આપતી વખતે જાણે પરમ કૃપાળુ પરમહંસજી મહારાજ સાક્ષાત્ પધારીને પોતાના હંમેશના દયામય સ્નેહસુલભ સ્વભાવાનુસાર હસતે મુખડે આ રંક બાળકનો હેતથી હાથ પકડીને કહેતા હોયને !–"અરે પાગલ! છોડ દે, છોડ દે યે કયા ઉપાધિ કરતા હૈ?" એથી નિરૂપાયે તેમના ચરણમાં નમી પડી પોતાની નબળી લેખિનીને નીચે મૂકી સુજ્ઞ વાંચક વર્ગની વિનય અને ક્ષમા પૂર્વક આ અશુદ્ધ લેખક રજા લે છે. જય શ્રી હરિઃ

અમદાવાદ
તા. ૧૪-૪-૧૯૧૬


સંત, મહંત, સાધુજનોના ચરણકમળની
રજરેણુંમાં રાત દિન આળોટતા
રહેવાની આતુર ઇચ્છાવાળો
રંક કિંકર

વસન્ત.

૩૦ વર્ષની જુની અને જગપ્રસિદ્ધ

દુકાન

અમારા માનવંતા ગ્રાહકોને અરજ કરવામાં આવે છે કે ફકત એકજવાર દુકાનની મુલાકાત લેવાથી પૂર્ણ ખાત્રી થશે કે બજાર કરતા અમારે ત્યાં દરેક ચીજ ઘણાજ કીફાયત ભાવે મળશે.



મેટલના ખીસાના ઘડીયાળો.

નંબર	૧	રૂા.	૩-૮-૦
,,	૨	રૂા.	૪-૦-૦
,,	૩	રૂા.	૪-૮-૦
,,	૪	રૂા.	૫-૦-૦


એ સીવાય ભેટ આપવા લાયકનાં ચાંદીનાં, સોનાનાં અને હાથે બાંધવાનાં પટા સાથના લેડીઝ તથા જેન્ટલમેનને લાયકનાં વોચીશો, તથા દરેક જાતનાં અમેરીકન, જાપાન, જરમની, ઇંગ્લીશ તથા ફ્રેન્ચ બનાવટનાં કલૉકો તથા ટાઈમપીશો અમારે ત્યાં મળી શકશે.

બહારગામના ઑર્ડર ઉપર પુરતું ધ્યાન આપી, તપાસીને વી. પી. થી માલ મોકલવામાં આવે છે. કલૉક મંગાવનારાઓને દશ ટકા એડવાન્સ મોકલવું પડશે.

અમારૂં ચિત્ર સાથનું પ્રાઇસ લીસ્ટ મંગાવવાથી મફત મોકલવામાં આવશે.

મોહનદાસ કમળશી ઘડીઆલી.

ઠે:—નંબર ૧૩-૧૪, મંબાદેવી પોષ્ટ ઓફીસની બાજુમાં.



श्री ठाकुर हरनाथ.

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઇ.

ઠાકુર હરનાથજીના જીવનનું દિગદર્શન અને તેમની કેટલીક શકિતનું અવલોકન.

અમારી પવિત્ર જીવનકથાના આત્મા ઇ. સ. ૧૮૬૫ના જૂલાઈ મહિનાની ત્રીજી તારીખે બંગાલ ઇલાકાના બેંકુરા જીલ્લાના સોનામુખી ગામમાં એક ભૌતિક દેહમાં પ્રકટ થયા. તેના પિતાનું નામ જયરામ બન્દોપાધ્યાય હતું અને શ્રીમતી ભગવતી સુંદરી તે તેમની માતાનું નામ હતું. જયરામને પોતાની બાળવયમાં સાવકી મા તરફથી મેણાં પડયા હતાં, આ કારણે તેણે પોતાના પિતાનું ઘર શિશુ અવસ્થાથી છોડી બેલેરા ગામમાં પોતાના મામાને ત્યાં રહેતા થયા. તેની પાસે શાલિગ્રામની મૂર્તિ હતી; તેનું તે નિત્ય પૂજન કર્યા કરતા હતા. એક પ્રસંગે, એવું કહેવામાં આવે છે કે, એક મહાત્મા બેલેરા ગામમાં પધાર્યા હતા. તેણે તે ગામની પ્રત્યેક શાલિગ્રામની મૂર્તિ તપાસી હતી. તેમાં જયરામ પાસે જે મૂર્તિ હતી તે તેણે શ્રીકૃષ્ણના સાક્ષાત સ્વરૂપ જેવી લાગી. તેણે તે મૂર્તિનું ભાવ સહિત પૂજન કરી ઠાકુરના પિતૃદેવને આશિર્વાદ આપ્યા.

આ બનાવ બન્યા પછી એટલે કે ૧૯–૨૦ વર્ષની ઉમ્મરે જયરામ પોતાના એક સંબંધીને ત્યાં નોકરીએ રહ્યા. તેના પ્રારબ્ધ બળે તો તે ૨૬–૨૭મા વર્ષે એક સમૃધ્ધિવાન અને પ્રતિષ્ઠાન લેખાવા લાગ્યા. પોતાની સ્વઉપાર્જીત સંપત્તિમાંથી પચ્ચીસ હજાર રૂપીઆ ખર્ચી બન્દોપાધ્યાય બાબુએ શિવમૂર્તિની સ્થાપના પણ કરી.

આ શિવ મૂર્તિનું પ્રતિષ્ઠાપન થયા પછી બાબુ બન્દોપાધ્યાય કલકત્તે ગયા. તે દરમ્યાન એક સન્યાસી ભીક્ષા માગતા પોતાના ઘેર પધાર્યા. તેણે કહ્યું:-"માતા ! આજે હું તમારો અતિથિ થાઉં છું. કૃપા કરી મને રહેવા દેજો." ભગવતી સુંદરીએ ઉત્તર આપ્યો; "મહારાજ ! હું તો અહીં એકલી છું. પુરૂષ વિનાના ઘરમાં તમારાથી રહેવાય પણ કેમ ?" તે સાંભળી સાધુએ પ્રત્યુત્તર આપ્યો. "હું તમારા મંદિરમાં સુવાનો નથી. હું મારા મંદિરમાંજ સૂઈશ." એટલું કહી સન્યાસી બાબુના શિવ મંદિરમાં ગયા અને ધૂણી સળગાવી તાપવા લાગ્યા. નિયમ પ્રમાણે રાત્રે આરતિ કરી મંદિરના દ્વાર અંદરથી બંધ કરવામાં આવ્યા. બીજે દિવસે-પ્રાતઃકાળમાં જ્યારે માતા ભગવતી સુંદરી મંદિરના દ્વાર ઉઘાડવા ગયા ત્યારે તેની અજાયબી વચ્ચે તેણે ફક્ત સળગાવેલી ધૂણીની રક્ષાજ માત્ર જોઇ. સાધુના દર્શન થયા નહિ. પોતાની સેવામાં ઉણપ આવી હશે અને તેથી સાધુ પુરૂષને ખોટું લાગ્યું હશે એમ માની તેને ભારે શોકાવિર્ભાવ થયો. આવી વિષાદ ભરી સ્થિતિમાં તે પાછા આવ્યા. લોકોએ તેમના વિષાદનું કારણ પૂછ્યાં; પરંતુ તેમનાથી તે ચમત્કારનું અગર તો ભૂલનું સ્ફુટન જાહેરમાં થઇ શકયું નહિ.

આ વાતમાં કંઇક વજુદ છે. શ્રીમતી ભગવતી પોતાના માનસિક પરિતાપે સપડાઈ છે, તેવામાં કલકત્તાથી બાબુ બન્દોપાધ્યાયનું અચાનક આવવું થયું. આવતા વારને તેણે શ્રીમતીને પ્રશ્ન કર્યો:- ગઇ રાત્રે કોઇ સાધુ અહીં પધાર્યા હતા? " પોતાના પતિને અચાનક આવતાં શ્રીમતીને અચંબા જેવું લાગ્યું તો હતું તેમાં સાધુના પ્રશ્નથી તેના અચંબામાં વૃધ્ધિ થઇ. તેણે કહ્યું:-હા! આવ્યા હતા ખરા, તથાપિ

મંદિરના બંધ બારણે તે અદૃશ્ય થયા છે. મારી સેવામાં તેને ઉણપ લાગી હોય એવી મને બ્હીક છે.", "બાબુ બન્દોપાધ્યાયે પણ પોતાના સ્વપ્નાની વીતી વાત કહી;–" ગઈ રાત્રે મને સ્વપ્નુ આવ્યું. તે સ્વપ્નામાં સાક્ષાત શિવ સ્વરૂપે કોઇક મહાત્માના દર્શન થયાં. અને કહ્યું 'તું ચિન્તા નહી કર, તારી સ્ત્રીએ મારો પૂરતો સત્કાર કીધો છે. હું તેથી સંતુષ્ટ થયો છું.' આ સ્વપ્ના પછી હું તુર્ત ત્યાંથી નીકળી આવ્યો છું. અને તારે મોઢે તે વાતને સાચી જાણી નિશ્ચિત થયો છું."

આ બનાવ બન્યા પછી ઘણા થોડા વખતમાં શ્રીમતી ભગવતીને ગર્ભ રહ્યો અને નિર્મીતકાળે ઠાકુરનો જન્મ થયો. ઠાકુરની બે વર્ષની ઉમ્મરે તેના પીતાએ સ્વર્ગવાસ કર્યો.

ઠાકુર જ્યારે પાંચેક વર્ષના હતા ત્યારે એક વખત પોતાના મ્હોટા ભાઈની સાથે પોતાના ગુરૂનેત્યાં શીખવા ગયાહતા. ત્યાંથી પાછા વળતાં મોડું થયું હતું. રાત્રી પણ પડી હતી. કંઇક બ્હીતા અને કંઇક અન્યોન્યની હુંફે પોતાને ઘેર ઉતાવળે ચાલ્યા આવતા હતા. તેવામાં માર્ગમાં તેની પાછળ કોઈ પ્રચંડ દેહધારી પુરૂષ આવતો હોય એમ ઠાકુરના મ્હોટા ભાઇને જણાવ્યું. તે જોઈ પોતાના ન્હાના ભાઇ (ઠાકુર) ને કહ્યું, " ઠાકુર! પાછળ જો. કોઈ વિરાટ સ્વરૂપ પધારે છે." ઠાકુરે પાછળથી જોયું તેને સ્પર્શ કરવાની ઇચ્છા થઈ. તેથી તે ધીમે ધીમે પાસે જઈ ચરણે પડી સાષ્ટાંગ નમસ્કાર કીધા. તે મહાપુરૂષે ચરણે પડતા ઠાકુરને ખસેડી કહ્યું; " હર! તું મને દ્વારિકનાથ ધારે છે તે હું નથી. " આટલું કહી તે તો અદૃશ્ય પણ થઈ ગયા. આ બનાવથી મ્હોટાભાઈ ગભરાયા. હાંફતા હાંફતા ઘર ભણી દોડયા ગયા અને ત્યાં બેશુધ્ધ થઈ પડ્યા. આ કુતુહલ જોઈ

ઘરના બહાર આવ્યા અને ઠાકુરને પાછા સ્તબ્ધ ઉભેલા જોયા. ઠાકુરને ઉંચકી ઘરમાં આણ્યા અને સ્વસ્થ થયા પછી સર્વ હકીકત તેમને પૂછી ઠાકુરે તે અથેતિ કહી; તેથી તેમના માતા વિગેરે લોકોએ પ્રસન્ન થતાં આશિર્વાદ આપ્યા.

એક દિવસ ઠાકુર પોતાની સ્ત્રી સાથે સૂતા હતા. તે રાત્રે પોતાની સ્ત્રીને એક ઝેરી સર્પ ડંશી ગયો. તુર્ત સ્ત્રીએ બૂમ મારી. તે બૂમથી ઘરના સર્વ જાગી ઉઠયા. ઠાકુરના ઓરડામાં આવ્યા અને વિષ ઉતારના યત્નો અજમાવવા લાગ્યા સર્વ ઉતારનારાઓને પણ બોલાવવામાં આવ્યા સહુએ પોતપોતાની સમજ પ્રમાણે એક પછી એક ઔષધોપચાર અને મંત્રોચ્ચાર કરવા માંડયા. આથી ભારે શોર થઇરહ્યો, છતાં ઠાકુર નિંદ્રા મુક્ત નહી થયા હતા. તેને ઉઠાડવાને ઘણી બૂમો પાડવામાં આવી, જળાંજલિ છાંટવામાં આવી, તેમ તેને ઢંઢોળવામાં પણ આવ્યા. આવાં અથાગ યત્ન કીધાં છતાં ઠાકુર નિશ્ચિંત રીતે નિંદ્રા લયા કરતા હતા જોઇ બધાને ભારી અજાયબી થઇ. વિષ ઉતારનો એ કલાકે પણ નિવેડો નહિ આવ્યો. અચાનક શ્રીઠાકુરના મુખમાંથી "રાધા ગોવિંદ બોલો" એવા શબ્દો નીકળ્યા તે શબ્દોનો હાજર રહેલા બધાએ ઉચ્ચાર કીધો. પરિણામે જણાયું કે પોતાની સ્ત્રીને ચઢેલું વિષ "રાધા ગોવિંદ" નામના પ્રભાવશ ઉતરવા લાગ્યું. થોડીવારે તેને શુધ્ધિ આવી. ઠાકુરતો સહવારેજ ઉંઘમાંથી ઉઠયા. તે વખતે રાત્રે બનેલા બનાવથી તેને જ્ઞાત કીધા. ઉત્તરમાં તેણે જણાવ્યું;–એ બધા કૃષ્ણના પ્રતાપ છે. તેની લીલા ગહન છે. આપણા તે શા ગજા ?!

ઠાકુર હરનાથજીને બાલ્યાવસ્થામાં પાન ખાવાનો ઘણો શોખ હતો. હજી પણ તે છે પણ કંઇક ઓછો. પોતાની બાલ્યાવસ્થામાં પાનની પેટી પોતાની બહેનની પાસે રહેતી. તેજ બધાને પાન કરી આપતી. હરનાથજીને પાનનો શોખ હોવાથી એક બે પાને ચાલે એમ નહિ હતું; એટલે પોતાની બહેનની ગેરહાજરીમાં છાનામાના જઇ પાન ખાઇ પણ લેતા. પેટીમાં પાન ગણત્રી રહેતા એટલે પાન ઓછાં થતા તો બહેનને ખબર પણ પડી જતી. ઘરના સઘળા માણસોની તપાસ લેવાતી તેમાં વધારે લાલ હોઠ થવાથી હરનાથ પકડાઇ જતા. પોતાના ગુન્હાનો તે એકરાર પણ કરતા. એક વખત હરનાથ બહાર ગયેલા જાણી બહેને પાનની પેટીને વાડામાં ઉભા કરેલા ડાંગરના ઢગલામાં મૂકી આવી હરનાથે પાછા વળતાં બહેન પાસે પાનની માંગણી કરી. બહેને કહ્યું "પાન નથી. હું કયાંથી આપું ?" હરનાથે કહ્યુ:-"એ તમારે નથી આપવા તેથી એમ કહો છો." પાનની પેટીજ કયાં છે? રોજ તું પાન ખાઇ જતો તો આજે શોધીને ખવડાવ ત્યારેજ ખરો." હરનાથને ફરી જોતા બહેને કહ્યું હરનાથે કહ્યું:-"હું શોધી કહાડું તો શું આપો ?" "પાંચ રૂપીઆ." સરત મારતાં બહેને કહ્યું. બહેનને પુરતો વિશ્વાસ હતો કે હરથી પેટી શોધી શકાવવાનીજ નથી. આ વિશ્વાસેજ શરત મારી હતી. સરતના પાંચ રૂપીઆ અલગ રખાવી તુર્ત હરનાથ ડાંગરના ઢગ તરફ વળ્યા અને એકજ વખતે ચોકકસ જગ્યાએ હાથ નાંખી સદર પેટી કાઢી આપી પોતાના વચનનો ભંગ નહિ થાય એટલા માટે બહેને પણ તેને પાંચ રૂપીઆ આપ્યા. ત્યાર પછી તેને જોઇએ તેટલા પાન ખાવાનો હક બહેન તરફથી મળ્યો.

કૉલેજના અભ્યાસ છોડયા પછી ઠાકુરને કાશ્મીરના રાજ્યમાં નોકરી મળી. બંગ સંવત ૧૩૦૩ના વૈશાખ મહીનામાં ઠાકુર પોતાની

કેમ્પ સાથ જમ્મુથી શ્રીનગર જવા ઉપડયા માર્ગમાં તે એકદમ માંદા પડયા અને બપોરના ત્રણ વાગ્યે દેહ ત્યાગ કીધો. બપોરના ત્રણ વાગ્યાથી રાતના એક વાગ્યા સૂધી તેનું શરીર શબવત્ પડી રહ્યું. લગભગ દશ કલાક પછી પૂર્વોકત મહાપુરૂષે દર્શન દીધાં અને કહ્યું:– "ઠાકુર! તમ્હારૂં અવશાન થયું છે." હસતાં હસતાં ઠાકુરે ઉત્તર આપ્યો:–"હા! તે હું જાણું છું. તેમાં તમ્હે શું નવું કહ્યું. જો કૃપા હોય તો આ મારૂં શરીર મારી માને પહોંચાડો એટલે બસ." તે મહાપૂરૂષે કહ્યું:– "વારૂ, પણ તું તારા શરીરમાંથી બહાર આવ." તેની આજ્ઞાથી ઠાકુર સૂક્ષ્મ સ્વરૂપે બહાર નીકળ્યા, અને પૃથ્વીની પડેપડની સૃષ્ટિ અવિલોકી દિંગજ થઈ ગયા. clairvoyance શકિતથી (જડવસ્તુના ગર્ભમાં કે આરપાર જોવાની શકિત તે કલેર વૉયન્સ શકિત કહેવાય છે) પ્રત્યેક જડ વસ્તુનું યથેચ્છ અવલોકન કીધું. તેના અવલોકનમાં એક પર્વત જણાયો તે પર્વતની પેલી બાજુની સૃષ્ટિ પણ તેનાથી જોવાઈ. પૃથ્વિના પડમાં વૃક્ષના મૂળીઆં રસ ચૂસતાં તે ક્રીયા પણ જોવામાં આવી.

ઠાકુર પોતે કહે છે; "હું પોતે કંઇ કરી શકતો નથી કોઇક દિવ્ય શક્તિ કરાવે છે અને હું કરૂં છું મને તેની બીલકુલ ખબર રહેતી નથી." આથી એક વાત પ્રતિપાદન થાય છે કે ઠાકુરનામાં જે શકિત છે તે પોતે કષ્ટ સાધી કે યોગાભ્યાસથી નથી મેળવી. પોતાના જન્મની સાથેજ તે શકિત પણ જન્મી છે. ખરી રીતે તો એક ગર્ભસિધ્ધ પુરૂષ લેખાય!

હરનાથને વિશે કહેવાતી સિધ્ધિઓ બહુ છે. બલ્કે નહિ મનાય તેવી છે. તેવી સિદ્ધિઓનું દિગદર્શન નહિ કરાવતાં જે અનુભવ સિદ્ધિ

છે તેજ અને તેનાજ થોડા દાખલા નીચે આપવામાં આવે છેઃ—

(૧) નાસ્તિકના જીવનમાં પરિવર્તન કરી પરમ ભક્ત બનાવવાની શક્તિ.

(૨) ભવિષ્ય જાણુવાની શક્તિ.

(૩) સ્થૂળ દેહથી લિંગ દેહને હજારો કોશ દૂર મોકલવાની શક્તિ.

(૪) અતિ દૂરના શબ્દો સાંભળવાની શક્તિ.

(૫) જડ વસ્તુના અણુ પરમાણુ જોવાની શક્તિં.

(૬) વનસ્પતિ ભાષા જાણુવાની શક્તિ.

અહ્મારા ઠાકુર હરનાથજીની શક્તિ અલૌકિક છે. તેના ચમત્કાર ઘણાએ છે. તે સવિસ્તાર લખતાં તો એક મહોટું પુસ્તક થઇ જાય, અત્યારે તો તેમાંની કેટલીક વાનગીજ અપાય છે. આ વાનગી મુખ્યત્વે કરીને "ઉપદેશામૃત"ની ગુજરાતી આવૃતિ માટેજ બનાવવામાં આવી છે અને તેજ સપ્રેમ પીરસવામાં આવે છે.

(૧) કલકત્તા નિવાસી અને ઠાકુર ભકત શ્રીયુત નારાયન ઘોષ નીચે પ્રમાણે હકીકત આપે છે:—એક દિવસ હું મારા ઘરમાં બેઠો હતો તેવામાં એક ગવર્નમેન્ટ ઑફીસર (આ ઑફીસરનું નામ હું જાણું છું છતાં તેની અનિચ્છાએ જણાવી શકતો નથી) ઠાકુરનું શીરનામું પૂછતા આવ્યા તે ઑફીસરની સાથે મારા ભત્રીજાએ એક ચીઠ્ઠી પણ મોકલાવી હતી તેમાં તેણે મને સૂચવ્યું હતું કે આવનાર ગ્રહસ્થ એક જીજ્ઞાસુ છે. તેમને ઠાકુરજીના દર્શન કરવાની અપેક્ષા છે તો તેના સંબંધમાં ઉચિત્ત કરવું. આ ચીઠ્ઠી વાંચી ઉક્ત ઑફીસરને તેડી હું સોનામુખી મહારાજશ્રીના દર્શણાર્થે નીકળ્યો. અત્યારે વાંચકને એટલો ખ્યાલ આપવાની જરૂર છે કે મહારાજને અને આ નવિન સેવકને કોઇ પણ પ્રકારનો પૂર્વ સંબંધ હતો નહિ. ઉભયમાંથી કોઈ પણ અરસપરસ મળ્યું હતું નહિ આ દર્શનયોગ પ્રથમનોજ હતો. હમે બન્ને સુખરૂપ સોનામુખી આવી પહોંચ્યા. ત્યાં શ્રીહરનાથજીના દર્શન થતા મારી સાથે આવેલા ઑફીસરનું હૃદય ભરાઇ આવ્યું. અશ્રુ ભીંજ્યા

ગાલોથી તેણે મહારાજના ચરણ સ્પર્શ કર્યા. મહારાજે કહ્યું:—બાપુ! સ્ત્રીને કકળાવી તમે કેવી રીતે સુખી થવા માંગો છો? જ્યાં સૂધી તમારા હૃદયમાં તેને માટે ઉચ્ચભાવના નથી તેને લાયકનું માન તમારાથી અપાશે નહિ ત્યાં સૂધી તમારે આમજ રડ્યા કરવાનું છે." ઑફીસરે ગદ્‌ગદ્‌ કંઠે જણાવ્યું:—"પ્રભો! આપનું કહેવું તદ્દન સાચું છે. મારી સ્ત્રી આજ્ઞાંકીત છે. જે દોષ છે તે મારો છે. તેમનો જરીએ નથી. પણ મને જ્યારે ક્રોધ ચઢે છે ત્યારે તેના આવેશમાં ગમે તેમ બોલું છું અને વર્તુ છું. છેલ્લાં ૭ સાત વર્ષ થયાં મને એ ક્રોધનો ઉપદ્રવ વિશેષ છે. તેને શાંત્વન કરવા માંગું છું છતાંએ નિરૂપાય બનું છું. હવે તો આપ કંઇ કૃપા કરો અને એ દુશ્મનના પંજામાંથી મને બચાવો ત્યારે ખરા!" "ક્રોધના વિનાશ માટે મારી પાસે એકજ ઔષધી છે. તે લેજો. તેથી તમારે ક્રોધ પૂર્ણાંશે ચૂર્ણ થઇ જશે." એમ કહી મહારાજે વૈદના પડીકી જેવી એક પડીકી આપી તે પડીકી ખોલી જોતાં તેને જણાયું "કૃષ્ણ, કૃષ્ણ રટયા કરો." આ ઉપચારથી તેનો ક્રોધ હવે પલાયન થયો છે. અને હવે તો પોતાની પત્ની સહિત મહારાજના ચુસ્ત સેવક બની ગયા છે અને પ્રેમાનંદમાં કલ્લોલ કરે છે.

આ અધિકારીની હવે કલકત્તા બદલી થઈ છે. પહેલાં તો તે નૈનીતાલના જંગલ તરફ હતા. ઠાકુરના સમાગમ પછી તેણે ઠાકુરના ઘણા પરચા અનુભવ્યા છે. તેના અનુભવનો એક બનાવ મને તે કહે છે તે આમ છે:—

(૨) નૈનીલાલના જંગલ તરફ હું જ્યારે નોકરીપર હતો ત્યારે એક વખત એવા સમાચાર મળ્યા હતા કે પોતાના રહેવાના મૂકામપરથી ચારપાંચ માઇલના અંતરપર એક સંત પધાર્યા છે. આ સંતના દર્શન કરવાની મને ઇચ્છા થઈ. ઑફીસના ચાર મિત્રો અને એક ચાકર સહિત હું એક શનિવારે ઑફીસ ટાઇમ પછી તે મહાપુરૂષના દર્શનાર્થે નીકળ્યો. રસ્તો તો પાંચેક માઇલનોજ વટાવવાનો હતો; પરંતુ અમે બધા એવે આડે માર્ગે ઉતરી પડ્યા હતા કે પાંચ કલાક સુધી સીધાને સીધા ચાલ્યા ગયા છતાંયે મહંતની મઢુલી ક્યાંએ દૃષ્ટિએ નહિ પડી રાત્રિનો સમય હતો જંગલમાં અંધકાર હતો અને સાથે સાથે હિંસક પ્રાણીનો ભય પણ હતો આથી અમે ઘણા ગભરાયા. અન્યોન્યની હુંફથી અમારી દેહના પ્રાણ ટકી રહ્યા હતા. એવામાં મને મારા ગુરૂદેવ હરનાથજીનું સ્મરણ થઇ આવ્યું. આવા ગાઢ જંગલમાં અહ્મારા જોખમભર્યા જાન ઉગારે એવી ઇચ્છાથી "હરનાથ! હરનાથ!" એમ મ્હોટેથી બૂમો પાડવા માંડી, ત્યારપછી થોડીવારમાં માનવ રવ કર્ણે પડ્યો તેથી અમારા જીવમાં ચેતન આવ્યું. અમે તે દિશા પ્રતિવળ્યા અને સામી દિશામાંથી આવતા મનુષ્યોને પૂછ્યું; ભાઈ મહંતની મઢુલી અહીંથી કેટલે દૂર છે? સામેથી આવતા મનુષ્યો ખેડુત હતા. તેમાંના એકજણે ઉત્તર આપ્યો "તમારાથી તે મઢુલી તરફ હવે નહિ જવાશે તે તો ઘણી વેગળી રહી છે. ખરૂ જોતાં તો તમે તેનો રસ્તો વટાવીને પણ આવ્યા છે." મેં પૂછ્યું; "ત્યારે નૈનીલાલનો રસ્તો બતાવશો? ત્યાં પાછા વળશું." "તે ખેડુતે કહ્યું;" ત્યાં જવું પણ મૂશ્કેલ છે, રાત્રીનો વખત છે.

રસ્તો અજાણ્યો અને ભયાનક છે એટલે ત્યાં વળવું એ પણ સલામતી ભર્યું નથી. અહીંથી ડાબી બાજુએ એકાદ માઇલને છેટે એક બત્તી બળે છે. તે બાજુ જશો તો રાત્રિ નિર્વિઘ્ને જશે." અમે અમારી વિષમ સ્થિતિ પૂરેપૂરી રીતે તપાસી બહુતની સૂચનાને સ્વીકાર્યા શિવાય છુટકો નહિ હતો. અમે ડાબી બાજુ વળ્યા. થોડેક ગયા એટલે સામેથી કોઇક મનુષ્ય બત્તી લઇને આવતું જણાયું, પાસે આવી પહોંચતાં તેણે અમને કહ્યું; "મહંતના દર્શન કરવા માટે તમે નીકળ્યા છો કે?" અમે સઘળાએ સાથે 'હા' કહી. તેણે કહ્યું;" તો ચાલો ત્યારે, મને મહંતેજ મોકલ્યો છે. આજે સાંઝે ત્યાં વાત થતી હતી તેમાં તેણે કહ્યું હતું કે પાંચ માણસનું એક ટોળું આજે નૈનીલાલના ગામથી મારા દર્શન માટે નીકળે છે; પરંતુ રાત્રિ પડી જશે એટલે તેનાથી આવી પહોંચાશે નહિ. તેની આજ્ઞાથી હું તમને સામો લેવા આવ્યો છું. અત્યારે તો પેલી ઝુંપડીમાં વાસો કરો. આપણે બધા સહવારે ત્યાં જઇશું. મહંતના શબ્દોથી અમને ભારે અચંબો થયો. તેમણે માણસ મોકલ્યો હતો તેટલા માટે અમે તેના ઋણી પણ થઇ ચૂકયા હતા. બત્તીવાળાની સાથે અમે તેની ઝુંપડી તરફ ગયા. અને મહંતની દર્શનની લગ્નતામાં જેમતેમ રાત્રિ કાઢી. મહંતના દર્શનની અમારી અધીરાઇ હવે રહી શકી નહિ. સહવાર થતાંજ અમે ત્યાં ગયા અને અમારી તૃષિત જીજ્ઞાસા તૃપ્ત કરી.

બપોરે પ્રસાદ લઇને મહંતે મારી સાથે આવેલા ચાર બ્રાહ્મણ કલાર્કને તેમની સ્થિતિ અનુસાર બોધ દેવા માંડ્યો. હું ધારતો હતો કે તેમને બોધ આપી રહ્યા પછી મને પણ એ માહા-

પુરૂષ કંઇક કહેશે હું આતુર દૃષ્ટિએ જોયા કરતો હતો. અપાતો બોધ પૂરો પણ થયો. પછી મારી સામું જોઇ મહંતે કહ્યું:—
"તમને બોધ આપવાની કંઈ જરૂર નથી. તમે જે ગુરૂ (તાત્પર્ય કે શ્રીહરનાથજી)નું શરણું લીધું છે તે સર્વોપરી છે. બીજાની હવે આવશ્યકતા નથી. તેનાજ આશ્રયમાં રહેજો અને તેમના વચનમાં શ્રધ્ધા રાખજો એટલુંજ કહેવાનું છે. વારૂ પણ હમણાં પોતે કયાં છે?" મેં કહ્યું—"હમણાં તો પોતે વૃંદાવન (ચારેક દિવસપર એક પત્ર ઠાકુર તરફથી આવ્યો હતો તેમાં પોતે જણાવ્યું હતું કે હું વૃંદાવન જાઉં છું તે આધારે મેં કહ્યું હતું) ગયા છે." તેમણે કહ્યું;—"તમારા ગુરૂ વૃંદાવન નથી." મેં નિશ્ચયપણે કહ્યું; "તે ત્યાંજ છે." તેમણે પાછું કહ્યું કે; "તમે ભૂલો છો. તે વૃંદાવન નથી પણ કલકત્તા છે." એ મહંતની સાથે વધારે તકરારમાં ઉતરવાનું મને ઠીક પણ ન લાગ્યું; પણ સંધ્યાકાળે પાછા ફરતાં ઘેર જે ટપાલ આવી હતી તે તપાલમાં ઠાકુરનો પણ પત્ર હતો તેનાપર પોષ્ટની છાપ કલકત્તાની હતી. પત્ર ઉઘાડી વાંચતાં પણ એમ જણાયું કે ઠાકુર ગયા દિવસના કલકત્તે આવી પૂગ્યા છે. આ વાતથી મારા મનમાં ખેદ ઉદ્ભવ્યો મહંતના દર્શને પાછો ગયો અને મારા જક્કી વાદને માટે ક્ષમા યાચી. તેમણે કહ્યું. "એમાં તમારો દોષ નથી. અમે જો કે મળ્યા નથી છતાં કોઇક અલૌકિક શકિતના પ્રભાવથી એવી વાતો જાણી શકીએ છીએ. હવે કહેવાનું એટલુંજ કે તમે જેનું શરણું લીધું છે તે છોડશો નહિ." તેમને સપ્રેમ વંદન કરી નનીલાલ પાછો વળ્યો.

(૩) સાચા પ્રેમ કે દૃઢ નિશ્ચય શિવાય ઠાકુર હરનાથજીના પણ દર્શન થવા અસંભવીત છે. જ્યાં ભકતોના દર્શન અલભ્ય બને છે

તો પછી સાક્ષાત્ પ્રભુના દર્શન કેમ અલભ્ય નહિ હોઇ શકે? કલકત્તાના એક જમીનદાર ગૃહસ્થને કેટલાક વર્ષ પૂર્વે મહારાજશ્રીના દર્શનની જિજ્ઞાસા થઈ હતી. તે વખતે ઠાકુર હરનાથ જાહેરમાં આવી જવાના ભયથી બહુ ભાગે ગુપ્ત નિવાસ કરતા એટલે ભાવિકોને તેમની ભાળ મળવી બહું મૂસ્કેલ થઇ પડતી. ઉક્ત જમીનદારને જીજ્ઞાસા થતાં કંઇક મૂસ્કેલીના અનુભવે ઠાકુરજીના સોનામુખીના નિવાસ મંદીરનો પત્તો મળ્યો ખરો. તે દર્શનાતૂર ભક્તે સોનામુખી જવા કલકત્તા છોડયું; પરંતુ ત્યાં પહોંચતાં નિરાશા ભર્યો ઉત્તર મળ્યો કે ઠાકુરજી તો ગઈ રાત્રેજ કલકત્તે પધાર્યા છે. જમીનદારને કંઇક નિરાશા જેવું લાગ્યું; પણ કલકત્તાના મૂકામનો પત્તો મેળવી તેણે પુનઃ કલકત્તા જવાનું ઉચિત ધાર્યું. કલકત્તા આવતા અને ભાળ કાઢતાં પુનઃ નિરાશાજનક ઉત્તર મળ્યો કે મહારાજ તો બાલાસરમાં પોતાના એક ભક્ત છે તેને ત્યાં જવાને માટે હમણાંજ–ત્રણેક કલાક પૂર્વે ઉપડયા છે. આ વખતે વાંચકે સ્મૃતિમાં રાખવાનું છે કે આ નવિન દર્શનાતૂર ભક્તની આતૂરતા કેટલી અને કેવી સ્થિતિની છે તે કસી જોવાનેજ ઠાકુર પરીક્ષા કરતા હતા: જમીનદારને પાછી જબરી નિરાશા તો મળી; પરંતુ તેમ થવાથી તેની આતુરતામાં વિપુલ વૃદ્ધિ પણ થતી ગઇ. ગમે તે પ્રકારે ઠાકુરજીના દર્શન કરવા એવા નિશ્ચયે બાલાસર જવા કલકત્તેથી ઉપડયા. બાલાસર પહોંચતા ઠાકુરના ભક્ત તરફથી ખબર મળી કે અહીં તો પોતે ઝાઝો વખત રહ્યા નથી થોડો વખત રહી પોતે જગન્નાથપૂરી પધારી ગયા છે. દર્શનાતૂર ભક્ત ઘણા શ્રમીત હશે એમ ધારી એક

દિવસ પૂરતો વિશ્રામ લેવાને બાલાસર નિવાસી ભકતે તેમને સવિનય સૂચન કીધું. જમીનદારની ઇચ્છા તો શ્રીહરનાથજીના દર્શન કરવાનીજ હતી. તેના અહીં તેને વિશ્રાંતિ લેવાને ગોઠે નહિ હતું છતાં અતિ આગ્રહના પરિણામે એક રાત ત્યાં રહેવાનું તેને ઠીક લાગ્યું. બીજે દિવસે જમીનદાર પૂરી જવા નીકળ્યા. પૂરી આવી પહોંચતાં ત્યાંથી પણ નિરાશાજનકજ ખબર મળી કે ઠાકુર તો દર્શણ કરવા પધાર્યા હતા તે કરીને પોતે પાછા કલકત્તા પધારી ગયા છે. આટલી આટલી અથડામણ અને નિરાશાથી તેના મનને લાગ્યું કે; "રખે તે મહાત્માના દર્શનને પાત્ર હું નહિ પણ હોઉં. નહિતર જ્યાં ત્યાંથી નિરાશાને નિરાશા નહિજ મળે ! હશે ! જેવી એમની ઇચ્છા ! મારા પ્રેમમાં–મારા નિશ્ચયમાં–મારી આતુરતામાં કંઇ પણ ઉણપ હશે ત્યારેજ મારા જેવા અધમના આવવાના સમાચાર સાંભળી દૂરના દૂર ફરતા રહે છે. ગમે તે પ્રકારે એહના દર્શન તો કરવાજ" આવા દ્રઢ નિશ્ચય-યુકત બની તેણે પુનઃ કલકત્તાનો રસ્તો લીધો; કલકત્તે આવતાં પાછી ખબર મળી કે હવે તો તે સોનામુખી ગયા છે; ત્યાં મેળાપ થશે. જેમ જેમ નિરાશા મળતી ગઇ તેમ તેમ જમીનદારની શ્રધ્ધા અને ઠાકુરજી પ્રત્યેનો પૂજ્યભાવ અટલ થતા ગયા. અથડાતાં ને રખડતાં પાછા સોનામુખી આવ્યા અને મન સાથે સંકલ્પ કીધો કે હવે તો ગમે તે પ્રકારે દર્શન કરી તેમની પવિત્ર ચરણરજને મસ્તકે ચઢાવું શ્રીહરનાથજીના મંદિરે આવી પૂગતાં ભકત મંડળ તરફથી સમાચાર મળ્યા કે મહારાજ તો હમણાંજ તળાવ પર સ્નાનાર્થે ગયા છે. ત્યાં જાઓ તમને દર્શન થશે. હવે તેણે આનંદ ભેર તળાવની દિશા પ્રતિ જવા માંડયું દૂરથી દર્શન થતાં રજની અપેક્ષાએ પાસે આવી

નીચે વળતા ઠાકુરજીએ કહ્યું; "બાબા! વાંકા શું કરવા વળો છો? મારા પગે જરી રજ પણ ચોંટી નથી. હું તો હજુ સ્નાન કરવા આવ્યો છું. પગે ભરાયલી રજ કાઢી નાંખી તેલ મર્દન કીધુ છે પછી તહ્મને રજ કયાંથી મળશે?" ઠાકુરજીને પોતાના વિચારની ખબર પડી જવાથી જમીનદાર તો સ્તબ્ધજ થઇ ગયા! થોડી વારે સપ્રેમ વંદન કીધા એને મહારાજના આગ્રહે મહારાજની સાથે સાથે સ્નાન કીધું. "બાબા! બે ચાર દિવસની માથાકૂટ ભરી મુસાફરીથી તહ્મને અતિ શ્રમ થયો હશે. કૃપા કરી ઘેર પધારી થોડાક દિવસ વિશ્રાંતી લ્યો." મહારાજની આવી ઇચ્છાથી જમીનદારને ઘણો આનંદ થયો. મહારાજની આજ્ઞાનો સત્કાર પણ કીધો. તેની સ્થિતિમાં ત્યારથી નવિન રૂપાંતર થયું છે!

(૪) અહ્મારા (બંગાલ) તરફ ગંગાસરનું એક પવિત્ર તિર્થ છે. જે સ્થળે ગંગાજી અને સાગર સંગમ થાય છે તે સ્થળને ગંગાસર કહેવામાં આવે છે. આવા પૂણ્ય ક્ષેત્રમાં સંક્રાતિને દિવસે ન્હાવાનું મહાત્મ્ય વિશેષ લેખાય છે. ત્યાં હજારો માણસ આવે છે. એવા કુંભ મેળાને માટે સરકાર તરફથી ખાસ પ્રબંધ થતા રહે છે. કેટલાક વર્ષ પૂર્વ અહ્મે ઠાકુરજીની સાથ ગંગાસર ગયા હતા જવાનું અચાનક થયલું હોવાથી કોઇ પણ જાતની મુસાફરીની ગોઠવણ યોજાયલી નહિ હતી માત્ર મારા (નારાયણ ચંદ્ર ઘોષના) આગ્રહથી ઠાકુર તૈયાર થયા હતા. એટલે થોડા સમયમાં ઘટતી તૈયારી કરવાનું અહ્મને ફાવી શકયું પણ નહિ. બોટમાં બેસી અહ્મારે ગંગાસર જવાનું હતું. ઠાકુરને માટે ખાસ કેબીન રીઝવર્ડ રાખવામાં આવ્યું હતું. ઘણી વખત એવું બને છે કે સંક્રાતિના સંજોગ પર સાગરનું તોફાન વધે

છે અને સેંકડો જીવ જલ પ્રલયમાં વિલય થાય છે. સરકારી દફ્તરના દાખલા પરથી એવું પણ જણાય છે કે આવા "કુંભ મેળામાં" પ્લેગ, મરકી આદિ મલેરીઆ ઉપદ્રવ ફાટી નીકળે છે અને તેથી પણ અસંખ્ય મનુષ્યો મરણ પામે છે, મનુષ્યો વિપુલ સંચારમય ક્ષેત્રમાં ધૂર્તતા, તસ્કરતા કે લૂંટ પણ ચાલૂ હોય છે. આવા બનાવો અવરનવર બનતા રહેતા હોવાથી અમને ક્ષેમકુશળ પાછા વળવાનો ઘણો ભય હતો અમે ઘણા તર્ક વિતર્ક કરતા હતા, છતાં વિસ્મય જેવી વાત એ બની કે આ વખતે ન સાગરનું તોફાન જણાયું; તેમ ન જણાયો પ્લેગ, મરકી આદિનો ઉપદ્રવ, સાગરની ઉચ્છૃંખલતા અને રોગના ઉપદ્રવ માટે અમારૂં આ ચોકકસ માનવું છે. ચોરી કે લૂંટ માટે તો કંઇ ખાસ સભાર કહી શકતા નથી; પરંતુ ધારવું તો છે કે ઘણે દરજજે ન્યૂન હશે. આ બધા પ્રતાપ અમારા મહા પુરૂષ શ્રીહરનાથજીના જણાયા.

તમે ગંગાસર તો નહિ આવ્યા હશો એટલે તે મેળામાં એકત્ર થતા લોકનો ખ્યાલ તમને શું આવે? બીજા મેળામાં તો જવું થયું હશે. ન્હાનકડા મેળામાં પણ એકથી છૂટા પડેલાનો પાછો મેળાપ થવો બહુ કઠીણ પડે છે એવો તમારો અનુભવ પણ બંધાયો હશે સામાન્ય મેળામાં જ્યાં એમ બને છે તો પછી ગંગાસર જેવા ક્ષેત્રમાં કે જ્યાં હજારો મનુષ્યો ગામ પરગામથી ઉતરી પડે છે ત્યાં ખોવાયલા મનુષ્યો કે બાળકની શી સ્થિતિ થાય? ગંગાસરમાં અમે ત્રણ દિવસ રહ્યા; તેમાં બીજે દિવસે અમે ઠાકુરની સાથે બહાર નીકળ્યા. તે વખતની લોકોની મેદની ભારે હતી, રસ્તામાં એક ન્હાનું બાળક ભૂલું પડેલું અને રડતું ઠાકુરની દ્રષ્ટિએ

પડ્યું. તેમણે તેને સ્નેહ સહિત ઉંચકી લીધું અને ગૂપચૂપ અતિ વેગે આગળ વધવા માંડ્યું અહ્મે પણ એની પાછળ પાછળ ગયા. ભૂલું પડેલું બાળક કોનું છે તેની ભાળ કાઢવાને કોઇને પૂછતા પણ નહિ તેમ કોઈ સ્થળે થંભી જતા નહિ. એ તો રસ્તા. અને ગલીઓ વટાવતાજ રહ્યા. આવા વર્તનમાં અહ્મને કંઇ ભેદ જેવું જણાયું. કેટલોક માર્ગ કાપ્યા પછી ઠાકુર એક બાઇના ઘરમાં પેઠા અને સીધા પરસાળમાં જઇ બેઠેલી સ્ત્રીને કહ્યું; "માતા! લ્યો તહ્મારૂં બાળક!" બાળકની એ ખરી માતા હતી. તે બાળકના ખોવાઈ જવાના સમાચાર જાણી રૂદન કરતી હતી પોતાના છોકરાને સહી સલામત પાછો આવેલો જોઈ તેને ઘણો હર્ષ ઉત્પન્ન થયો. ઠાકુરને પણ તે ચરણે પડી. ઠાકુરને અને આ સ્ત્રીને પૂર્વે સમાગમ થયો નહિ હતો. તેમ તેમણે સ્ત્રીનું મકાન પણ પહેલા જોયું પણ નહિ હતું; છતાં કોઈ એક ગાઢ પરિચીત પુરૂષની માફક બાળકને ઉંચકી તેહ્મનું ગૂપચૂપ આગળ વધવું, સ્ત્રીના મકાન આગળ આવી અટકવું અને સ્ત્રીને–ખરી માતાનેજ બાળકને સાંગોપાંગ સોંપવું એ વર્તનથી અહ્મને ભારી વિસ્મયતા ઉપજી.

(૫) જ્યારે ઠાકુરનું કલકત્તા આવવું થાય છે ત્યારે ઘણું ખરૂં બાબુ ફનીભૂષણને ત્યાં મૂકામ કરે છે. કોઈ કોઈ વખત બીજા સેવકને ત્યાં પણ મૂકામ રાખે છે. ઠાકુરના પધારતાં સેવકના ઘરમાં તો પ્રારંભમાં વીશ કે પચ્ચીસ મનુષ્યનીજ મેદની જણાય છે. તે જોઇ સેવક તેટલા પૂરતી રસોઇ કરવાની ગોઠવણ કરે છે, જેમ જેમ સમય વહ્યો જાય છે તેમ તેમ ઠાકુરના પધાર્યાના સમાચાર સાંભળી દર્શનાતુર ભક્તોની ભારે ઠઠ ઝામતી જાય છે. રસોઇ થવાના સમયે

તો લગભગ ૨૫૦–૩૦૦ મનુષ્યો એકઠાં થઇ જાય છે. રસોઇ થયેથી સેવક ઠાકુરને પ્રસાદ લેવાની વિજ્ઞાપના કરે છે. આ વખતે-પ્રસાદ લેવાના સમયે શ્રીઠાકુરનો એવો નિયમ હોય છે કે જેટલા મનુષ્યો હાજર હોય તે સર્વને યથેચ્છ જમાડવા. તેમના અત્યાગ્રહે આવેલા ભકતોને જમવા બેસવું પણ પડે છે. સેવક જો પરિચીત હોય તો તો ઠીક છે; નહિ તો નવિન સેવકને પોતાની વિષમ સ્થિતિનો વિચાર કરવો ભારે પડે છે. ઠાકુર સેવકને કહે છે કે બધાને માટે પ્રસાદ પીરસી દ્યો. પચ્ચીસ કે ત્રીસ મનુષ્યને માટે રસોઇ કરેલી હોવાથી સેવક ઘણો મૂંઝાય છે. તેની સ્થિતિ કળી જઇ ઠાકુર તેને કહે છે "ગભરાઓ નહિ એક વખત કણિકા કણિકા મૂકી જાઓ; પણ બધાને જમવા બેસાડો" ઠાકુરની આજ્ઞાને અમલ કર્યા વિના સેવકને ચાલતુ નહિ હોવાથી તે પીરસે છે ખરા પરંતુ ધ્રૂજતે હાથે સર્વ જમવા બેસે છે. ઠાકુર પછીથી સામે બધે દ્રષ્ટિ કરી જાય છે. અને પોતાને સ્થાને પ્રસાદ લેવા બેસે છે. ચમત્કાર અહીં એવો બને છે કે ઠાકુરની દ્રષ્ટિ ફરવાથી પચ્ચીશ કે ત્રીશ મનુષ્યો માટે રંધાયલી રસોઇ અઢીસો-ત્રણસો મનુષ્યો માટે પૂરી પડતાંએ પાછી વધે છે ! આવા ચમત્કાર ઘણી વખત અમે અનુભવ્યા છે.

ગયા જાન્યુઆરી મહીનામાં ઠાકુર હરનાથજી જગન્નાથપૂરી પધાર્યા હતા. મને આગ્રહ હોવાથી હું પણ સાથે ગયો. ત્યાં મને ઠાકુરના મદ્રાશી ભકતનો સમાગમ થયો. ઠાકુરની સાથે તેમને કેવી રીતે પ્રસંગ પડયો તે જાણવાની ઇચ્છા રીતે શ્રીમંત મદ્રાસીએ નીચે પ્રમાણેની વાત આનંદથી કહેવા માંડીઃ—

(૬) મને નવ પુત્ર અને એક પુત્રી હતાં. તેમાંથી નવ પુત્ર તો મરણ પામ્યા છે. હવે સંતાન તરીકે મારી એક ૧૯-૨૦ વર્ષની લાડકવાયી પુત્રી છે. ગયે વર્ષે તે ઘણી માંદી ગઇ. મદ્રાસના એક સીવીલ સરજ્યન કે જે ઠાકુરના અનન્ય ભકત છે તેની દવા ચાલતી હતી. પુત્રીની આખરની સ્થિતિ હતી. સીવીલ સરજ્યનની કંઈ નજર પણ નહિ પહોંચી. આખરે મને તેણે આવી સૂચના કીધી કે કલકત્તા તરફ હરનાથજી નામના એક મહાત્મા છે તેને કંઈ વિનવવામાં આવે તો તે છોકરીની જીંદગી બચે ખરી. તે મહાત્મામાં એટલી શકિત છે, તેની સૂચનાને સત્કારવા ઠાકુરનું શીરનામું પૂછી સોનામુખી તાર કર્યો અને મારી એકલવાયી છોકરીના પ્રાણ બચાવવાને નમ્ર વિનંતી કરી. જે રાતે મેં તાર કીધો તેજ રાતે મને સ્વપ્નું આવ્યું હતું; તે સ્વપ્નામાં મને કોઇ મહાત્મા જણાયા તેણે મને પૂછ્યું "મને કેમ બોલાવ્યો છો?" મેં ઉત્તર આપ્યો "મારી છોકરી ઘણીજ ગંભીર છે ડાકટરની દવાની કંઇ ટીકી લાગતી નથી તેણે તો આશા છોડી છે, હવે આપ કંઇ કૃપા કરી આશિર્વાદ આપો તો છોકરીનો દેહ બચે" મારી દીનવાણી પ્રાર્થના સાંભળી તેનું હ્રદય જાણે પીગળ્યું નહિ હોય એવું મને લાગ્યું. તુર્ત તેણે કહ્યું:—" ગભરાઓ નહિ તમ્હારી છોકરી બચી ગઇ છે, પણ એક વાત તમ્હારી છોકરીને મારામાં વિશ્વાસ રાખવાનું કેજો " " એ છોકરી તમ્હારીજ છે. મારો અગર ઉગારો તમ્હને જેમ રૂચે તેમ કરો, કૃપાનાથ! " મેં આમ મહારાજના શબ્દોનો પ્રત્યુત્તર આપ્યો. " ઠાકુરે કહ્યું:—" ઠીક! મને તૃષા લાગી છે. માટે જરાક પાણી આપો. " મેં પાણી આણીઆપ્યું. અને તેમણે

તે પીધું પણ ખરૂં પછીથી તે કંઇ બોલવા જતા હતા તેવામાં મારી આંખ ઉઘડી ગઇ.

મારી છોકરીને પણ તેજ રાત્રે સ્વપ્નું આવ્યું હતું તેને પણ એક મહાત્માના દર્શન થયા અને તેને આર્શિવાદ આપી ચાલ્યા ગયા. બીજે દિવસે જ્યારે ડોકટર અમારે ત્યાં તબીયત જોવા આવ્યા ત્યારે અમારા સ્વપ્નની વાતથી તેમને વાકેફ કીધા. સ્વપ્નામાં જે ચહેરો અને જે પહેરવેશ જોવામાં આવ્યા હતા તે ઠાકુરહરનાથના જેવાજ ડેકટરને મળતાં જણાયા. પાછો તુર્ત તાર પણ આવ્યો કે "તમારી છોકરી બચી ગઇ છે. ફીકર નહિ કરો." આ વિસ્મય ભર્યા બનાવથી હરનાથજી માટે અમને શ્રદ્ધા આવી. અહીં પધારવાને તેમને આગ્રહ કીધો અને તાર મારફતે ખર્ચના રૂપીઆ પણ મોકલ્યા તે વખતે સંજોગ રથયાત્રાનો હતો. રથયાત્રાના દર્શન કરવા પોતે જગન્નાથપુરી પધારવાના હતા એટલે વખતે અહીં પધારી જાય એમ મને લાગ્યું હતું. બીજે દીવસે તાર આવ્યો કે "હું આવું છું." અમારા આનંદની સીમા નહિ રહી. ઠાકુર પધાર્યા અને મારા ઘરમાં પ્રવેશી એકદમ કોઇને પણ પૂછ્યા વગર જ્યાં છોકરી સૂતી હતી ત્યાં પાધરા ચાલી ગયા. ચિતાર ત્યાં તે બેઠા. તેમના દર્શન થતા અમારા સ્વપ્નાનો સત્ય જણુયો. ઠાકુરે છોકરીને ઉભા થવાનું કહ્યું તે પ્રમાણે ઉભી થઇ થોડી વારે "મને ભુખ લાગી છે કંઇક ખવડાવ," એવું ઠાકુરે છોકરીને કહ્યું. તે પણ છોકરીએ હોંસભેર ઉઠી ઠાકુરને ખવંડાવ્યું અને ઠાકુરનું કંઇક અજીઠ પણ ખાધું સાંઝે ઠાકુર પૂરી જવા પધાર્યા. સાથે હું ગયો. મારી છોકરીને પણ સાથે તેડતા ગયા.

બાલાસરવાળા શ્રીયુત્ રાધાચરણ પણ હતા. પૂરીમાં મહારાજને આશ્રમ છે. તે આશ્રમથી મંદિર બે માઇલ દૂર છે મેં ધાર્યું કે અમે બધા તો આશ્રમથી મંદિર સૂધી ચાલતા જઇશું છોકરીને માટે કંઇક ગાડીની ગોઠવણ થશે; પરંતુ મહારાજની તેવી ઇચ્છા નહિ જણાઇ પોતાની સાથેજ ચાલતા આવવાનું છોકરીને કહ્યું આશ્રમથી તે મંદિર સૂધી કોઇ પણ જાતના શ્રમ કે ફરીઆદ વિના છોકરીને બે માઇલ ચાલતાં જોઇ અમને ભારે અજાયબી ઉપજી. બે દિવસ પર જેની આશા નહિ હતી તે આજે ઠાકુરની કૃપાથી આવા હેમક ભર્યો કામો કરે એ ખરેખર નવાઇ જેવીજ વાત અમને તો લાગી! ત્યાર પછી તે સાજી થઇ છે હવે બીલકુલ ઉપદ્રવ નથી. તે દિવસથી હું અને મારૂં આખું કુટુંબ ઠાકુર હરનાથજીને શરણે છઇએ.

(૭) એજ સીવીલ સરજયનની હાથ નીચે વિદ્યાર્થીનો એક બીજો કેસ હતો તેને ક્ષયનો વ્યાધિ હતો. રોજ તેને બશેર અઢીશેર રકત વહેતું, પોતાની દ્રષ્ટિ પહોંચી ત્યાં સૂધી તો આ ડાકતરે અનેક ઉપાય કીધા હતા. કોઇ પણ રીતે તેને સંતોષ પૂર્વક પરિણામ જણાયું નહિ. પોતાની નિરાશામાં ઠાકુર હરનાથજીને પત્ર લખી કૃપા માંગવાનો તેનો એક સામાન્ય નિયમ હતો તે પ્રમાણે આ વિદ્યાર્થીના કેસમાં પણ વિદ્યાર્થીનોજ હાથે એક પત્ર ઠાકુરને લખાવ્યો. તેના સુભાગ્યે સંજોગ એવો બન્યો કે તેજ દિવસથી વહેતું રકત બંધ થયું. છઠ્ઠે દિવસે ઠાકુરના ઉત્તરમાં પણ જણાયું કેઃ—વિદ્યાર્થીની ફરીઆદ દૂર થઇ છે. તેને હવે ઘણું સારૂં છે. જે કૃષ્ણ શરણું લે છે તેને શી પીડા

હોય ? હવે ચિંતાશીલ થશો નહિ.” આ છ દિવસમાં તેને પ્રણોજ આરામ થઇ ગયો હતો હવે તો તે વ્યાધિથી તદન મુકત છે.

(૮) દોઢેક વર્ષ પૂર્વે વૃંદાવનમાં આશ્રમ સ્થાપવાની જગ્યા પસંદ કરવા સીમલાની વૉઇસરૉયની ઑફીસવાળા શ્રીયુત બી. સતીશચંદ્ર બેનરજી અને અલીગઢના હેલ્થઑફીસર ડૉકટર ફાટક સાથે ઠાકુર હરનાથજી વૃંદાવન પધાર્યા હતા. જે જગ્યાએ અત્યારે એ આશ્રમ છે ત્યાં ઉભા ઉભા જગ્યાનું નિરીક્ષણ કરતા હતા. ત્યાંથી થોડે દૂર ગાયના વૃંદ ચરતા જણાતા હતા. ત્યાંથી આવતા જતા મનુષ્યોપર આ ગાયોની દૃષ્ટિ પડતી ખરી પણ પાછી તે ચરવામાં પરોઇ જતી. શ્રી ઠાકુરને જોતાંજ સઘળી ગાયો એકદમ ચરવાનું છોડી દઇ ઠાકુર તરફ ફલંગ મારતી દોડી આવી તેની પાછળ ગોવાળીઆ પણ પાછી વાળવાને માટે દોડયા આવતા ગાયોનું ટોળુ સામુ દોડયું આવે છે વખતે ઠાકુરને તે હેરાન કરશે એવા ભયે શ્રીઠાકુરનું સરંક્ષણ કરવા શ્રીયુત્ બાબુ સતીશચંદ્રે અને ડોકટર ફાટકે લાકડી વતી ગાયોને હાંકી કાઢવાને યત્ન કીધો; ગાય તેથી કંઇ પાછી હઠે તેવી નહિ હતી. તેમના અટકાવ્યા છતાં સાહીજ દોડી આવતી ઠાકુરે તેમને કહ્યું:—“બાબુ ! એ ગાયને આવવા દો. તમે ગભરાઓ નહિ એમની તૃષ્ણા પૂરવા દો.” ઠાકુરના વચનથી લાકડી વતી મારતા ઉકત ઉભય સેવક અટકયા. ગાય પણ સાથે સાથે ઉચ્છૃંખલતા બતાવતી અટકી. ઠાકુરના ચરણે એક ગાય દીન ભાવે પડી. તેને દેખી બીજી ગાય પણ પડી. ઠાકુરે તેના મસ્તકે હાથ ફેરવ્યો. તેથી જાણે ગાયના ચક્ષુમાંથી હર્ષાશ્રુ નહિ વહ્યા હોય એમ જણાયું. એવાજ આશિર્વાદ બીજી ગાયોને પણ જોઇતા હશે. એવી તેમની

આતુર દ્રષ્ટિ જણાઇ. એ આતુર દૃષ્ટિ ઠાકુરના સમજવામાં આવી ગઇ. એક પછી એક ગાયના મસ્તકે હાથ ફેરવવા માંડયો પછી ઠાકુરે પાછા વળવા માંડયું. ગાય ના વાળવા ગોવળીઆએ ઘણો યત્ન કીધો; તથાપિ ગાય ઘણીજ જકકી બની. ઘણે દૂર જત ગાયની દ્રષ્ટિમાંથી જયારે ઠાકુર અગોચર થયા ત્યારેજ નિરાશ પામતી ગાય અંતે વળી. શું આ ગાયના વૃંદને એમ લાગ્યું હશે કે કૃષ્ણ પ્રેમ જેવી તેમની પ્રિય વસ્તુ આપણા ઠાકુરમાં હશે !!!

ઠાકુર હરનાથ જ્યારે મુંબઇથી [સને ૧૯૧૩માં] સોનામુખી પાછા ફર્યા ત્યારે ટ્રેનમાં ગયાજી જનાર એક ગૃહસ્થની મુલાકાત થઇ હતી. આ ગૃહસ્થ ઠાકુરની પાસેજ બેઠા હતા. પોતે ઘણા ચુસ્ત હિંદુ અને મર્જાદ વૈષ્ણવ હતા. આવી લાંબી મુસાફરી માટે ખાવા પીવાના કંઇ પણ સાહિત્યો તેણે સાથે રાખ્યા નહિ હતા. વર્ણાશ્રમ ભેદ જાળવવો પડે અને તે ગાડીમાં જળવાય નહિ એટલે તેવાઓને અન્ન જળનો ત્યાગ કરવો પડે છે. વખત બેવખત સર્વ કોઇને ઠાકુરે ખાતાં અને પીતાં જોયા હતા. ફક્ત આજ ગૃહસ્થ ખાધા પીધા વિનાના બેસી રહેતા. તે જોઇ ઠાકુરને અંચબો લાગ્યો અને પૂછયું :—" બાબા ! ગાડીમાં બેઠેલા આ બધા ન્હાના-મ્હોટા થોડું ઘણું ખાતા જણાય છે. અને પાણી પણ પીએ છે. તમે કેમ વારૂં કંઇજ લેતા જણાતા નથી ? " ગયાજી જનાર ગૃહસ્થે કહ્યું :—અમે વૈષ્ણવ કહેવાઇએ એટલે સ્પર્શાસ્પર્શ થતો હોય ત્યાં અમારાથી અન્ન જળ નહિ લેવાય. બીજા લોકો ભલે લેતા હશે. પરંતુ મારો તો એ નિયમ છે કે મુસાફરીમાં તો અન્નોદક નહિ લેવાં. " આ સાંભળી ઠાકુરને વિશેષ અજાયબી તેમ ખેદ ઉત્પન્ન

થયાં. તેમણે પુનઃ પ્રશ્ન કીધો :—"તહ્મારે તો ગયાજી જવાનું છે. ત્યાં સૂધી તહ્મે આમનેઆમ કેવી રીતે નીભાવશો? ગાડીમાં બેસી ખાવાનો બાધ હોય તો સ્ટેશન પર ઉતરી વેઇટીંગ રૂમમાં એકલા બેસી ખાવાને શું બાધ છે? મ્હોટા સ્ટેશનપર ગાડી ૨૦–૨૫ મીનીટ ઊભી રહે છે, તે દરમ્યાન તહ્મે સારી રીતે ખાઇ શકો." તે ગ્રહસ્થે પાછો ઉત્તર વાળ્યો :—"એ વાત ખરી; પરંતુ સ્નાન સંધ્યા વિના કંઇ પણ ખાવું કે પીવું એ અહ્મારા નિયમની વિરૂધ્ધ છે. સ્નાન સેવા થાય અને ખાઇ લેવાય એટલા વખત સૂધી ગાડી કંઇ થોભે નહિ. તહ્મે કંઇ ફીકર કરશો નહિ મુંબઇથી ઉપડતી વખતે જબલપૂરના મારા એક મિત્રને મારે માટે સર્વ પ્રબંધ કરવાનું મેં લખ્યું છે. તે ત્યાં તૈયાર રહેશે. હું ત્યાં ખાઇ પણ લઇશ."

આ વાતમાં ગાડી સ્ટેશનો વટાવતી જબલપૂર આવી પૂગી. ત્યાં આ વૈષ્ણવે પોતાના મિત્રને માટે તપાસ કરી; પરંતુ તે નહિ આવેલા જણાયા. તેને નિરાશ થયેલા જોઇ ઠાકુરને દયા આવી. ક્ષુધા અને તૃષાથી પીડીત વૈષ્ણવને કોઇપણ રીતે મદદ કરવાની ઠાકુરની ઇચ્છા થઇ. જબલપૂરના સ્ટેશન પરથી ગાડી ઉપડી. થોડીવારે સૂર્યાસ્ત થવા આવ્યો. તે વખતે નિર્મળ પાણીના એક તળાવના પૂલ ઉપરથી ટ્રેન પસાર થતી હતી સામે ડીસ્ટંટ સીગનલ જણાતો હતો; પરંતુ તે પડેલો નહિ હતો એટલે ગાડી અટકી. ઠાકુરને લાગ્યું કે વૈષ્ણવને મદદ કરવાની આ ખરી સંધિ છે. સૂર્ય અસ્ત પામ્યો છે. પાસે જળાશય પણ છે. પોતાની શકિતનો ઉપયોગ કરતાં ઠાકુરે તેને કહ્યું:—બાબા! તમે અહીં ઉતરો. આ જળાશય છે તેમાં નિર્મળ પાણી છે. સ્નાન

કરી લો અને મારી પાસે કેટલોક મેવો છે તે સેવા કરીને લઇ પણ લો. ગાડી અહીં અટકી છે એટલે હરકત નથી." વૈષ્ણવે કહ્યું મહારાજ ! આ કંઇ સ્ટેશન નથી. ગાડી કયારે ઉપડશે. તેનો ભરોશો શું હું નીચે ઉતરૂં અને ગાડી ઉપડી પણ જાય." "ગાડી નહિ ઉપડી જાય તેની મને ખાત્રી છે. તમે ઉતરો. તમને વિશ્વાસ નહિ આવતો હોય તો હું પણ સાથે ઉતરૂં છું ગાડી ઊપડશે કે તુર્ત બોલાવીશ. તમે નિરાંતે સ્નાન સેવા કરો અને ઉપાહાર પણ લો." આમ ઠાકુરે કહ્યું. હજુ પણ વૈષ્ણવને વિશ્વાસ જણાયો નહિ. અંતે ઠાકુરના દુરાગ્રહથી વૈષ્ણવ ઉતર્યા. ઠાકુર પોતે પણ ઉતર્યા પૂલ ઉતરી વૈષ્ણવે તળાવમાં સ્નાન કીધું, તેમ પ્રભુ આરાધન પણ કીધું પોતાની પાસે જે લીલો મેવો હતો તે ઠાકુરે તેને આપ્યો. તેણે સંતોષથી અને અવકાશે ખાધો. પોતાના નિત્ય કર્મ અને ફળાહારથી આટોપી લઇ વૈષ્ણવ પાછો ગાડીમાં બેઠો તેની પાછળ ઠાકુર પણ આવ્યા. બધાના વિસ્મયની વચ્ચે સીગનલ પડી અને ગાડી તુર્ત ઉપડી ! ઉકત વૈષ્ણવ ત્યારથી આપણા ઠાકુરના ચુસ્ત સેવક થયા છે.



પ્રસ્તાવના.

વિશ્વ વંદનીય શ્રીકૃષ્ણ પ્રભુની કૃપાથી બંગાલના ઉપદેશને ગુજરાતી વસ્ત્રથી વિભૂષીત કરી ગુજરાતી પ્રજા સમક્ષ મુકવા આજે અમે ભાગ્યશાળી થયા છઇએ. એવા ભાગ્યવંત બનાવવા માટે જેણે અમને એવો અલભ્ય પ્રસંગ આપ્યો છે એવા મહા પુરૂષ પરમહંસજી માધવદાસજીના અમે જીવનભરના ઋણી થયા છઇએ. પ્રાચીનયુગમાં એવા ઘણાએ સિધ્ધ પુરૂષો હતા કે જે પોતાના યોગબળથી–પોતાની ઇચ્છા શકિતથી અગોચરને ગોચર કરતા, દૂરના દેશોની વાતો જાણતા, ક્ષણભરમાં એક દેશથી બીજે દેશ જઇ પહોંચતા. અન્યના હૃદયની વાત જાણી લેતા, જડને ચેતન કરતા, અને હીસકને સાલસ બનાવતા. શાસ્ત્ર અને પુરાણના આવા ચમત્કાર ભર્યા પ્રસંગો વાંચતાં આજના પ્રભાવ શૂન્ય દેશને માટે, તેની સૃષ્ટિ માટે, તેના વાતાવરણ માટે ધિક્કારની લાગણી નીકળી આવે છે. પ્રાચીનમાં જે આપણું હતું તે આજે–અર્વાચીનમાં પરાયું થઇ બેઠું છે. આપણે તો તે સદંતર ખોઇ બેઠા છઇએ. આમ છતાં એવાં શકિતના હજી પણ કેટલાક સિધ્ધ પુરૂષ આ ભારત ભૂમિમાં જીવંત છે કે જેમના પ્રભાવથી કહેવા દો કે હજી ભારતના રડયા ખડયા પણ યશો ગાન ગવાતા હશે. એમાંના બંગાલને અંગે ઠાકુરશ્રી હરનાથજી અને ગુજરાતને અંગે બંગાલનાજ પણ વર્ષોથી નર્મદા તટે વસી રહેલા પરમહંસજી માધવદાસજી વિદ્યમાન છે. એમના આત્મા

છે. એહના ચમત્કાર મોજુદ છે, એમના ભોક્તા અને સાક્ષી પણુ મોજુદ છે, તેને પૂછી જોવાને જો ગુજરાત શ્રમ લેશે નો તે શ્રમ ફ્ળીભૂતજ થશે તેની અમને પૂરતી ખાત્રી છે.

ઠાકુર શ્રી હરનાથજી જેવા પ્રભાવશીલ પુરૂષના ઉપદેશથી બંગાલના સેંકડો મનુષ્યો જીવનમુકત થઇ ગયા છે. ગુજરાતના નાસ્તિકોને પણુ તેવાજ જીવન મુકત બનાવવાની તેમની શુભ ઇચ્છાથી આ ક્ષુદ્ર પ્રયાસ આજે પરિણામ રૂપે મૂકાય છે.

સમગ્ર ભારતવર્ષમાં બંગાલ આજે સર્વોપરી ઠરે છે. સાહિત્યમાં જોશો તો દુનીઆના મહાન કવિ રવીંદ્રનાથ ટાગોરનું નામ જણાશે. ચિત્રકળામાં જોશો તો જ્યોતેંદ્રનાથ ટાગોર પ્રથમ પદ ભોગવતા દૃષ્ટિએ પડશે. વિજ્ઞાનમાં ઇંગ્લાંડ અને અમેરીકાના વિજ્ઞાનીઓને પણુ હંફાવે એવા વિજ્ઞાન શાસ્ત્રી બોઝનું નામ આજે ઘેરઘેર ગવાતું થયું છે. સનાતન ધર્મના સ્થંભરૂપ સ્વામિ રામતીર્થ અને વિવેકાનંદ એ બંગાલના પુત્રરત્ન હતા. તેમ શ્રીકૃષ્ણુ પ્રેમના ખરા પ્રેમી અને ભકત ઠાકુર શ્રી હરનાથજી પણુ બંગભૂમિનાજ સંત છે. ધન્ય છે એ પવિત્ર ભૂમિને અને તેની રજને કે જે પોતાની શકિતઓ પોતાના પુત્રોમાં આપી તેમના નામને અને આત્માને ચિરંજીવ બનાવી રહી છે!

ઘણે ભાગે ગુપ્ત રહેતા અને રહેવા માંગતા છતાં ઠાકુર હરનાથજીના સંબંધી જે નવિનતા અગર ચમત્કાર આજે ગુજરાત જાણી શક્યું છે તેને માટે આખું ગુજરાત એક ગુજરાતી સદ્ગૃહસ્થનું ઋણી થયું છે. તે ગુજરાતી સદ્ગ્રહસ્થ સુરત નિવાસી સદ્ગત શ્રીયુત નાથાભાઇ નરોતમદાસ મહેતા છે. ગુજરાતમાં

ઠાકુરના પહેલા ભકત કહેવડાવવાનું માન સદ્‌ગત્ શ્રીયુતને છે. શ્રી હરનાથજીના દિવ્ય અને સ્નેહાન્વિત સમાગમમાં તેણેજ ગુજરાતને મૂકયું છે. અને તેના દ્વારાજ આજે આપણે કંઇક વિશેષ જાણી શકયા છીએ.

ઠાકુરને માટે કે ઠાકુરની શકિતને માટે અમે કોઇ પણ પ્રકારની ડંફાસ મારતા નથી. "દુનીઆ ઝુકતી હય–ઝૂકાને વાલે ચહીએ" એ પંથના અમે સાગ્રીત પણ નથી. જે સત્ય છે તેજ તપાસાતું આવ્યું છે અને તેનોજ આદર થતો રહ્યો છે. જો સાધન હોય તો ખાલિ વાદવિવાદમાં ઉતરતા પહેલા શ્રીહરનાથજીનો પવિત્ર સમાગમ કરવાની અમારી અંતિમ પ્રાર્થના છે. તે નહિ બની શકે તો ગુજરાતના પ્રભાવશીલ પુરૂષની ઝાંખી કરવાથી ખાત્રી થશે કે અમારૂં જે કઇ કહેવું છે તે સત્ય છે કે નકારો.

"પ્રેમ એ પ્રભુ છે" "પ્રકૃતિ માત્ર પ્રણમ્ય છે" એ ઠાકુર હરનાથજીના સિધ્ધાંત છે. એ સિધ્ધાંત સમજાવવા અને ઠસાવવા એકની એક વાત એકના એક શબ્દો એકના એક પૂરાવા કે દ્રષ્ટાંત અવર નવર ઠાકુર આપતા રહે છે, તેથી વાંચકને કવચિત્ કંટાળો પણ આવશે. આવા પુનરાવર્તનથી નહિ કંટાળતાં જો તેનું નિયમીત વાંચન ચાલૂજ રહેશે તો તેના સિધ્ધાંતનું રહસ્ય વાંચકના મગજમાં યથેચ્છ થશે એવી અમારી નમ્ર સમજ છે.

આ પુસ્તકને પ્રસિધ્ધિમાં આણવા જે શ્રીમાન્ સખી નરોએ આર્થિક આશ્રય આપ્યો છે તેનો અમે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. તેમના મુબારક નામ જાહેરમાં મૂકવાની અમારી ઉમેદને અમે અટકાવી શકતા નથી. તેમની અનિચ્છા છતાં તે સાથ

છે, તો તેની ક્ષમા યાચના પણ અહીંજ સાથે સાથે કરી લેવાય છે.

શ્રીમાન શેઠ ધરમદાસ ત્રિભોવનદાસ.
,, ,, ઈશ્વરદાસ ત્રિભોવનદાસ.
,, ,, નરોતમદાસ મોરારજી ગોકળદાસ.
,, ,, ગોપાળદાસ નથુભાઇ
,, ,, ગોરધનદાસ ડાહ્યાભાઇ.
,, ,, વસનજી માધવજી ઠક્કર.
,, ,, કેશવદાસ ગોકળદાસ.
શ્રીમાન શેઠ ભગવાનદાસ કલ્યાણદાસ.
,, ત્રિભોવનદાસ વિઠ્ઠલદાસ.
શ્રીયુત ભાનુશંકર યાજ્ઞિક
,, મંગળદાસ ડાહ્યાભાઇ
,, ડૉ૦ નગીનદાસ માણેકલાલ
,, કલ્યાણદાસ રામજી.
મેસર્સ જે૦. ડી૦ બ્રધર્સ.
,, તીલક ખરે એન્ડ કું૦

આ ઉપરાંત પરમહંસ માધવદાસજીના જીવન ચરિત્ર લખવા માટે નાદુરસ્ત તબીઅત છતાં જાણીતા કવિ રા૦ વસન્તે જે શ્રમ


વેઠયો છે તેને માટે અને છપામણી તથા કાગળના ખરચના પૈસા અમારી સવડે આપવાની વિનંતી સુરતના ધી રાંદેર પ્રીન્ટીંગ પ્રેસના ઉત્સાહી અને ધર્મપરાયણ માલીક શ્રીયુત રતીલાલ દુર્લભદાસે સ્વીકારી છે તેને માટે આભાર લાગણી દર્શાવવા ભૂલતા નથી.

આ પુસ્તક ઘણુંજ ટુંકા વખતમાં પ્રસિદ્ધ થઇ બહાર પડે છે. એટલે એમાં વખતે ભાષા સંબંધી ઘણી કડવી ફરીયાદ હશે; પરંતુ અન્ય કામના બોજા ઉપરાંત જે સ્થિતિમાં અહુણાં મૂકી શકાયું છે તેથી જો ગુજરાતને થોડોએ લાભ થશે તો અમારો આ પ્રયાસ સફળ થયેલો માનીશું.

"મનુષ્ય ભૂલને પત્ર છે: પણ સજ્જન ક્ષમાને પાત્ર છે" તેથી અમને પુરતો વિશ્વાસ છે કે અમારી ભૂલોને વાંચકવૃંદ ક્ષમાજ કરશે.

લી૦

ઠાકુર શ્રીહરનાથજીના ચરણ કમલના
પરાગ ઇચ્છતા ભ્રમરો.
લીલુ ચુનીલાલ મઝમુન્દાર.
વિઠ્ઠલદાસ નાથાભાઈ મહેતા



અનુક્રમણિકા.

અંગ્રેજનો ઘર શણગાર.

દેશીઓને ભલામણ.

યુરોપ અને અમેરીકાના લોકોમાં પોતાના ઘરમાં આપણા લોકની પેઠે જરમન પીકચરો ટાંગવાનો રીવાજ નથી. પણ તેઓ પોતાના સગાવહાલાના ફોટો ઉપરથી બનાવેલી મોટી છબીઓ સુંદર ફરેમમાં મુકી શણગાર કરે છે, જેથી ઘરની શોભામાં વધારો થવા ઉપરાંત પોતાના ગુજરેલા અને જીવતા સગાવહાલાની યાદગીરી ખરી રીતે સચવાય છે. તમારે પણ એ રીતે યાદગીરી રાખવી હોય તો તમે તમારો ફોટોગ્રાફ મોકલાવો અને તે ઉપરથી તેની મોટી અને સુંદર છબી બનાવીને અમે તમને ઘેર બેઠાં પહોંચાડીશું. પછી તેને ફરેમમાં મુકાને યોગ્ય જગ્યાએ મુકશો તો ઘરની શોભા વધવા ઉપ્રાંત કુટુંબમાં યાદગીરી સચવાઇ રહેશે.


પરમેનંટ બ્રોમાઈડ (બ્લેક અને વાઈટ) વોટર કલર, પેસ્ટલ કલર, ઓઈલ કલરવાળા એન્લાર્જમેંટ ઘણા સસ્તા ભાવથી કરી આપીએ છીએ

ગેરંટી:—છબીની સાથે તેના નાણા અગાઉથી લેવામાં આવે છે. અને જો એન્લાર્જમેંટ સંતોષકારક માલમ નહીં પડે તો લીધેલાં નાણાં પાછાં આપીએ છીએ

વધુ વીગત માટે લખો અથવા મળો.

ધી એનલાર્જ ફોટ કંપની.

એમપાયર બીલ્ડીંગ બોરીબંદર પાસે,
કોટમાં—મુંબઈ.



॥श्री गणेशायनमः॥

ઉપદેશામૃત.

પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપ.

પ્રકૃતિએ પોતાના ખેલથી વિશ્વને મોહિત કરી દીધું છે. પ્રકૃતિના ખેલને સમજવાને કોઇ સમર્થજ નથી. ધન્ય છે પ્રકિૃત ! ધન્ય છે તહ્મારા ગુરૂને—કોઇક વખતે શિષ્યને—નટના નટેશ્વર શ્રી કૃષ્ણને ! નીચી અને ઉર્ધ્વ ગતિમાં વહેતા તે યમુના છે. જેને એની કૃપા નથી તે એ ગતિ—પ્રવાહની સાહ્મા બીલકૂલ જઇ શકતા નથી. તેની નીચી ગતિના આધારેજ જીવોથી પરિપૂર્ણ થયેલ આ વિશ્વ ટકી રહ્યું છે. તેના ખેલનો ભેદ જાણવા કોનામાં સામર્થ્ય છે? સંસાર સાગરના અગાધ જળમાં તે ડૂબાડનાર છે અને તેજ વળી ઉગારનાર છે. જીવન અને મૃત્યુના તે પ્રવર્તક છે. જીવ—રાજ્યના તે અધિપતી—રાજા છે. તેજ બ્રહ્મા છે. તેજ

વિષ્ણુ છે–તેજ શિવ છે. તે જન્મદાતા અને પાળક છે અને વિક્રાળ સ્વરૂપે સર્વને ગ્રાશ કરનારા પણ તેજ છે. તેની શક્તિ અનંત છે! જાળબંધન કે મુક્ત કરવા તેજ એકલા શક્તિમાન છે, તે ઇચ્છામયી અને દયામયી છે તેમજ ભીષણ અને વિક્રાળ પણ છે. તે બહુ રૂપી છે. જે સ્વરૂપમાં જીવ ચિંતન કરે છે તે સ્વરૂપમાં તેના દર્શણ થાય છે. જે દુર્ગાદેવી વિશ્વની પોષીતા અને દયામયી છે તેજ બગલાના સ્વરૂપમાં અસુરમારિણી છે. વિશ્વના વંદનીય શ્રી રાજ રાજેશ્વરી તે પોતે છે અને ભયાનક કાલી પણ તેજ છે. તેહ્મની આ લીલા–નટબાજી કોણ સમજી શકે ? હાલ તો મ્હારી એજ વિજ્ઞાપ્ના છે કે હું તેહ્મની દયાનો દુરૂપયોગ નહિ કરૂં–તે દયાને જતી નહિ કરૂં. અને તેહ્મના પ્રેમાળ દર્શન હું સદોદિત કરતો રહું. તે સામાન્ય રાજાની કોટિમાં નથી. તે ઘરના રાજા છે તેમ બ્હારના પણ છે–વૈકુંઠ, ગોલોક અને વૃંદાવનના પણ એજ રાજા !

શિવજી પોતે ઘરબારનો ત્યાગ કરી સ્મશાનભૂમિના આશ્રયી થવા ગયા હતા; તથાપિ ત્યાં પણ તેહ્મના હાથમાંથી છટકી શક્યા નહિ હતા એવી શાસ્ત્ર કથા છે, તો પછી આ પામર પ્રાણીનું શું ગજું ? ક્યાંએ પણ તેહ્મના ગજ ના વાગે. ધન્ય છે પ્રકૃતિને ! ધન્ય છે તેની અનંત મોહક શક્તિને ! ચરાચર સૃષ્ટિના તે ચક્રવર્તી રાજા છે.

તેહ્મનો અમલ સર્વત્ર પ્રસિદ્ધ–સર્વવ્યાપી છે, તે સર્વોપરિ છે. સર્વની જીવનદોરી પણ તેનાજ હાથમાં છે. કેટલાકને તે આજે મારે છે–કેટલાકને બીજે દિવસે મારવાને રાખી મૂકે છે. કેટલાકને ડૂબાડે છે–કેટલાકને તરાવે છે. એક શ્રીકૃષ્ણ શિવાય સર્વ કોઇ તેનીજ તાબેદારીમાં છે !

જે શક્તિ સમગ્ર વિશ્વને શનૈઃ શનૈઃ અગોચર રીતે ગળતી રહી છે તેને આપણે એક સામાન્ય બળહીન સ્ત્રી જાણી. તે કોણ છે અને તેના કૃત્યો શું છે તે વિચારવા એક ક્ષણ પણ આપણે થોભતા નથી. પરંતુ તે તો અંતર્યામી છે. આપણને તરફડીઆ ખાતાં જોઈ તેમને મહદ્ આનંદ મળે છે. આપણા બંધનો વધારેને વધારે ગુંથીત કરવા તે સદા તત્પર છે. તેહ્મનાથી છૂટવાની વાત તો વેગળેજ રાખજો. નવનવા બંધનો બાંધવાને તે હંમેશા પ્રવર્તજ જણાય છે. આપણે–તેહ્મના લાડકાં પ્રેમાસ્પદ પશુની પેઠે વગર આના-કાનીએ આપણા હાથ અને ગળા આગળ કરીએ છઇએ અને તે આપણા શરીરને ધીરે પણ સર્વાંશે બાંધી દઈ આપણને સર્વથા નિર્જીવ જડવત્ બનાવી દે છે. જેવા તે દયામયી છે તેવા તે નિષ્ઠુર પણ છે. તેની લીલા કોણ કળી શકે ? જીવ માત્ર, તેની કૃપા સંપાદન કરવાના સ્વીકૃત આશયથીજ જન્મે છે, પરંતુ વખતના વહેવા સાથ તે

વિસારે પડે છે. પોતાને તેના સમોવડીઆ ગણી બલ્કે સર્વોપરિ લેખી તેની સાથે ખેલ રમવાનું સાહસ કરે છે. અંતે જોતજોતામાં તેહ્મની ભૂલ તેહ્મને જણાઈ આવે છે. બંદીવાનની માફક જ્યારે સર્વ રીતે બંધાઇ જાય છે ત્યારે પોતાની જાતને ખરેખર પરતંત્ર અનાથજ જૂએછે. એવી પરતંત્ર દશામાં નાથેલા બળદની માફક તેમને અશ્રુભેર બોજો ઉઠાવવો પડે છે અને કેટલીક વખત ફટકા પણ પડે છે. એટલા માટે ઈષ્ટ તો એ છે કે એવા સર્પની સાથે રમવાને બીલકૂલ યત્નજ નહિ કરવો. તથાપિએ તેમ કરવાની ઈચ્છા–અભિલાષા હોય તો તેહ્મના વશીકરણના મંત્રનો સારી રીતે અભ્યાસ કરવો જોઇએ. મૂળાક્ષરના અભ્યાસ વિના આપણે નોકરી કરવા નીકળીએ તો શેઠના લાત–લપડાક ખાતાં અને રડતાં કકળતાં વ્યથાના દિવસો કાઢવા પડે. આપણી નોકરીના ક્રમવાર ઉન્નતિના બદલામાં લાતોનો પ્રહારજ મળતો રહે છે. એજ આપણી નોકરીની કદર ! આવી લાતોના પ્રહારથી નોકરીને માટે એક દિવસ જરૂર–નિ:શંક અભાવ પ્રકટે, પરંતુ અહીં–અહીંની મજાહ તો જૂઓ કે કોમળ ચરણારવિંદની લાતો એવી મીઠી મોહક લાગે છે કે બીજી વધારે લાતો ખાવાની તૃષ્ણા થતી રહે છે. પ્રાણી માત્રની જીંદગીમાં આ સર્વશ: સ્પષ્ટ છે. આવી અપ્રતિમ–અદ્વિતીય શકિતના ભોકતા સુભાગી છે ! આજ શકિત શ્રી કૃષ્ણના દર્શન કરવામાં

આવરણ કરનારી છે. જો કોઇ શ્રી કૃષ્ણના દર્શનની અભિલાષા રાખે અને તેમ કરવા કંઈ યત્ન પણ આદરે તો દર્શણ થતાં પહેલાં તે આ શકિતના ફંદામાં ફસાઇ પડે છે. તે બેધારી કરવત છે. તેને પ્રસન્ન કરવા જતાં સંકટ આવે છે અને તેના ક્રોધને સચેત કરવામાં પણ સંકટ આવે છે. એના રસિક એના માર્ગો સારી રીતે જાણે છે અને તેજ-તેજ વિરલ તેના પંજામાંથી સટકી શકે છે, લોકવાયકા છે કેઃ–" કલંકના જળાશયમાં ભલે તહ્મે સ્નાન કરો–તરબોલાઓ; પરંતુ તમારા કેશને ભીંજવતા નહિ."

હાકેમી કે ખુશામતનું આહ્માં કામ નથી. એક સામાન્ય માર્ગની જરૂર છે. શ્રી નીલકંઠે પણ તેટલાજ માટે એક વખત ગીત લલકારતા કહ્યું હતુંઃ—

"હે જગન્માતા ! કૃપા કરી મ્હારી આંખ ઉપરથી આવરણપટ ખસેડી લ્યો. એટલે તહ્મારી કૃપાથી આ ભવસાગર તરી જાઉં."

વિશ્વની દૃશ્ય સ્ત્રી તે મહાશકિત રૂપી મહા પ્રકૃતિની એક મૂર્તિ છે. કહેતી છે કે; " ઘેટાંના શીંગડા વાંકા હોય છે પણ લડેછે ત્યારે સીધાં થાય છે." તેજ પ્રમાણે સ્ત્રી અંતર્સ્વરૂપે તો એકજ છે. ભલે બહારના સ્વરૂપે જુદી હોય. ગમે તે અર્થમાં ગમે તે ભાવમાં લ્યો, પણ આ

સર્વથા સ્વીકૃત સૂત્રજ છે. વિશ્વની સઘળી સ્ત્રી તે એક મહાશકિતનીમૂર્તિ છે એ નિસ્સંશય છે. આપણા શાસ્ત્રમાં પણ એક એવી કથા છે કે શ્રી વ્યાસજીને જ્યારે કાશીમાંથી કહાડી મૂકવાનાં આવ્યા ત્યારે તેણે બીજી કાશી નગરી રચવાની ઇચ્છા કીધી. આ ઇચ્છાનુસાર તેણે આ નવી કાશી નગરીની ચતુર્દિશાએ પવિત્ર પતિત પાવિની ગંગાજી વહેતાં રહે એવા આશયે ગંગાજીને તપશ્ચર્યા કરી સંતુષ્ટ કર્યા; ત્યારે ગંગાજીએ દર્શણ આપી કહ્યું; “ વ્યાસજી ! આહ્માં તહ્મે થાપ ખાઓ છો ! પાર્વતીનો તિરસ્કાર કરી તેહ્મની વિરૂદ્ધ વર્તન કરવા મને વિજ્ઞાપના–મ્હારૂં ચિંત્વન કરો છો ! પાર્વતી અને હું ઉભય એક છઇએ. અહ્મે ઉભય અભેદ છઇએ. એટલુંજ નહિ પરંતુ જગત્‌ની સઘળી સ્ત્રી સાથે હું અભેદ છું. ” સ્ત્રીનું મહત્વ તેહ્મનું મહાત્મય સમજવું એ તો માનુષી શક્તિના ઉપરાંતનું કામ છે. દૂરથી નમસ્કાર કરવા એજ સ્ત્રી રહસ્યની ચાવી છે. મોક્ષને માર્ગે ચઢાવનારી સ્ત્રીછે અને સદાને માટે તે માર્ગ બંધ કરી ભયંકર નર્કને પંથે ઉતારનાર પણ તેજ સ્ત્રી છે ! આવી વિરૂદ્ધ શક્તિ સંપાદિકા દેવીઓના ચરણમાં તો કોટાંકોટિ નમસ્કાર હો ! તેહ્મની મંગળ મૂર્તિ આનંદ અને સુખ દેનારી છે; જ્યારે પિશાચ મૂર્તિ ભય અને કંપ દેનારી છે. એવા પિશાચ દર્શણ આરા કરવામાં નહિ

આવે તો તો સારૂં. જે સ્તને મ્હને પયપાન કરાવ્યું હતું અને જીવનને પોષણ આપ્યું હતું તેજ સ્તન મ્હને આકર્ષી મૃત્યુના મુખમાં ફેંકી દે છે. મહાશકિત! રક્ષણ કરો!! મ્હારૂં રક્ષણ કરો!!!

સર્પવિષ પ્રાણ ઘાતક છે તેમ રક્ષક પણ છે. સર્પમાં આમ વિરૂદ્ધ ગુણ છે. જે સર્પે મ્હને તેના ગુંચાળામાં ગુંચવી નાંખ્યો હતો તેણે હવે દયાશીલ થઈ મને સુમાર્ગે ચઢાવવા યત્ન કીધો છે. મને મારૂં ચૈતન્ય પાછું મળ્યું છે. અને હું સર્વાંશે તેને શરણે પણ રહ્યો છું. આજ કારણ વશાત્ સ્ત્રી જાત–શ્વાન અને માર્જારની પણ મને અતિપ્રિય લાગે છે. વનસ્પતિ કોટિની સ્ત્રી જાતને પણ નિહાળી હું અતિ આનંદ માનું છું. વિષ ઘાતક છે અને રક્ષક છે. તેવીજ રીતે શકિત પણ ઘાતક અને રક્ષક છે. એ સર્વ વ્યાપી મહાશકિતને જે જે સ્વરૂપમાં જે જે ચિંત્વન કરે છે તે તે સ્વરૂપમાં તેને દર્શણ થાય છે. મારી તો એટલીજ યાચના છે કે ખાસ કરીને મને તો એ કાળ સ્વરૂપના દર્શણ ન થાઓ! હું તો શ્રી રાધાજીના અનુભવાતીત પ્રેમ સ્વરૂપને વિશેષ ઇચ્છું છું. પ્રેમમૂર્તિ રાધા મને વધારે પ્રિય છે.

દેવતાથી દૂર રહેવામાં સલામતી છે. નિકટ જતાં તે બાળ્યા વગર રહેતોજ નથી. ત્યાગ અને સાધન હોય તો તો હરકત નહિ. આ ચરિત્ર દૂરથીજ જોવામાં મજાહ

છે. પાસે જતાં તોં બળવાનો અને નિર્જીવ–જડવત્ બનવાનો પ્રસંગ મળે. આહ્માં અભેદ અને ગહન રહસ્ય છે. મ્હોટા મ્હોટા મહારથીઓ પણ આ ભયાવહ ઘનવ્યૂહને ભેદી શક્યા નથી. તે પણ પાછા હઠયા છે. આ શકિત તે સ્ત્રી છે અગર પુત્રી છે એમ માની ભૂલે ચૂકે પણ તેનો અનાદર કરતા નહિ. નાગ અગર તો વાઘની સાથે રમત રમનારે ઘણુા હોંશીયાર-ચાલાક રહેવાનું છે. જરાક ગફલતી થઇ–નજરચૂક થઈ તો બાજી બગડવાની. દક્ષતા–સાવચેતીનીજ ખાસ જરૂર છે. "તરવારની ધારપર રહેવા જેવું છે" તેજ આનું નામ. તે સૃષ્ટિને ઉત્પન્ન કરે છે, તેનું પોષણ કરેછે અને સંહાર પણ કરેછે. આ સર્વ•લક્ષણો–આ સર્વ શક્તિ તેહ્મનામાં એકત્રીત છે. પ્રત્યેક કાર્ય કરવાની તેહ્મનામાં અનંત શક્તિછે. કોઈપણ વસ્તુ અશકય કે અસાધ્ય તેહ્મને તો છેજ નહિ. મને વારંવાર ભોળવીને ભૂલભૂલામણીમાં નાંખીને મોંઢાપર મેશ ચોપડી વાંદરા જેવો બનાવી મારી તરફ જુએછે. મને હસે છે. મ્હારી ઠેકડી કરેછે અને આનંદ માને છે. જેઓ આ રૂઢીની સાહ્મો થાયછે તેનો અનંગીકાર થાય છે. તેહ્મને ધૂળ ચાટતા પણ આખરે કરી દેછે. આમ બન્ને રીતે ભય છે. આહ્માંથી બચવાનો જો કોઈ પણ માર્ગ હોય તો પેલા જાણીતા જગાભાઇનું વર્તન છે. ખરે ! તેહ્મની શકિત અગમ્ય છે ! તેહ્મની સાહ્મા એક શબ્દ સરખો બોલવાને–અરેરે ! તેહ્મની

ઇચ્છા વિરૂધ્ધ કંઇ કૃત્ય કરવાને પણ મ્હારી હામ ચાલતી નથી. જેમ તે બોલાવેછે તેમ હુ બોલુંછું. જેટલુ બોલાવેછે તેટલુંજ બોલુંછું. જેમ તે કરાવે છે તેમ હું કરૂંછું. જેટલું કરાવે છે તેટલુંજ હું કરૂંછું. જ્યાં તે લઈ જાય છે ઘસડી જાયછે ત્યાં હું જાઉંછું–પગ ઘસડતાં ને લથડતાં જવું પડેછે. આ બધાની ચાવી એની પાસેજ છે. તેટલા માટે તે ગર્વીષ્ટ અને અહંકારી છે. પરંતુ શ્રી કૃષ્ણની લીલામાં તો તે એક મુખ્ય પાત્ર છે. તેનાથી પ્રેમ અને આનંદ ઝરેછે. એજ પ્રેમના પ્યાલા પીને પોતે અલમસ્ત રહેતા. તેનાથી જુદા પડતા પોતે નિર્લેપ નિરાકાર નિરંજન પરબ્રહ્મછે, આવી વ્યકિતનું અસ્તિત્વ અને અનસ્તિત્વ એક સરખુંજ છું. આજ કારણ વશાત્ જગત્‌ની સર્વ સ્ત્રી પ્રતિ જો પ્રેમ સત્કાર થતો રહે તો શ્રી કૃષ્ણની પરમ કૃપા વહેલી મોડી અનુભવવાનો ભાગ્યદીન મળ્યા વગર રહે નહિ. એ નિર્વિવાદ છે.

સ્ત્રી પ્રતિ વિપક્ષી વર્તન રાખવાથી કોઈ વિજયી થયો નથી. જે દિવસે હનુમાન સૈન્યે લંકામાં પ્રવેશ કીધો તે દીવસે ઇંદ્રજીતની સ્ત્રી પ્રમીલા પોતે પ્રવેશી નહિ શકવાથી શ્રી રામચંદ્રની સાક્ષા આવીને યુદ્ધ માંગતી ઉભી રહી. આ જોઈ રામ પોતે ભારે ગભરાટમાં પડ્યા. પ્રેમપૂર તેનું

આરાધન કીધું અને આખરે એ વીરદેવી—પ્રમીલાના માર્ગની આડે નહિ આવવા પોતાના સૈન્યને હૂકમ કરવો પડયો. શ્રી રામચંદ્ર જેવા અવતારી પુરૂષને જ્યાં આ તંત્રને આધીન થવું પડયું તો પછી આપણા શા ગજા ?

ગો લોક અગરતો વૃંદાવનમાં અમલ ચલાવતી એ પ્રકૃતિ મહા શકિતનું કોણ કવન કરી શકે? જેને એની કૃપા છે, જેણે એની દયાનું શરણું લીધું છે તે માત્ર કંઈક જાણે. કૃષ્ણની ઇચ્છા શકિતને અમલ કરનારી—તેના કાર્યોમાં તેને પ્રવર્તાવનારી એ મહાશકિતને કોણ પૂરેપૂરી રીતે સમજી શકે છે ? કોઇજ નહિ. તેટલા માટે સર્વ સ્ત્રી પ્રત્યે ભલે તે ગમે તે વર્ગની હોય પણ તેમના પ્રતિ પ્રેમની લાગણીથી —સત્કારની ભાવનાથી જોતા રહેવું તેમાંજ સુગમતા છે. રાફડા-માંનો ઝેરી નાગ કિંવા ગુપ્તાનો લોહી ભૂખ્યો વિકાળ વાઘ કયારે અને કેવા સંજોગમાં આવે છે અને માણસ પર તરાપ મારે છે તેની કોઈને ખબર નથી. અજાણ્યા અગર ઉંડા પાણીમાં ઉતરવાનું તેમ તરવાનું સાહસ નહિ કરવું જોઇએ. કોને ખબર છે કે અંદર રહેતા મગરો કયારે ગળી જશે ? તેમ આ વિપૂલ—અમાપ—અગાધ ભવસાગરના પાણીથી દૂર રહે-વામાં લાભ છે. તેના તો દૂરથીજ નમસ્કાર કરજો. છેવટના જયકૃષ્ણ દરજો ! આમ વર્તનગામી બનવાથી જીવન નિર્ભયા

6136

નીવડે છે. શાંતિ અને હૃદય શુદ્ધિ અનુભવાય છે. પોતાની ખાજી પોતે સમજી શકે છે. અલ્પજ્ઞાની જે અભિમાન અને પોતાના ફાંકામાં રમી રહ્યાં છે તે શું સમજી શકે ? તેતો સાગરને ડોળ્યા કરે છે. તેને ખબર નથી કે જે સાગરમાંથી અમૃત અને શાંતિ દેવ—ચંદ્રની ઉત્પતિ થઈ છે તેજ સાગરમાં હળાહળ ઝેર પણ સમાયલું છે.

શ્રી કૃષ્ણ પ્રેમ જાણવો હોય-તેની મજાહ અનુભવવી હોય-તેહ્માંજ અલમસ્ત બનવું હોય-રાત દિવસ તેનીજ ધૂની લગાવવી હોય તો એક સ્રીનોજ ફકત આશરો લેજો. એ શીતળ છાંયો શોધજો. તે ગમે તે સ્થિતિમાં હોય-સ્રી હોય-પુત્રી હોય -બ્હેન હોય કિંવા માતા હોય, તેની હરકત નહિ. કૃષ્ણ પ્રેમના તે વાંટનાર છે. તેહ્મનેજ તેનો હક છે. કૃષ્ણ પ્રેમ વહેંચવાનો સર્વ હક તેહ્મને સ્વાધીન છે. તે સ્રી કે જેના શીતળ છાંયામાં તહ્મે બેઠા છો તેને માટે તહ્મે હલકા વિચાર નહિ લાવતા કે આતો મ્હારી સ્રી છે-મ્હારી પુત્રી છે—મ્હારી બ્હેન છે. પ્રેમના સામ્રાજ્યમાં તેજ તહ્મને મૂકશે. આવું છતાં તહ્મે તહ્મારો અમલ ચલાવ્યો તો યાદ રાખજો કે રાધાકુંડમાં તરબોળાવવાને બદલે નર્ક કુંડમાં ડૂબકા ખાતા થશો.

આપણે આપણા ભ્રમને સાચો માની મલિન, અશૌચ ગંદા પાણીના ખાબોચીયાને રાધાકુંડ ગણી અંદર ડૂબકી મારીએ છઈએ અને એવા મલિન પાણી પીતા અમૃત પ્યાલા પીધાનો આનંદ લઈએ છઈએ. એ મલિન ખાબોચીયાના જીવજંતુના ગટકા આપણને સુભાગી લાગે છે. આપણે પોતે અનુપમ અદ્વિતીય રાજ્યના વહીવટને–તેની પ્રણાલીકાને સમજતા નથી. અને આપણું ભલું ઈચ્છતા જે કોઈ સુમાર્ગ બતાવવા આવે છે, સુબોધ દે છે, વહીવટ અને પ્રણાલીકાનું રહસ્ય સમજાવે છે તે અગ્રાહ્ય કરતાં ઉલટા તેની સાહ્મા બાથ ભીડતા ઉભા થઈ જઈએ છઈએ. આપણા આવા વર્તનથી આપણે આપણી જાતનોજ નાશ કરીએ છઈએ. આપણી હત્યા આપણે પોતે કરીએ છઇએ. પ્રેમના આ સજીવારોપણને આપણે ઝેરના મહાન ભયંકર સાગર ગણીએ છઇએ અને જગત્‌ના વિષમયી પદાર્થોથી આપણને ખવાવા દઇએ છઈએ. જે વિશ્વભંડારમાં અમૂલ્ય ઝવેરાત છે, જે વિશ્વભંડાર અમૃત અને ચંદ્રની જન્મ ભૂમિ છે તેજ વિશ્વભંડારમાં આખા વિશ્વને ઘડીભરમાં મહાપ્રલયમય કરવાનું હળાહળ વિષ પણ છે. શ્રી નારાયણની શૌચતા, શિષ્ટતા, સુજનતા સંપાદન કર્યા વગર એ અમૃત અને એ લક્ષ્મીની પ્રાપ્તી નહિ થાય. અભાગી શિવની માફક વિષ શિવાય બીજુ કંઈ મળેજ નહિ. જેમનામાં પ્રભુના

પ્રભાવાત્મક ગુણોનો નિરંતર વાસ છે તેજ માત્ર આ સાગર ડહોળી શકેછે અને પાર ઉતરે છે. બીજાતો અધવચજ રામ શરણ થાયછે. નફા અને તોટા, શુભ અને અશુભનું જ્યાં ઉભય સંમેલન છે ત્યાં ડાહ્યા પુરૂષ જતા નથી. તેના નફાની લાભની વાતપણ કરતા નથી, **સાચો પંથ એ ડાહ્યાનો છે** એવું અનુભવિઓનું કથન સત્ય છે. આવા સાગરની પાસે કદીપણ જવું નહિ. એમ છતાંએ ફરજીયાત જવું પડે તો ઘણીજસંભાળથી એ સાગરમાં હંકારજો. પ્રવીણ નાવિકને સાથે લેજો. તેની સહાનુભૂતિથી સર્વ વૈભવના સ્વામિના રાજ્યમાં પહોંચવાની આશા ખરી. નહિ તો અંદર ડૂબકાં ખાતાં થશો. ગૂંગળાશો અને સાગરના ખારા પાણી અણરોકયા પેટમાં જવાથી આ ભૌતિકપેટ વિશ્વપેટ થઇ જશે !

પ્રકૃતિની લીલા સમજવાને કોઇ સમર્થજ નથી. યદિ કોઇ હોય તો તે શ્રી કૃષ્ણજ છે. પ્રકૃતિના પોતે સ્વામિ હોવાથી તે બધું સમજી શકે છે. જગત્‌માં જે જે દૃષ્ટિમાં આવે છે તે સર્વ પ્રકૃતિના ખોળીઆમાં છે એમ હું તો જોઉં છું. જો પ્રકૃતિ જન્મ ન આપે, પોષણ ન કરે તો તો જગત્ માત્ર રસાતળ થઇ જાય. જગત્‌ની દરેક દિશામાં—દરેક પડમાં, વાયુના વાતાવરણ અને અંતર વાતાવરણમાં પણ એ શક્તિનું અસ્તિત્વ છે. હું ગમે તેટલી ડંફાસ મારતો હોઉં–બડાઇ પુંકતો હોઉં અગર તો પ્રમાણસર

પ્રતિપાદન કરતો હોઉં કે હું માણસ (પુરૂષ) છું, તથાપિ દીર્ઘ દૃષ્ટિ અવલોકતાં તો હું પ્રકૃતિ ઠરૂં છું. પ્રકૃતિ શિવાય હું કંઈજ નથી. સુવર્ણ, ચાંદી, હીરા, માણેક પ્રભૃતિ સ્વરૂપે ન્યારા દેખાય છે. વસ્તુતઃ તેમ નથી, એ બધાં પૃથ્વિના તત્વો છે એટલે એ પૃથ્વિ કહેવાય. તેમ પુરૂષ, સ્ત્રી, શ્વાન, માર્જાર, વૃક્ષ, પર્ણ, જીવ, જંતુ વિગેરે પણ પ્રકૃતિ લેખાય. પ્રકૃતિ શિવાય કંઈજ નથી. આ મહાશકિત-પ્રકૃતિની સાથે ફકત કૃષ્ણ-એક પુરૂષ અદ્વિતીય ખેલ રમે છે. એ ખેલ આદિ અંત વિનાનો છે; પણ સનાતની અને શાશ્વત છે. એ ખેલ તેજ સર્વોત્કૃષ્ટ-આનંદિત મહારાસ છે. આ ખેલમાં કોઈને કોઈ સ્વરૂપે કૃષ્ણ પ્રકૃતિની સાથે મુખ્ય પાઠ ભજવતા રહે છે. આ ખેલને એક બે કે ત્રણ એવા અંક નથી કે વચ્ચે વચ્ચે વિરામ મળે. એ અનંકી ખેલ છે. તેમ અનંત છે. આ ખેલનું ગુહ્ય રહસ્ય સમજવાને બ્રહ્મા અને શિવ સરખા પણ મગજમારી કરતાં થાકી ગયા છતાં તેમને પણ અગમ્ય જણાયું. એક કૃષ્ણ-તેના શિવાય બીજા કોઈની બુદ્ધિ એમાં કામ કરતી નથી. વમળભર્યા આ ખેલ તત્વના જ્ઞાતા એક શ્રી કૃષ્ણ અને શ્રી રાધીકા (મહાપ્રકૃતિ) છે. તેના શિવાય અન્યને "મતા વિનાના કાગળીયાં છે."

આ મહાન સાગરને મનસ્વી બુદ્ધિથી કોઈ પણ દિવસ ડહોળશો નહિ. અગાધ જળના નહાના સરખા

ખળભળાટથી મ્હોટા મ્હોટા-પ્રચંડ વહાણો એક તણુખલાની માફક ઉડી જાય છે. પ્રકૃતિના સાગરમાં-અરે એનું એક ન્હાનું સરખું મોજું ઉછળવાથી હજારો જીવનો સંહાર થઈ જાય છે. કૃપાવંત! કૃપાનાથ કૃષ્ણ! કૃપા કરો. દેવી પ્રકૃતિ! દયા દૃષ્ટિ રાખતા રહેજો. હું તો પામર છું. જે સાગરમાં હું ઉતર્યો છું-રસભીનો થયો છું-વિવિધ પ્રકારના ખેલ કરતો થયો છું તેમાંથી શું સાંગોપાંગ હું ઉતરી શકીશ ખરો કે? નહિ. એટલા માટે શ્રી ગૌરાંગ પ્રભુને શરણે પડતાં રામાનંદે કહ્યું હતું કેઃ-તમ્હારી અદ્વિતીય રમતને સમજવામાં કોની મગજની પુરાંત-શીલક નીકળી શકે? પ્રકૃતિના મહાન સાગરમાં સમાનતા રાખવી અતિ કઠીણ છે. વિનયભર્યું તેનું શરણું, તેની કૃપાનું નિરંતર ચિંતન અને પ્રભુનું એક નામ સ્મરણ-આ ત્રિપુટીથી સમાનતા સચવાવવાની સંભાવના ખરી. ગમે તે સ્વરૂપમાં પ્રકૃતિને સન્માન આપવું જોઈએ. ધૃતભીના ઉનના કપડાં અંગે ઓઢી ધગધગતા અગ્નિની મધ્યે મોજની અને સલામતિની આશા રાખવી અને પ્રકૃતિના સાગરમાં સમાનતા સાચવીને રહેવું એ એક સરખી રીતે અશકય છે. ખરે! તમ્હારી શકિત અંનત છે, પ્રકૃતિ! એજ અનુલક્ષીને જયદેવ કવિએ ગાયું કેઃ—

कंसारिरपि संसार वासना बद्ध शृंखलाम्
राधामाधायहृदय तत्याज वृज सुंदरीः

पुरुषः प्रकृति स्थोऽपि भुंक्ते प्रकृतिजान् गुणान्

શ્રીમદ્ ભગવદ્ ગીતા. ૨૧–૧૩.

" પુરૂષ પ્રકૃતિમાં રહ્યા થકોજ પ્રકૃતિથી ઉત્પન્ન થતા ગુણોને ભોગવે છે. "

બીજાની તો વાતજ શી કરવી? જ્યારે સચ્ચિદાનંદ પરબ્રહ્મ પ્રકૃતિ સમૂદ્રમાં પડી ખૂબ આનંદ ભેર ડૂબકાં ખાય છે ત્યારે આપણે તો ક્ષુલક જંતુ જેવાજ લાગીએ છઈએ. તેટલા માટે એ મહા પ્રકૃતિની સાહ્મા તો કંઈક ભય અને કંઈક ભક્તિની મિશ્રીત ભાવનાથી જોવું જોઇએ. એ પ્રકૃતિની કૃપા હશે તો એક દિવસ પરમાત્માના દર્શણ પણ પામીશું. " આ મ્હારી બ્હેન છે, મ્હારી સ્ત્ર છે, મ્હારી પુત્રી છે " એવી વિચાર સંકલના કરી મહેરબાની કરીને પ્રકૃતિથી છળાશો માં. પ્રકૃતિ માત્ર પ્રણમ્ય છે. પ્રકૃતિની આવી વિલક્ષણતાનું અહો રાત્રિ ચિંત્વન કરવાથી શ્રીકૃષ્ણનું શરીર શિથીલ થઈ ગયું હતું; તથાપિ એ પ્રકૃતિની તળેટીએ પહોંચવાને અસમર્થ નિવડયા હતા અને તેથીજ આખરે

શ્રી ગૌર સ્વરૂપે "રાધા રાધા" કહી દડદડ અશ્રુ પાડયા હતા. શ્રી ગૌરને રડાવવાની કળા ફક્ત મહા પ્રકૃતિજ જાણે છે. બીજા કોઈનામાં એ સામર્થ્ય નથી શ્રી ગૌરને રડાવવાનું અને હસાવવાનું એનેજ આવડે છે. ગૌર શાને માટે આક્રંદ કરે છે તેની કોઈને ખબર નથી. તેજ આપણને જોઈએ છીએ. આપણે પણ ગૌરની માફક આક્રંદ કરવા માંગીએ છીએ. જેને એ જ્ઞાત કરે છે તે અને પ્રકૃતિ પોતે એ બે આ લીલાના ભેદુ છે. અખિલ માત્ર પ્રકૃતિ પ્રત્યે આતુરતાની દૃષ્ટિથી જોયા કરે છે. તેના મુખારવિંદ નિહાળવાથી રસાદ્ર હૃદયો સર્વાંશે પીગળી જાય છે. તેની ભેટ થવાથી સર્વ ઉપાધિ રૂપી કચરો ઝૂડાઈ જાય છે. પ્રકૃતિ વિશ્વનો ગુરૂ છે—વિશ્વની માતા છે. પ્રેમનો ભંડાર છે. દૃશ્ય અને અદૃશ્ય સૃષ્ટિની શીતળ છાંયા છે. પ્રકૃતિની આ રમણીય રચના કયારની ચૂર્ણ થઈ ગઈ હોત અને અદૃશ્ય થઈ હોત. તેના ધર્મો સ્પષ્ટ રીતે સમજાવવાને કાલી, તારા, સાવિત્રી અને રાધા—પ્રકૃતિ રૂપે પરમાત્મા અવતીર્ણ થયા હતા. વિચાર કરો કે રાધાની સૌંદર્યતાથી શ્યામ સ્વરૂપ શ્રી કૃષ્ણ કેવા સુવર્ણ રંગી જ્યોતિ સ્વરૂપ શ્રી ગૌરાંગ બની ગયા? રાધા કુંડમાં સ્નાન કરવાથી કૃષ્ણને રાધાના સૌંદર્યની પ્રાપ્તિ થઈ હતી. શ્રી રામચંદ્ર પણ સીતાના સૌંદર્યતાથી મનમોહન બન્યા હતા. ભૂતસૃષ્ટિમાં દૃષ્ટિ ગોચર થતી દયા અને સૌંદર્યના સ્વરૂપો પ્રકૃતિ મય છે.

પ્રકૃતિના અસ્તિત્વ વિના સૃષ્ટિ નિભી શકે નહિ. પ્રકૃતિની ઇચ્છાનુસાર સર્વ કોઇ પોતાની જાતને ઢાંકે છે. પોતાની જાતને ઓરાઢવામાં–શણગારવામાં કોઇનામાં પણ મનસ્વી બળ નથી. પ્રકૃતિ એ મૂળ છે. જ્યારે તેને ઇચ્છા થાય છે ત્યારે કેટલાકને તેજોમય પલટાવી દે છે અને કેટલાકને શ્યામ રંગે ચીતરી નર્કકૂંડમાં નાંખી આ અને બીજી દુનીઆમાં પણ ઉચ્ચતા નહિ સધાય એવી કનીષ્ટ સ્થિતિમાં મૂકી દે છે. જ્યાં બ્રહ્મા વિષ્ણુ અને શિવ પ્રકૃતિના રહસ્ય સમજવાને અદ્યાપિ પર્યંત પરાજ્ય રહ્યા છે–જ્યાં શંકાશીલ મન પણ છે કે આ પ્રકૃતિના નિયામક કૃષ્ણ પોતે પણ સંપૂર્ણ જ્ઞાતા હશે કે કેમ; ત્યાં વાપીના દાદૂરની માફક અસ્થીર રહેનારા ક્ષણભંગૂર જીવાત્માનું શું પ્રાબલ્ય ચાલે ? એ પ્રકૃતિ–મહાશક્તિ કોઇને સંપ્રૂર્ણ રીતે જાણવા પણ દે છે ખરાં કે ? સાંચા સ્વરૂપ તો છૂપાવતાંજ રહે છે. વિશ્વમાં દૃશ્ય છે તે તો બધા તેના સ્વાંગો છે. જ્યાં માયાનો અમલ નથી–માયાની હાંક નથી એવા વૈકુંઠ પ્રદેશમાંથી વહેતી વૃજ સરિતાને પેલે પાર જ્યાં સુધી જવાયું નથી ત્યાં સુધી તો પ્રકૃતિને જાણવાનું તદ્દન અશકય છે. જ્યાં સુધી દયામયી બની એ દિવ્ય જ્ઞાનનો ગર્ભ પ્રકટાવે નહિ ત્યાં સુધી આપણામાં તેને જાણવા જેટલું સામર્થ્ય નથી.

પ્રકૃતિ રાસમંડળની દરવાન્ છે. તેહ્મના શિવાય અવરને ઉભા રહેવા દેવામાં આવતા નથી. ત્યાં પ્રતિબંધક કાયદો છે. તેઓએ વિશ્વની પ્રત્યેક વ્યકિતને લુંડી બનાવી દીધી છે અને તેહ્મના મગજમાંથી રાસમંડળનું વિસ્મરણ કરાવ્યું છે. શાશ્વત સુખથી વિમુખ કરી વિશ્વની જંજાળનો અસહ્ય બોજો માથાપર નાંખી વિશ્વ વ્યકિતની મીઠી મજાક બનાવતી રહે છે. તેહ્મની જાદુઇ વિદ્યા માટે–તેહ્મના મોહન મંત્ર માટે તેહ્મને ધન્યવાદ છે! પ્રકૃતિ જો એટલી પ્રવીણ નહિ હોત તો પોતાના ઈલ્મી ગુરૂને પરાજ્ય કરી શકત ખરા કે? નિરંતર ગોલોકમાં વસી રહેલા કૃષ્ણને અવતાર લેવાને ફરજ પાડવામાં યશસ્વી થાત ખરા કે? ખરે! તેહ્મની શકિત અગાધ્ય છે!! ધન્ય છે!!! પડતી દશાના નિરંતર ભયે મને સંપૂર્ણ રીતે બળહીન બનાવી દીધો છે. પ્રકૃતિ! હવે મને વધારે બ્હીવડાવો નહિ. તહ્મારી ઘૂરકતી આંખના દર્શનથી મ્હને પૂરતો સંતોષ થયો છે. હવે તો તે સ્વપ્ને પણ નહિ જોઇએ. પ્રકૃતિ! મને હવે સાથેજ રાખજો. એકલો કરશો માં. મારા પ્રવૃદ્ધિમાં મ્હને શિથિલ નહિ કરશો. તહ્મારી ભૂલભૂલામણીમાં મ્હને લઇ ન જશો. તહ્મારી માયા જાળ પણ નહિ નાંખશો. પ્રકૃતિ! હું હવે તહ્મારૂં સ્વરૂપ–તહ્મારી લીલા જાણુવા માંગુ છું. કૃપા કરી તેનો પટ ખોલો. ખોળના એક ટુકડાને માટે ઘાંચીની ઘાણીનો

બળદ આખો દિવસ મહેનત કરે છે, તેવી લાલચથી તહ્મે મ્હને લલચાવો છો અને તેટલા માટે હું પણ ઝુંસરી માથે મુકું છું અને ફેરા ફરૂં છું. તહ્મારી જો એવી ઇચ્છા હશે તો હું તહ્મારી ખાતર અહોનિશ કામ કરીશ—પરસ્વેદના રેલા ઉતારીશ તે પણ પગાર વિના. પરંતુ એક વખત મ્હને તહ્મારી ઝાંખી કરવા દ્યો. મ્હને પહેલા તહ્મારા ગુરૂ-યોગેશ્વરના પણ દર્શણ કરવા દ્યો. પછી હું મૂંગે મોંઢે કામ કરતો રહીશ, કોઇ પણ પ્રકારના મ્હારા દુઃખનાં રોદડાં રડીશ નહિ. દાદ ફરિયાદ પણ નહિ કરીશ તેની પ્રતિજ્ઞા લઉં છું. જેને તહ્મારી કૃપા સંપાદન થઈ છે તેને પછી ભવસાગરના ભયથી છળ કપટથી, કે વિકારથી બ્હીવાનું છેજ નહિ. તદપિ જેનાપર અવકૃપા છે અને જેને કાળ સ્વરૂપજ દેખાતઃ રહો છો તેને તો ત્રિલોકમાં કયાંએ પણ શાંતિ નથી. તે તેજોમય અગ્નિમાં પતંગવત્ ભસ્મ થાય છે. અગ્નિની ગરમી બાળવયને વૃદ્ધિ કરનારી છે. અગ્નિના શેકથી અસાધ્ય દર્દોનું વિમોચન થાય છે. અગ્નિને ઘૃત અને મધુની આહૂતી આપવાથી સદ્ગુણને પ્રોત્સાહન મળે છે. એવમ્ અગ્નિના લાભો છે, છતાં કોઈ શંખવીર-અગર તો અકકલનો બારદાન એ અગ્નિની સાથે મસ્તી કરે—ડાહ્યા થઇ પોતાનું સામર્થ્ય બતાવે તો તેના સાહસનો તેનેજ દંડ આપવો પડે છે. વેદોએ પણ તહ્મને "વિજયી" પ્રતિપાદન કીધા છે. વેદના પ્રમાણને કોણ ખોટા ઠેરવી

શકે ? વેદના પણ વેદ અને દેવના પણ દેવ કૃષ્ણએ પોતાની હાર કબૂલી છે. એવમ્ તહ્મારો વિજય શાશ્વત છે. તુલશીની માફક તહ્મે સર્વ અભેદ છો. કોઈનામાં ન્યૂનાધિકત્વ નથી.

કેલશાર્દ્ર વિશ્વમાં માત્ર એક પ્રકૃતિ હસમુખી જણાયછે. એક ક્ષણને માટે પણ જો તેહ્મની ક્રિયા અટકે તો તેહ્માં વિશ્વનો પ્રલય થઈ જાય છે. દુનીઆનો અંતજ આવી રહે. વિશ્વમાં જો પુરૂષનોજ અમલ હોતે; એકલા પુરૂષનું અસ્તિત્વ હોતે તો દૃશ્ય સૃષ્ટિનો ક્યારનોએ નાશ થયો હોત. સૃષ્ટિનું આજનું અસ્તિત્વ એ સ્ત્રી–પ્રકૃતિની શક્તિનેજ આભારી છે. તેહ્મના માર્ગો અનંત છે. કેટલાકને દુઃખી રહેવાને તેણે સૃજ્યા છે. કેટલાકને આનંદમાં મસ્તાન થવા સૃજ્યા છે. શાશ્વત શાંતિના ધામ–વૃંદાવનના માર્ગદર્શક પણ તે છે. તેહ્મને પીછાની શકયો છે એવો તો કોઇ વિરલજ હશે. જેણે ભ્રમજાળ પોતાના ઉપરથી દૂર ફેંકી દીધી છે, જેણે પોતાની ભૂલો અને ગફલતો કબૂલી છે તેણે વિનય ભાવે પ્રકૃતિને જાણી છે. માની લ્યો કે તેહ્મણે સર્વ સંપાદન કરી દીધું છે. તેઓ હવે સુખી છે. જેઓ પ્રકૃતિને સમજી શકયા છે તેઓને કૃષ્ણની પ્રાપ્તી પણ થઈ ચૂકી છે. આવરણ પટને ઉપાડી લઈ તેહ્મની ક્રિયા અને લીલા, તેહ્મનું રમણ અને અંતર નિહાળવા હું સુભાગી બનું એજ મ્હારી

અંતિમ ઇચ્છા છે. તેહ્નની સહાનુભૂતિથી સનાતન શાંતિનુ અનશ્વર ધામ જોઇ લઉં એવી પણ ઉર્મિ ખરી. અંધની માફક અંધકારમાં રહી બહિર્ સૌંદર્યમાં મોહીત થવાની હવે અભિલાષા પણ નહિ રાખું. તેહ્નના અયુક્ત વર્તનથી મનુષ્યને ખોટું લાગે એ માનુષી સ્વભાવને અંગે સ્વાભાવિક છે. હું શરીરે મજબૂત છું એટલે તેહ્નના કોમળ ચરણારવિંદની સેવાનો અલૌકિક લ્હાવો લેતાં અપૂર્વ આનંદ અનુભવવાનું મ્હારા ભાગ્યમાં મ્હને મળે ખરૂં. એવી સેવા માટે જો એક દિવસ પણ મળે તો મ્હારા પૂર્વજોનો મેં ઉદ્ધાર કીધો છે એમ લેખી મ્હારૂં જીવન સાફલ્ય થયું છે એવું માનીશ અને કૃતાર્થ થઇશ. પ્રકૃતિ! તહ્નને ભૂલી જાય એવી કોઇ પણ વ્યક્તિ વિશ્વંભરમાં નીકળે ખરી કે? તહ્ને વિશ્વના અંતર્ઝાની છો! ધન્ય છે તહ્નને અને તહ્નારા જ્ઞાતાને! શ્રી કૃષ્ણે ગૌરાંગ પ્રભુના અવતાર રૂપે આ ન્હાનકડા ચક્ષુમાંથી જે અશ્રૂધોધ વહેવડાવ્યો હતો તે તહ્નારેજ માટે હતો. કૃષ્ણને તહ્નારા પ્રેમનો ઋણી બનાવ્યો અને આક્રંદ કરાવ્યો તેટલા માટે, પ્રકૃતિ! તહ્નને પુનઃ ધન્ય છે!

જ્યારે જ્યારે યુધિષ્ટર અને અર્જુન કૃષ્ણને બોલાવતા ત્યારે અરસપરસ ગાઢો પ્રેમ છતાં કૃષ્ણમાં કંઇક નિરૂત્સાહ અને ઉદાસીનતા જણાતા. દ્રૌપદી જ્યારે બોલાવતા ત્યારે તો તેનો આવ્યા વગર છુટકોજ નહિ હતો. કૃષ્ણના બાળ

સખા કેટલીક વખત રમવાને કે વિલાસ કરવાને તેહ્મને બોલાવતા તો તેનો કેટલીક વખત અનાદર થતો; પરંતુ જ્યારે બાગસખી બોલાવતી ત્યારે તે ઘડીભર થોભતા નહિ. આપણી સન્મુખ કૃષ્ણને ખડા કરવાનું તેહ્મનુંજ સામર્થ્ય છે. કૃષ્ણની ઈચ્છા હોય છતાંએ તેહ્મની મરજી વિરૂદ્ધ તેનાથી કૃપા બતાવી શકાતી નથી. યુગ યુગાંતરથી કૃષ્ણ પ્રકૃતિની ઈચ્છાનુસાર વર્તન કરે છે. "આપણે મનુષ્ય છઇએ" એવા મિથ્યા ભ્રમમાં આપણે પડી રહેવાથી આપણા હૃદય અત્યંત અશૌચ રહ્યાં છે અને અહીંતહીં ભટકયા કરીએ છઇએ. પરંતુ જે સ્ત્રીને આપણે આપણા અંતઃપુર-જનાનાની સ્ત્રી ગણીએ છઇએ, અને આપણી દૃષ્ટિ માટે પણ અપાત્ર ઠેરવીએ છઇએ તે સંકુચીત સ્થળની ગોંધાઇ રહેલી સ્ત્રી પોતાની બુદ્ધિનો અને આત્માનો વિકાસ કરી અગ્રાહ્ય કૃષ્ણને પકડે છે તેના સામર્થ્યની કોને કદર છે ?

પાંચ પાંડવ કૃષ્ણને પ્રિય હતા એ નિઃશંક છે; તથાપિ દ્રૌપદી વિશેષ પ્રિય હતી. તેણે પોતે કહ્યું છે કેઃ—"વૃજનિવાસી વડીલો અને સખા મિત્રો આદિ મ્હારા જીવન સમાન મ્હને પ્રિય છે—આહ્મા ગોપીઓ મ્હારૂં પોતાનું જીવનજ છે, અને તહ્મે (રાધા) તો જીવનના પણ જીવન છો" આપણા દૃઢ બંધનમાંથી વારંવાર સટકી જનાર કૃષ્ણને પકડવાની કળા સ્ત્રી સારી રીતે જાણે છે તેટલાજ માટે આપણે

તેમની ઉપેક્ષા નહિ કરવી જોઇએ. તેઓ સદાના નિષ્કલંક અને પવિત્ર છે. તેમને કોઈ પણ ભ્રષ્ટ કરી શકે તેમ નથી. સૃષ્ટિના તેઓ નિયામક-રાજા છે, અને તેટલા માટે તેઓ કાયદાથી મુકત છે. કાયદા પ્રજાને માટે હોય છે-રાજાને માટે નહિ. રાજા એ કાયદા ઘડનાર છે. કાયદા તેને આધીન છે. રાજા કાયદાને આધીન નથી.

તેજોમય વ્યકિત પ્રતિ પતંગવત્ આકર્ષીત થઇ આપણે આપણા મનોબળનું સમતોલપણું ખોઈએ છઇએ, પ્રચંડ વેદનામાં સડયા રહીએ છઇએ અને અંતે મૃત્યુ પામીએ છઇએ; પરંતુ પ્રકૃતિ ! તમને જે કોઈ જાણે છે, તમારા માટે જેને વિશ્વાસ અને ભકિત છે તેને તો તમે સ્વપ્ના અને ખલેલ રહિતના નિંદ્રા પારણામાં સુવાડી તેનાં હાલરડાં લલકારો છો. ત્રાસ અને ભયથી જે ગભરાઈ ગયા છે તેને હવે વિશેષ ગભરાવશો નહિ-દમદાટી દેશો નહિ. મનુષ્યને સદાને માટે રડાવ્યાજ કરશો તો તે બીચારા શ્વાસોશ્વાસની ક્રિયા કરતા અટકી જશે અને અકાલે વિચેતન થશે. પ્રકૃતિ ! હું તમારૂં શરણું શોધું છું. મ્હને તો હવે વિશેષ ભયભીત કરશો નહિ. ઘણી જીંદગી મેં એળે કાઢી છે તેની માફક આ પણ નિરર્થક નહિ જાય તે સંભાળજો. મ્હને ચંદ્ર જોઇએ છે. તે મ્હને આપો. દર્પણમાંનો છાંયા ચંદ્ર આપી મને હવે છળશો નહિ. મ્હને ખીર જોઇએ છે. તે મ્હને આપો.

રૂપરંગે એક પણ નામે જૂદી એવી કાંઈ આપી મ્હને સમજાવશો નહિ. અમારે શું શું સહન કરવું પડે છે તે તમે જાણો છો. તે તમે પોતે તમારા ચક્ષુએ જુઓ છો.

અમને હવે વધારે બૂરાડશો નહિ. અમને તો તમારી શીતળ–શાંત છાંયા જોઈએ છે. કૃપા કરી તે આપો. કૃષ્ણને અમારી નિકટ આણવાનું પ્રાબલ્ય માત્ર તમારામાંજ છે. અમારે તે કૃષ્ણ જોઇએ છે. એક વખત તેના દર્શણ કરવા દ્યો. એ **ખજાનો** તમારો છે અને તે તમારો રહેશે. અમે તો તે જોવાજ માંગીએ છઇએ. અમે તેને ઝૂંટવી નહિ લઈએ–તેને જોઈને અમારી આતુર આંખને શાંત કરવી છે. અમારી નાનકડી આંખો ક્યારની તૃષીત છે–તેને જોવાને હર્ષ-ઘેલી બની રહી છે. કૃપા કરી તે બતાવો. અમે અમારી પ્રિય વસ્તુના શપથ લઈને કહીએ છઇએ કે, પ્રકૃતિ ! તે ખજાનો–કૃષ્ણ અમે કદાપિ પણ છીનવી નહિ લઇએ. તમારી આશા હશે તો તેમને એક વખત જોયા પછી અમારી આંખોને ફોડી નાંખીશું; પરંતુ કૃપા કરી એક વખત એ કૃષ્ણ બતાવો. પ્રકૃતિ કૃપા કરો !

રાધા, લલીતા, બીશાખા, વૃંદા, પૌર્ણમાશી જે કહો તે તમે છો. તેનું રમણ તે પણ તમે છો. તે રમણના નિભાવક પણ તમેજ છો. તમે વ્યાધિ રૂપે છો, અને

ઔષધ કે જડીબૂટી રૂપે પણ તહ્મે છો. શ્રી કૃષ્ણુને વિરહ તાપે તવાવવું પડયું હતું તે શ્રીમતી રાધા હતા અને તેજ રાધાએ એ તાપનું નિવારણ કીધું હતું. સહસ્ત્ર છિદ્રમય ચંબુમાં પાણી ભરનાર તે હતા અને તેણેજ કૃષ્ણુને વ્યાધિ મુકત કીધા હતા. અદ્યાપિ પર્યંત અહ્મે તિમિરમાંજ રહ્યા છઇએ તેનું કારણ તહ્મે છો. તહ્મને યથાર્થ ચિતારી શકતા નથી તેનું કારણ પણ તહ્મે છો. તેના યશ અને અપયશ તહ્માને હો! તહ્મે બેધારી તરવાર છો. તહ્મે પ્રસન્ન મુખે કિંવા ધૂરકતી આંખે અહ્મારા પ્રતિ જુઓ તોયે અહ્મને કંપ થયા વગર રહે નહિ. અહ્મે સદાના કંપીત રહ્યા એટલે સરળ લેખિની કયાંથીજ હોય? અરે! પણ! આપણે આપણી વાતો શું કરવા કરીએ? કૃષ્ણુ પોતે પણ કંપે છે. આ વિશ્વનાં જીવન–ચૈતન્ય સ્વરૂપ કૃષ્ણુને પણ ધ્રુજારી આવે છે. ઇંદ્રના કોપ–મૂશળ વૃષ્ટિથી બચાવવા જ્યારે કૃષ્ણુ ગિરિધારી બન્યા ત્યારે શ્રીમતિ રાધા પ્રત્યે પડેલી અચાનક દ્રષ્ટિથી તેણે ટચલી આંગળી પર ઉંચા કરેલા ગોવર્ધનના વજનનું સમતોલ પણ ખોયું હતું. પરિણામે ગોવર્ધન લગભગ વાંકો વળી ગયો હતો. કૃષ્ણુએ આ સમયે સમય સૂચકતા વાપરી નહિ હોત તો ગોવર્ધન પડી જાત અને હજારો જીવોનો નાશ થાત; પરંતુ ગોપના સુભાગ્યે તેટલું બધું થવા નહિ પામ્યું હતું. જ્યારે કંસના ગજશાળામાં

રહેતા કુબાલ્યા પીડ નામના એક મ્હોટા રાક્ષસી હાથી સાથે જ્યારે કૃષ્ણે મલમસ્તી ચલાવી હતી ત્યારે તો ફક્ત દર્શણથી નહિ પણ–સ્મરણની છાંયા રહી ત્યાં સુધી તો તે હાથીના સકંજામાંથી સટકવાને કૃષ્ણને ભારે થઇ પડચું હતું. સર્વાંશે વિસ્મરણ થયું ત્યારેજ છુટી શકયા હતા. અને પછી તેનો વધ કરવા યશસ્વી નિવડયા હતા. આ બધા પૌરાણિક દ્રષ્ટાંત શું કરવા વિસ્મરણ કરવા જોઇએ ? વૃંદાને જ્યારે કૃષ્ણના હસ્તાક્ષર જોતાં હાસ્ય આવ્યું ત્યારે કૃષ્ણે પ્રશ્ન કર્યો:–વૃંદા ! આટલા શબ્દો પણ લખવાને તહ્મે કયારે મ્હને અવકાશ આપ્યો હતો ?" પ્રકૃતિ ! તહ્મે શું નથી કરી શકતા ?

તહ્મે તેનો મુકુટ માથેથી ઉરાડી દ્યો છો–લઈ લો છો–તેની વિશ્વમુગ્ધ મોરલી છીનવી લો છો–તેને તહ્મે તહ્મારો દરવાન–છડીદાર બનાવો છો–તેને તહ્મારા કપડા પહેરાવી કૃષ્ણા બનાવો છો–પોતાનું કામ કરાવો છો અને ચરણે પણ પડાવો છો. એનાથી શું વિશેષ ! કૃષ્ણના પ્રેમરૂપી બજારના તહ્મે દુકાનદાર છો. તહ્મે ખરીદો છો–તહ્મે વેચો છો અને બક્ષીસ પણ કરો છો. જેને તહ્મારી કૃપા છે તેનેજ આ બજારનો પ્રેમ મળે છે. બીજાને તો અલ્મૂય દામ આપતાં પણ અપ્રાપ્ય છે.

જેને તમ્હારા સ્વરૂપની પીછાન–ઓળખ થઈ ગઈ છે તેમ્હેના જીવન સહીસલામત છે. અમ્હે પણ તમ્હારા સાચા સ્વરૂપને પીછાણીએ. અમ્હે તમ્હારા ચિંત્વનમાં અને પ્રેમમાં જીવન વ્યતીત કરીએ એવી અમ્હારી ઈચ્છા છે. તમ્હારા ભયંકર કાલી સ્વરૂપના દર્શણની અભિલાષા નથી. મહાસાગરના પ્રચંડ મોજાં અગરતો સ્વર્ગના મનોરંજક પુષ્પો પણ તમ્હારી સરખામણીમાં ક્ષુલક છે જેણે તમ્હારા આનંદદાયી સ્વરૂપના દર્શણ કીધાં છે તે પછી સ્વર્ગની લાલસા પણ શું કરવા રાખે? જેણે તમ્હારૂં વિશ્વ સંહાર સ્વરૂપ જોયું છે તે પછી નર્ક શાસન સહન કરવાને કેમ સુતરાં નહિ લેખે? પ્રકૃતિ! તેટલાજ માટે અમ્હે યાચના કરીએ છીએ–મજાક કે શબ્દની નહી–પણ અંતરની ભાવનાથી કે અમ્હોને તમ્હારી અવકૃપા નહિ હો! આ વિશ્વના તમ્હે તત્વ છો. તેમ તમ્હે કારણ રૂપ છો. કૃષ્ણે પણ કહ્યું છેઃ–"—વિશ્વની સર્વ સ્ત્રી જાત પ્રત્યે મારૂં અંતઃકરણ આકર્ષીત છે." તમ્હે કૃષ્ણના છો. કૃષ્ણ તમ્હારા છે. વિશ્વ મેળાના તમ્હે દુકાનદાર છો. ત્યાં વેચાણ માટે પ્રેમ વસ્તુ પ્રાધાન્ય છે. તમ્હારી મરજીમાં આવે તેને તમ્હે આપી શકો છો. લલીતા, બીશાખા અને ચંપકલતાની તમ્હને ખબર નથી? આ બધામાં તમ્હે તારા રૂપે છો. કૃષ્ણ તમ્હારા છે, તમ્હે તેની પ્રત્યેક લીલામાં–પ્રત્યેક રાસ ક્રિડામાં–પ્રત્યેક કુંજમાં–યમુના

ના પ્રત્યેક પડમાં–પ્રત્યેક ગોચર ક્ષેત્રમાં અને જંગલમાં હાજરને હાજર રહો છો. ચાહો તો તહ્મે તેના માથાપર પણ ચડી બેસો છો અગર તો તેને તમારા ચરણે નમાવો છો. આ અખીલ વિશ્વના તમે રાજા છો. કૃષ્ણને દરવાન તરીકે કામ કરવાને તહ્મેજ હૂકમ કરી શકો છો. મહાન યોગેશ્વરને પણ કૃષ્ણની પ્રાપ્તી અસાધ્ય છે; જ્યારે તહ્મે તો રમતમાં સાધી શકો છો. તહ્મારી શક્તિ વિપૂલ છે !

શ્રી કૃષ્ણ પોતે તહ્મને ગુરૂ માને છે પછી ત્યાહ્મારે બીજાને સાંભળવાની શી જરૂર ? વેદ-પુરાણ-તંત્ર-મંત્ર સર્વનો આં એક મતી અભિપ્રાય છે. જરા જુઓ. વૃંદાવનનો બનાવ હું તહ્મને કહું છું:—એક વખત વૃંદા રાધાજીને મળવા ગયાં હતાં, તે વખતે રાધાજીએ પૂછયું; "વૃંદા તહ્મે કયાંથી આવો છો ?" "હું તહ્મારા પ્રાણપતિ–શ્રી હરીના ચરણોરવિંદમાંથી આવું છું" વૃંદાએ ઉત્તર આપ્યો. "હમણાં તે કયાં છે, અને શું કરે છે ?" પુનઃ રાધાજીએ પ્રશ્ન કર્યો. વૃંદાએ પ્રત્યુત્તર આપ્યો:—"હમણાં તો તે રાધા કુંજમાં છે અને ત્યાં રાસ શીખે છે." વૃંદાના આવા વિસ્મય ભર્યા ઉત્તરથી વિશેષ આતુર થઇ રાધાજીએ એક વાર પુનઃ પૂછયું:–"ઠીક,વૃંદા ! હું તો અહીં છું, ત્યાં એને કોણ શીખવે છે ?" શાંતિથી વૃંદાએ ઉત્તર આપ્યો; "રાધાજી ! તહ્મારૂં સ્વરૂપ પ્રત્યેક કુંજમાં પ્રત્યેક લત્તામાં, પ્રત્યેક તરૂ

અને પર્ણમાં વિરાજીત છે. તે તેમને શિક્ષણ આપે છે અને પ્રભુ રાસ શીખે છે."

તમો અમારા ગુરૂ છો. અતિ વિનીત ભાવે તમને નમસ્કાર કરીએ છઇએ—વારંવાર નમસ્કાર કરીએ છઇએ અને યાચના કરીએ છઇએ કે અમારી ઇચ્છા પૂર્ણીભૂત કરો!



સ્ત્રીની મહત્વતા.

નીચાણમાં વહેવું એ પાણીનો સ્વભાવ છે. એ કોઈ દિવસ સ્થિર રહેતું નથી. ઘડામાં જો પાણી ભર્યું હોય તો એ સ્થિર રહી શકે ખરૂં. તેવી રીતે મનને પણ એવા કોઈ દ્રઢ દુર્ગમાં પૂરી તેનો નિરોધ નહિ કર્યો હોય તો તે પણ ચલિતજ રહેવાનું. મનને ચલિત કરવામાં સ્ત્રી અને અને સુવર્ણ એ પ્રાધાન્ય છે. બલ્કે સુવર્ણ કરતાં સ્ત્રીનું પ્રાબલ્ય વિશેષ. તેટલા માટે મનનો નિગ્રહ કરવા સ્ત્રી સંસર્ગના ત્યાગની આવશ્યકતા છે. નદીના કીનારા પર ખોદેલા કુવાઓના પાણી નદીના ભરતીઓટ પ્રમાણે વધ ઘટ થયા કરે છે. નદીમાં પુષ્કળ પાણી હોય છે તો કુવાના પાણીમાં વૃદ્ધિ થાય છે. નદીમાં સુકાણ થાય છે તો નિકટના કુવાના પાણીમાં પણ તેવીજ સ્થિતિ થાય છે. સરિતા કિનારાથી ઘણે દૂર આવેલા કુવાના પાણીની સ્થિતિ એ હોતી નથી. તે તો હંમેશા એકજ સ્થિતિમાં સ્થિર રહે છે. તેટલા માટે સરિતા રૂપી સ્ત્રીથી તો બને તેટલા દૂર રહેવામાંજ લાભ છે. મનનો જ્યાં સંપૂર્ણ રીતે નિગ્રહ થઈ ચૂકયો હોય ત્યાં પછી સરિતાના શું પણ સાગરના અગાધ જળમાં તર બોળાશો તોયે પણ તે ચલિત થશે નહિ.

જળથી ભરેલા ચંબુને જો હંમેશાં સરિતા જળમાં ડૂબેલો રાખ્યો હોય તોયે સરિતાના જળથી ચંબુમાંના જળની ગતિ કે સ્થિતિમાં કંઈ ફેર થવાનો નથી. તે તો અસ્થિરજ રહેશે.

સર્પની સાથે ગેલ કરવાને તેને પોતાની મૂરલીથી અગર તો હાકથી વશ કરવાની વિદ્યા શીખવી જોઈએ. તે વિદ્યાની પ્રવીણતા વિના સર્પની સાથે ગેલ કરવામાં જીવનું જોખમ રહે છે. સર્પને પકડવા પહેલાં તે ગુપ્ત વિદ્યાનું શિક્ષણ લ્યો, તેનો મંત્ર શીખો. ભકતગણનું પણ કહેવું છે:– "સ્નાન કરવા માટે સ્ત્રી રૂપી સરિતામાં ઉતરવું નહિ." અગાધ સાગર રૂપી સ્ત્રીમાં આંખ મીચીને ઝંપલાવશો નહિ પ્રકશ જોઈને પતંગીઆની માફક તેમાં કૂદી પડતા નહિ. શોકની ખીણમાં શાંતિથી રહેવામાં ચતુરાઈ છે. ગમગીનીના વાતાવરણમાં ગમગીનીનું જીવન ગાળવું એહ્માં કંઈ બહાદુરી નથી. છાકટાની ટોળીમાં છાકટા ગણાવું એહ્માં કંઇ મહોટાઈ નથી. ચોરની ટોળીમાં ચોર થઇ રહેવું એહ્માં પણ વિસ્મય જેવું નથી. પોતાના પ્રતિકૂળ સંજોગોની સ્હામા મજબૂત ટક્કર ઝીલવી અને નિર્લેપ રહેવું તેહ્માંજ ખરી બહાદૂરી છે. વિપદના વાદળમાં આનંદથી રહેવું એહ્માંજ ચાલાકી છે. સ્ત્રીને દૂર રાખી તેની મૂર્તિને પ્રાણધન માની તેનું ચિંન્વન કરવાથી જે મજાહ મળે છે તેજ ખરો આનંદ છે તેવો આનંદ

ની સાન્નિધ્યથી મળી શકતો નથી. સાન્નિધ્ય રહેવાથી સર્વ ક્ષણિક અને ભ્રમમય જણાય છે. પ્રેમના સાચા સ્વરૂપમાં પ્રોત્સાહન કરનાર માત્ર દૂરની સ્થિતિ છે. સંકટના સમુચ્ચયમાં હિમ્મત ભર્યા રહેવું એમાં બાહોશી છે.

સ્રીને એક રમકડું માનવું એ સર્વથા યોગ્ય નથી. આ અને બીજી દુનીયાની સ્રી મુખ્ય સહચારી છે. દુનીઆના મોજશોખ અને વિલાસની તે સામાન્ય પુતળી નથી. જીવન જીવનાંતરથી તે આપણી સહચારી-અનુસંગી બનતી આવી છે. અને આજે પણ તેમ છે. તેને ઘટતું માન તેને આપવું જોઈએ. અને તેવી રીતે અંતઃકરણથી તેને એક લાયક-કાબેલ અનુસંગી-સહધર્મિણી બનાવવી જોઇએ. તેના ગુણ ગ્રાહક થઇ, તમારા ગુણ તેના બદલામાં, તેને આપજો. આ પ્રમાણે ગુણની આપ લે કરવાથી સંયોગ અતિગાઢ થશે. અને અંતે તમો ઉભય એકરૂપ થઈ જશો. આ સંયોગ અવર્ણનીય છે. પ્રેમ કરતાં જો તમો શીખ્યા હોય તો સાથે સાથે સંભાળ રાખજો કે એ પ્રેમ ચાર દિવસમાં વિસારે નહિ પડે. જગત્‌ની નિકૃષ્ટની ઇચ્છાને વશ થઈ ચિરસ્થાયી સુખને જતું કરશો નહિ. તેમનો યોગ્ય સત્કાર કરો. સર્વ શક્તિ અને સંપત્તિના તે આદિ કારણ છે એવા ભાવે તેમના પ્રતિ જોજો. આ જગત્‌માં હરેક સ્રીને તેમે ઘટતું માન આપજો. જ્ઞાન અને માર્જારની

માદાને પણ મહાશકિત–અંશ ગણી પ્રેમની દ્રષ્ટિથી જોજો. કદાપિ પણ તેમના પ્રતિ નિષ્ઠુર નહિ થશો. તેજ તમને પરાક્રમી કિંવા નિર્બળ બનાવી શકશે.

સ્ત્રી એ સ્નેહ અને પ્રેમની મૂર્તિ છે. તેના સમાગમમાં રહેવાથી દુનીઆદારીના ઘણા ખરા કામો આપણી શકિતના અભાવે તેનાજપ્રતાપે કરી શકીએ છઇએ. અને તેટલા માટે તે શકિત પણ કહેવાય છે. ધાર્મિક ક્રિયામાં તે આપણી અનુસંગી હોવાથી સહધર્મિણી પણ કહેવાય છે. આપણા વંશની વૃદ્ધિ કરનાર પુત્રરત્નને તેના ઉદરમાં રાખતી હોવાથી તે જાયા પણ કહેવાય. તેટલા માટે જીવનની દરેક સ્થિતિ, ધર્મ, અર્થ, મોક્ષ અને કામમાં એ એક ખરી સહચારી છે. આપણી જો એવી ઇચ્છા હશે તો તે નર્કમાં લઈ જશે. યદિ સ્વર્ગની અભિલાષા હશે તો તેમ પણ કરી શકશે. આપણા બંધન અને મોક્ષના પંથની તે માર્ગ દર્શિકા છે. તેવી વ્યકિતને અનાદર કરવાના વિચાર આપણા મગજમાં પ્રાદુર્ભાવ નહિ થવા જોઈએ. વિશ્વમાં પ્રત્યેક સ્ત્રીને સન્માન આપવાને ભૂલશો નહિ. સ્ત્રીનો અનાદર એ આપણી જાતના વિનાશનો આદર છે. પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસમાં તેવા બનાવો મોજુદ છે. કૌરવનું જડમૂળથી ઉચ્છેદન એ દ્રૌપદીના તિરસ્કારને આભારી હતું. રાક્ષસ જાતિનું નિકંદન સીતાના માનભંગને લીધેજ હતું. ટ્રોય લોકોનો

નાશ એ હેલનની ગેર આબરૂનું પરિણામ હતું. મુગલ બાદશાહીની ધૂળધાણી એ સરોજીનીની ઉપેક્ષામાં અંતર્વ્યક્ત હતી. ગુજરાતના છેલ્લા હિંદુ રાજા કરણઘેલાના રાજ્યનું અસ્ત મુહૂર્ત સ્ત્રીના અનાદરથી થયું હતું. છેલ્લી છેલ્લી થઈ ગયલી પાવાગઢની પડતીના કારણોમાં પણ સ્ત્રી અનાદર પ્રાધાન્ય જણાયો છે. આવા અસંખ્ય બનાવો લગભગ પ્રત્યેક ઘરમાં મળી શકે છે. તે શોધવા કંઇ બહુ દૂર જવું પડે તેમ નથી. જ્યાં સ્ત્રી સન્માન નથી, ત્યાં શાંતિ અને સંતોષ નથી. તહ્મારી સ્ત્રીને આદર્શનીય બનાવો. યાદ રાખજો કે "સ્વામિની વફાદારી એજ સ્ત્રીનું સૌંદર્ય છે." શરીરના અવયવો નાજુક કે સુંદર નહિ હોય તેની હરકત નહિ; પરંતુ તે સદગુણનો ભંડાર હોવી જોઈએ. પતિના—ભલાં કે બૂરાં—માબાપોને, વડિલોને અને બંધુઓને તેણે સર્વદા તાબેદાર થવું જોઇએ. આનું નામ તે સ્ત્રી. આનું નામ તે સહધર્મિણી. આપણી આંખથી સુંદર દેખાય એવી સેંકડો નયનસુંદરી મળી શકશે; પરંતુ હૃદયસુંદરી મળવી અતિ કઠિણ છે.

હિંદુ સ્ત્રીને કોઇપણ દિવસ વિદેશી શીક્ષણ આપશો નહિ. પાશ્ચત્ય પધ્ધતિ બતાવશો નહિ. ફેશનના રંગે રંગશો નહિ. તેમ સેફ્રેજીસ્ટના શિષ્યા બનાવશો નાહ. પ્રાચીન રૂષિ પ્રણીત ગૌરવશીલ શાસ્ત્રોના અધ્યયન કરાવજો. સાદાઈ અને નમનતા રંગો ચઢાવજો. આદર્શનીય સતિઓના જીવન ચરિત્રો ગાઈ સંભળાવી વિશ્વ વંદનીય જીવન બનાવજો. તહ્મારા પોતાના સંતાનના

અને અનાથના બેલી થવાનું શીખવજો. એ ટાપટીપના—એ ચીનાઈ તકલદીના, એ સ્વચ્છંદીના ખ્યાલ પણ તહ્મારી સ્ત્રીને થવા દેશો નહિ. તહ્મારી સ્ત્રીને તહ્મારાજ દેશના વાતાવરણમાં રાખો—તેજ શીખવો—તેજ બતાવો. આ ચૂકયા, તો યાદ રાખજો કે દુધ લેવા જતાં દારૂ લઈને પાછા આવશો. નમુનેદાર દંપતિનું પૂજન કરવા પહેલાં તહ્મે પોતે "અનુપમ દંપતિ" બનો. "પુત્ર પ્રાપ્તિ માટે લગ્ન કરવાં જોઈએ" એવું શાસ્ત્ર વચન સાચું ખરૂં; પરંતુ તેથી બધાજ "પુત્રો" કહેવાતા નથી. વડિલોને અશૌચ યોનિમાં જતાં અટકાવનાર માત્રજ પુત્ર છે. બીજા તો કામના—સંભોગના પુત્રો છે. ઘરની ભરતી કરવા માટે સ્ત્રીઓ નથી. એ પણ યાદ રાખજો કે બહુ સંતાનમાં બહુ પીડા છે. તહ્મારા પુત્રો એ અકેક ભૂલની નિશાન છે એમ માનતા રહો. તેને માટે તાલાવેલી નહિ કરો. આ સુરતી મીઠાઈ છે. તેનો સ્વાદ નહિ ચાખવામાં લાભ છે. જેને એનો સ્વાદ લાગી ગયો છે તેને આખી જીંદગી સુધી પસ્તાવું પડે છે. શામાટે આવી અનુતાપની સ્થિતિ ભોગવવા ઘેર ઘેર ભટકવું જોઈએ? પહેલાં તહ્મે એકલા હતા—હવે તમે બે થયા છો. વધારે ગુંથાવવાની આશા ન કરો. દેહલગ્નથી તહ્મે એક થયાછો. હવે આત્મલગ્નથી એક થાઓ. એકરૂપ થાઓ. અને તેના સામર્થ્યે વ્રજધામમાં પહોંચો. જયાં સુધી

તહ્મારામાં ભિન્નતાના અંકુરો રહેવા પામશે—ઐક્યતા સંધાશે નહિ ત્યાં સૂધી તે શાશ્વત ધામમાં જઇ શકશે નહિ. યદિ સંસ્કારના પ્રાબલ્યે તે અનુપમ પ્રદેશમાં પ્રવેશ કરો, તો તહ્મને સુખની છાંયા સરખી પણ શોધ્યે નહિ મળે. શાંત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને મધુર આ ભકિતના પ્રકાર છે. તેહ્માં મધુર ભકિતનો પ્રકાર અતિ મિષ્ટ અને મનમોહક છે. જરા તેનો સ્વાદ લઈ જુઓ. સોપારી અને નાળીએરીના વૃક્ષો—તેના પર્ણ પણ—સીધા ને સીધા ઉંચા વધ્યા જાય છે, તેનું મહત્વ તહ્મે જાણો છો ? તેને કોઇ પણ જાતની ડાળ અને ડાખલી હોઈ શકતી નથી અને તેટલા માટે તે ગગન ચૂમ્બીત થઈ શકે છે. તેજ પ્રમાણે જો આપણે પણ સંતાન રહિત હોઈએ તો આપણા ઉભયના હૃદય એક થશે—ઉચ્ચ અને ઉચ્ચતર ભાવનાનું પ્રકટી કરણ થશે અને માત્ર શ્રી કૃષ્ણના ચરણારવિંદનેજ પામવાની તૃષ્ણા રહેશે. સુવર્ણના કે ઝવેરાતના અલંકારો પહેરાવવા કરતાં—ફેશનના ફંદામાં ફરાવવા કરતાં તહ્મારી સ્રીને નિરંતર આધ્યાત્મિક આભૂષણોથી સજેલી રાખો. તહ્મારાજ સંતાનની તે માતા થાય એટલીજ કેળવી બેશી રહેશો નહિ. સકળ વિશ્વની તે માતા થાય તેટલી કેળવજો. યાદ રાખજો કે એ નાજુક જાતનાં હૃદય કઠિણ થયાં તો વજ્રને પણ ભારી પડશે. નાજુક શરીરને નાજુક હૃદયજ ઠીક છે. જન્મથી

તેમનામાં કોમળતા છે એટલે એ કોમળતાને કેળવવાને કંઈ ભારે નહિ લાગશે.

લગ્ન એ સ્વસંતોષને માટે નથી. વડિલની સેવાના સંજોગ અવરનવર મળતા રહે છે; પરંતુ સ્વજનની સેવા કેટલીક વખત અસંભાવ્ય થઇ જાય છે. તેટલા માટે પ્રેમાનુસંગીની ખાસ આવશ્યકતા છે. જેને તહ્મે તહ્મારી અનુસંગીની ગણી છે તેને તેની ફરજોથી સંપૂર્ણ વાકેફ કરજો. તહ્મારી સ્ત્રી તે મોજશોખનું સાધન છે એવા વિચારથી છળાશો નહિ. સર્જન, સંરક્ષણ અને સંહારના ત્રણે ગુણો તેનામાં સ્થિત છે. આ અદ્દ્ભુત ભંડારમાંથી મનુષ્યને જે જોઇએ તે મળી શકે છે. જરા યાદ કરો કે જે સમુદ્ર મંથનમાંથી અમૃત અને લક્ષ્મીની ઉત્પત્તિ થઇ હતી. તેજ સમુદ્રમાંથી પ્રાણઘાતક વિષ પણ ઉત્પન્ન થયું હતું. કૃષ્ણએ કૃપાવંત થઇ વિષ અને લક્ષ્મીના સમુદાયવાળી સ્ત્રી તહ્મને આપી છે. તહ્મારે હવે જે જોઈએ તે તેની પાસેથી લઈ લો. તહ્મારી સ્ત્રીને દેવી કિંવા પિશાચિણી બનાવવી એ તહ્મારા હાથમાં છે. સ્ત્રીએ વિશ્વની માતા છે અને તેવાજ દરજ્જામાં તેનું સન્માન થતું રહેવું જોઇએ. તહ્મે શિવ સ્વરૂપ થઇ જાઓ. દેવ અને દાનવ એક ભાવથી તહ્મારૂં નિરીક્ષણ કરશે. ક્રિયાની સાથે પ્રતિક્રિયા જોડાયલી હોય છે. સ્નેહ ભર્યું વર્તન સ્ત્રી પ્રતિ રાખશો તો તેનો

અવેજ પણ તેના તરફથી તેવોજ મળશે. તહ્મારી સ્ત્રીને એવી આદર્શ રૂપ બનાવો કે વડિલોની પ્રાથમિક સેવાથી ભારતના અનાથ કંગાલ દુઃખી સંતાનોની સેવા ઉઠાવવાને સમર્થ થાય.

શાસ્ત્રકારોએ સ્ત્રીને સહધર્મિણીની પદવી આપી છે. આ વિશ્વમાં જેને આવી સ્ત્રી મળી છે તેજ ખરો સુભાગી અને સુખી છે. તે સ્વર્ગની કિંવા મુક્તિની ઇચ્છા પણ કરતો નથી. તેને માટે વિશ્વમાં કોઈપણ બંધન નથી. તેમ વિશ્વને નર્કની પંક્તિમાં મૂકવાને તેને કારણ પણ નથી. તેના મંદિરમાં પવિત્રતા અને શાંતિનો નિરંતર નિવાસ છે. તહ્મે પણ તેવા થાઓ અને મને સુખી કરો એવી મ્હારી પ્રાર્થના છે. જેના ભાગ્યમાં આજ્ઞાપાળક સ્ત્રી નથી તેને વૈકુંઠ પણ નર્ક જેવું લાગે છે. તેને મન જીવન એ મરણ અને મરણ એ જીવન છે.

જ્યાં સૂધી પતિ અને પત્ની એકરૂપ થયા નથી, ત્યાં સૂધી ઇચ્છીત ધામ મેળવી શકાતું નથી. ત્યાં એકલડોકલ જવાની વાતજ નહિ કરવી. આ ઉપરથી તહ્મે એવા અનુમાન પર પણ ઢળી જશો કે જેઓ કુંવારા–બ્રહ્મચારી છે તેને માટે એ ધામ નથી. એમ સમજવાનું નથી. સંયોગી સહેલાઇથી જઈ શકે છે; જ્યારે યોગી કંઈક મૂશ્કેલી અનુભવીને

પહોંચી શકે છે. અંતર માત્ર આટલોજ છે. એકલા જવામાં ઉગ્ર વૈરાગ્ય અને સમર્થ યોગથી પોષીત થવું પડે છે. અગસ્ત અને વશીષ્ટ રૂષીના આશ્રમની ચોમેર સુંદર ઉપવન ઝુલી રહ્યાં હતાં. તે ઉપવનના વૃક્ષોપર રૂષીની જે જે ઈચ્છા થતી, તે તે ઈચ્છાના ફળો પાકતા. એ તેઓના ઉગ્ર યોગ બળનું પરિણામ હતું. અર્વાચીન કાળમાં આપણે વૃક્ષની કલમ કાપી કાપીને ભૂમીમાં દાટીએ છઇએ અને આપણા જોઇતાં ફળો આપણે લઈએ છઇએ. આ અર્વાચીન સુગમતાનું પરિણામ છે. આ ન્યાયે કૃષ્ણની સાન્નિધ્ય જવામાં સંયોગીનો પંથ સુગમ છે. આમ છતાં દેહના સંયોગીનું ત્યાં કામ નથી. આત્મસંયોગી–આત્માથી જે એકરૂપ થઈ ગયા છે તેજ તે મૂકામપર પહોંચી શકે છે. એક આત્મમય થવાને અતિ સાદા પણ નિસ્વાર્થ પ્રેમથી અરસપરસ ચહાવા–ચહાવવા જોઇએ. સ્વાર્થ વૃત્તિનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. દગલબાજીને નિષ્કપટતામાં ફેરવી નાંખવી જોઇએ. ઉભયના હૃદયમાં પણ નિરંતર અરસપરસ સ્મરણ થતું રહેવું જોઇએ. અને તેમ બનવા–બનાવવામાં પ્રભુને પણ વિનીત ભાવે યાચના કરવી જોઇએ. આમાં ધૈર્યની ઘણી જરૂર છે. અને તેની કદર અવર્ણનીય આનંદની પ્રાપ્તિમાં પણ થશે. તે આનંદનો અનુભવ આપવો એ માનુષી શકિતની બહારજ છે. અવર્ણનીય છતાં તે

સ્પર્શીત અને અનુભવીત છે. જે કૃષ્ણના પ્રેમના ઘેલા છે તે એ આનંદના અનુભવની વાત જાણે. કવિ ચંદીદાસ રામી ધોબેણમાં તદ્દન એક રૂપ થઈ ગયો હતો. જયદેવ અને તેની સ્ત્રી પદ્માવતી આત્મસ્વરૂપ થયાં હતાં. અને પછીથી તેમણે અનુપમ આનંદનો લ્હાવો પણ લીધો હતો. આ વિશ્વની સપાટીપર એવા સેંકડો હશે. પણ તેમની એક સરખી પીછાન થવી એ સામાન્ય વ્યકિતને ભારે થઈ પડે. જેઓ એક ઘરનાં છે-જેઓ એક કુટુંબના ભાઈ ભાંડુ છે, તેઓ એક બીજાને જાણી શકે છે. બીજાને માટે તે અશકય છે. બજારમાં પણ તમે પાસે હો છતાં, તમને કોઇ ઓળખી શકતું નથી. કૃષ્ણના મંદિરમાં પણ આજ ન્યાય પ્રવર્તીત છે. ત્યાં જવાની જેની રજા-પરવાનગી મળી ગઇ છે તે અન્યને પણ પીછાણી શકે છે.

સુખી થવું એ આપણો મુખ્ય આશય છે. એજ સુખનો વખવખો સંપત્તિની અને સંતતિની વિવિધ લાલચો આપી આપણને છેતરે છે. આવા વખવખાને લીધે પરમ સુખ અને આનંદના આદિ કારણરૂપ કૃષ્ણના ચરણારવિંદનું આપણને વિસ્મરણ થાય છે. આમ છતાં માયાનો ચૂરો કરી કૃષ્ણના પદાંબૂજને પામવા કેટલાક વીર અંતે નીકળી આવે છે. તમે તમારા કૌટંબિક જાળમાં પડેલા હોવાથી કૃષ્ણની સાધના તમને અસાધ્ય જણાય છે; પરંતુ તે તેમ

નથી. કંઇક હિકમતની જરૂર છે. તે મળી ગઈ તો પછી એના જેવો સુતરો–સુગમ રસ્તો બીજો કોઈજ નથી. સ્ત્રી એ બંધનકારક છે. તેને ગળે નહિ વળગાડવી એમાં શ્રેય છે. પણ ચાલાક રહો; દેવોનું પૂજ્ય સ્મરણ કરતા રહો–તમારી સાથમાં–સોડમાં તમારી સ્ત્રીને રાખો–પછી તમે જોશો કે તમારા સર્વ પંથો સગુંધીત સુમનોથી આચ્છાંદીત છે. એ પંથે ચઢયા પછી ભકિત કરતા સુખે આગળ વધ્યા જાઓ. એક કાંકરી સરખી પણ ખૂંચશે નહિ. સ્ત્રી વગર આ પંથ કાંટા વિનાનો લાગશે ખરો; પરંતુ તે અતિ શુષ્ક, ઉદાસીન અને નિર્જન રણસમાન લાગી આવશે. તે પંથમાં સુવાસીક સુમનોના બીજા ઉપવનો નથી તેમ અંતરે–આંતરે પાણીના ઝરણાં નથી એ નિર્વિવાદ છે કે તે પંથમાં કાંટા બીલકુલ નથી; પરંતુ તે અતિ ઉચ્ચ અને સંકોચિત છે. નજર ઠેરવીને ત્યાં ચાલવાનું છે. નજરચૂક થતાં કયાંએ ગબડી પડશો તેનો પત્તો પણ પછી લાગશે નહિ. આ પંથે ચઢતાં પહેલાં એ પણ આવશ્યક છે કે પંથીએ પોતાની શકિતનું વજન કરી લેવું. નિતાઈને માટે સાંસારિક જીવન નિરૂપયોગી હતું. તે ગૌરાંગ પ્રભુને નીભી શકતું હતું. આપણા જેવા ક્ષુલ્લક જીવોને એકલ ગામી થવા અતિ કઠિણ પડે. કૃષ્ણ તેટલા માટે નીતાઇ સ્વરૂપે પ્રકટયા. સાંસારિક જીવનમાં પ્રવેશ કીધો અને

આપણુને માટે નિત્યાનંદનો માર્ગ સદાનો ખુલ્લો મૂકી ગયા. આ પંથમાં ચઢયા પછી કવચિત્ તહ્મે ગબડો તો તેહ્માં ન્હાનમ જેવું કંઇ નથી. આ પંથમાં આ એક લાભ છેઃ- જો તહ્મે ચૂકયા તો તહ્મારે વધારે ખોવા જેવું નથી-વિજયી થયા તો તો તહ્મારા લાભ અને નફાની વાત જ કરવાની નથી. ઉભય દૃષ્ટિથી આ પંથ લાભદાયક છે.

જે બંધનોમાં જકડાઇ ગયા છે તેને સ્વતંત્રતાનું સુખ નથી. પોતાના જીવનના નિભાવાર્થે શું શું ખાવું તેની પણ તેને સમજ પડતી નથી. નદી-ઝરણાંને કાંઠે બેઠા છતાં તેઓ તરસ્યાજ મરે છે-કેમકે તેવો તેહ્મને અભ્યાસ નથી. બીજાને સ્વતંત્રામાં મહાલતાં, નિહાળતાં છતાંએ પોતાની પૂર્વ સ્થિતિનું સ્મરણ થતું નથી. મનુષ્યોની સ્થિતિનું આવું અવલોકન અહ્મારા ગૌર પ્રભુને જણાયાથી ઉત્તરાવસ્થામાં તેને ગૃહસ્થાશ્રમી થવાનું ઉચિ-ત જણાયું. આ દુનીઆને માટે તેહ્મને શિશ્વાસ્થાથીજ અનાદર હતો; તથાપિ આપણા ભલાને માટેજ ગૃહસ્થાશ્રમી થવાને ન્યાય દૃષ્ટિમાં વિશેષ રૂચ્યું. “ કૃષ્ણ ” એ તહ્મારો મંત્ર રહો અને એ મંત્ર સાથ ગમે તે માર્ગમાં પ્રવેશ કરો, છતાં તે સુગમ અને સરળજ જણાશે. એ મંત્રના અધ્યયનમાં કઠિનતા કે કલીષ્ટતા છેજ નહિ. સર્વદા શાંતિ અને આનંદ છે.

માત પિતા પ્રત્યે પૂજ્ય ભાવના.

માતાને સ્થૂળ દેહધારી શ્રી કૃષ્ણ સમાન માનવી એ દરેક જણનું કર્તવ્ય છે. જે માતાએ ગર્ભને ધારણ કર્યો, પુત્ર તરીકે જન્મ આપ્યો અને લાલન-પાલન કરી પુષ્ટ કીધો તે માતામાં પ્રભુની પ્રભુતા નહિ હોય તો અન્ય કયાં દેખાશે ? વિશ્વનું સર્જન, સંરક્ષણ અને સંહાર ઇશ્વર કરે છે. માતા પણ તેજ પ્રમાણે પુત્રના સંબંધમાં કરે છે. ત્યારે મ્હારી માતા મ્હારા પોતાના સંબંધમાં પ્રભુ તુલ્ય કેમ ન બની શકે ? વળી જુઓઃ— ઈશ્વરની એક નિશ્ચીત મૂર્તિમાં નિશ્ચીત પ્રકારમાં હું પૂજન કરૂં છું. બીજા બીજાજ સ્વરૂપમાં ને બીજા પ્રકારમાં પૂજન કરે છે. તે જોઈ યદિ હું તે પૂજ્ય સ્વરૂપને કિંવા પૂજ્ય પ્રણાલિકાનો અનાદર કરૂં તો હું પાપી ગણાઉં કે નહિ ? તેવીજ રીતે હું મ્હારી પોતાની માતાને દેવી સ્વરૂપ માનું અને બીજાઓની માતાઓનો અનાદર કરૂં તો મહાપાપનો મેં સંચયજ કીધો છે, એમ મ્હારે નિશંકપણે માની લેવું જોઇએ. તેટલા માટે સર્વ માતાને પોતાની માતા તુલ્ય લેખવી. શ્વાન અને માર્જારની સ્ત્રી

પ્રત્યે સુદ્ધાં અનાદર ન થવો જોઈએ. જે માતાએ પોતાના હૃદયના રકત વડે ઘણી સંભાળ પૂર્વક લાલન-પાલન કીધું છે, તેજ માતા પ્રત્યે પ્રેમ અને ભકિત પૂર્ણ સન્માન આપવું એ પ્રત્યેકનું કર્તવ્ય છે. પોતાની માતાથી પરમ દેવ બીજો કોઈ નથી. ઇંદ્રિ, ચંદ્ર, સૂર્ય આદિ તેત્રીશ કોટિ દેવો એહ્માંજ સ્થિત છે.

માતપિતાની સેવા ઈશ્વર સ્વરૂપમાં થતી રહેવી જોઇએ. તેમ થાય તોજ પરમકૃપાળુ પરમાત્માની કૃપાની પ્રાપ્તિ થાય. જેણે પોતાના માતપિતાની સેવા કરી નથી-સેવા કરતા જેને આવડયું નથી તે વિશ્વના માતપિતા તરીકે માન્ય થયેલા ઇશ્વરની સેવા શું કરવાના હતા? "ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાને આટો" જેવી વાત છે. જો અત્યારે તહ્મે ધ્યાંન નહિ આપશો તો બેદરકાર વિદ્યાર્થીની માફક આખી જીંદગી પર્યંત ભૂલ થાપમાં રહેશો. માટે કંઇ વિશેષ લક્ષ આપી તહ્મારે તહ્મારા પાઠોનું અધ્યયન કરવું જોઇએ. તહ્મારા માતપિતાની સેવા એ તહ્મારા અધ્યયનનો પ્રથમ પાઠ છે. એનું પઠન પરિપકવ નહિ કરશો તો તહ્મારે ઠોઠ રહેવું પડશે અને પરીક્ષામાં ઉતીર્ણ થવું કઠિણ થઇ પડશે. માતપિતાને ઇશ્વર સ્વરૂપ લેખી તહ્મારે તેની સેવા કરવી જોઇએ અને પૂજ્ય ભાવથી સાષ્ટાંગ વંદન પણ કરવાં જોઇએ. જો કોઈને પણ સ્થૂળ દ્દષ્ટિથી

દેવતાઓના દર્શણ કરવાની અભિલાષા થાય તો તેમને તેમના માતપિતાના શરીરોમાં જોવા દો. મેટ્રીક્યુલેશનની પરીક્ષા પસાર કર્યા વિના બી૦ એ૦ થઇ શકાતું નથી. તેવીજ રીતે માતપિતાની સેવારૂપિ મેટ્રીક્યુલેશન પરીક્ષામાં ઉતીર્ણ થયા શિવાય વિશ્વ વિદ્યાલયમાં પ્રવેશ થવાની અને તેની કસોટીમાંથી ઉતીર્ણ થવાની કલ્પના કર્યા કરવી એ બીજું કંઇજ નહિ પણ ચક્રમની ધૂનજ કહેવાય.

જે જે દ્રશ્ય પદાર્થપર મ્હારી દ્રષ્ટિ પડે છે તે સર્વમાં માતૃ પ્રેમની ઝંખના થયા કરે છે. મ્હારી માન્યતા પ્રમાણે જો આ માતૃ પ્રેમનો પ્રકાર વિશ્વમાં હોત નહિ, તો સૃષ્ટિના અસ્તિત્વને માટે શંકા સ્થાન રહે તે. જળ વિના કોઈ છોડનું જીવન નથી તેમ માતૃ પ્રેમ વિના આ સૃષ્ટિનું પણ જીવન નથી.

જેને માતાના આશિર્વાદ છે તેને દુનીઆમાં કોઈપણ જાતનો ભય નથી. કોઈપણ જાતની તેને ન્યૂનતા પણ નથી. આનંદ અને શાંતિમાં તે દિવસ નિર્ગમન કરે છે અને અંતે શ્રી કૃષ્ણના પાદામ્બૂજને પામે છે. જે પોતાની માતાને મહા કનડતો હોય–ત્રાહ્ય ત્રાહ્ય કરાવતો હોય–રાત્રિ દિવસ નયન ઢળાવતો હોય તેની સંપત્તિ–આબાદી, પછી ભલે તે મહાન્ ધનાઢ્ય હોય, કિંવા તપસ્વી હોય, પણ, નષ્ટ થઈ

જાય છે. અને તેહ્નાને માટે અઘોર કર્મનું નર્કસ્થાન શિવાય બીજું સ્થાન ખુલ્લું રહી શકતું નથી.

માતા કોણ છે એ સ્પષ્ટતામાં મ્હને કહેવા દ્યો. ગાય આપણને દૂધ આપે છે માટે એ માતા છે. પૃથ્વિ પોતાના વક્ષસ્થળમાં આશ્રય આપે છે. માટે એ માતા છે. દેવ અને દેવી આપણા હિતના પોષક હોવાથી તે પૂજ્ય છે. ઉતમ અને અધમ માર્ગનું બોધન સંત પુરૂષ તરફથી મળતુ રહે છે. માટે તે પણ ઉપાસ્ય છે. અને મોક્ષ માર્ગે કેમ ચઢવું તે ગુરૂ સમજાવે છે એટલે તે મહાન પૂજ્ય છે. હવે આપણે અનુભવીએ છીએ કે માતા દૂધ આપે છે—વક્ષસ્થળમાં આશ્રય આપે છે—આપણી હિતેચ્છુ બને છે. વ્યાવહારિક સેવાના પ્રકારથી ઇશ્વરોપાસનાના પ્રકાર પર્યંત વિવેચનસર સ્પષ્ટીકરણ કરે છે. આપણા કર્મ અને અકર્મ માટે માતા આપણને સૂચના આપે છે. અને આપણા ભવિષ્ય માટે નિરંતર આતુર મુદ્રાએ વાટ જોયા કરે છે. આ સર્વ ગુણો—ગાયના, પૃથ્વિના, દેવના, દેવીના, સંતના અને ગુરૂના—માતામાં સ્થિત છે! માટે એક માતા સંતુષ્ટ રહે તો આ સર્વને સંતુષ્ટ કર્યાનો લાભ મળે!!!

જ્યાં સૂધી તહ્મારા માતા જીવતા હોય ત્યાં સૂધી તો તેહ્નાને સંતૃપ્તજ રાખજો. કૃષ્ણ તુલ્ય એને માનજો. તહ્મારી

સેવાથી તમારી માતા પ્રસન્ન થાય અને આશિર્વાદ આપે તો તે આશિવર્ાદ અફળ નહિજ થાય એ પણ નિશ્ચય માનજો. માતાના આશિર્વાદ કોઈ કાળે અફળ થયા નથી, અને થશે પણ નહિ. આ નક્કી માનજો. તેના આશિર્વાદ લેવાનીજ વાંચ્છના તમે રાખજો.

માતપિતાના પ્રેમમાં કે વર્તનમાં કદી ન્યૂનતા હોય તો તેને માટે ખોટા ખ્યાલો તમારે આણવાના નથી. એવા ખ્યાલો કરવામાં તમે મહાન્ માનસિક પાપો કરો છો. પોતાને દયાહીન માતપિતા હોવા એજ પાપાત્મક કર્મો-સેવાનું પરિણામ છે. ત્યારે શા માટે નવિન દુઃખો સહન કરવા નવિન પાપનો સંચાર કરો છો ? તેટલાજ માટે હું કહું છું કે તમારા માતપિતાને તમારા અંતસ્મરણમાં પણ ચૂકશો નહિ. પોતાની અવદશાને માટે તમારા દુષ્કર્મને કારણભૂત ગણો. આવી ભાવનામાં જ્યારે રમણ કરશો ત્યારે કૃષ્ણ તરફથી સુખની ભેટ તમને મળશે.

માતપિતાના ચરણારવિંદની પવિત્રતાથી ઉચ્ચતર બીજી પવિત્રતા નથી. તમે તેને શરણે જાઓ. તેનો આશ્રય લો. તેમ કરવાથી અન્ય ચરણારવિંદના દર્શણનો લાભ મળશે. ઘેર બેઠા ગંગા જેવું છે. "પિતા એ ધર્મ છે-પિતા એ સ્વર્ગ છે" એવા ઉત્તમ વિચારોનું પ્રકટીકરણ કરો. તેનું પોષણ કરો. તેની મહત્વતા આપોઆપ તમને જણાઈ આવશે.

માતપિતાના ચરણામૃતને પ્રવિત્ર માનો. એ ચરણાંમૃતના પાન કરવાથી પ્રતિત પાવન સરિતામાં સ્નાન કરવાનો લાહાવો મળે છે. દુનીઆની ઉપાધીથી મુકત થવાય છે. કૃષ્ણ પ્રેમમાં પ્રવેશન મળે છે અને વૃદ્ધિ પણ થાય છે. એ સંબંધી તમે નિઃશંક રહો. કોઈ પણ પ્રકારે તમારા મનને સંકાશીલ થવા દેશો નહિ.

માતાને–પિતાને–વડિલ બંધુને અને બીજા મુરબ્બીઓને પૌરૂષય સ્વરૂપમાં દેવવત્ ગણી તેની પ્રસન્નતા સાચવતા રહો. યુધિષ્ટર અને તેના ચારે ભાઇઓએ કૃષ્ણની જે અમાપ કૃપા સંપાદન કરી હતી તે કંઇ તેમના તપોબળના કે ધર્મ ભાવનાના પ્રભાવે નહિ હતી. કુંતીમાતાની અનન્ય ભાવથી કરેલી સેવાનેજ કૃષ્ણ કૃપા આભારી હતી. તે સેવાના લાભમાં સર્વ શક્તિમાન કૃષ્ણ સખા થઇને રહ્યા. વનવાસમાં પોતાના પુત્રનું રક્ષણ કરવાને કુંતા માતાએ કૃષ્ણને વિનવ્યા હતા અને વિનતિનો તેણે સન્માન પૂર્વક અમલ પણ કીધો હતો. લક્ષ્મણ બાર વર્ષ પર્યંત ક્ષુધા અને નિંદ્રા રહિત રહ્યા તે કોના પ્રતાપે ? તેમના માતાની તેવી ઇચ્છાજ હતી. કહો ત્યારે, માતાનો કોણ તિરસ્કાર કરે ?

વેદના વચન સત્ય છે. માતૃ વચન પણ સત્ય છે. વેદ વાકય પ્રમાણરૂપ, ફળોત્પાદક અને કાર્ય શકત છે.

માતૃ વચનમાં પણ તે ત્રિપુટી સ્થિત છે. માતૃ વચન કોઈ કાળે અફળ થઇ શકતું નથી. માતપિતા સ્થૂળ સ્વરૂપે દેવ અને ગુરૂ છે. તેમનું નિંદ્રામાં કે સ્વપ્નામાં પણ વિસ્મરણ થવા દેશો નહિ. તમારી માતા તમારી સાથે હોય તો તેમને પ્રેમ પૂર્વક વંદન કરો. યદિ વિમૂખ હોય તો આંદોલનદ્વારા પણ તે વદંન પહોંચાડવા ચૂકશો નહિ. તમે ભૂલી નહિ જાઓ એ માટે ખૂબ સાવધ રહેજો. એમાં સલજ્જ થવાનું કારણ નથી. તમારા લજ્જા સ્વભાવથી અધર્મના પંથને વિશેષ વિસ્તારશો નહિ. દેવ સન્મુખ લજ્જા કેવી હોય? "માતપિતા જેના વિમૂખ છે તેનું તેણે સ્મરણ કરવું જોઈએ" એવું શાસ્ત્ર વચન છે.

તમારા માતપિતા અને વડિલ પ્રત્યે પૂજ્યભાવ રાખો. તેઓ કદાપિ ગફલત કરતા હોય તથાપિએ તેમના વચનથી કે કર્મથી માઠું નહિ લગાડશો. આપણને તરતાં આવડતું નહિ હોય અને પછી પાણીમાં ડૂબી જઇએ તો તેમાં કોનો દોષ? પાણીનો કે આપણો? નાદાનીથી આપણે આપણો હાથ દેવતામાં ધરીએ અને પછી દાહ્ય થાય તેમાં કોની ભૂલ? દેવતાને દૂષિત નહિ ઠેરવતાં આપણેજ દૂષિત ઠરીએ છઇએ. તેજ ન્યાયે આપણા માતપિતા કિંવા વડિલ વર્ગ કંઇક અરૂચિ પડતું કહે કિંવા કરે તો તેમાં તેમનો દોષ નથી. આપણા કૃત્યનો દોષ કાઢવાનો છે.

માતપિતા નારાજ થાય એવા કર્મ કરતાંજ આપણે અટકવું જોઈએ. પછી તેમને કટુવેણ કે ઠપકા સંભળાવવાની આવશ્યકતાજ રહેશે નહિ.

તમારા પતિને સર્વોત્તમ દેવ સ્વરૂપ માનો. તેના માતપિતા તે તમારા માતપિતા છે. એવી અભેદ ભાવના રાખો. જે માતપિતાએ તમને જન્મ આપ્યો છે તેમણે હવે તમારા લગ્ન કરી અન્યને સોંપી દીધાં છે. તમારૂં દાન થયલું હોવાથી કોઇપણ પ્રકારે તમારા પર તેમનો હક નથી. તે હક તમારા પતિને અને પતિના માતપિતાના સ્વાધીન થયા છે. તેટલાજ માટે તમારા સાસુ-સસરાને તમારા પોતીકાં માતપિતા માનો. તેમ માની તેમનું, ઉપાસ્ય બુદ્ધિથી પૂજન કરતાં રહો. જો તેઓ સંતુષ્ટ થશે તો તમારે કોઈપણ જાતની ઉપાધી નથી. તેના આત્મા ખિન્ન થયે વૈકુંઠમાં તમને પણ સુખ મળશે નહિ.

હરકોઈ પૂજનમાં નારાયણના સ્વરૂપની અને ચિંત્વનની આવશ્યકતા હોય છે. તેમ તમારા ભૌતિક કર્મોમાં તમારા પતિની હાજરીની અને તેના સ્મરણની આવશ્યકતા છે. નારાયણની આરાધનાથી સર્વ દેવ સંતુષ્ટ થાય છે તેમ અનન્ય ભાવથી પતિના આરાધનથી સર્વ કોઈ સંતૃપ્ત રહે છે. તેને અન્ય આરાધન કરવાની જરૂર રહેતી નથી!

જીંદગીની પ્રણાલિકા

વિશ્વમાં જે કંઈ દૃશ્ય છે તે સર્વ ક્ષણભંગુર છે. આજે જેનું અસ્તિત્વ છે તેનું કાલે અનસ્તિત્વ છે. આવી ક્ષણિક વસ્તુમાં જે મુગ્ધ થાય છે તેને તો છેતરામણુ છે. પોતાની જાતનું વિસ્મરણ કરી પોતાના સંતાનના પ્રેમમાં કેટલાક એવા જકડાઇ જાય છે—ગાંડાતૂર થઈ જાય છે કે જ્યારે તેહ્મનો ત્યાગ કરવાનો પ્રક્રૂર કાળ આવે છે ત્યારે અનહદ આજીજી કરતાં છતાંયે દુઃખ દાવાનલમાં બળતાં રાખી જવાને ફરજ પડે છે. આવી સ્થિતિને વશ થતાં તેઓ અનુભવે છે કે વિલાપ કરવાને ખાતરજ તેઓએ પ્રેમ કીધો હતો. આજ પ્રમાણે કેટલાક પતિ પ્રેમાશકત થતાં કેટલાક પત્ની પ્રેમાશકત થતાં મુંડાઈ જાય છે.

દુનીઆ ચાર દિવસની ચાંદરણી છે. તેના સુખ દુઃખ પણ તેવાજ અસ્થાયી છે. માટે આવા મોહયુકત મોજ શોખ કે એશઆરામથી ચલીત થઈ શાશ્વત સુખાનંદને ભૂલશો નહિ. કૃષ્ણ આપણા સાચ્ચા મિત્ર છે—આપણા સગોત્ર બંધુ છે—જીવનના જીવન છે અને મજબૂત સહાયકારી છે. યદિ કૃષ્ણ વિનાની બીજી કંઇ વસ્તુની પ્રાપ્તિની ઈચ્છારાખી તો પરિતાપ શિવાય તહ્મારા ભાગ્યમાં બીજું કંઈ મળશે નહિ.

પ્રેમથી પરિપૂર્ણ થયલી પ્રત્યેક સ્થિતિના તે એકલાજ ભીડભંજક સાથી છે. આવા નિષ્કપટી જીવજાન મિત્રને ભૂલી માયાના ધૂર્ત મિત્રોની મૈત્રી બાંધવાં જતાં અને કૃપા સંપાદાન કરવામાં આપણે મ્હોટી ગફલત ખાઇએ છઇએ. જગત્માં ચિરસ્થાયી કોઇ નથી. આપણા કેટલા જીવન ગયા? કેટલા પ્રેમાશક્ત માતપિતા, પતિ પત્ની ભાઈ બ્હેન થયા? અહુણા કોઈનું સ્મરણ નથી. સર્વથી છેતરાયા છઈએ. આપણે જેને જીવન જીવનાંતરથી છોડતા આવ્યા છઇએ તેને યાદ કરતા નથી–નથી આપણને પણ તે યાદ કરતા!!! જગત્ના તિમિર સમુદ્રમાં સર્વ કોઈ ગોથાં ખાય છે. ક્ષણમાં ઉપર આવે છે. ક્ષણમાં તળીએ જઇ બેસે છે. વળી જ્યારે પોતાનું શીશ બહાર કાઢી શકે છે ત્યારે તેનું ગભરામણ કંઇક અંશે ન્યૂન થયલું તેના અનુભવમાં આવે છે; પરંતુ તુર્ત તે ડૂબકી ખાઈ પુનઃ તળેટીએ બેસી જાય છે. આવી વ્યાકુળ સ્થિતિ તો બીજી ભાગ્યેજ હશે. એક સ્નેહીના અચાનક અવસાનથી આજે આપણે હાયપીટ કરી મૂકીએ છઈએ–છાતીફાટ આક્રંદ કરીએ છઇએ! કાલે તેજ વર્ગના ક્ષણિક જીવનવાળા કોઇક નવિન વ્યકિત સાથે સ્નેહ લગ્ન કરતાં સર્વ ભૂલી જઈએ છઇએ!! પ્રભુ! ધન્ય છે તમારી લીલાને! તે અનાદ્યાંત છે. તે એક સરખી દિશામાં એક સરખી રીતે ગતિમાન છે. સીમાનું ઉલ્લંઘન તે કરતીજ નથી. તેને

ચસકાવવા કોઇ મનુષ્યનું સામર્થ્ય પણ નથી. જે દિશામાં ગતિમાન હતી તે દિશામાં આજે પણ છે અને ભવિષ્યમાં પણ તેમજ રહેશે. પ્રભુ ! મને આ વિલક્ષણ હીંચોળા-પરથી એક વખત નીચે ઉતારો. મને તહ્મારી લીલાને એક એક વખત નિહાળવા દ્યો. હીંચોળામાં બેઠે બેઠે હું જોઈ શકીશ ? એમ તો, હું ભયગ્રસ્ત બરાબર નહિ જોઇ શકીશ. કૃપા કરી એક વખત મને નીચે ઉતારો. મને ચક્રી આવે છે.

જગતૂમાં મારા અગરતો તહ્મારા ઉપયોગમાં આવે એવું કંઈ પણ ધ્રુવ નથી. જે આજે આપવામાં આવેછે તે પાછું કાલે લેઇ લેવામાં આવે છે. જે આપનાર છે તેજ લેનાર છે. એવી ક્ષણસ્થાયી વસ્તુને આપણે આપણી માની તેની સાથે વિહાર કરીએ છઇએ અને પરાણે ત્યાગ કરવાના વખતે ભારે શોકાકુળ બનીએ છઇએ. એ લીલાને જો આપણે સમજતા થઇએ તો પછી પ્રલોભન કે ભ્રાંતિમાં આપણને રહેવું નહિ પડે અને ફરજીયાત ત્યાગ વખતે જે ઉદ્વેગ થાય છે તે પણ થતો અટકે. જગતૂમાં " આ મ્હારૂં છે" એવું કહેવા સરખું કંઈજ નથી. આપણું સ્થૂળ શરીરપણ પ્રભુનુ છે અને એને ફાવે ત્યારે એ પુનઃ લઈ શકે છે. પરાયો માલ આપણા બપાવાનો કરી બેસીએ છઈએ અને આપવો પડે છે ત્યારે રોવાકૂટવાનો ઢોંગ કરીએ છઈએ! એ શાહુ-કારી ખરી! નિરંતર એવીજ વાંચ્છના રાખો કે આ ધૂર્ત-

તાનો લય થાય અને કૃષ્ણ પોતે આનંદ સ્વરૂપમાં તહ્મારા પવિત્ર હૃદયમાં વિરાજીત રહે.

લૌકિક સ્થિતિમાં પુત્ર અને પુત્રી એ અકેક ભૂલની નિશાન છે. ભૂલોત્પાદક વસ્તુમાં સુખ મેળવવાની આપણી લાલસા એ વધારે-ગંભીર ભૂલ ગણાય. જે પ્રવીણ છે તે તો આવી ભૂલમાં સપડાયા પછી પુનઃ સપડાવવા ઈચ્છા રાખતાજ નથી.

કોઈપણ વસ્તુનો વિપૂલ વિચાર નહિ કરો; તેમ બુદ્ધિહીન પણ નહિ થાઓ. વિચાર સાગરમાં ઉંડા ઉતરવું હોય, કોઇના પ્રેમમાં અંગભીના રહેવું હોય તો એક કૃષ્ણનું ચિંત્વન કરો-તેનેજ સન્માન આપો. તેનોજ પ્રેમ સાધો. તેના પ્રેમ અને નામમાં તહ્મે સદાને માટે સુખી થશો. મનુષ્યને મનુષ્ય ગણી પ્રેમ રાખતા શીખો. વિશેષ કરવા જતાં તહ્મે છેતરાઓ નહિ તે સંભાળજો. સાંપ્રત સ્થિતિથી સંતોષ માનો. ભવિષ્યને માટે વિચારવમળમાં પડી ચિંતા ગ્રસ્ત નહિ થાઓ.

કેટલાક લક્ષણો જોતાં વિશ્વ નિત્ય છે એમ ઠરી શકે; પરંતુ જેને આપણું માનીએ છીએ તે તો આપણું થઇને નિત્ય રહેતું નથી. તે તો અસ્થાયી અને અનિત્ય રહે છે. સ્ત્રી-પુત્ર-સ્નેહી-લક્ષ્મી અને કીર્તિ પણ આપણા અક્ષય

સંગી નથી. ભાડે કિંવા પટ્ટે રાખેલા મકાન અને ક્ષેત્ર તહ્મે તહ્મારાં પોતીકાં માનો છો, તદપિ જરાક બુદ્ધિનું અવલંબન કરશો તો જણાશે કે મુદત પુરી થયે તહ્મારાં તે પરાયાં થઇને બેસશે. ક્ષેત્ર અને મકાન તો પૂર્વ સ્થિતિમાંજ રહેશે, પરંતુ તે મિલકત બીજાની ગણાશે. ત્યારે એવા અનિત્ય વસ્તુ માટે શા સારૂ એટલી બધી ઇંતેજારી તહ્મારે બતાવવી જોઇએ. તહ્મે લક્ષાધિપતિ હશો કે કોટયાધિપતિ, પરંતુ તહ્મારા નિર્વાહાર્થે જેટલું ખર્ચાતું હશે તેટલુંજ ખર્ચાશે: પુરાંત તો ખજાનામાંજ પડી રહેશે.

દુનીઆ એક મુસાફરખાનું છે—મુસાફરોને રાત વાસો કરવાને સ્થળ છે. પ્રાતઃકાળ સુધી તહ્મે અહીં થોભો છો. સૂર્યોદય થતાં અન્ય સ્થળે જાઓ છો. એમ એક પછી એક સ્થાનાંતર તહ્મે કરતા રહો છો. તેજ આગુણિ તહ્મારે તહ્મારા જીવનમાં અનુભવવાની છે. અણુમૂલ વસ્તુના તહ્મે માલીક હો—તેની ગમે તેટલી સંભાળ લેતા હો; પરંતુ તે તહ્મારી થઈ નથી અને થવાની પણ નથી. નિત્યની સંગી થનારી એકજ વસ્તુ છે. પરંતુ પ્રારંભમાં તેહ્માં કટુતા જણાતી હોવાથી કોઇને તેની અભિરૂચી થતી નથી. એ કટુતા ચાખતાં છતાં, કટાણું મોંઢું થયા છતાં જેને એજ વસ્તુનો નાદ લાગી જાય છે તેનો તો તે આ અને પરજીવનનો અક્ષય સંગી છે. તે વસ્તુ-તે નામ-તે અક્ષય સંગી શ્રી

હરિ છે. મનુષ્યને પ્રકૃતિનું ભારે વશીકરણ છે; છતાં શ્રી હરિનું નામ કર્ણે પડતાં તે ધ્રુજી ઉઠે છે અને દૂર જઇ તે ઉભો રહે છે. વિશ્વની મોહક વસ્તુપર હરિના નામનો આ પ્રાથમિક ચમત્કાર કહેવાય. ત્યારે, કહો વારૂ, જે એનોજ ધ્વનિ કરી રહ્યા છે તેવી સ્થિતિમાં તેનો કેવો ચમત્કાર હશે?

પરમાત્માના માર્ગો અચિંત્ય–અતર્ક્ય છે. મનુષ્યો સ્વેચ્છાથી જે બંધનો ઉત્સાહ અને આનંદ પૂર્વક પોતાના ગળામાં નાંખે છે તે શકિત પણ અકલીત છે. ધન્ય છે તે ચમત્કારિક કરામતના કર્ત્તાને ! જે બહુ પગી છે તે કર્મના માર્ગમાં વિશેષતઃ પરતંત્ર હોય છે. મનુષ્યને બે પગ હોવાથી સ્વતંત્ર ગતિમાન છે. કાનખજુરા અને પેટે ચાલનારા પ્રાણીના શરીરનો બોજો સ્વતંત્રાના અભાવે તેમને નિરર્થક સહન કરવો પડે છે. ધર્મના વિષયમાં પણ આવો નિયમ છે. મનુષ્ય જ્યારે બે પગી હોય છે ત્યારે તે સ્વતંત્રાથી હરી–ફરી શકે છે. લગ્ન કરવાથી બીજા બે પગની વૃદ્ધિ થાય છે અને ચોપગી ગણાય છે. આવી સ્થિતિમાં પણ નીતિને માર્ગે ચ્હાયે તો ગમન થઇ શકે છે; પરંતુ પુત્ર પુત્રી જમાઈ અને વહુના બહોળા કુટુંબમાં ગૂંથાઇ જાય છે ત્યારે તો ચોપગી કરતાંએ બહુપગી હોવાથી કુટુંબ બોજો અસહ્ય થઇ પડે છે. સ્વતંત્રપણે તેનાથી ટટાર ઉભા પણ થઈ શકાતું નથી. કાનખજૂરાને ઘણા પગ હોવાથી ગમે તે પગ

ગમે ત્યાં ભરાઈ જવાની–પકડાઇ જવાની બહુ ધાસ્તી
છે; તેમ વિસ્તૃત કુટુંબમયી થવાથી અનેક જંજાળ
બોજો તેનાપર આવી પડે છે. પછી તે હાથ પગનાં ખા
નિરર્થક તરફડીયાં મારે છે. પરમાત્મા દયાસાગર
મનુષ્યોને આમ ખેલતા જોઇ, કંઇક બેદરકાર બને
આપણા દુઃખાર્દ્ર હૃદયના સંદેશા નિષ્ફળ થાય છે.
આની મોજશોખમાં પ્રવૃત નહિ થવા ગમે તેટલા નિયમ
થશું તોયે નવિન બાજીથી આપણે મોહીત થશું અને
લપટાશું પણ ખરા. ભલે–આપણે રમી લઈએ. પ
એ યાદ રાખવાનું છે કે અલ્પ સમયમાં એનો આપ
ફરજીયાત ત્યાગ કરવાનો છે. તહ્મારા જીવનની રમત અ
છે એમ માની બંધનમાં બંધાઓ નહિ. તહ્મે રમ્યા
પણ તહ્મારા ધ્યાનને કૃષ્ણના પાદામ્બૂજથી વિમૂખ નહિ ક
પુત્ર, પુત્રી કે પતિ રૂપે જ્યારે તહ્મે તહ્મારી જીવન રમત ખે
હો ત્યારે મિત્રના પણ મિત્ર, આત્માના પણ આત્મા
હરિને વિસારે નહિ મૂકશો.

જગત્‌ના સર્વ બંધનો ક્ષણજીવીત છે. આપણી
માન જીંદગીની પૂર્વે આપણી ઘણી જીંદગી થઈ ચૂકી
કોઇ જીંદગીમાં પુરૂષ તો કોઈમાં સ્ત્રી–વળી કોઈ જ
પશુ કે પક્ષી યોનિમાં પણ હોઈશું. તે જીંદગીમાં
ણને માબાપ હતા–ભાઈ બ્હેન હતા–સગાં સહોદર

ઘરબહાર હતા. હવે તે કયાં છે ? આપણે તેનો એક ક્ષણ પણ વિચાર આજે કરતા નથી. વર્તમાન જીંદગીમાં જે પ્રેમ અને સ્નેહ સ્ફુરે છે તે પૂર્વ જીંદગીમાં હતો. જે આનંદ અને વિલાસ આજે ભોગવીએ છઇએ તેજ બીજી જીંદગીમાં હતો; છતાં સ્મરણ શકિતના અભાવે સદંતર ભૂલી ગયા છઇએ. જ્યારે આ જીંદગીનો પુનઃ ત્યાગ થશે ત્યારે પણ વર્તમાન જીંદગીના વૈભવ અને વિહાર વિસ્મૃત થશે. ન્હાના છોકરાં પોતાની રમત એકથી બીજે સ્થળે, બીજેથી ત્રીજે સ્થળે એમ ફેરવતા રહે છે. એક સ્થાનમાં નિવૃતિથી રમતા નથી. તેમ આપણી જીંદગીની રમત એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં ફરતી રહે છે. ક્ષણ જીવીત નિઃસાર પ્રેમમાં મુઢ બની કૃષ્ણના સર્વ કાલિક પ્રેમને જતો નહિ કરશો. કૃષ્ણ આત્માના આત્મા છે અને સર્વકાલિક સખા પણ છે. માતાના ગર્ભાશયમાં આપણી ગર્ભસ્થિતિ સાંગોપાંગ જાળવનાર તેજ આપણા કૃષ્ણ છે. આવા દુર્ગંધમય ગર્ભાશયના ગર્ભની સાથે તે આનંદપૂર્વક ખેલે છે. તેની ક્ષુધા-તૃષાના સાહિત્યો પૂરા પાડે છે અને લાલન પાલન કરે છે. આટલો શ્રમ વેઠવાની જીજ્ઞાસા-તેની સહનશીલતા અને મમતા કૃષ્ણ શિવાય અન્ય કોનામાં હોય ? તેટલાજ માટે જીવનના પણ જીવન એવા કૃષ્ણને ચહાતા શીખો-તેના ચાહના બંધનમાં બંધાવવા તત્પર થાઓ. તમ્હે તેના થઇ જાઓ. પછી તે તમ્હારા થઈ

રહેશે. તેજ આપણી માતા છે. આપણા પિતા, બંધુ, મિત્ર અને પરમાત્મા તે તેજ છે. તેના પ્રેમી થવું એ પ્રત્યેક વ્યકિતના પ્રેમી થયા ખરેખર છે. આ ઉપરથી એમ ન સમજશો કે તમને તમારા સંબંધીઓથી વિમૂખ રહેવાનો ઉપદેશ કરૂં છું. તમે તેમને ચાહતા રહો; પરંતુ તેમના પ્રેમાંધ નહિ બનો. તેનો ત્યાગ કરીને તમારે એક વખત પાછું જવાનું એ તમારે યાદ રાખવાનું છે. તમે તમારા અંતઃકરણની ઉર્મિથી રાધા–ગોવિંદ પ્રત્યે પ્રેમ રાખતા થાઓ. તેનાજ માર્ગમાં તમે મરવા દ્રઢ થાઓ! ત્યારેજ તે તમને તેના કરી લેશે. તેનાથી કોઈ ભિન્ન નથી. અને તેના સહવાસમાં નિરંતર નવિનતા જણાયા કરશે. તેટલાજ માટે તમે તેને ચાહો.

મનુષ્યને ઘણી વાતોનો વિચાર કરવાનો છે. ચોવીશ કલાકમાંથી એક ક્ષણ પણ તેને આરામ મળતો નથી. તેના અસહ્ય બોજામાં વૃદ્ધિ કરવાની શું કંઈ આવશ્યકતા છે? અનેક સંકટમાં ઘેરાઈ ગયલા મનુષ્યના સંકટનુ નિવારણ કરવા શું કોઈ શ્વાસાવરોધ કરી તેને મારી નાંખવા તૈયાર થશે? ઉદ્વેગસાગરમાં આપણું જીવન તંત્ર ચાલે છે. તેવા સાગરને ગંભીર–ભયાનક–પલટાવવા કોની ઇચ્છા હશે? જરાક સાંભળો—" હસતાં શીખો અને બીજાને હસાવો." ત્યારેજ ઉદ્વેગકર દુનીઆમાં તમે સુખી જીવન વ્યતીત કરશો.


દુનીઆ તો આનંદ શૂન્યજ છે. ત્યારે આક્રંદ કરીને વિશેષ દુ:ખદાયક શું કરવા બનાવવી? ખાડામાં નિરંતર અંધકારજ છે–વિશેષ અંધકારમય કરવા આંખોને શું કરવા બંધ કરવી જોઇએ? દાળ હંમેશા અચડ છે–વિશેષ અચડ કરવા ઠંડા પાણીમાં શું કરવા પલાળી રાખવી જોઇએ?

ગમે તેમ, પણ આપણને એક મુસાફરની માફક જીંદગી વ્યતીત કરવાની છે, અને બીજી મુસાફરી માટે તૈયારી પણ રાખવાની છે. જે મુસાફરો રાત્રિના આરામ સમયમાં કલહ અને કંકાશ કર્યા કરે છે તેને તો હાનિ છે. તેને વિશ્રાન્તિ મળતી નથી એટલુંજ નહિ; પરંતુ તાજી મુસાફરી માટે તેનામાં પૂરતા ઉત્સાહ અને જોમ પણ હોતા નથી. પોતાથી તે મુસાફરી થોભાવી તો શકાતી નથી. આખરે લથડાતાં લથડાતાં પણ આગળ વધવુંજ પડે છે. બહેતર એજ છે એટલા માટે કે, દુનીઆની એવી માથાફોડમાં વિશેષ પડવુંજ નહિ. કૃષ્ણના ચરણારવિંદનું નિરંતર ચિંત્વન કરવું એજ દૂરંદેશી–વિવેકીને યોગ્ય છે. આ જગત્માં ચોકસ કાર્ય કરવાને માટે આપણને મોકલવામાં આવ્યા છે, તે કરવા તો જોઇએજ. ભલે તે આપણી ઇચ્છાના હોય કિંવા વિરૂદ્ધ હોય, ત્યારે નિરર્થક ચિંતાગ્રસ્ત થઇ આપણો આ અમૂલ્ય સમય શું કરવા ખોવો જોઇએ?

કૃષ્ણના ગુણ ગાઈ અને નામ સ્મરણ કરી આપણી જીંદગીનું સાફલ્ય કેમ નહિ કરી લઈએ ?

જગત્ એક રંગભૂમી છે. તે રંગભૂમીપર પ્રત્યેક પશુ પક્ષીને, જીવ જંતુને–સ્રી પુરૂષને પોતાના નિર્મીત પાઠ ભજવવા પડે છે. તે પાઠ પૂર્ણ થયે સહુ કોઈ વિખરાઈ જાય છે. આ રંગભૂમીપર કોઈ રાજાના સ્વાંગમા છે–કોઈ રાણીના સ્વાંગમાં છે--કોઈક શેઠ–કોઈક અનુચર–કોઈ યોગી કોઇ ભોગી–કોઇ વાંદરા–કુતરા શિયાળ અને કોઇ દારૂડીઆ પણ છે. આ બધા પાત્રોના પાઠ તેના માલીક નિષ્પક્ષપાત પણે જુએ છે અને તેહ્મના પાઠ પ્રમાણે સારી નરસી કદર પણ કરે છે. એક ગુપ્તાશ્રમમાંથી એક વ્યકિત આ રંગ ભૂમિના પાત્રોના મોંમા બોલ આપતી રહેછે. યદિ તે જાહેર રીતે કરે તો દયા, ખિન્નતા, વીરતા, મૃદુતાના ચીતરાયલા ચિત્રો વિલય પામે અને મજાક–પરિહાસ ત્યાં સહસા પ્રકટી નીકળે. કળાચંદ્ર કૃષ્ણના સબંધમા પણ તેમજ છે, અગોચર સ્થળમાંથી તે આપણને સાંભળ્યા કરે છે અને આપણી ભૂલથાપ થતી વખતે તે સચેત કરે છે; પરંતુ પોતે તો પ્રકટ થતાજ નથી. તેમ થાય તો તો પછી સૌંદર્યતાનો લય થઈ જાય. આ કારણવશાત્ તેને "દયાહીન" ન કહેશો. યદિ તેની ઈચ્છાનુસાર આપણે આપણો સ્વાંગ ભજવતા રહીએ તો તેને અનહદ આનંદ થાય છે અને આપણા સ્વાંગની સમાપ્તી

પછી આપણી પ્રશંસા પણ તે સ્વમુખે વિસ્તારે છે. **પ્રકટીકરણ તે આનું નામ.** જેઓ યથોચિત ભજવી શકતા નથી તેમને માટે પોતાના ખર્ચે ગુરૂ–ઉસ્તાદ–માસ્તર રાખે છે અને કેળવે છે. લાયક થયે સારા પાઠ તેને આપે છે. વિચાર કરો કે મ્હારો પ્રભુ કેવો દયામય છે?! પુનઃ તહ્મે તેને "દયાહીન" છે એમ નહિ કહેશો. ધારો કે એક પાત્ર દ્રૌપદીના સ્વાંગમાં રંગભૂમિ પર આવે છે. તેના પર પડતાં અસહ્ય સંકટોથી વ્યાકુળ થઈ તે મહા આક્રંદ કરે છે. સ્હાયતાને માટે પોકાર કરે છે. પોતે અશ્રુભીની બને છે. પ્રેક્ષકના આંખમાંથી પણ દડદડ અશ્રુ વહેવરાવે છે. આવા સંજોગમાં જો રંગભૂમિનો માલીક બહાર આવી પાત્રની પીઠ ઠોકે અને ધન્યવાદ આપે તો નાટકની સર્વ ખૂબીજ જતી રહે. આજ ન્યાયે આપણા દયામય પ્રભુ આપણી કસોટીના વખતમાં પ્રત્યક્ષ થતા નથી. તે દયાહીન છેજ નહિ. તે તો સદાના દયામય છે. તેને દયામયના નામથીજ બોલાવજો. દયાહીન છે એવો ખ્યાલ પણ કરશો નહિ.



જન્મ અને મરણનું રહસ્ય.

જન્મ અને મરણ એકજ વસ્તુ છે. તે જાણ્યા વગર દહેશતના માર્યા આપણે નિત્ય મરીએ છઇએ. પૂર્વાપર વિચારથી આપણને સ્પષ્ટ થશે કે જે આનંદ જન્મ સમયે થાય છે તે આનંદ મરણ વખતે પણ થવો જોઇએ. આવર્જન અને વિસર્જન અભિન્ન છે. એ ઉભયમાં રંચ માત્ર પણ અંતર નથી. તેહને ભિન્ન સ્વરૂપમાં અવલોકવાના આપણી ખાસીએતના કારણને લીધેજ આપણે ભીરૂ બનીએ છઇએ અને જ્યારે ત્યારે મરણનું નામ સાંભળતાં ગભરામણ છૂટે છે.

મનુષ્ય અગ્નિમાં બળે છે અને ભસ્મ થઈ જાય છે. અગ્નિ બૂઝાઈ જાય છે; પરંતુ દુઃખી સ્મરણ અહીં રહી જાય છે. મનુષ્યના લયની સાથે સ્મરણ પણ લય પામે તો આપણને મળતો દુઃખનો વારસો અટકે. સ્મરણ એજ સંકટનું મૂળ છે.

આપણે મરવાને માટે જન્મ્યા છઇએ. આપણી મુસાફરીથી જ્યારે આપણે શ્રમિત થઈએ ત્યારે કોઈક નવિન સ્વરૂપમાં આપણું આવર્જન થાય છે અને ત્યાં આપણે વિશ્રામ

લઈએ છીએ. જેને આપણે "જીંદગી" સંજ્ઞા આપીએ છીએ તે ખરી જીંદગી નથી. મૃત્યુ પછીનીજ જીંદગી તે ખરી જીંદગી લેખાય છે. તે જીંદગીમાં આપણને પ્રોત્સાહન મળે છે અને આપણી નવિન મુસાફરીની આગળ વૃદ્ધિ થાય છે. બંદીવાન જેમ તુરંગનો ત્યાગ કરે છે તેમ આપણે આપણા શરીરનો ત્યાગ કરીએ છીએ. તુરંગમાં હોય છે ત્યારે બંદીવાન, બંદીવાન મંડળમાં હળી જાય છે. વધુને વધુ પરિચયમાં આવતાં ઘાડી મૈત્રી થઇ જાય છે. તથાપિ જ્યારે તે તુરંગનો ત્યાગ કરે છે ત્યારે તેના—તુરંગના સખાઓને સદાને માટે ભૂલી જાય છે અને નવા ગોઠીઆમાં ભળી જાય છે. બરોબર તેવીજ સ્થિતિ આપણી છે. આપણા સંબંધી—સ્નેહીના મૃત્યુ—વિસરજન થતાં આપણે આક્રંદ કરીએ છીએ–રડારોળ કરી મૂકીએ છીએ—છાતીમાથા કુટી નાંખીએ છીએ, પરંતુ એ સર્વ ક્ષણકાલિક છે. અલ્પ સમયમાં આપણને તેનું વિસ્મરણ થાય છે. પછી આ રડારોળ નથી. તેમ નથી છાતીમાથા કુટવાની રૂઢી રહેતી. જ્ઞાની પુરૂષ તો એને માટે શોક કરતાજ નથી. તે લોકો તો એમજ સમજે છે કે પાપમય જીવનથી તેનું બંધમોચન થઈ ગયું છે.

જગત્‌માં તમને શાની અભિલાષા છે? તમે ગમે તે વસ્તુ માંગો પણ આપે છે કોણ? જ્યારે મનુષ્ય

ધંધા—નોકરીમાં જોડાય છે ત્યારે તેને કરારપત્રપર મતુ મારવું પડે છે અને તે કરારાનુસાર તેને વર્તવું પણ પડે છે. નોકરને શું શું કરવાનું છે તે તો આગળથીજ નિર્માણ થાય છે. આજ નિયમ આપણને માટે છે. જગત્માં આવીને આપણને શું કરવાનું છે તે અહીં આવ્યા પૂર્વે નિર્માણ થઈ ગયલું હોય છે. જ્યારે આપણે આપણી નિર્મીત ફરજો અદા કરીએ છઈએ ત્યારે આપણને નવિન ક્ષેત્રમાં મોકલ-વામાં આવે છે. આનું નામજ જન્મ અને મરણ છે.



કર્મ અને તેના ફળ.

પાપ કર્મને પાપજ સમજી જે કર્મ કરે છે તેને કૃષ્ણની ક્ષમા મળવાનો સંભવ ખરો, પરંતુ જે ધર્મ કિંવા પ્રભુના નામે પાપ કર્મ કરે છે–ધુર્તતા બતાવે છે તેનું તો વિમોચનજ નથી. તહ્મારા ગત કર્મોને તહ્મે ભૂલી જાઓ. સદાને માટે તેના વિસ્મરણ શીલ બનો. તેને માટે લેશ માત્ર પણ ખિન્ન નહિ થાઓ. કૃષ્ણ નામની દીક્ષાથી પાપી પોતાના પાપમાંથી મુક્ત થાય છે, અને નુતન જીવનનો પ્રારંભ કરે છે.

ક્ષેત્રમાં વાવેલા બી સમય આવ્યે અંકુરિત થાય છે. ફળ અને ફુલોથી વિભૂષીત થાય છે. પોતે સુખી અને સંતોષી થાય છે અને જે જુએ છે તે અન્યને પણ તેવાજ કરે છે. વળી કેટલાક તો અંકુરિત થયા પછી તુર્ત કરમાઈ જાય છે. તેજ પ્રથાનુસાર આપણી દેહ જે પૂર્વ દેહના કર્મ બીજથી ઉત્પન્ન થઈ છે તે સમય આવ્યે સુખ અને દુઃખ આપતી રહે છે.

એક વાત—તહ્મે એક મ્હોટા પાપીષ્ટ છો એવું તહ્મારી જાતને માની નહિ લેતા. જેણે કૃષ્ણની દીક્ષા લીધી છે તેની પાસે આવતા પાપ અતિ ભીરૂ બને છે. તેને કંપ

આવે છે–તેના ગાત્રો શિથિલ થઈ જાય છે. કૃષ્ણનું નામ સ્મરણ જ્યાં એક વખત થયું ત્યાં વિષ્ણુ બિંબ સર્વ દિશાથી તેનું સંરક્ષણ કરે છે. કૃષ્ણ પોતે તેના સંકટનું નિવારણ કરે છે. કહો ત્યારે, તેવા પુરૂષની નિકટ આવવાને પાપની શી તાકાત છે? તેને તેના જીવની ચિંતા નહિ હશે? નિરર્થક તર્કવિર્તક કરી કૃષ્ણને દુઃખી નહિ કરશો. પત્ની પ્રેમમાં એકલીન થયલાં પતિને જ્યારે પોતાની સ્રી એમ કહે "જાઓ, હું જીવવાને પરવા કરતી નથી." ત્યારે પતિને કેવો દારૂણ શોક થતો હશે તેનો તહ્મે ખ્યાલ કરો. તેજ પ્રમાણે કૃષ્ણના અનન્ય ભકતો "અહ્મે પાપી છઇએ–અહ્મે પાપી છઇએ" એવીજ વિચાર સંકલના કર્યા કરે તો દયામય કૃષ્ણને કેટલો ક્ષોભ થતો હશે તેનો કંઈ કયાશ છે ખરો? તેટલા માટે આ ડોળ તો રાખશોજ નહિ.

કૃષ્ણ દર્શણનીજ જેમને માત્ર વાંચ્છના છે તેને કોઈ પણ પાપ કે પુણ્યનો ભય હશે ખરો? પાપ કિંવા પુણ્ય તેહ્મને કયાંથી મળી શકે છે? કૃષ્ણના સામ્રાજ્યમાં પુણ્ય કિવા પાપનું એક પણ સ્થળ નથી. પુણ્ય અને પાપ પ્રવેશ કરી નહિ શકે એવું એક સ્થળ–શાશ્વત સુખનું વૃંદાવન છે. એ પાપ પુણ્યની તકરારથી–તેના વાદવિવાદથી કે વિતંડાવાદથી આપણે વેગળા રહીએ એટલે બસ છે. તેના

લાગતા વળગતા ભલે એ માથાકૂટ કર્યા કરે. આપણને તે કરવાને શું પ્રયોજન છે?

ખુદ કૃષ્ણ કરતાં કૃષ્ણનું નામ ઘોર કર્મ કરનાર—પાપીઓને અત્યંત પ્રિય છે. જ્યાં સૂધી નામરૂપી અભેદ્ય આયુધ્ધના આપણે આશ્રીત થયા નથી ત્યાં સૂધી પુણ્ય અને પાપ હમ હાટી હેતા રહે છે. જે ત્રિવિધ તાપથી વ્યાકૂળ થઇ ગયા છે તેને તો એક કૃષ્ણના નામ શિવાય સલામતિ ભર્યો આશ્રય બીજે ક્યાંએ મળશે નહિ જરાક ખૂબી જુઓ—અજામીલ જેવા મહાન પાપી માટે આખા વિશ્વંભરમાં વિશ્રાંતિનું સ્થાન નહિ હતું. અણુ અગર પરમાણુ સરખી દયા દર્શાવવા જેટલીએ તેનામાં યોગ્યતા નહિ હતી. આવું છતાં અંજાણપણાથી ઉચ્ચારાયલા નારાયણના નામથી તેના પાપનો સંહાર થયો અને તેનો મોક્ષ થયો. દયામય પ્રભુની આ કેવી મહદ્ દયા? આથી વિશેષ શું?

તમ્હારે શરમીંદા થવું પડે અગર નીચું જોવું પડે એવા કર્મોમાં કોઈ દિવસ પ્રવૃત્ત થશો નહિ. જે કર્મના અનુબોધનો આપણા અંતઃકરણને હર્ષિત કરે તે પુણ્ય છે, અને શોકાન્વિત કરે તે પાપ છે. માટે, ભીરૂતા રહિત નિખાલસપણે જાહેરમાં તમ્હે તમ્હારા કર્મોના અનુબોધન કરી શકો તેવાજ કર્મો હાથ ધરજો.

સ્વર્ગ અને નર્કમાં કંઇ અંતર નથી. એ માત્ર આપણી ભ્રમણા છે. સોટીના સોળ ઉઠાડવા કરતાં વેદના વધારે મહત્વની છે. તેજ પ્રમાણે સ્વર્ગ કરતાં નર્ક મને વિશેષ પ્રિય છે. પોતાના કર્મનું સ્મરણ એ નર્ક છે અને વિસ્મરણ એ સ્વર્ગ છે. એ સર્વનો ત્યાગ—પરિત્યાગ કરી હરિ પ્રેમમાં ગરક થઈ જાઓ. પછી કોઇ પણ પ્રકારનો ભય રહેશે નહિ. નીશાબાજ–દારૂડીઆ સોટીના સોળથી અને વેદનાથી શૂન્યમય છે.

મહાસાગરના અગાધ જળમાં પડેલા બે મનુષ્યોનું અવલોકન કરો. એકની પાસે હોડકું છે. અન્ય પાસે કંઇ નથી. ઉભયને જીવનું જોખમ છે તથાપિ જેના સંગમાં હોડકું છે તે સહેલાઇથી શ્રમીત થયા વિના તરી શકે છે. તેને ડૂબી જવાની બહૂ દહેશત હોતી નથી. શ્રમીત થયે પોતાની હોડીનો ઉપભોગ કરી શકે છે. બીજાને પોતાની સ્થિતિ અતિ ગંભીર જણાય છે. જે દિશામાં દૃષ્ટિ કરે છે ત્યાં અગાધ જળ અને તોફાની મોજાનુંજ પરિવર્તન જણાય છે. આ પુરૂષ ચિંતામુકત કેમ થઈ શકે ? તેના શ્રમને આરામ કેવી રીતે મળી શકે ? સાગરમાં ઝંપલાવ્યું ત્યારે તો તેને માત્ર ભયના વિચાર હતા. હવે તો તે સર્વાંશે ભયગ્રસ્ત છે. કૃષ્ણની છાંયામાં સુખ છે કે નહિ તેનો હવે વિચાર કરો. પોતાના કર્મના ફળ પોતાને ભોગ-

વ્યા વિના છૂટકો નથી; પરંતુ મહાસાગરના મહાન નાવિક કૃષ્ણુનો જેને આશ્રય છે તે સુગમતાથી તરી શકે છે અને વહેલો મોડો તે પાર પણ ઉતરે છે.

નાવિકની સહાયતાથી તેહ્મને નાવમાં બેસવા દો. પછી ડૂબી જવાની તેહ્મને દહેશત રહેશે નહિ. તેહ્મના મન પણ ત્યારેજ સ્થિર રહેશે. તાત્પર્ય કે—આ જીંદગીમાં તો તેહ્મને તેહ્મના કરેલા કર્મના ફળ ભોગવવા પડશે; પરંતુ નવિન થતાં અટકશે. અને પછી જીવન જીવનાંતર માર્ગ સુગમ જણાશે. તે સુકાનીના જે આશ્રીત થતા નથી તેને તો ચોમેર અગાધ જળ દેખાયા કરશે. અને સુખ દુઃખના વમળમાં વમળાયા કરશે. જ્યારે બચાવના સર્વ સાહિત્ય વિમુખ થશે ત્યારે પૂર્ણ નિરાશામય તે થઇ જશે. વેગ વધ્યોને વધ્યોજ જાય છે પછીથી ક્ષણ સરખો પણ વિશ્રામ મળતો નથી. સાગરના અનંત મોજાની માફક આપણા કર્મ પણ અનંત છે. એકનું વિસર્જન થાય છે એટલામાં બીજાનું આવર્જન થાય છે. એકનો લય થાય છે ત્યાં બીજાનો ઉદ્ભવ થાય છે. અનંત કર્મના અંત આણનાર કૃષ્ણનું જ્યાં સૂધી આપણને વિસ્મરણ રહેશે ત્યાં સૂધી તો એ અનંતતાનો અંત આવી શકશે નહિ. ફળ ભોગવી પોતાના કર્મનો

તો નહિજ થઈ શકે. "ધૂળથી ધૂળ કાઢી શકાતી નથી" એ રૂઢી સર્વ સિદ્ધ છે.

આતો માત્ર રેખા આપી છે. એનું મનન કરો અને પરિપૂર્ણ કરો. હું તહ્મને હાડપીંજર આપું છું. તેને વિભૂષિત કરવું એ તહ્મારૂં કાર્ય છે. પછી એ કેવું સૌંદર્યમય લાગે છે તેનો સ્વતઃ અનુભવ થશે. તેટલાજ માટે મહંતની વાણી છે કે "હરિ ચિંત્વન અનિષ્ટનો સંહાર કરે છે."

આમ્ર વૃક્ષની કલમ રોપો. તેના ફળ તરીકે તહ્મને આમ્ર મળશે. તેના ફળ તરીકે નારંગી નહિ મળે તો શું તહ્મને ખેદ થશે? ભાગ્યેજ કોઈ શોકાર્ત થશે. આમ્ર વૃક્ષ-પર આમ્ર ફળ થશે. નારંગી વૃક્ષપર નારંગી થશે. એને માટે શોકાત્મક થવાની જરૂર નથી. છતાં તે થાય તો તેનો ઉપહાસજ થવાનો. આપણી દેહના સંબંધમાં પણ આજ નિયમ છે. આપણી દેહ પૂર્વ દેહમાં કરેલા કર્મ-બીજથી ઉત્પન્ન થઈ છે. વખત આવ્યે તે ફલિત થાય છે. તેહ્માનાં કેટલાંક ફળ મિષ્ટ હોય છે. કેટલાક કટુ હોય છે. કેટલાક તુરા હોય છે. કેટલાક ખાટાં પણ હોય છે. એટલા માટે સુખ કિંવા દુઃખમાં આનંદ કિંવા શોકમાં ગર્ક નહિ થઇ જતા. થનાર વસ્તુ થવાનીજ છે. મ્હારે જે સહન કરવાનું નિર્મીત છે તે મ્હારે કરવુંજ પડશે. તે વિના આરો નથી. કર્મનો જ્યાં આવો અનાદિનો નિયમ છે ત્યાં પછી નિરર્થક કાળ

ઍપન શું કરવા કરવું? કર્મના કાયદા કાનુનોમાં આપણે ભવિષ્યમાં નહિ ફસાઇએ–તેમાં સજ્જડ નહિ થઇએ તેવા યત્ન કેમ નહિ આદરીએ? વૃંદાવનમાં મહાલવા–કૃષ્ણના સખા થવા લાયક કેમ નહિ થઇએ?

આ કારણથી હું કહેતો આવ્યો છું કે સૃષ્ટીના કર્મો કાયદા–કાનુનસર છે, અને તે ફરજીયાત થવાજ જોઈએ. તે કરવામાં કંઈ કીર્તિ નથી મળી જતી. કોઈ પણ જાતના સંકોચ વિના–જીવ કચવાવ્યા વિના તહ્મે તે કર્યા જાઓ. માન અપમાનના રંચ માત્ર પણ વિચારશીલ નહિ થશો. તહ્મે તહ્મારા અંતઃકરણને કૃષ્ણના ચરણારવિંદમાં નમસ્કાર કરવાને સૂચન કરતા રહો. તહ્મારા પૈસા કોઈ સદ્ધર નાણાવટીને ત્યાં હોય તો પછી તે પૈસા જતા રહેવાની તહ્મને દહેશત રહે ખરી કે? પૂર્વ જન્મમાં કરેલા કર્મના ફળ અનુભવવાને માટે તહ્મારો આ જન્મ છે, અને તે તહ્મારે મને કે કમને ચાખવાંજ પડશે. શ્રેય એજ છે કે તેના સંકલ્પ વિકલ્પ નહિ કરવા. બલકે એવી વિટંબણામાં પુનરાવર્તન નહિ થાય તે સંભાળવાનું છે. વિશ્વના સર્વ વિચારોનું કેન્દ્ર સ્થાન–કૃષ્ણમાં તહ્મારા ચિત્તની એકાગ્રતા કરો. ત્યારે તહ્મે કૃષ્ણના લાડીલા થઇને અનંતકાળના શાશ્વત સુખનો લ્હાવો લેતા થશો.

આપણે તો માત્ર પૂતળાં છઇએ. નચાવે તેમ આપણે નાચીએ છઇએ. સ્વાશ્રય, ઉદ્યમ અને આત્મ બળને માટે જે ઉભા થાય છે તેનો આ ભેદમાં સમાસ નથી થતો. "વિશ્વમાં સર્વવ્યાપક એક બ્રહ્મ છે" એમ બ્રહ્મવાદીનું કહેવું છે; પરંતુ વ્યાપન એજ શું છે તેનો તેમને ખ્યાલ નથી હોતો. નિરર્થક વાદવિવાદ કરે છે. જો આ વિશ્વ બ્રહ્મમયજ હોય તો સર્વત્ર આનંદ કેમ નથીજણાતો? બ્રહ્મ તો આનંદ સ્વરૂપ છે. બ્રહ્મ ચૈતન્ય સ્વરૂપ છે. અહીં જડાત્મા કેમ દ્રષ્ટિગોચર થાય છે? બ્રહ્મ અવિનાશી છે-સ્વયં પ્રકાશીત છે-અંતર્યામી છે. જ્યારે વિશ્વની પ્રત્યેક વ્યક્તિ વિનાશી-પરપ્રકાશીત અને અનાંતર્યામી છે. વિશ્વને જે પરિપૂર્ણ કરે છે તેજ ખરી રીતે બ્રહ્મ છે. બીજા તો ભ્રમ છે! આપણા શહેનશાહ અહીંથી હજારો માઈલ દૂર-ઈંગ્લાંડમાં છે. અને આપણે અહીંઆ છઈએ. આમ છતાં શું આપણે એમ કહી શકીશું કે અમુક હદમાં આપણા શહેનશાહ વિરાજીત નથી? તેની સત્તા સર્વત્ર છે. ઘોર જંગલમાં કે અરણ્યમાં આપણે ખોટાં કૃત્યો કરીએ છઇએ ત્યારે આપણને કોણ બાંધે છે? હજારો કોશપર બીરાજનાર શહેનશાહ, વૃક્ષમાં, ખડકમાં, દીવાલમાં, હવામાં, એમ પ્રત્યેક વસ્તુમાં તે વિદ્યમાન છે. હજુ પણ આ વિસ્તૃત રાજ્યને અણુ અને પરમાણુરૂપ કરી નાખો. તેની ઝાંખી

સરખી પણ થશે નહિ તેમ તેના વાળને પણ સ્પર્શ કરી શકશો નહિ. આજ ન્યાયે વિશ્વના કર્ત્તા વિશ્વમાત્રમાં સર્વ-વ્યાપક છે, પરંતુ કોઇને સાથે સીધો વ્યવહાર નથી. બીજી રીતે પણ ખરૂં કે—તેણે વિશ્વને હજુ ગતિમાનજ રાખ્યું છે. આજ ન્યાય આપણા સામાન્ય શરીરને લાગુ પડે છે અને વિશ્વ માત્રના એકીકરણને પણ યુકત છે. આ દેહના કોઈ પણ અવયવનો દુરૂપયોગ થાય તો વિવિધ પ્રકારની વેદના ઉભી થશે. આમ ચેતવણી મળ્યા છતાંએ જો આપણે આપણી બેદરકારી વાપરતા રહીશું તો પરિણામ એ આવશે કે વેદના ભયંકર સ્વરૂપ ધારણ કરશે. તે અવયવનો નાશ કરશે અને તેના માલીકને અંતે એક બંદીવાન જેવો બનાવી દેશે. સુભાગ્યે જો એ સુધરે તો તો સર્વ વિપત્તિ દરદો તેના મિત્રો થઈને રહેશે. આનું નામ તે સ્વર્ગ અથવા નર્ક.

આ સૃષ્ટિમાં પણ એજ કાયદા—કાનુનનું અનુસરણ છે. કોઈ પણ સ્થળે આવી રાજ્યનીતિ નહિ જણાશે. જેને એ રાજ્યસત્તા આપવામાં આવે છે તે પોતે સત્તાધીન છે. મ્હારી જાત એ મ્હારા હાથમાં છે. મ્હને ધન્યવાદ મળવો કિંવા શાસન મળવી એ મ્હારા ઉપરજ આધાર રાખે છે. કેવી ખૂબી છે ? એહ્માં કોઈ પણ પ્રકારનો ખર્ચ નથી—એક ફૂટી બદામનો પણ નહિ—છતાં રાજ્ય તંત્ર

કેવું નિર્વિઘ્ને ચાલ્યા કરે છે ? શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પણ પ્રમાણ વાક્ય છે કેઃ—

आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः

श्लोक. ५. अ. ६.

વળી તપાસો. પાપી પોતે પોતાના પાપ ઉઘાડા પાડે છે. કેવી ખુબી ! હું ચોરી કરૂં અને પલાયન થાઉં એ ખરી વાત; પરંતુ કેટલીક એવી નિશાની ત્યાં રહી જાય છે કે અધિકારીના હાથમાં તે નીશાની જતાં આપણને પકડાવી દે છે. તેજ નિશાની શાસન પણ અપાવે છે. તેજ પ્રમાણે આપણે આપણા અવયવોની સહાયતાથી કર્મ કરીએ છીએ. કર્મ કરવામાં પ્રવર્ત્ત થનાર એ અવયવોને ચુગલીખોર સમજવા. તે સાચાનું જુઠું કરે છે અને જુઠાનું સાચું કરે છે. સર્વ એકમત થઈ આપણી ગુલામગિરી પણ ઉઠાવે છે. કવચિત્ આપણને પણ ગુલામ બનાવી દેછે. એ સર્વ પાપ–પુણ્યના કર્માધારે છે. વિચાર કરો ત્યારે કે, આ કેવી નમુનેદાર રાજનીતિ છે !

આ સૃષ્ટિમાં તહ્મારે માટે જે નિર્માણ નથી તેને માટે ગમે તેટલા કાલાવાલા કે ભાઈબાપુ કરશો તોયે તેની પ્રાપ્તિ થશે નહિ. તહ્મારી આજીજીની જ્યાં કંઈ દાદજ લેવાતી નથી ત્યાં પછી નિષ્પ્રયોજનીય માંગણી પણ શું

કરવા કરવી ? કર્મના સારા નરસાં ફળની આકાંક્ષા વેગળે રાખો. સ્વસ્થ થાઓ. અને માત્ર શ્રી હરિનું નામ સ્મરણ કર્યા કરો. હરિ સેવા કે નામ સ્મરણ કરવું એ પૂર્વ વિધાન કાર્ય નથી—આતો અવળી રીતે ફેર ફેરવવાનો છે વિધિની મુઠને નરમ કરવાની આ એક વિધિ છે. એટલા માટે કહું છું કે તમ્હે સર્વ ભૂલી જાઓ. કૃષ્ણનું નામ સ્મરણ માત્ર કરો. તેનાથી તમ્હને શાંત્વન અને આનંદ ઉભય મળશે.

એવો કોઈ મજબૂત હૂમલો નહિ કરશો કે જેથી તમ્હારો પોતાનો અને અન્યનો આનંદ પરાજય પામે. ગુન્હેગાર અને બીન ગુન્હેગાર ઉભયને એકસરખી રીતે આ હૂમલાથી વેઠવું પડશે. તમ્હે કવચિત્ પ્રશ્ન પણ કરશો કે "ગુન્હેગાર સાથે બીનગુન્હેગાર શું કરવા માર્યો જાય ?" અસ્તુ ! આહાર અને સ્નાનની પરાકાષ્ટમાં હું માંદો પડીશ. એમ્હાં હુંજ ખરેખરો અપરાધી છું. છતાં મારી ખાતર મારા ભાઈભાંડુને—મારા સગાં વહલાંને—મારા આપ્ત વર્ગને કેટલી હેરાનગતી વેઠવી પડે છે ? તેમ્હના ખાવા પીવાનું ઠેકાણું નહિ—તેમ્હને રાત્રીના ઉજાગરા કરવા પડે—અષ્ટે પ્રહર મારી માવજતમાં ખડાને ખડા રહે—ચિંતાગ્રસ્ત રહે. આ કંઈ થોડી શિક્ષા ! ત્યારે શું, એ પણ, મારા જેવા અપરાધી છે ?

સ્વાશ્રય કે આત્મબળની વાતો કરી આનંદ માનવાની આજ્ઞા પણ, પ્રભુ! નહિ આપશો. તેને સર્વ સમર્પણ કરો. પછી વ્યથારહિત થશો. તમ્હારા કર્માનુસાર તમ્હારા દેહની ઉત્પત્તી થઈ છે. હુવે વિશેષ માંગવા જેવું તમ્હારે માટે છેજ નહિ. તમ્હેજ રાખ્યું નથી. હાથીને કણ આપવુ એ શા ઉપયોગનું? એક પઈની ચોરી કરનારને ખુનીની શિક્ષા કરવી શું ન્યાયસર લેખાશે? તેટલા માટે હું કહું છું કે આ જુદી જુદી દેહ એ તુરંગની જુદી જુદી કોટડીઓ છે. સહુ કોઈને પોતાના કર્મ પ્રમાણે તે મળી ગઈ છે. વ્યાકૂળ થઈ હવે ન્હાસી જવા શું કરવા યત્ન કરો છો? તે સહન કરવા જેટલી સહનશીલતા શું તમ્હે નહિ ધરી શકો? તેમ થવામાં શ્રેય છે. તિમિરમય કોટડીમાં પછી પુનરાવર્તન નહિ થશે. હું પુનઃ કહું છું કે સર્વ કર્મ ભૂલી જાઓ—સર્વ વાત વિસારી દ્યો. ઉત્સાહપૂર્વક કૃષ્ણના ચરણકમળમાં લાંબા થાઓ. તમ્હને શાંતિ મળશે. કોઈ પણ આકસ્મિક વ્યથા તમ્હને પીડશે નહિ. તમ્હે સદંતર ભૂલી જાઓ. નિખાલસ હૃદયના બની જાઓ. ચિંતા માત્રનો ત્યાગ કરો. બીજાને મહેલ હોય છે. તમ્હારી ઝુંપડી હોય છે; પરંતુ તે મહેલ જોઈ તમ્હારી ઝુંપડી નહિ પાડી નાંખશો. તેમ કરવા જતાં તમ્હે તમ્હારૂં ખોઈ બેસશો અને દુનીઆ તમ્હને હસશે તે તો જૂદું!

નિરંતર હાલતા હીંચકાપર બેસી શાંત–અસ્થિર રહેવુ એ તો માત્ર ઘેલછા કહેવાય. આ સૃષ્ટિમાં સર્વ કંઈ ઝોલા ખાયાજ કરે છે. કૃષ્ણના ચરણારવિંદ માત્ર શાંતિ અને સ્થિરતાનું કેન્દ્રસ્થાન છે. તમ્હારે જો વિશ્રાંતિ લેવી હોય તો એ શાશ્વત વિશ્રાંતિનીજ લાલસા રાખજો. તે શિવાય લક્ષ્મી અને અનુચરના પૂરતા સાધન છતાં કયાંએ પણ તેની ઝાંખી સરખી થશે નહિ.

કર્મના ધોધને જે તાબે થતા નથી અને વિશ્વના અનિત્ય માર્ગમાં માથાકૂટ કરનારા છે તેમ્હને તો અસહ્ય વ્યથા સહન કરવાની છે. મહાસાગરના અગાધ જળમાંથી જ્યારે તે ડોકીયું કરે છે ત્યારે સ્વર્ગની ભાવના થાય છે. પાછા અંદર જાય છે ત્યારે મહાન વિકાળ નર્કની કલ્પના થાય છે. કર્મ તંત્રને તાબે નહિ થવામાં જીવને આવી આવી વ્યથા સહન કરવી પડે છે.



પશ્ચાતાપ અને સમાધાન.

પાપનું ખરૂં સમાધાન પશ્ચાતાપ છે. પરંતુ તે એક વખતના પાપને માટે. બીજી વખતના પાપને માટે તો પશ્ચાતાપ નિરૂપયોગી છે. પશ્ચાતાપથી પાપનું નિવારણ થાય છે એવા ખ્યાલ મગજમાં પેસી જવાથી પાપ કરવાનો અભ્યાસ થઇ જાય છે. એટલા માટે આવશ્યક એ છે કે, પાપ અને પશ્ચાતાપ ઉભયનો એકે સમયેજ ત્યાગ કરવો.

તહ્માારાં પૂર્વ કર્મોને ભૂલી જાઓ. ભવિષ્યને માટે ખબરદાર રહો. પશ્ચાતાપરૂપિ અગ્નિથી તહ્માારા હૃદયને શુદ્ધ કરો. એમ અનુવર્તવાથી તે દયામય કૃષ્ણ નિઃશંક દયા કરશે.



ત્યાગ.

પ્રત્યેક વિષયમાં ત્યાગવૃતિ એ ઇચ્છાસ્પદ નથી. વિદ્યાર્થીએ પોતાનો અભ્યાસ પરિપકવ કીધો છે કે નહિ તેની કસોટી માટે પરીક્ષા એક ઉત્તમ સાધન છે. વિલાસની વસ્તુ પાસે છતાં ત્યાગ થાય તેનું નામ "ખરો ત્યાગ" કહેવાય. વિચાર સંકલના-બુદ્ધિમાં ત્યાગ અપૂર્ણ અને ભ્રમીષ્ટ છે.



સન્યાસનું સ્વરૂપ.

શ્રીકૃષ્ણ આગળ સર્વ વસ્તુ સમાન છે. જગત્‌ને તહ્મે તહ્મારૂં માનો. જગત્ કૃષ્ણનું છે. કૃષ્ણના તહ્મે પ્રેમી છો એટલે જગત્‌ની સર્વ વસ્તુ તહ્મને પ્રિય થશે. જગત્‌ને જગત્ માની પ્રેમી નહિ બનશો. તે કૃષ્ણનું છે એવી ભાવનાથી તેના ઉપર પ્રેમ રાખજો. ત્યારે, મલીનતા કે દ્વેષ તહ્મારા હૃદયમાં રહેવા પામશે નહિ. એક વસ્તુ અન્યની છે એમ જ્યારે અનુભવ થશે ત્યારે તેને તહ્મે પોતાની ધારી શકશો નહિ. ગૌચરણમાં ચરતી ગાયના ટોળાંને ગોવાળીઆ પોતાના તરીકે ઓળખાવે છે. "મારી ગાય ફેરવી લાવ–મારી ગાય માંદી છે–મારી ગાયને વાછરડો આવ્યો છે." આમ ગોવાળીઆ કહેતા ફરે છે; પરંતુ કોઇ પણ પ્રકારનું સુખ દુઃખ થતું નથી. આ ગાયો અહ્મારી નથી તે તેઓ સારી પેઠે જાણે છે. માત્ર વાણીથીજ અહ્મારી કહે છે. એજ પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ એવાજ સિદ્ધાંતપર આવે કે પ્રત્યેક વસ્તુ કૃષ્ણની છે તેથી જો કે તે પોતાની માને તે છતાંએ તેના ઉપર તેની આશક્તિ થતી નથી. આનું નામ તે સન્યાસ–મનસંયમ. આ પ્રકારના વિચાર કરવાથી જીવ મુકત થાય છે. અને એ વિચારશીલ પુરૂષ જીવનમુકત કહેવાય છે.

દ્રવ્યનો સ્વભાવ.

દ્રવ્યનો સદુપયોગ, દ્રવ્ય સંચય કરવામાં, વિવિધ અલંકાર કે વસ્ત્રોથી દેહને વિભૂષીત કરવામાં કિંવા ઉદર પરાયણ થવામાં સમાયલો નથી. બિચારા ગરીબની સ્થિતિની સમુન્નતિ કરવામાં, ક્ષુધાથી રીબાતાને ખવડાવવામાં, વસ્ત્રહીનને વસ્ત્રો આપવામાંજ દ્રવ્યનો ખરેખરો સદુપયોગ થયલો ગણાય છે. રાજાના પણ રાજા એવા મહારાજાને પણ આ જગત્‌માંથી એક વખત ભિક્ષુકની માફક જવું પડશે. જગત્‌માં જ્યારે કોઈ આવે છે ત્યારે સાથે કંઈ હોતું નથી. અહીંથી ચાલ્યા જાય છે ત્યારે પણ કંઈ સાથમાં રહેતું નથી. જો સાથે કંઈ પણ આણી કે લઈ શકાતું હોય તો તે પોતાના પુણ્ય-પાપના કર્મો માત્ર છે. તેટલા માટે દ્રવ્યનો સંચય કરવા કરતાં પુણ્ય કર્મનો સંચય કરવો એ લાભસ્પદ છે. કારણ પુણ્ય સંચય તહ્મારો જરૂર અનુસંગી બનશે.

જગત્‌માં જે જે કોઇ આવે છે તે સર્વ ખાલી હાથેજ આવે છે અને જાય છે તે પણ ખાલી હાથેજ. સાથે તો કંઇજ ગ્રાહ્ય વસ્તુ જઈ શકતી નથી. માત્ર સુકૃતજ

જઈ શકે છે. ગરીબના સંકટોનું નિવારણ કરવાનો માર્ગ સર્વોપરી છે.

દયામય પ્રભુ આપણી કસોટી કાઢવા માટે આપણને ભાતૃમંડળના કારભારી નીમે છે. આ મંડળની પ્રત્યેક વ્યક્તિ સ્ત્રી કિંવા પુરૂષ પ્રત્યે સંભાવના રાખવી તેનું સંરક્ષણ કરવું એ કારભારીનો નિર્મીત ધર્મ છે. આ ધર્મ જો દોષયુકત જણાય તો કારભારી મટી સેવક થવું પડે છે. આશ્રયદાતા ફીટી આશ્રીત થવું પડે છે. કારભારીપણું અન્યને મળે છે. જીવંત પ્રાણી પ્રત્યે દયાનો ધર્મ અદા કરવામાં જરા પણ થાપ ખાઓ નહિ. તેમ કર્યેથી તહ્મે જીવન જીવનાંતર કારભારી તરીકે રહેશો. ખવડાવશો પીવ-ડાવશો અને તહ્મે પોતે સંતોષ અનુભવશો.

જો તહ્મારામાં કોઈ પણ પ્રકારની ઉચ્ચ ભાવના કે અભિલાષા નહિ હોય તો તો પછી નોકરી કરવામાંજ શ્રેય છે. આહ્માં તહ્મને ઘણો અવકાશ મળે છે. દ્રવ્ય સંચયની તહાને ઉત્કટ ઈચ્છા હોય તો તે વાત ન્યારી છે. જગત્માં પ્રત્યેક વસ્તુને મનની સાથે સંબંધ હોય છે. અને આપણી મનસ્વી શકિત અનુસાર અમુક વિષય પ્રતિજ બુદ્ધિનું સ્વાભાવિક વલણ થાય છે. આ જગત્માં એવું કોઈ પણ કૃત્ય નથી કે જેને માટે બલવતી ઈચ્છા મનુષ્યને માર્ગ-ગમન નહિ કરે. જ્યાં તૃષ્ણાનું પરિબળ ન્યૂન; ત્યાં પ્રભુની સમી-

પતા વિશેષ. દ્રવ્ય તૃષ્ણા જગતના બંધનની એક દ્રઢ સાંકળ છે. તેને છેદન કરવી અતિ મૂશ્કેલ છે–જો કે અસંભવીત તો નથીજ.

થોડા પૈસાથી સંતૃપ્ત રહો. વધારે હાય વરાળ નહિ કરો. સંચય કરેલા એક પૈસામાં અને હળાહળ વિષમાં કંઈ પણ અંતર નથી. બલ્કે સંચીત કરતાં વિષ અભિરૂચિને વિશેષ પાત્ર ઠરે. વિષ ચેતન ક્રીયાને ઝેર દે છે. જીવંતને ભાનશૂન્ય બનાવી દે છે અને તત્સ્થળે અને ક્ષણેજ મારી નાંખે છે. સંચીત દ્રવ્ય પણ ક્રીયાને ઝેર દે છે. ભાનશૂન્ય કરે છે તથાપિ પ્રાણઘાતક નથી બનતું. જીવન જીવનાંતર અસહ્ય વેદના તે આપતું રહે છે. તેટલા માટે દ્રવ્ય સંચય કરવામાં પ્રયત્નશીલ નહિ થવું. તેનો સગાળ હોય તો તમારી સાથે નહિ રાખશો. સ્ત્રી–પુત્ર–માબાપ અગર તો અન્ય જે કોઈ તેના ઉત્સુક હોય તેને આપી દો. સ્વજન કરતાં પરજનને આપી શકતા હોય તો તો વિશેષ ઈષ્ટ. ભલે તમે શ્રીમંત હો કાંતો કંગાલ હો, પરંતુ તમારે અનુભવવાના સુખદુઃખ અણચિંત્યા આવી પડશે. તેની તમને આગાહી સરખી પણ થશે નહિ. તો પછી દ્રવ્યના સંચય કરવામાં સંકલ્પવિકલ્પની સૃષ્ટી ઉત્પન્ન કરવાની ખાલી બલા શું કરવા વહોરી લેવી જોઈએ? "દ્રવ્ય એ ભૃષ્ટ મદ્ય છે" એમ શાસ્ત્ર વચન છે. મદ્ય સ્થિતિ અને સ્વભાવમાં નિંદ્ય

છે; પરંતુ ભૃષ્ટતા એ વિશેષત્ત્વ છે. એટલા માટે દ્રવ્યનું ચણાટ કામ કે ઢગબંધ ગોઠવણી કરવામાં તસ્દી લેશો નહિ. થોડી આવકવાળા મનુષ્ય, બલ્કે વિશેષ સુખી હોય છે. કારણ ચિંતા માત્રને નિર્મૂળ કરી તે પૌષ્ટિક ભોજન અને શ્રમાપહારી નિંદ્રા લે છે.


પારકે પૈસે પરમાનંદ કરવામાં બધાને ગમે છે. જગત્‌માં જેને તમ્હે મ્હારૂં માનો છો તેહ્માની કોઈ પણ વસ્તુ તહ્મે સાથે લાવ્યા નથી તેમ તે સાથે લઇ પણ જવાના નથી એ પણ નિશ્ચીત છે. કારણ તે તહ્મારૂં નથી, તે કોઈ બીજાનું છે, ત્યારે તેનો ઉપયોગ કરવામાં સંકોચ શું કરવા ખાવો જોઇએ ? એ દ્રવ્યનો દાતા કોઇ અન્ય-અગમ્ય છે તો પછી દ્રવ્યની એટલી બધી લાલસા પણ શાને રાખવી જોઇએ ? તહ્મે તહ્મારી જાતને માટે જન પ્રીતિ અને કીર્તિ સંપાદન કરી લ્યો. પોતાના તાબેદાર વર્ગ પ્રત્યે જેનું સદ્‌વર્તન છે તે એક અધિકારી છે. કનિષ્ટ વર્ગને કનડતા રહેતા અધિકારીને મળતા પગાર જેટલોજ પગાર મળવાને લાયક હોય છે. પરંતુ વિચાર કરો કે લાંબે ટપ્પે કોણ વિશેષ ભાગ્યશાળી નિવડે છે ? સંભાવના રાખનાર અધિકારીને શબ્દના ખર્ચ કરતાં અન્ય કંઈ ખર્ચવું પડતું નથી. પારકે દ્રવ્યેજ પારકાના પગારમાં વૃદ્ધિ કરવામાં આવે છે. પોતાને પોતાના ગજવામાં હાથ નાંખવા જેટલી

જરૂર રહેતી નથી; છતાંયે તેને જનપ્રિયતા સંપાદન થાય છે. અને તે પણ અણમાગ્યે ! આ જગતમાં આવી, ત્યારે, શા માટે પરજનના હિતમાં પરદ્રવ્ય વાપરી મફતના આપણે કીર્તિવંત નહિ થઈએ ? દ્રવ્ય તો જેનું છે તેનુંજ રહેશે. સાથે લઈ જવાને કોઇનામાં સામર્થ્ય નથી. ત્યાર પછી "પોતાનું છે" એમ માની નિરર્થક તરફડિયાં શું કરવા મારવા ? એક વખત, જ્યારે શાશ્વત નિંદ્રામાં આપણા ચક્ષુઓ બીડાઈ જશે ત્યારે આપણને ખબર પણ પડશે નહિ કે આપણે પોતે કયા પ્રદેશમાં ગમન કરીએ છઇએ અને આપણું સંચીત દ્રવ્ય આપણી પાછળ કયાં પડયું છે ? અનાદિ કાળથી આ વિલક્ષણ પૃથા ચાલી આવી છે. પડદા પાછળ કોઇ ડોકીયું કરી શકતું નથી અને તેથીજ ખબર નથી પડતી કે એ વિસ્મયતા શું છે ? આ પરદ્રવ્યથી તમ્મે તમ્હારી મેળે સુકૃત કરતા રહો. કૃષ્ણની પૂજા કરવાના પુષ્પ અને પર્ણ કૃષ્ણ તરફથી મળ્યા છે અને તેનાજ ચર્ણમાં પુનઃ આપણને સમર્પણ કરવાના છે. આ પૃથાને અંગીકાર કરવામાં આપણને નુકસાન નથી, લાભ છે. જગતમાં સર્વ વસ્તુ તેનીજ છે. ત્યારે સંકોચ કે ખટકો શાનો હોય ? તેનો ખજાનો અવિનાશ્ય છે. તમ્હારાથી અપાય તેટલું આપો.

ગરીબના સંકટનિવારણ કરવામાં દ્રવ્યનો ઉપયોગ નહિ થયો તો તે દ્રવ્ય નકામું છે. જેને આપણે આપણા

માની બેઠા છીએ તેવા ભાઈભાંડુના પોષણ કરવામાં કે તેમને સારા સારા કોકા પહેરવામાં કંઈ દ્રવ્યનો સદુપયોગ થયલો સમજાતો નથી. આ રહસ્ય ધ્યાનપૂર્વક સમજો અને ગુપ્ત રીતે તેનો અમલ કરો. આ માર્ગમાં નિરંતર નિર્ગમન કરો. તહ્મે પોતે અનુભવી લેશો પછી, કે દયામય કૃષ્ણ તહ્મારો છે !

રૂધીરના નિરંતર વહેવાથી શરીરના બંધારણને પુષ્ટી મળે છે. તે બંધ થવાથી શિરાને ધોક્કો પહોંચે છે. તેજ નિયમનુસાર જો દ્રવ્યનો નિરંતર પ્રચાર થતો રહે તો હૃદય શુદ્ધિ અને પુષ્ટી થાય છે. સંચીત રાખવામાં હૃદય નિષ્ઠુર અને ભૃષ્ટ બને છે. આ સૂત્રને લક્ષમાં રાખી દ્રવ્યનો સંગ્રહ કરો. આપી દ્યો. વહેંચી દ્યો–ઉડાવી દ્યો. મનથી અને શરીરથી તહ્મે આપોઆપ સુખી થશો.



વિચાર પ્રાબલ્ય.

કોઈ પણ વિષયના બહુ વિચારશીલ નહિ થાઓ. જે કાર્ય કરવાને તહ્મારામાં હિમ્મત નહિ હોય તે કાર્યનો વિચાર કરવામાં પણ બ્હીતા રહેજો. તહ્મારા કર્મોને કોઇ પણ રીતે છૂપાવવા યત્નશીલ પણ થશો નહિ. જે કર્મોનું સ્ફૂટન કરતાં શરમીંદા થવું પડે તેવા કર્મોથી દૂર રહો. પ્રકટ નહિ કરી શકાતા કર્મોનો તો નિરંતર ત્યાગ થવો જોઇએ.

તહ્મારા મનોરાજ્યમાં ઉદ્ભવતા ક્લીષ્ટ વિચારોને અસ્ત વ્યસ્ત કરી નાંખો. ક્લીષ્ટ કર્મ કરતાં ક્લીષ્ટ વિચાર વિશેષ ભયાનક છે. અને તેટલાજ માટે હઠયોગ કરતાં રાજયોગ પ્રશંસનીય ઠરે છે. એક કર્મ છે. બીજો વિચાર છે. વિચાર એટલો બધો બલીષ્ટ છે કે અનસ્તિત્વનું અસ્તિત્વ આણી શકે છે—અગોચરને ગોચર કરે છે અને અગ્રાહ્યને ગ્રાહ્ય બતાવે છે. તહ્મારે તહ્મારા વિચારને જેમ બને તેમ સરળ અને નમ્ર બનાવવા. ઉચ્ચ વિચાર હમેશા અંધકારમાં પ્રકાશીત રહેતા કોઈ એક જ્યોતની માફક

પ્રકાશી રહે છે. તે સ્થિતિમાં કંઈ અજ્ઞાત રહેતું નથી. દર્પણવત્ સર્વ વસ્તુ સત્ય સ્વરૂપમાંજ દ્રશ્ય થાય છે.

પરજનને કિંચીત હિંસા પણ કરવી ઉચ્ચિત નથી. તેવા વિચારોનું પ્રકટીકરણ થવા કરતાં હિંસાનું કર્મ કરી બતાવવામાં વિશેષ શ્રેય છે. વિચાર શકિત, ખરેખર મહાન બલીષ્ટ છે. તે અતકર્ય ને પણ તકર્ય બનાવે છે. તેની શકિત અને ગતિ ઉભય અછેદ્ય છે. આવા બલીષ્ટ પ્રતિનિધિને પોતાના શત્રુ બનાવવામાં કોઈ પણ વ્યકિતને વિશ્રાંતિ મળી નથી. જેણે વિચારને પોતાના મિત્ર સમાન માની લીધો છે તેને માટે પછી કંઈ અસાધ્ય નથી. નિરંતર પણ સાત્વિક ચિંત્વનથી જ્યારે હ્રદયની પૂર્ણ શુદ્ધિ થાય છે ત્યારે મહાન દયાનિધિ શ્રી કૃષ્ણના દર્શણ થયા કરશે. તે અણબોલાવ્યા આવશે અને રજા આપ્યા છતાં ત્યાંના ત્યાં સ્થિત રહેશે.

દુષ્ટ કૃત્યો કરતાં દુષ્ટ વિચાર વિશેષ ઉપદ્રવી છે. તેટલા માટે સદ્દવિચારમાંજ કાળક્ષેપન કરો.

જો કોઈ પણ ઈચ્છા અતિ તીવ્ર હોય તો તે પાર પડવીજ જોઈએ. તે પાર પાડયા શિવાય છૂટકો નથી. કુદરતનોજ એવો નિયમ છે. આપણી ઈચ્છા સમર્થ છે અને આપણું શરીર પણ વાસનામય કોશ-ઈચ્છામય કોશ

છે. શાસ્ત્રકારોનું આમ કહેવું છે. શરીરને આકૃતિમય બનાવનાર તે વાસના છે અને તેમાંથી સુખદુઃખ આનંદ શોક સ્ફુરે છે.

શરીરને બેહાલ બનાવનાર માત્ર ચિંતા છે; પરંતુ જગત્‌ના વિચારો જ્યારે લય પામશે ત્યારેજ કૃષ્ણના વિચારોનો પ્રાદુર્ભાવ થશે. શરીર—હૃદય—અને આત્મા ત્યારેજ હર્ષીત થશે. આ ઉભય વિચારજ કહેવાય છે. પરંતુ લક્ષણ—સ્વભાવમાં ભિન્નતા છે. એક બીજાથી વિરૂદ્ધ છે. વસ્તુ સ્થિતિ જ્યારે આમ છે તો પછી કૃષ્ણના વિચારમાં રમણ કરવા અને સુખી થવાની અભિલાષા કેમ નહિ રાખવી ? નિત્યાનંદના વિચાર એ પરમાનંદનું સાહિત્ય છે. મૂઢ પ્રાણી આપણી માફક નિત્યાનંદનું ચિંત્વન નથી કરી શકતા એમાં કંઈ ઔર ગૌરવ છે !

ઉચ્ચ કોટિના વિચારમાં પ્રવર્ત થાઓ. યાદ રાખજો કે, કર્મ કરતાં વિચાર લક્ષ દરજ્જે બલીષ્ટ અને શ્રેયસ્કર છે. અગ્રાહ્ય પ્રભુને બુધ્ધિ ગ્રાહ્ય કરવા વિચારની સમર્થ સહાનુભૂતિ જોઇએ. તે સહાનુભૂતિને જતી નહિ કરો. દુષ્ટ કૃત્યો દુષ્ટ વિચાર જેટલા હાનિકારક તો નહિ. ઉચ્ચ વિચારના અનુસંગી તરીકે અન્યની ઉચ્ચ સેવા હોવી જોઈએ. આ યુગલ ઠીક લાગે. કર્મ કરતાં વિચારમાં વિશેષ પ્રભાવ છે અને તેટલા માટે તમારા વિચાર હંમેશા પ્રકાશીત અને

ચિતાકર્ષક થવા દો. શરીરને બહારથી ધોવાને માટે તમ્હારી પાસે સાબૂ છે. હૃદયને ધોવાને પણ સાબૂ છે. તે સાબૂ વિચાર છે. એ વિચારરૂપી સાબૂથી હૃદય પવિત્ર બને છે એ નિઃશંક છે. જેટલી સાબૂમાં વિમલતા તેટલી હૃદયની વિશુદ્ધતા.

તમ્હારા વાર્તાલાપમાં કેવળ નિષ્પાપી બનો. મજાક કે મશ્કરી કરવામાં પણ મલીન ભાવનાને જન્મ આપશો નહિ. હૃદય તો શ્રીહરિનું મંદિર છે. તે મંદિરમાં મલિનતા ન હોય તે જોતા રહેવાનું છે.

વિચાર કરતાં કર્મમાં દુષ્ટ-નિષ્ઠુર થજો. કર્મ કરતાં વિચાર વિશેષ પ્રભાવશાળી છે. તમ્હારા વિચારને દયા અને સૌંદર્યથી વિભૂષીત કરો. જેને જોઇએ તેને તે લેવા દો. ગ્રાહકને આનંદ થશે. કૃષ્ણ ભક્તિનું આ એક પ્રથમ પગથીયું છે. તમ્હારા વિચારને નિરંતર નિષ્કલંક બનાવો !



ત્રણ અવસ્થાના સ્વરૂપ.

જગતમાં એ સ્પૃષ્ટ છે કે મનુષ્યની ત્રણ અવસ્થામાં પ્રથમ અવસ્થા વિષમ હોય છે. મધ્ય અવસ્થા ઉત્સાહ અને કર્મમય હોય છે અને ત્રીજી અવસ્થા સર્વોપરી હોય છે. અવસ્થાના માર્ગમાં-વિષયથી સર્વોપરીનો લાંબો ટપ્પો કાપ-વામાં મનુષ્ય જો દૃઢ થઈ વધતા નહિ રહે તો આડે રસ્તે ઉતરી પડવાની દહેશત રહે છે. શિશુ અવસ્થાથી તે યુવા-વસ્થા સૂધીના ટપ્પાને માટે ખાસ કહેવા જેવું નથી. તેની કંઇ બહુ કિમ્મત નથી. યુવાવસ્થાના પ્રારંભથીજ મનુષ્ય વિષમ-અવસ્થામાં પ્રવેશે છે અને નહિ જેવા ઘણા કામો કરે છે. ત્યાર પછી સત્વવાળી પ્રૌઢ અવસ્થાની પ્રાપ્તિ થાય છે અને શનૈઃ શનૈઃ વાનપ્રસ્થની અવસ્થાને પહોંચે છે. તેજ સંજોગમાં સર્વોપરી અવસ્થાની પ્રાપ્તી મનુષ્યે કરી લેવી જોઈએ. યોગ સાધનામાં પણ તેજ નિયમ સચવાયલો છે. પ્રાથમિક અવસ્થામાં શક્તિ પૂજન હોય છે. બીજી અવસ્થામાં શિવ સૂર્ય આદિ દેવોનું પૂજન હોય છે. અને ત્રીજી-અંતિમ અવસ્થામાં વૈશ્ણવ પદને સાધુ પામે છે. આપણો માતા-શકિતના રક્ષણમાં રહેવાનો સમય આપણો જતો રહયો છે. હવે તો વિશ્વના નેતા શ્રીકૃષ્ણનો શીતળ છાંયો શોધવા યત્ન કરવો જોઈએ. શ્રીકૃષ્ણનું મંજુલ નામ લેવા

મલિન વાતાવરણથી મુક્ત થઈ શુદ્ધાચરણ અને પવિત્રતાના એકત્રોત બળથી હૃદયને પાવન-લાયક કરી તહ્મે વૃંદાવનમાં આવ્યા છો. હવે તહ્મે અનુભવી પણ લેશો કે સદાને માટે તહ્મને સુખી અને નવ જીવન મળેલું છે. પ્રાથમિક અવસ્થાના પૂજારીની માફક હવે માંસાહાર કરવાનો ભાગ્યેજ સમય મળશે. હવે તો સાદા અને ચોખ્ખા આહારથી શરીરનું પોષણ કરવાનું છે અને શ્રીકૃષ્ણનું નામ સ્મરણ કરવામાં ગુંથાવવાનું છે.

તહ્મે કહેશો કે અહ્મે શૈવમાર્ગી છઇએ. અહ્મ શાક્ત છઇએ. પેઢી ધર પેઢી અહ્મે શૈવમાર્ગી છઇએ. તો પછી નવિન પંથનો અંગીગાર કેમ કરાય? આ શંકાના નિરાકરણ માટે પ્રલ્હાદ, ઉધ્ધવ અને વિદુરના દ્રષ્ટાંત બસ થશે. પ્રલ્હાદનો જન્મ આસૂરી કૂળમાં થયો હતો. તેના બાપ દાદાજ એકલા અસૂરજ હતા એમ નહિ. તેની સાતમી પેઢીના પૂર્વજો પણ અસૂરજ હતા. નિષ્ઠુર વર્તન તે તેહ્મનો અગત્યનો ધર્મ હતો છતાં તે પંથનો અનાદર કરી પ્રલ્હાદે નવિન પંથનો—વિષ્ણુ માર્ગનો અંગીકાર કીધો હતો. ઉદ્ધવજી અને વિદુરને પણ તેવાજ પ્રકારનો અન્યાય કંસ દૂર્યોધન તરફથી થયા કરતો હતો; તથાપિએ તેહ્મનો તિરસ્કાર કરી કૃષ્ણને સ્વયં પ્રભુ માની ભજવા લાગ્યા હતા. એ જૂનો જમાનો જવા દો. તહ્મારોજ જમાનો લ્યો.

જન્મથી માતાના સહવાસમાં રહેલી કન્યા જ્યાં સૂધી પરણી નથી ત્યાં સૂધી એમજ કહે છે કે હું તો માતાને નહિ છોડું. માતાને કેમ છોડાય? એ તો મારા જન્મથી સાથે રહે છે; પરંતુ આ બધુ ડાહપણ લગ્ન થતાંજ વિરામ પામે છે. નવા માર્ગમાં પ્રવેશતાં કોણ જાણે શું ચમત્કાર સ્ત્રી જૂએ છે કે પોતાના દ્રઢ-પરિપકવીત વિચારો પર પાણી ફરી વળે છે. જૂનો માર્ગજ તેના મનને અકારો થઇ જાય છે. એક ક્ષણ પણ સ્વામિથી વિમૂખ થવાને તે ઇચ્છતી નથી. વાહ! કેવો સુંદર ન્યાય! વિશ્વમાત્રના સ્વામિ શ્રી કૃષ્ણ છે માટે એક પતિવૃતા સ્ત્રીને શોભે એવા કાયિક, વાચિક અને માનસિક કૃત્યો કરી તેનું રક્ષણ કરી સુખી થાઓ.

સમાગમ.

જેના સહવાસથી કૃષ્ણના વાર્તાલાપમાં પુષ્ટી મળે છે તેજ ખરો મિત્ર છે. દુનીઆના નિરૂપયોગી બંધનો બાંધવામાં કે વધારવામાં જે મગ્યા રહે છે તે મિત્ર કહે-વડાવવાને લાયક નથી.

કુસંગમાં રહેવાથી મનુષ્યને પોતાની અનિચ્છાએ-પરાણે નિંધ કામ કરવા પડે છે. એવા સંગને તો તહ્મારે ત્યજી દેવો જોઈએ. સત્સંગનીજ ઈચ્છા નિરંતર રાખો. એ સત્સંગથી અસાધ્ય તો કંઇ રહેતુંજ નથી. ભલે તહ્મે સત્સંગ નહિ કરે-સત્સંગની ઈચ્છા માત્ર કરો એટલે બસ. સર્વ ગતિના નિયામક શ્રી કૃષ્ણ તહ્મારી ઇચ્છા આપોઆપ પૂરી પાડશે. એ નિસ્સંશય છે કે જે વસ્તુ શ્રી કૃષ્ણના સહવાસમાં પણ અણમોલ ઠરે છે તે સાધુના સહવાસમાં સોંઘી જણાય છે. આ કૃષ્ણ કૃપાનુંજ પરિણામ છે. સંત પુરૂષોએ પોતાનું સર્વસ્વ કૃષ્ણના ચરણારવિંદને સમર્પણ કરી દીધું છે. અને તેજ આશયસર-કારણવશાત્ કૃષ્ણે સંત મહાત્મય વધાવી દીધું છે. તેટલાજ માટે હું કહું છું કે, સંતમડળમાં જતાં થાઓ. તેનો સમાગમ કરતા થાઓ. તેની સેવા કરતા થાઓ. "સંત સમાગમ અને સંત સેવા" એજ તહ્મારો સૂત્ર રહો !

દુનીઆના કજીઆ કંકાશથી પરિપૂર્ણ થયલા હાથ વરાળવાળા સમાગમથી વિમુખ રહેવાને દ્રઢ નિયમ કરો. જેમ બને તેમ સંતસમાગમની જીજ્ઞાસાનેજ પ્રકટાવો—પોષો અને ફળીભૂત કરો.

તહ્મને તહ્મારા સ્વભાવાનુસાર જો સહવાસ નહિ મળે તો નિરંતર એકલા રહેવું એ શ્રેયસ્કર છે.

દુનીઆના મિત્રોને તહ્મે દુનીઆનો પ્રેમ ચખાડો; પરંતુ જે હૃદયના મિત્રો છે તેનાપર તો તહ્મે ફીદા થઈ જાઓ. આત્માના સ્વામિના પ્રેમની જેને ચટકી લાગી છે—જેને તેના શ્રવણમાં આનંદ ઉદ્ભવે છે તેનેજ તહ્મે દોસ્તદાર માનજો—બીજા તો ગોસ્તદાર છે. ખુબ હોંશીઆર રહેજો કે એકને આપવાનો સત્કાર બીજાને નહિ મળી જાય. તેમ કરવામાં કોઇને સંતોષ નહિ થશે.

કુસંગ—કુસંગના સાધાનો કે વિચારોનો સદાને માટેજ ત્યાગ કરજો. સંગ્રહ કરવા જેટલું પુરાંતમાં કંઈ રાખશો નહિ. એના લાલચુ પંડ્યાએ તહ્મને કંઈ કંઇ લાલચો આપી ભમાવશે—ભોળવશે—મ્હોટા ભા કરશે—તહ્મારી વાહવા કરશે; પરંતુ જો જો ખૂબ ચાલાક રહેજો. પુનઃ લલચાઈ નહિ પડતા. શીરા સારૂં શ્રાવક નહિ થતા. ઇદના ભજીઆ માટે મીયાભાઈ નહિ બની જતા. કૃષ્ણના વાર્તાલાપમાં પ્રોત્સાહન મળે એજ સમાગમના ગાંડા બનજો. તેનાજ પાગલ થજો. બીજાના નહિ.

શરીર બંધારણ અને આહાર.

શરીરના બંધારણ આહારના આધાર પર છે. સારા અને સ્વચ્છ આહારથી શરીરની સુખાકારી થયા વગર રહેતી નથી. પાર્થિવ વસ્તુ હમેશા પાર્થિવ રહેવાની. સુવર્ણની વસ્તુ સુવર્ણ રહેવાની. માટી સુવર્ણ થતી નથી–સુવર્ણ માટી થતું નથી. તેવીજ રીતે અશુદ્ધ આહારનો જો ઉપભોગ થતો રહે તો શરીરમાં નિસ્તેજ, નિર્બળતાને ઘર કરવાને કારણ મળે.

શરીરનું સર્વોપરી બંધારણ મેળવવા ધાર્મિક જીવનની ખાસ આવશ્યકતા છે. વીર્ય એજ જીવન છે. શરીરના સંરક્ષણમાં એનું પ્રાધાન્ય છે. વીર્યનું પાલણ કરવું એ ધાર્મિક વિદ્યાર્થીની અને સંતની પ્રથમ ફરજ છે. આ ખાસ લક્ષમાં લેજો.

આપણી ઇચ્છીત વસ્તુની પ્રાપ્તિ માટે સારા–મજબૂત બંધારણની જરૂર છે. અમુક વસ્તુનું ચિંત્વન કરવાથી મહદ્ આનંદ મળે છે. પરંતુ તે કયારે ? શરીર નિરોગી–તન્દુરસ્ત–રૂષ્ટ પુષ્ટ હોય ત્યારે. રોગાર્ત કે કાવલા શરીરને માટે તે અસંભવીત છે. આજ આશયસર પોતાની ઇપ્સીત વસ્તુ-

ઓની પ્રાપ્ત્યર્થે નિરંતર મનન કરી સંત પુરૂષોએ પોતાના શરીરને દીર્ઘકાલ પર્યંત નિરોગી રાખ્યા હતા. આજ શરીરના બંધરણુને માટે હઠ અને રાજયોગનો અભ્યાસ કરતા રહેતા. એવમ્ સર્વ મહત્કૃત્યમાં શરીર એ કારણુ ભૂત છે. આરોગ્યતાને માટે ખાસ લક્ષં દેતા રહેજો. તેમાં ખૂબ પરાયણુ થજો. તેના પારાંગત બનજો. આહારમાં મિતાહારી અને સુખ વૈભવમાં ખબરદાર રહેજો. ચોખ્ખો આહાર લેવો. ગંધાતી સડી ગયલી અગર તો વિકારને ઉદ્દીપન કરે એવી વસ્તુનો આહાર તરીકે અનંગીકાર કરજો. દૂધ, ધૃત આદિ આહાર દેવકોટિને માટે છે. એવાજ કોઈ પદાર્થનું સેવન કરતા રહો. વનસ્પતિ અને ફળાદિક આહારથી શરીરની આરોગ્યતામાં વૃદ્ધિ થાય છે. વ્યાધિની સામા તે મજબૂત ટકકર લે છે. આ ધ્યાનમાં રાખજો.

દેવલોક પ્રકૃતિના ત્રિગુણુ–સત્વ, રજ અને તમ–માંના કોઇના કોઇ ગુણુના ન્યૂનાધિક પ્રમાણુમાં ' સ્રપાતી હોય છે. કેટલાક દેવનું પૂજન સત્વ ગુણુના આધ .થી થાય છે. અને કેટલાકનું પૂજન રજ ગુણુના આધારથી થાય છે અને કેટલાકનું તામસિક પૂજન થાય છે. ગુણુના એકીકરણુથી કે પ્રથકરણુથી આ ભૌતિક દેહ ઉત્પન્ન થાય છે. જે જે કાર્ય કરવાની જેમને ઇચ્છા હોય તે તે કાર્ય પોતાના ગુણાવલંબને કરતા રહે તો તે સુગમતાથી અને નિશ્ચિત

થાય છે. શરીર સંપત્તિ એ આહારપર પણ આધાર રાખે છે. એટલે જે શરીર ત્રિગુણાત્મક છે તે ગુણોમાં આહારનો પણ અંશ છે. કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ માટે લેવાતા અથાગ શ્રમમાં શરીર એ સારભૂત આધાર છે એવી ભાવના તહ્મારે રાખવી જોઈએ. અને આહારના સંબંધમાં નિયમિતપણાના સિદ્ધાંતને જાળવતા રહેજો. આપણી બીમાર અવસ્થામાં નાદુરસ્તીમાં વૈદ્ય હકીમ કે દાકતર વર્ગ સાદો અને હલકો ખોરાક લેવાની ભલામણ કરે છે તે શાને માટે? તેવા ખોરાકથી તંદુરસ્તી મળે અને સત્વગુણની ઉત્પત્તિ થાય માટે સાત્વિક ગુણજ શરીરનું સંરક્ષણ કરે છે એમ કહેવામાં કિંચિત માત્ર પણ અતિશ્યોક્તિ નથી. શાસ્ત્રમાં પણ એવુંજ રહસ્ય છે કે વિશ્વનું રક્ષણ કરનાર સાત્વિક દેવ તે વિષ્ણુ, સત્વગુણનો પ્રતિ પક્ષી તમ ગુણ છે. સંહાર કરવાની તેની ખાસીએત છે. તેજ ન્યાયે સંહાર કરનાર તામસિક દેવ તે શિવ, શરીર પોતે નિયમિત રહે–તેની ક્રિયા નિયમિત રહે અને નિરંતર વ્યાધિ મુકત રહે તેટલા માટે મનુષ્યે સાદા–હલકા. ખોરાકનીજ ઈચ્છા રાખવી. તામસિક પદાર્થો તો વગર આચકે ત્યજી દેવા જોઈએ. ફળ, મૂળ અને વનસ્પતિ આદિ સાત્વિક આહાર લેખાય છે. કાંદા, લસણ, માંસ મદ્યપાન આદિ તામસિક આહાર છે. શરીરને તહ્મારે જો નિરોગી બનાવવું હોય તો તહ્મારા ખોરાકનોજ નિયમ બાંધો દૂધ

ચીના પદાર્થોનું પુષ્કળ સેવન કરવું જોઇએ. માંસ, મત્સ્ય આદિ સમૂળગાં છોડી દો. તેના વિચાર સરખા પણ કરશો નહિ. ફળ કોટિમાં બીલફળ સર્વોત્તમ સાત્વિક છે. તેટલાજ માટે જગત્‌ના સંહાર કરનાર મહાન તામસિક દેવ—શિવે પોતાનું આરામ મંદિર બીલવૃક્ષની શીતળ છાંયામાં કીધું છે. કારણ એ ફળ સત્વગુણથી પરિપૂર્ણ છે. આ ગુણ માત્ર ફળમાં છે એમ નથી. તેના પર્ણમાં, તેની ડાળમાં, તેની છાલમાં પણ સત્વ ગુણ સ્થિત છે. ખરૂં પૂછો તો એ બીલી વૃક્ષ નથી પણ સત્વ વૃક્ષ છે. તેજ કારણથી શાંતિની ઈચ્છાને માટે શિવે બીલ વૃક્ષનું શીતળ શરણું લીધું હતું. આજે પણ શિવના મસ્તકપર બીલીપત્રનો મહાન ગઢ થાય છે તે એવાજ આશયસર. શિવને તેનો ઘણો શોખ છે. જ્યાં તહ્મને એ મળે ત્યાં તહ્મે એ લઈ લેજો. ફળ નહિ મળી શકે તો બીલપત્રનો રસ કરી તેનું પાન કરજો. તેમ ન બને તો માત્ર તહ્મારા નિવાસના મુખ્ય સ્થાનમાં તેને બાજુએ રાખી મૂકજો. આથી તહ્મારૂં શરીર સાત્વિક બનશે. તહ્મારૂં મન પણ દુષ્ટ વિચારથી ડગતું અટકશે. ત્યાર પછી દયામય કૃષ્ણના મંજુલ નામના પ્રભાવથી તહ્મારૂં વિદ્યમાન અને ભવિષ્ય જીવન કૃત કૃત્ય થશે.

યુવાવસ્થાના ગણાતા, માંસ મત્સ્ય, અને મદ્યના સ્વાદિષ્ટ ભોજન પાનને વિષ લેખી છોડી દેજો. નહિ તો

તહ્માંરી આરોગ્યતા અતિ નિર્બળ થઈ જશે. ફળ મૂળ અને વનસ્પતિના પદાર્થોજ તહ્મારો આહાર ગણાવવો જોઇએ. વિશુદ્ધ આહારથી તહ્મારૂં શરીર તંદુરસ્ત રહેશે. શરીર તંદુરસ્ત થયે તહ્મારૂં મન તંદુરસ્ત થશે. એવા તંદુરસ્ત પ્રફુલ્લિત મનથી શ્રી કૃષ્ણનું નામ લેવા તહ્મે સમર્થ થશો.

તહ્મારા શરીરની ચિંતા તહ્મને નહિ થાઓ. આત્મિક આહારથી તહ્મારા આત્માને દ્રઢ અને નૂતન રાખો. પછી શરીર આપો આપ તંદુરસ્તી આપતી રહેશે. તહ્મે સાંભળ્યું પણ હશે કે પ્રાચીન યોગિઓ જ્યારે સમાધિસ્થ થતા ત્યારે તેહ્મને આહારની રંચ માત્ર પણ આવશ્યકતા જણાતી નહિ; છતાંયે પોતાના શરીરને પોતાની તંદુરસ્તીને સહસ્ત્ર વર્ષ પર્યંત એકજ સ્થિતિમાં સાચવી શકતા હતા. તેટલા માટે તહ્મારા આત્માની કોઇ પણ પ્રકારે ઉન્નતિ થાય તેવુંજ કરતા રહો. તંદુરસ્તીની માવજત શરીર કરી લેશે. મનોરાજ્યમાંથી જ્યારે દુશ્મનાટ, મસ્તીતોફાન, જૂલ્મ આદિના દુષ્ટ વિચારોનો પ્રલય થશે ત્યારે પૂર્વનો ઉત્સાહ પુનઃ સંપાદન થશે અને પ્રત્યેક કાર્ય ત્વરાથી આટોપી લેવાનું સામર્થ્ય મળી આવશે. ત્યારેજ કૃષ્ણ બીજમાંથી ભકિત છોડ ઉગી આવશે. આ છોડ વેલ સ્વરૂપમાં વધ્યાજ કરશે. અંતે શ્રી કૃષ્ણના કલ્પ વૃક્ષને આલિંગી વિકસીત થશે અને સર્વોત્તમ-મનોરંજક પ્રેમફળની પ્રાપ્તિ થશે.

પ્રદેશની જે સીમા સુધી કૃષ્ણ!! નામનો પડઘો ગાજી રહ્યો છે તે સીમામાં તો ફિકરચિંતા પ્રવેશી શકે તેમ નથી. કૃષ્ણના નામમાં જે પીગળાઈ ગયા છે તેને વ્યાધિની પણ દહેશત નથી.

પ્રાતઃકાળ અને સાયંકાળ નિયમિત રીતે જે તુલસીનું પૂજન કરે છે, શુદ્ધ જળનું સિંચણ કરે છે, તેની મૃતિકાનું સર્વાંગે લેપન કરે છે અને એકપર્ણ સરખાનો પણ પ્રસાદ તરીકે અંગીકાર કરે છે તેનાથી ઉપાધિ માત્ર દૂરને દૂર રહે છે. તુલશીના ભક્તને અડકવા તેનું ગજું નથી. કૃષ્ણના મંજુલ નામનું જ્યાં વિસ્મરણ થયું કે તુર્ત માયા પોતાના ચમત્કાર બતાવવા મંડી જાય છે. અને તેનું આખું શિષ્ય મંડળ અનેક પ્રકારના વ્યાધિ ઉપાધિ કે જૂલ્મના બંધનોથી બાંધી માયાના ગૂલામને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવે છે. જ્યાં કૃષ્ણ છે ત્યાં માયાનો અમલ નથી. તેની મહાવ્યથાની છાંયા સરખી પણ જણાતી નથી.

યોગાભ્યાસ અને ભક્તિ આરોગ્યતાના આધારપર છે. આવા અમૂલ્ય ખજાનાને માટે બેદરકાર થવું અગરતો તેને પાયમાલ કરવો તેના કરતાં વિશેષ શોક શું રહ્યો ? બલ્કે તેની સંભાળ લેતા થાઓ–લેતા હો તેનાથી પણ વિશેષ લેતા રહેો. તહ્મારા શરીરમાં વહેતી રક્ત સરિતાથી તહ્મારા

સ્નાયુઓનું સિંચન કરો અને પૂર્વ અવસ્થા પુઃન આણી આપો.

શરીરને માટે તો ચિંતાગ્રસ્ત થશો નહિ. તે મજબૂત હો કે નહિ હો પણ એક દિવસ એ શરીરને વહેલા મોડા વૈદના પડીકાં તો પીવાનાજ છે. ત્યારે શા માટે ભયગ્રસ્ત થાઓ છો ? કૃષ્ણનું શરીર કૃષ્ણને આપી દો. તેને પરવડે તે કરવા દો. માત્ર એટલું તપાસતા રહો કે તામસિક કે રાજસિક પદાર્થોનો આહાર નહિ થાય. આથી એમ કહેવા નથી માગતો કે જગત્‌નો કોઇ પણ પદાર્થ આહાર તરીકે તહ્મારે લેવો નહિ. મિષ્ટ પદાર્થોનો ભલે છૂટથી ઉપભોગ કરો. તેની કંઇ ના નથી. તેમ વૃકોદર પણ ના બનશો અને ક્ષુધા કંજુશ પણ નહિ બનશો. હાજતપ્રરતાજ ખાન-પાનની તહ્મે વ્યવસ્થા રાખો. તે સીમાનું ઉલ્લંઘન નહિ થવા દો. સીમામાંજ પરિવર્તન થવા દો. તેમ કરવાથી ઇષ્ટ પરિણામ આવશે.

આ મુસાફરખાના (દુનીઆ)માં તહ્મને જેટલી જગ્યા મળે તેટલી જગ્યાથી સંતૃપ્ત રહો. તહ્મારી મુસાફરીની અસરોથી મુકત થાઓ. આ ઓરડી (શરીર) તહ્મારૂં જાશુ-કનું રહેઠાણ નથી. એ તો હંગામી છે. કાલે તહ્મારે એ છોડીને બીજે ઠેકાણે જવું પડશે. જે ઓરડીમાં તહ્મે મૂકામ કરો તે ઓરડીની ગોઠવણીમાંજ તહ્મારી રાત વહી

નહિ જાય તે ખૂબ સંભાળતા રહેજો. તહ્મારાથી બીજે દિવસે મુસાફરી થશે નહિ. અને વિલંબ કરવાના કારણે જે ઓરડી હમણાં મળી છે તેના કરતાં પણ કનિષ્ટ ઓરડીમાં રહેવાની તહ્મને ફરજ પડશે. તે અવકાશમાં આરામ લેવો અને તાજા થવું એજ વિવેકી–દૂરંદેશીનું ભૂષણ છે. મારી ઓરડીને પોતાની કરવાને મારૂં મીશન–મંડળ નથી આવ્યું તે તો શ્રી હરિના નામ સ્મરણ કરવાને માટે આવ્યું છે. ત્યારે શા માટે હરિ નામોચ્ચાર નહિ કરવો અને ભાડાની ઓરડીને પોતાની કરી બેસનારને નહિ જગાડવો? ભાડાના ઘરને માટે એટલી બધી જીજ્ઞાસા કેમ થાય? તેના સમારકામની ફરજ ઘર ધણીની છે. તે નહિ કરશે તો આપણે છોડી જઇશું. ત્યારે આવા શરીરની રચના, ખૂબી, સૈંદર્યતા, કે નાજુકતા માટે શા સારૂ અસંગત વિવેચન કરી–ટાહ્યલાં કૂટી કાળ ક્ષેપન કરવો જોઇએ? આ શરીરમાં આપણને નિરંતર રહેવાનું નથી. એને છોડીને ચાલ્યા જવાનું છે તે વિચારજો.

કાલી, કૃષ્ણ અને શિવ—એકજ છે.

તમે ગમે તે પંથના હો પરંતુ રાધાકૃષ્ણનું મંજુલ નામ લેતા રહો. સર્વ દેવ એકજ છે એમ માનો. ફેર માત્ર શબ્દ–નામમાંજ છે. એ નિસ્સંશય છે.

પતિના સ્નેહાંકિત હિલ્લોલમાં રમ્યા પછી પત્ની પોતાના માતપિતાને સર્વાંશે ભૂલી જાય છે એવું કંઈ નથી. બલ્કે એમ સંબોધવામાં આવ્યું છે કે પરણ્યા પછી સ્ત્રીએ તો પોતાના માતપિતાના આશ્રમમાં વિશેષ કરીને નહિ રહેવું. જે પત્ની આ સૂત્રનું રહસ્ય સમજી શકતી નથી તે પત્ની પોતાના પતિની સાચી પ્રાણેશ્વરી થવાને પણ યોગ્ય ઠરતી નથી. લગ્ન પછી પણ સ્ત્રીને પોતાના માત-પિતાના સહવાસમાં રહેવાનું વલણ થાય તો સમાજ તેની બૂરી વાત કરે છે. પતિને સંતાપ થાય છે. અને હૃદયના ઐકયની ગ્રંથી તૂટી જાય છે. તેણે તો માતપિતાને પોતાના–સ્વજન તરીકે અને પતિને સર્વોત્તમ શિરછત્ર સ્વરૂપે લેખવા જોઈએ.

વૃજની સર્વ સ્ત્રીએ કાત્યાયની (દુર્ગા) દેવીનું પૂજન કીધું હતું. તે પૂજનથી દેવી સંતુષ્ટ થયાં. અને "કૃષ્ણ પોતાના સ્વામિ તરીકે થાઓ" એવી જે ઇચ્છા વૃજની

સ્ત્રીઓની હુતી તે ફળીભૂત કરવામાં સાધનભૂત થયાં. સ્ત્રીએ પોતાના માતપિતાને શત્રુ માનવા એમ કહેવાનો આશય નથી. જે સ્ત્રી આ માર્ગે ગમન કરે છે તે કુલટા-પાખંડી ઠરે છે. તેને માટે પછી કોઇ પણ માર્ગ ખુલ્લો રહેતો નથી. કન્યાના જ્યારે લગ્ન થાય છે ત્યારે તેનામાં કંઈ ફેરફાર થાય છે ખરો કે? તેના સૌંદર્યમાં, રંગમાં, ચહેરામાં કે નામમાં કંઇ ફેરફાર થતો જણાતો નથી. જે કંઈ થાય છે તે માત્ર કોઈ અદ્રશ્ય પદાર્થમાં થાય છે. તે પદાર્થ હૃદય, મન અને પ્રાણ છે. લગ્ન થયા પછી સ્ત્રીને ચાર હાથ થતાં નથી કિંવા ત્રણ આંખ પણ જણાતી નથી. ધર્મ ભાવના સંબંધી જેમ આગળ હતું તેમજ રહેવાનું છે. માત્ર અસ્પર્શ્ય અનિર્વચનીય કંઇક જેને ગોત્રની સંજ્ઞા આપે છે તેજ ફરશે. વાસ્તવિક રીતે ફેર તો મન અને પ્રાણ માં થાય છે. હુમણાં તો જેમ છે તેમ રાખો-ભકિત પ્રકાર પણ તેજ રહેવા દો; પરંતુ હૃદયનું આકર્ષણ એક સર્વોપરી સ્વામી તરફ રાખો. એમ કરવાથી તમ્હને તમ્હારા માબાપ (કાલી અને શિવ)નો સત્કાર મળશે એટલુંજ નહિ; તથાપિ પ્રભુ પ્રેમની પણ પ્રાપ્તિ થશે. કેવળ પતિવૃતા સ્ત્રીઓજ આ પ્રેમની કદર કરી શકે છે અને તેનો સ્પર્શ પણ કરી શકે છે. બીજાને તો તે દૃર્બોધ છે. જેમને આ પ્રેમની પીછાન નથી તેઓ અન્ય પ્રેમમય મૂર્તિ માટે ઠેકડી કરે છે, પરંતુ

તે પ્રેમમુગ્ધા તેવી કુભયની નિંદાને પોતાના કર્ણમાં પ્રવેશ થવા પણ દેતી નથી. તેની મજાહ તો તે પ્રેમમુગ્ધાજ જાણે. આ બાબત દિવાન રામકૃષ્ણનું કહેવું છે કે; "કાળીના નામામૃતના પાનથી જેમના ચક્ષુમાં ઘેન વ્યાપી રહ્યું છે તેઓ પરનિંદા કેમ સાંભળી શકે?" પ્રેમ અન્યના કહેવાને દરકારતા નથી. તે તો પોતાના સુખમાંજ ડૂબકી ખાય છે. તમ્હારે તમ્હારા મનના પરિવર્તન શિવાય બીજું કંઇ બદલવાનું નથી. તમ્હારે તમ્હારી જાતની સાથેજ વાતો કરવાની છે; બીજાની સાથે નહિ. તમ્હારા કામની વાત પણ જ્યાં ત્યાં કરવી નહિ. અનુભવિનું કહેવું છે કે "પ્રેમીએ પ્રેમપાત્ર શિવાય અન્ય તરફ દ્રષ્ટિ કરવી નહિ. કેમકે તેમ કરવાથી પ્રેમ સૂકાઈ જાય છે. તે પ્રેમ દીર્ઘાયૂ રહેતો નથી. આમ કહેવાનો આશય એજ કે પોતાના વિચારના મનુષ્ય સિવાય બીજાને અંતરની વાત કરવી નહિ.

પ્રભુ તો સદાના એકજ છે. તમ્હે તેને પુરૂષ કહો–સ્ત્રી કહો અગર તો શંઢ કહો તેનો કંઈ બાધ નથી. તમ્હારા હ્લદયને જે યોગ્ય લાગે તે કરો. તમ્હને તમ્હારા મનને શાંતિ થાય તે માર્ગ લ્યો. ગીતાજીનો શું બોધ છે તે વિચારો.

॥मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव॥

બધાને ભિન્ન ભિન્ન ગણવાની કંઈ પણ જરૂર નથી. એથી કંઈ વિલક્ષણ સરખામણી નીકળી આવશે. આનું

મનન કરી જૂઓ, પછી જૂઓ કે પરિણામ શું આવે છે? જે જળાશયમાં તહ્મારો પ્રાણ પડયો છે ત્યાં તેને પડી રહેવા દ્યો. પ્રવાહની સાથે તેને વહેવા દ્યો. બધા જળાશયને નહાના મ્હોટા કિનારા તો હોયજ છે. સહુ એની મેળે તણાતા તણાતા કિનારાપર આવી પડશે. તહ્મે ગમે તે જળાશયમાં હશો પણ આખરે તો મહાસાગરનેજ મળવાના. તેટલા માટે મ્હારૂં કહેવું છે કે ચિંતા માત્રનો ત્યાગ કરો. પ્રવાહની સાથેજ વહેતા રહો. જેઓ આ વર્તનાનુગામી બની શકતા નથી અને ભ્રમને સાચૂં માની વળગી રહે છે તેવાને કિનારે આવતાં વિલંબ લાગે છે.



નામ સ્મરણ અને યોગાભ્યાસ—તેમાં મતાંતર.

જેને કેવળ દયામય પ્રભુનો વિશ્વાસ છે તે પોતાના બંધનમાંથી મુકત થાય છે અને નિશ્ચીતપણે પ્રભુને પણ પામે છે યોગાભ્યાસ અને વૃતમાં પળે પળે થાપ ખાવાનો ભય આપણને રહે છે. આપણે યોગભ્રષ્ટ થઈએ છઈએ. પરિણામ અનિશ્ચીત બને છે. તથપિ પ્રભુના નામસ્મરણમાં જે અડગ છે તેને તો ડગવાનો ભયજ રહેવાનો નથી. પ્રેમમુગ્ધ પ્રભુગૌરાંગે નામસ્મર્ણનો અસ્ખલનશીલ માર્ગ બતાવી દીધો છે અને તેટલાજ માટે પોતે મહાન અવતારી પુરૂષ તરીકે સૃષ્ટિની દ્રષ્ટિમાં ગણાયા. અન્ય માર્ગોમાં પ્રથકતા તુર્ત જણાઇ આવે છે. યોગના માર્ગમાં હિંદુ અને મુસલમાન વચ્ચે, ક્રીસ્ચીઅન અને યુરેઝીઅન વચ્ચે કેટલો અંતર પડે છે? જ્યારે નામ સ્મરણનો માર્ગ એક સરખી રીતે સર્વત્ર વ્યાપ્ત છે. હિંદુ, મુસલમાન, ક્રીસ્ચીઅન આદિ પોત પોતાના મંડળમાં મળી પોતાની ભાષામાં—પોતાના શબ્દોમાં નામસ્મરણ કરતાં કલ્લોલ કરે છે. નામસ્મરણના માર્ગ કરતાં સરળ, સર્વમાન્ય,

શાશ્વત શુદ્ધ માર્ગ અન્ય કોઈજ નથી. પોતાનું-પોતાની સૃષ્ટિનું વિસ્મરણ કરી પ્રભુ નામમાંજ લીન થતા જાઓ. તેથી કરીને તહ્મે પોતે અને તહ્મારી સૃષ્ટિ (સ્વજન) સુખી થશે. દ્રઢ થાઓ, વિશ્વાસ રાખો. તહ્મે તહ્મારી ચિંતાગાંથી મુકત થશો. યોગાભ્યાસથી કંઈક અદ્‌ભુત શકિત પ્રાપ્તિ થાય છે તેથી સૃષ્ટિને ભ્રમીત પણ બનાવી શકાય છે; પરંતુ તેહ્માં વિપરીત પરિણામ આવે છે. નામસ્મરણમાં તો કંઈ ભયજ નથી. નામસ્મરણમાં તલ્લીન થવાથી પ્રેમ ઉત્પન્ન થાય છે. અને તેના પ્રભાવે મનુષ્ય નિરભિમાની અને શાંત બની જાય છે. યોગાભ્યાસનું પરિણામ કંઈક અલૌકિક લાગે છે. જ્યારે નામસ્મણનું પરિણામ પ્રેમ છે. યોગાભ્યાસ અને નામ સ્મરણમાં આજ અંતર છે. અન્ય સાથે તેનો ઉહાપોહ નહિ કરશો. ઉહાપોહ કરવાની તહ્મારી જો ઈચ્છાજ હોય તો તે તહ્મારા હૃદયમાં કિંવા તહ્મારા જે હૃદય પ્રેમી હોય તેની સાથે કરજો. તેહ્મા તહ્મને આનંદ મળશે-વિવિધતા મળશે અને નિરાકરણ પણ થશે. તેની સૂક્ષ્મ ગતિ અદ્રશ્ય હોવાથી તહ્મે જેની સાથે જેના પરત્વે વાત કરો તે પ્રસંગે આનંદને બદલે શોક છવાઈ રહે છે, પ્રેમના સ્થાનમાં તિરસ્કાર જણાઇ આવે છે, શ્રદ્ધાના મંદિરમાં સંશય અને અશ્રદ્ધા બ્હાર પડી આવે છે. અને મહા શ્રમે જે દિવ્ય ખજાનો તહ્મે મેળવ્યો છે તે ક્ષણ માત્રમાં ખોઇ બેસશો.

માટે જ્યાં સૂધી પૂરતું બળ આવે નહિ ત્યાં સૂધી તો શાંતપણે એકલાએજ કામ કરવું. તેમાં કંઈ હરકત નથી. મત્સ્યના ઈંડાંની માફક શરૂઆતમાં થોડા અને સ્થીર પાણીમાં પોષણ કરો. પછીથી તોફાની–ઉચ્છૃંખલ જળચરોથી પરિપૂર્ણ એવા અગાધ જળાશયમાં મૂકો. શનૈઃ શનૈઃ તે ત્યાં ફરતા થશે અને વૃદ્ધિ પણ પામતા જશે. આનાથી ઉલટો ક્રમ જો ભજાવાય તો સાગરના ઉચ્છૃંખલ જળચરોથી તેનો નાશ થયા વગર રહેજ નહિ. તેની પ્રાપ્તિની પછી આશા પણ રહેતી નથી. તેટલા માટે શરૂઆતમાંજ ખબરદાર રહો.

પ્રાણાયામ આદિમાં વિજયી થવાને નિરર્થક ફાંફા મારતા નહિ. જો તે રીતસર થતું હોયે તો તો તે તમારા કામમાં વધારારૂપ થશે.

મત્સય પકડવાની જાળને બાજુએ રાખી રાતદિવસ ભલે તમે પાણીમાં તરફડીઆં મારશો; પરંતુ તમને એક મત્સ્ય સરખી મળી આવશે નહિ. તેવીજ રીતે કૃષ્ણના નામસ્મરણને ટોલ્લે રાખી ગમે તેટલા પ્રાણાયામ કે જપતપ કરશો તોયે કૃષ્ણની પ્રાપ્તિ કયાંએ થવાની નથી. તેના નામને તમારૂં બંદર બનાવો. અને વહેલા મોડાં તેને તમે પામશો. એમાં કંઇ સંશય નથી. જે વસ્તુના નામની ખબર છે તે વસ્તુ તમે સુગમતાથી શોધી શકશો. શોધવાની વસ્તુ પાસે છતાં નામના અભાવે તે જડી શકેજ નહિ. આજ–સરળ

માર્ગ પ્રમીષ્ટ જીવોને દર્શાવવાને ગોલોકના સ્વામિ શ્રીકૃષ્ણ નદીઆમાં એક ભીખારીના વેશે અવતીર્ણ થયા. અને દડદડ અશ્રુથી પોતાના અંગને ભીંજવતા પોકારતા હતાઃ—

"નામ સ્મરણ કરો. એક વખત નામ સ્મરણ કરો. જ્યાં એક વખત પ્રેમની પ્રાપ્તિ થઈ કે પ્રેમના અધિપતિ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થઈજ ગઈ સમજવી."

તેટલાજ માટે હું કહું છું કે નામસ્મરણનો આશ્રય લ્યો. નીતાઇના ચરણારવિંદમાં રહો. તમારી જીદંગી સફળ થશે. અન્ય ઘણા માર્ગો હશે પરંતુ નામસ્મરણના જેવો શરળ તો નહિજ હોય. આટલા કારણથી કળીયુગનું મહાત્મય અન્ય યુગોથી સર્વોપરી ઠરે છે.

કોઇએક પ્રદેશમાં અમુક વ્યાધિ ફાટી નીકળેલો હોય તો તેનો ઉતાર પણ તેજ દેશમાંથી મળી આવે છે. બીજા દેશમાં શોધ કરશો તો મળી આવશે ખરૂં; પરંતુ તે સર્વ રીતે સુગમ જણાશે નહિ. નામ સ્મરણનો અસ્ખલીન શીલ માર્ગ માત્ર કલીયુગમાંજ છે. આ યુગ ભયનો છે—આ યુગ દગા ફટકાનો છે—આ યુગ છળ પ્રપંચનો છે—આ યુગ મેલી વિધાનો છે—આ યુગ ભૂત પિશાચનો છે અને તેમાં સલામત રહેવા માત્ર નામસ્મરણ એજ સંગીન વજ્ર છે. પ્રાચીન યુગના પ્રકાર પ્રાચીનતાની સાથે ખાખ થયા. અર્વા-

ચીન યુગને બંધબેસતા નહિ આવે. પ્રાચીન યુગનું વાતા-વરણુજ બદલાઈ ગયું છે. સત્યયુગમાં જે તહ્મે ઉગ્ર તપને અંતે પણ મેળવવા અશકય ઠરો છો તે તહ્મે આ યુગમાં માત્ર નામના પ્રભાવથી મેળવી શકો છો. એ માટે શંકાશીલ ન થશો. ગીતામાં પણ વાકય છે કેઃ—

જ્યારે જ્યારે, વીર ! ઉદ્દ્‌ભવે ભારતે પૂર ગ્લાનિ,
જ્યારે જ્યારે અખિલ નિરખે, વિશ્વની ખૂબ હાનિ;
ત્યારે ત્યારે પ્રકટ થઇ હું, ઉદ્ધારતો સંત જીવો,
ત્યારે ત્યારે ફરી ઝળકતો, હ્યાં રહે ધર્મ દીવો.

આ ગીતા સૂત્રને વધુ પુષ્ટી આપવા માટેજ શ્રીકૃષ્ણ ગૌર સ્વરૂપે પ્રકટયા અને કાશીના મહાન પંડીત પ્રકાશાનંદની સાથે પ્રખર વિતંડાવાદ કરી નામસ્મણનો મહીમા ઉચ્ચ છે એમ સિદ્ધ કરી આપ્યું. ભૂત પિશાચ આદિ આસુરી વ્યકિતનો મહાન શત્રુ માત્ર નામ છે. એ નામ માત્રથી તે અદ્રશ્ય થઈ જાય છે. તેટલા માટે નામસ્મરણ કરો. જરા પણ અચકાઓ નહિ. કૃષ્ણ નામ અમુક જાતિ કે વર્ગ માટે છે એમ નથી. સર્વ જાતી માટે છે. પછી ભલે તે ચંડાળ હો "પ્રત્યેક યુગને માટે ભકિતના પ્રકાર નિર નિરાળા હોય હોય છે. કલીયુગને માટે તો નામસ્મરણજ છે." એવું વેદ તત્વ પણ મળી આવે છે.

કૃષ્ણ કરતાં તેના નામમાં વિશેષ મહત્વ.

કૃષ્ણ અને કૃષ્ણ નામ ઉભય એકજ છે.

પરંતુ નામમાં કંઈક વિશેષ માધુર્ય જણાય છે. જેમ કોઈ મિષ્ટ પદાર્થનું નામ તે પદાર્થના અણમધુર ભાગોને મૂકી દઈ કેવળ મિષ્ટતાનો વિચાર મનમાં આણે છે તેમ શ્રીકૃષ્ણનું નામ અનેક નૈમિત્તિક દુઃખનો નાશ કરી માત્ર આનંદજ મનમાં પ્રકટાવે છે. "ગુલાબ"ની વાત કરતાં તેનો સુંદર રંગ, મનોરંજક આકાર, મધુર સુવાસ,ના વિચાર આપણા મનમાં ખડા થાય છે. ગુલાબ મેળવવાની [illegible]કેલી અને તેની કાંટાવાળી દાંડી કે ડાખળીનો લેશ મા[illegible] પણ વિચાર થતો નથી. પરંતુ જ્યારે આપણે ગુલાબને સાક્ષાત જોઈએ છીએ ત્યારે તેની કાંટાકાંટાવાળી ડાખળી, તેનું શનૈઃ શનૈઃ કરમાવવું, છોડ ઉપરથી તોડતાં તેનું થતું કદરૂપ આદિ અનેક અરૂચિકર વસ્તુઓનું ચિત્ર નેત્ર આગળ રચાતાં સંપૂર્ણ સુખ થતું નથી. બીજુ દ્રષ્ટાંત કેરીનું લ્યો, "કેરી" શબ્દમાં અને ફળમાં મ્હોટો મતભેદ છે. કેરી શબ્દ બોલતાંજ કેરીની સર્વોત્કૃષ્ટ મિષ્ટતાનો ખ્યાલ મનમાં થવાનો.

બીજો નહિ. કેરી હાથમાં આવવાથી મનમાં શંકા થશે કે એ મીઠી હશેકે કેમ ? ત્યાર પછી તેની જાડી અને તૂરી છાલ અને કઠણ ગોટલાનો વિચાર થશે. માત્ર ફળનું નામ લેતાં આવા વિષય વિચાર ઉદ્દભવતા નથી. તેની છાલ ચીમળાતી નથી કે ગોટલો પણ ખાટો હોતો નથી. કેવળ કેરીની મિષ્ટતાનો અનુભવજ તર્યા કરે છે. શુદ્ધ આવોજ ભેદ કૃષ્ણ અને તેહ્મના નામ વચ્ચે છે. નામમાં નરદમ મિષ્ટતા છે. શ્રીકૃષ્ણમાં-પોતાનામાં કેટલાક એવા ગુણ છે કે જેથી આપણને હાક અને ભયની ઝંખના પણ થતી રહે છે. તેટલાજ માટે કૃષ્ણ કરતાં કૃષ્ણ નામ વિશેષ લાભદાયક છે અને રૂચિકર છે. કૃષ્ણ નામ વિશેષ રૂચિકર થઈ પડે છે તેનું બીજું કારણ એ છે કે નામ વડેજ કૃષ્ણની ખરીદી થઈ શકે છે. વસ્તુ કરતાં વસ્તુ મેળવવાના સાધન-રૂપીઆની વધારે કિમ્મત છે. કારણ વસ્તુની પ્રાપ્તિ થાય છે તે રૂપીઆથીજ થાય છે. તેજ પ્રમાણે શ્રીકૃષ્ણના નામનો સંગ્રહ થતો રહે તો શ્રીકૃષ્ણને વેચાતા લેવાની જ્યારે તાત્કાલિક ઈચ્છા થાય ત્યારે તે લઈ શકીએ. આજ કારણથી મારી માન્યતામાં નામ સર્વોત્તમ-સર્વોપરી ઠરે છે.

નામ શિવાય અન્ય કોઈ ઉચ્ચ માર્ગ નથી. કૃષ્ણ અને તેના નામમાં બીજો ભેદ પણ નથી. પાપીને તો કૃષ્ણના

કરતાં કૃષ્ણુ નામ વિશેષ પ્રિય હોય છે. કારણ કે કૃષ્ણુ એવા પાપાત્માની નિકટ જતાજ નથી. પાપાત્માને તો તેને ભજવાની છૂટ છે. અને તે વડે કૃષ્ણુને પામે પણ છે. તેટલા માટે, આપણે કૃષ્ણુ કરતા કૃષ્ણુના નામપર વધારે વ્હાલ આણવું જોઇએ. આપણે નામના પ્રેમી થવું જોઇએ.

કૃષ્ણુને ભૂલી જવામાં બહુ નુકશાન નથી; પરંતુ કૃપા કરી તેના નામને નહિ ભૂલશો. નામ લેવાથી પ્રેમ પ્રકટશે અને પ્રેમથી પ્રેરીત થઈ કૃષ્ણુ તહ્મારી પાસે આવીને ઉભા રહેશે. પ્રેમની સરખામણીમાં કૃષ્ણુત્વ કંઇજ નથી. પ્રેમરાજ્યમાં મુક્તિની કિમ્મત અતિ તુચ્છ છે, તેના કોઇ ગ્રાહક નહિ મળવાથીજ એક ઠેકાણે પડી રહી છે.

કૃષ્ણુની પ્રાપ્તિ માટે તેનું નામજ મુખ્ય માર્ગ છે. જરા જુઓ. જેને તહ્મે જાણુતા નથી પણ માત્ર નામજ જાણો છો તેનો જો વિચાર કરો તો તેનો એવો કોઇક જાણુકાર મળી આવશે જે તહ્મને તેના સંબંધી સર્વ વિગત નિવેદન કરશે. અને તેને મેળવી પણ આપશે. તેવીજ રીતે અનેક વખત થાપ દઇને સટકી જતા કૃષ્ણુને પકડવા હોય તો માત્ર તેનું નામજ નિરંતર લો. કોઈક દીવસ, તેના જ્ઞાતા મહાત્મા કિંવા વ્રજદેવી તેનું ચરિત્ર અને ચારિત્ર તહ્મને કહી બતાવશે અને કૃષ્ણુની પ્રાપ્તિ પણ કરાવી આપશે.

પ્રભુની પાસે શાની યાચના કરવી ?

પ્રભુની ગમે તે વસ્તુ તહ્મે માંગજો; પરંતુ એકના બદલામાં બીજી કદાપી પણ માંગશો નહિ. "હું તહ્મારૂં નામ સ્મરણ કરૂં છું તેટલા માટે મ્હારી પ્રાર્થના સફળ કરો" એમ તહ્મારા પોતાને માટે ન કહેશો. અન્યને માટે ભલે યાચના કરજો. "પ્રભુ ! મારા પર વધુ સંકટ નાંખો અગર તો મારા પુણ્યના અવેજમાં ગરીબના સંકટોનો નાશ કરો" આવી યાચનામાં કોઈ પણ જાતનો દોષ નથી.

દયામય કૃષ્ણ ! મને પ્રેમ કરતાં શીખવો અને પ્રેમમાં સુખી થવા દો. બીજી યાચના તે હું શું કરી શકું ? મને જેની જેની જરૂર છે તે તહ્મે આપતા રહ્યા છો અને આપો પણ છો. અપ્રાર્થિત વસ્તુ તહ્મે આપો છો તો પછી તેવી વસ્તુની યાચના કરવામાં શું હું દોષીત નહિ ઠરૂં ? તહ્મારી પાસે કેવો અમૂલ્ય ભંડાર છે તેની મ્હને ખબર નથી. મ્હારી એવી ઇચ્છા છે કે તહ્મારા અખૂટ ભંડારમાંથી અમૂલ્ય ઝવેરાત લેવા કરતા એક કાચનો ટૂકડોજ લેવો. હું બીજાને માટે યાચના તો નહિજ કરીશ પરંતુ ત્હને તો સ્વાભાવિક રીતે અમૂલ્ય ઝવેરાતજ આપશો. કારણ તેની

યાચના કેવી રીતે કરવી તેનીજ મ્હને ખબર નથી. મ્હને જરૂર નથી એમ મ્હારૂં કહેવું નથી. મ્હારી જે જે હાજતો છે તે તહ્મેજ સમજી જઈને પૂરી પાડો. મ્હારી પાસે ભીખ નહિ મંગાવતા.

એક બે ઐહિક વસ્તુની યાચના કર્યા પછી આપણે માની લેવું જોઇએ કે જેની જેની યાચના આપણે કરીશું તે સર્વ મળી આવશે તેની પાસેથી એક બે વસ્તુ માગી લેવાની શ્રદ્ધા તહ્મારામાં જોઇએ. પણ યાદ રાખજો બીજી વધારે યાચના નહિ કરતા. પ્રેમ અને ભકિત શિવાય અન્ય કંઈ પણ માંગશો નહિ. તેના પ્રેમની યાચના કરતી વખતે તહ્મારે તહ્મારા વિપક્ષની સાહ્મા થવું પડશે. તેહ્માં પાછી પાની કરી તો તો પછી તહ્મારો પત્તોજ નથી એમ સમજજો. વધ્યાજ જાઓ. તહ્મને કીર્તિ મળશે. ન્હાના બાળકને આકાશના ચંદ્રને પાસે રાખવાની ઇચ્છા થાય છે. પણ દર્પણમાં પડતા પડછાયા રૂપ ચંદ્રથી તે ઠગાઇ જાય છે; તેમ તહ્મે પ્રેમની યાચના કરશો ત્યારે "આ પ્રેમ છે! આનું નામ પ્રેમ કહેવાય? જો કેવો સુંદર છે." એવા એવા શબ્દો બોલી બીજી વસ્તુ આપે તો તેથી છેતરાઈ ન જશો.

"મ્હને આ આપો અને મ્હને તે આપો" એવી ભાવમય પ્રાર્થના જે જે લોક કરી રહ્યા છે તે માત્ર ઘેલ-

છાજ છે. અફસોસ ! આપણે શાની યાચના કરવી જોઇએ તેની આપણુને ખબર નથી. તેના ભંડારમાં શું શું અમૂલ્ય ઝવેરાતો છે તેની આપણુને જાણુ નથી. તેથીજ આપણે માત્ર રમકડાં લઇને પાછા વળીએ છઈએ. આનાથી વિશેષ હાંસીદર્શક અન્ય શું હોય ? આપણુને તેની ગતાગમ નહિ હોવાથી વિશ્વના સ્વામિ પાસેથી માત્ર સાંસારિક ક્ષણિક મજાહુની યાચના કરી ભોળવઇ જઈએ છઈએ. તેના અગમ્ય ભંડારની આપણુને જો જાણુ નહિ હોય તો તેવી સર્વોત્તમ વસ્તુ આપવા માટે પ્રભુને પ્રાર્થના કરવી જોઇએ. ત્યારેજ આપણુને પ્રેમ મળે છે. તેના ઝવેરાતમાં પ્રેમ અમૂલ્ય છે—સર્વોપરી પણ તેજ છે. કૃષ્ણુના પ્રેમનીજ જેની યાચના છે તેણે અન્ય તો કંઈ માંગવું નહિ જોઇએ.

નિરંતર તેનુંજ સ્મરણુ કરો. તમ્હારા દીલની વિટં-બણ્ણા પણ તેહ્મનેજ આપો. તેજ માત્ર કરૂણુનાદ સાંભળે છે. તે સર્વ કોઈને સાંભળે છે. એક બીજી વાતઃ—કૃષ્ણુ તમ્હારી નિકટમાં હોવાથી તમ્હે જ્યારે જ્યારે તેને કહેશો ત્યારે ત્યારે તે શ્રવણુ કરશે. મનમાં બોલેલા શબ્દો પણ તે સાંભળશે. અવ્યકત શબ્દો સાંભળવાની તેને વિશેષ ઉત્કંઠા થાય છે. મ્હોટેથી ઉચ્ચારાયલા શબ્દો કવચિત તે સાંભળે યા ન સાંભળે; પરંતુ માનસિક સંદેશા તો તેને સાંભળવાજ પડે છે. તમ્હે તમ્હારા દુઃખ–સંકટ–હાડમારી–ગ્લાનિ આદિ ખુલ્લા

દીલથી કૃષ્ણુને જણાવી દ્યો. પછી જૂઓ કે તે સાંભળે છે કે નહિ? ત્યારે તહ્મે સમજી શકશો કે પોતાના સ્નેહી કરતાં પોતે–કૃષ્ણુ કેટલા વિશેષ પ્રિય થઈ પડે છે? તે તો અલૌકિક દયામય પ્રભુજ છે! તેનાથી કંગાલીઆતના અશ્રુ જોઈ શકાતાંજ નથી. કોઈને પણ આક્રંદ કરતા જૂએ છે તો તેનું તુર્ત નિવારણ કરી નાંખે છે. આક્રંદ કરનારને તો તેની ખબર પણ પડતી નથી. અવેજમાં તેની અલૌકિક અગમ્ય–અનંત–આશ્ચર્યસ્પદ લીલાનું ચરિત્ર ગાઈ સંભળાવે છે. તે સાંભળતાંજ તહ્મારૂં કલ્યાણ થઈ જશે.



મોક્ષ અને કૃષ્ણ સેવા.

સ્નેહગાંઠ ઘણી મજબૂત હોય છે-ખરે, લોખંડની સાંકળ કરતાં પણ તૂટવામાં કઠિન હોય છે. પશુ સુદ્ધાં આ પ્રવાહમાં તરફડે છે. આનું નામ તે દૈવિ માયા. આ પ્રવાહનું વહેણ જયાં પ્રભુની દીશા પ્રતિ હોય ત્યાં પછી પ્રાણી માત્ર જીવી શકે ખરા ? આકર્ષણ શકિતના કેન્દ્રસ્થાન પ્રત્યેજ તે જાય છે અને ત્યાં વિશ્રાંતિ લે છે. મોક્ષનું સર્વોત્તમ સમાધાન તે આ છે. આકર્ષણ શકિતના કેન્દ્રસ્થાનના જ્ઞાનથી પરિચીત થઈ જે અહીં તરે છે તે કેન્દ્રસ્થાનની નિકટ આવતાં જાગૃત રહે છે અને ઉદ્ભવતા અકસ્માતને અટકાવે છે. કેન્દ્રસ્થાનના નિકટમાં વસતા છતાં પોતાના જીવનને જે ન્યારૂં રાખી શકે છે અને વિપત્તિ કે વિટંબણાનું વિસ્મરણ કરી તે સનાતન ક્રીડાકાર પુરૂષની ક્રીડામાં પણ પુનઃ જોડાઇ છે તેજ ખરા ભકતો છે. કહ્યું છે કે;

સંસારમાં સરસો રહે, ને મન મ્હારી પાસ;
સંસારને લોપે નહિ, તેને જાણું મ્હારો દાસ.

આ પ્રવાહમાં વહ્યા છતાં જે પ્રભુને નિરંજન–નિરાકાર બ્રહ્મ માને છે તે તો સત્ય ધામથી વિમુખ રહે છે અને પ્રતિ ઘાતના સંજોગમાં તે અસ્ત વ્યસ્ત થઇ જાય છે. આનું નામ મોક્ષ અગર તો નિર્વાણ. એવી સ્થિતિ આપણી નહિ થાય તેવી પ્રાર્થના અમારા દયામય પ્રભુને કરવાની છે. દયામય પ્રભુનું સુંદર સ્વરૂપ આપણા હૃદયમાં જવા જલ્યમાન રહો. આપણે ન્યારા રહીએ અને તેની ક્રીડામાં પણ સહાયકારી થઈએ.



કૃષ્ણ અને ગુરૂ એકજ છે.

મનુષ્ય જો પથ્થરને પોતાના ગુરૂસમાન માને તો તેહ્માં પણ શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ થાય છે. એકલવ્યાએ પોતાના દ્રોણગુરૂની મૃતિકા મૂર્તિમાં પૂજ્યભાવ રાખી વિશ્વ વંદનીય કાર્યો કીધાં હતાં. પથ્થરની મૂર્તિની પૂજા કરવામાં મનુષ્ય માત્રને કંઇનેકંઇ ઇચ્છા ફળીભૂત થવાની આશા હોય છે તો શું જીવંત મૂર્તિ-ગુરૂની પૂજા વિશુદ્ધ ભાવે થતી રહે તો મનુષ્યની ઇચ્છા પરિપૂર્ણ નહિ થાય ? પતિ લુલો હોય કિંવા આંધળો હોય છતાં તે પોતાના સ્ત્રીના પ્રેમ કે પવિત્રતાની આડે આવી શકશે ખરો કે ? મહાભારતમાં એક એવી કથા છે કે એક પતિવૃતાએ પોતાના પતિવૃતના પ્રભાવથી સર્વ દેવોને નિમંત્રી પોતાના રગતપિતીયા સ્વામિને વ્યાધિ મુક્ત કરવા પ્રાર્થના કરી હતી. પતિવૃતાની દીન પ્રાર્થનાનો સ્વીકાર દેવ વર્ગને કરવો પડયો હતો અને પછીથી તેનું નામ અમર લખાઈ ગયું છે. તહ્મારા ગુરૂ જે મંત્ર તહ્મને આપે છે તેના સંબંધમાં પણ આમજ છે.

સ્ત્રીને માટે તો પતિ નિરંતર પૂજ્ય છે. તે પછી ગમે તેવો હોય તેની હરકત નહિ. તેવી રીતે પ્રભુના

અવતારરૂપ ગુરૂ પણ એમજ છે. જૂદા જુદા સ્વરૂપમાં જે હયા શ્રીકૃષ્ણ બતાવતા રહ્યા છે તે માત્ર રાસમાળાના વિવિધ રૂપાંતરો છે. તેટલા માટે શ્રીકૃષ્ણ સંબંધી કંઈક ખોટા-અયોગ્ય તર્ક વિતર્ક કરશો નહિ કિંવા તેની અવજ્ઞા પણ-કરશો નહિ. વિચિત્ર સંજોગમાં જે વિલક્ષણ દર્શન થય છે તે માત્ર આપણી કસોટી કરવાને માટેજ. ભૂલે ચૂકે પણ એ નિધિનો ત્યાગ નહિ થાય તો મહદ્ કૃપા! કારણ, એક વખત ચૂકયા તો પછી એ નિધિ હાથ લાગતોજ નથી. ફરીથી આપણને શરૂઆતનો ક્રમ લેવો પડે છે. એકડેએક પાછા ઘૂંટતા થઈ જઇએ છઈએ. આવા અમૂલ્ય આસ્તિત્વની પ્રાપ્તિ થયા પછી અને વધુમાં તે કૃપાળુના નામ સ્મરણ કર્યા પછી આપણે ભૂલા નહિ પડીએ તેટલા માટે બહુ સાવચેત રહેવાનું છે. તહ્મે ખોટા ફંદામાં ફસાઈ નહિ પડતા-આડે માર્ગે ઉતરી નહિ પડતા અને જીવને જોખમમાં નહિ નાંખતા.

પતિવૃત અને વિશુદ્ધ પ્રેમમાં વિચરનારી મુગ્ધા પોતાના પતિની વાતો કોઇને પણ કહેતી નથી. તહ્મે પણ તેવાજ થાઓ. તહ્મારા પતિ તહ્મને જેટલા પ્રાણપ્રિય છે તેટલા અન્યને નહિ પણ થાય એમ સંભવીત છે. તહ્મારા પતિ-સ્વામિને માટે કોઈક ટીકા કરે કિંવા માઠું બોલે તો તે માટે તહ્મને લાગી આવે એ પણ સાહજિક છે, તેટલા

માટે આવા અનલમાં ઝંપલાવશો નહિ—અન્યના કહેવાને ડૂપાવશો નહિ—તમ્હારા સ્વામિ પરત્વેની વાતો અન્યને કહેશો પણ નહિ. તમ્હે તમ્હારા હૃદય અને પ્રાણથી ગુરૂના ચરણારવિંદમાં સાષ્ટાંગ થાઓ. આનંદમાં લીન થાઓ. અને જ્યારે ઇચ્છા થાય—સ્પુર્ણા સ્ફુરી આવે ત્યારે તળીએ ડૂબકી મારી જોજો અને ત્યાં સંચીત કરેલો નિધિ લઇ લેજો. જે જે કાર્ય કરો તે એવા વિચારથી અને જ્ઞાનથી કરજો કે તમ્હારા ગુરૂ તમ્હારી નિકટમાં છે. તેને માટે મહદ્ પૂજ્ય ભાવ રાખો. કૃષ્ણ સ્વરૂપ તે પોતે છે એમ માનો. કૃષ્ણ અને ગુરૂમાં કંઈ ભેદભાવ નથી. ખૂબ ખબડદાર રહેજો કે આખો દિવસ નિરર્થક પ્રવર્તિમાં કાહાડયા પછી રાત્રે રોવું નહિ પડે. ગુરૂ માત્ર કૃષ્ણનું સ્વરૂપ છે એવીજ ભાવનાશીલ થાઓ. કૃષ્ણની ભક્તિ કરવા પહેલાં—કૃષ્ણ પ્રેમમાં મુગ્ધ થવા પહેલાં—કૃષ્ણના રાસમાં કે વિહારમાં માથું મારવા પહેલાં ગુરૂની પૂજા કરી લેજો. કૃષ્ણની વિભૂતિઓ તે સર્વ ગુરૂ છે. તે ગુરૂ—વિભૂતીનું પૂજન થશે કે તુર્ત જણાઈ આવશે કે કૃષ્ણ કોણ છે ? તેના રાસમાં શું ગાંભીર્ય છે ? પ્રમાણ તરીકે શ્રીમદ્ ભાગવત્‌માં જણાતું શ્રીકૃષ્ણ વચન બસ છેઃ—"પ્રત્યેક ગુરૂ મ્હારૂં સ્વરૂપ છે. તેને માટે શંકા નહિ કરો."

મંત્ર રહસ્ય.

કૃષ્ણના નામનું મહાત્મય અલૌકિક છે.

પ્રણવ-ૐ કરતાં પણ એનું મહાત્મય વિશેષ છે. કૃષ્ણના નામના આદિમાં કે અંતમાં પ્રણવનો ઉપયોગ કરવાની કંઈ જરૂર નથી. પ્રણવ વેદોકત છે. કૃષ્ણ વેદાતીત છે. જો એ વેદોકત પ્રણવની આવશ્યકતા હોત તો પોતે જ્યારે આ ભૂમિપર ગૌર સ્વરૂપે અવતીર્ણ થયા અને નામ મહાત્મયનો ઉપદેશ કીધો ત્યારે પોતાના નામની પૂર્વે કે અંતે પ્રણવ-ૐ લગાડવાનું પણ સંબોધતે. પ્રણવનો ઉચ્ચાર શુદ્રના મુખમાંથી થતાં એ પવિત્ર સંકેતનું મહત્વ ન્યૂન થાય છે જ્યારે કૃષ્ણના નામનું નામ સ્મરણ કરતાં ઉલટું વધે છે. પ્રણવનો ઉચ્ચાર કરવાને શુદ્રને અધિકાર નથી. કૃષ્ણ ઉચ્ચારવા શુદ્રને-અતિશુદ્રને પણ અધિકાર છે. તેમ કરવાથી તે નિષ્પાપ બને છે.

મંત્રનું ખરૂં રહસ્ય જાણવા તહ્મને અપેક્ષા છે ખરી ? વારૂ ત્યારે જુઓ. મ્હારી પાસે એક અમુક સ્થળમાં પ્રિય વસ્તુ છે. જ્યારે જ્યારે હું તે દિશામાંથી જાઉં છું અને તેને નિહાળવાની ઇચ્છા કરૂં છું ત્યારે હું એક ખાસ

સંકેતિક નાદ કરૂં છું. એ અમ્હારો ખાનગી સંકેત છે. અન્યને તે અર્થ અને રહસ્ય રહિત લાગશે. પરંતુ આ ગેબી નાદથી તો મારે જોઈતી સિદ્ધિ મને મળી જાય છે. તેવીજ રીતે મંત્રનું રહસ્ય છે. એ બીજું કંઈજ નથી પરંતુ મ્હારી પ્રિય વસ્તુને બોલાવવાનો સાંકેતિક શબ્દ છે. તેનો ખરો અર્થ અમ્હે ઉભય જાણીએ. જો હું મોટેથી બોલું તો તે અન્યના જાણવામાં આવે. તેટલા માટે હું સંકેતનોજ ઉપયોગ કરૂં છું. એ નાદ મ્હારી પ્રિય વસ્તુ શિવાય બીજું કોઈ સમજી શકતું નથી. આ સાંકેતિક શબ્દનો ઉચ્ચાર તે મંત્ર. એ કંઇ વિપૂલ નથી તેમ ભયંકર પણ નથી. જ્યારે અવકાશ મળે ત્યારે મંત્રોચ્ચાર કરતા રહો. "હરિ કૃષ્ણ" નામનો નિરંતર ઉચ્ચાર તમ્હારે કરવાનો છે. ભલે તે તમ્હે મ્હોટેથી બોલો કિંવા મનમાં બોલો તેની હરકત નહિ પરંતુ અન્યથી સાંભળી નહિ શકાય એવી રીતે અહોનિશ મનઃમદિરમાં તેનો ધ્વનિ થતો રહે તો તો વિશેષ શ્રેયસ્કર ગણાય. મંત્રોચ્ચાર એવો થવો જોઇએ કે જે મન ઉચ્ચારે તેજ મન સાંભળી શકે. પ્રારંભમાં એનો હીસાબ લખાવવો જોઇએ. તમ્હારે એવા નિયમશીલ થવું જોઈએ કે અમુક સમય સુધી તે મંત્રોચ્ચાર તમ્હારે કરવો જોઇએ. આ નિયમ અસ્ખલીત રાખશો એ તમ્હારી ખાસ ફરજ છે. શનૈઃ શનૈઃ તમ્હે વધ્યાજ જશો.

તે પ્રવૃત્તિમાં ગૂંથાયાં છતાં તમારી જીહ્વા એ
ા મંત્રોચ્ચાર કરતી વિરામશે નહિ. આવી સ્થિતિમાં
મ રાખવાની જરૂર નથી. પ્રાથમિક દશાને માટે
મ છે. ઉચ્ચ દશાના અનુભવિને પછી હીસાબ
ાનું શું પ્રયોજન ?

જો તમારાથી મંત્રોચ્ચાર નહિ થઈ શકતો હોય તો
ા બંધન મુક્ત કરનાર પ્રભાવશીલ નામનો તો ઉચ્ચાર
૪ રહેજો. એમાં વિશેષ સુગમતા છે. અંતે તો નામ
મંત્ર એકજ છે. નામોચ્ચાર સરળ છે. મંત્રોચ્ચાર
છે. ફાવે તે લ્યો. તમારે પરવડવાની વાત છે.



મંદિરમાં જવાને કેવો ઠાઠ જોઇએ છે ?

જ્યારે પ્રભુના દર્શન કરવા મંદિરમાં જાઓ ત્યારે ન્હાના કિંવા મ્હોટા સમૂહના સ્વરૂપમાં ના જશો. એકલા અને ગુપચૂપ જજો. જ્યારે મેદની વિશેષ હોય, ખાલી શોર બકોર થઇ રહ્યો ત્યારે દર્શન કરવા નહિ જવું. એવે વખતે મંદિરના મુખ્ય દ્વાર આગળ—એક બાજુએ શાંતિથી બેસી હરિ નામનો અસ્ખલીત પ્રવાહ વહેતો કરજો, એક ખૂણામાં બેશી લોકોના ધક્કા મુક્કી અને હડસેલા જોજો અને ખૂશ થજો. એ પણ જોવા જેવું છે. આવો આનંદ પ્રભુનું દયામય સ્વરૂપ નિહાળતાં નહિ મળશે.

કંઇક દબદબાથી કે દંભથી મંદિરમાં જવાનું નથી. તેમ કરવામાં ખરો આનંદ જતો રહે છે. વિવિધ વસ્ત્રો કે અલંકાર પહેરવા ઓઢવામાં અને ઠાઠમાઠ કરવામાંજ તહ્મારો વખત જતો રહે છે પછી તે આનંદ કયાંથી મળી શકે ? એ સર્વ ઠાઠ અને અમીરીને બાજુએ રાખો. પ્રભુના દરબારમાં એ લૌકિક ઠાઠની જરૂર નથી. તેનો તો

ઉલટો અનાદર થાય છે. આત્મિક ઠાઠ જોઈએ છે. આત્માને નીતિ પહેરાવો–આત્માને ધર્મ ઓઢાવો–આત્માને સદ્‌ગુણી સજો–આત્માને દીન બનાવો–દીનનો પણ દીન બનાવો. પછી અનુભવો કે એ આત્મિક ઠાઠથી કેવા અસીમ આનંદની પ્રાપ્તિ તક્ષને થાયે છે.



પાષાણમાં પણ પ્રભુ પ્રાકટ્ય.

પૃથ્વીના પડપર જે વિસ્મય સરખું જણાય છે તે સર્વ કૃષ્ણની ક્રીડા છે એમ માનજો. એ માનુષિક કૃતિ છે એવા ભ્રમમાં તો ડોલાશોજ નહિ. જીવ તો શક્તિહીન છે. તે તો માત્ર પુતળું છે. કૃષ્ણ નચાવે તેમ તે તો નાચે છે. મન, વાણી અને કર્મથી કૃષ્ણનું દાસત્વ સ્વીકારો. પછી તહ્મને ચિરકાળનું સુખ મળશે અને વિરામ મળશે.

વિશ્વની જીવંત વ્યક્તિઓમાં પ્રભુનો જેટલો અંશ છે તેટલો અંશ પાષાણ આદિમાં નથી. છતાં તે પાષાણ કેમ એટલા બધાં પૂજાય છે? પોતાના ભક્તનું રક્ષણ કરવા શિવ પોતે લીંગમાંથી ત્રિશૂળ સહિત પ્રકટ્યા હતા તેની શું તહ્મને ખબર નથી? પોતાના ભકતની વાંચ્છના પરિપૂર્ણ કરવા પાષાણમાંથી પ્રકટ્યા હતા અને ભકતની લજ્જા રાખી હતી. એ પાષાણમાં સ્થિત થયલું પ્રભુનું અસ્તિત્વ તે પાષાણના કોઇએક ગુણને આભારી હતું કે ભકતની દ્રઢ ભાવનાને આભારી હતું તેનો વિચાર તહ્મેજ કરી લેજો.

પાષાણમાં–પાષાણના અણુમાં કે પરમાણુમાં પ્રભુનું જે અસ્તિત્વ છે તે કંઇ પાષાણના કોઇએક લક્ષણ કે

ગુણને લીધે નથી. પાષાણ છે તે તો નિરંતર પાષાણજ રહેવાના. પરંતુ જ્યાં ભક્તનું આરાધન થયું કે ત્યાં પ્રભુથી છૂપાઈ રહેવાતુંજ નથી. અને એટલાજ કારણથી પ્રભુને પાષણ સરખી જડ વસ્તુમાં પણ પ્રકટ થવું પડે છે.

સાગરના મોજાં સપાટીપર આવે છે; પરંતુ તેને ચઢાવનાર તો માત્ર વાયુ છે. એટલે–વાસ્તવિક રીતે તો ઉંચે ચઢવાની શક્તિ વાયુની છે. એવી રીતે વિચારવંત પુરૂષના મનમાં અનેક તર્ક વિતર્ક થતા રહે છે; તથાપિ તેને પ્રકટ કરવા તે કંઈ તેહ્માની શક્તિમાં નથી. જ્યારે યોગ્ય વ્યક્તિ પ્રાપ્ત થાય છે ત્યારેજ વિચારની સ્પુરણા થાય છે અને લય પામે છે.

ખરો વૈષ્ણવ કોણ ?

ક્ષમા એ વૈષ્ણવ ધર્મની મુખ્ય આયાત છે.

વૈષ્ણવ ધર્મની એ છેલ્લી શિક્ષા છે. અન્યના મિથ્યા વાદ સાંભળજો પણ દાદ નહિ દેતા. પરંતુ જેના ઉદ્દ્ગાર હૃદય બંસીમાંથી નીકળ્યા છે તેને તો સન્માન આપજો. આ જીવન તહ્મારૂં છે એમ માનીને બેસી રહેશો નહિ. "જીવન પ્રભુનું છે" એ ભાવનામય થઇને સંભાળ પૂર્વક તેનું જતન કરજો. આનું વિસ્મરણ નહિ થાય તેને માટે ખૂબ ખબરદાર રહેજો. પ્રભુની વસ્તુ પ્રભુ તરીકે માની લઇ જ્યાં સૂધી દ્રશ્ય છે ત્યાં સૂધી તેનું જતન કરવું એ તહ્મારો ધર્મ છે. શિયળવતી સ્ત્રી પોતાના પતિ માટે પૂજ્ય ભાવ રાખે છે એટલુંજ નહિ; પરંતુ તેની માલકીની ન્હાની સરખી ચીજ પણ પૂજ્ય દ્રષ્ટિથી જુએ છે. તેનું જતન પણ સંભાળ પૂર્વક કરે છે. તેવી રીતે તહ્મારે પણ કરવાનું છે. આ વાત જેને તેને કહેતા નહિ ફરશો, નહિ તો લોક તહ્મારી હાંસી કરશે. તહ્મારા વિચારના—તહ્મારા આચરણના તહ્મારા ગુણના જે જ્ઞાતિભાઇ છે તેને તો વિશુદ્ધ ભાવથી કહેજો. તેમ કરવામાં તહ્મને લાભ છે.

વૈષ્ણુવ થવાથી મનુષ્ય જ્ઞાતિ બહાર ગણાય છે. કારણુ પોતે અહંભાવ છોડી પોતાનું જીવન જડવત્ ગાળતા થાય છે. લોક વાયકા એવી છે કે જ્ઞાતિ છોડયાથી વૈષ્ણુવ થવાય છે. કહ્યું છે કે—

જબ લગ જગમેં નહિ હોય હાંસી;
તબ લગ હરિ–ભકિત નહિ સાચી.

જ્યાં સૂધી મનુષ્યના જાતિ સ્વભાવમાં–અહંકાર, માત્સર્ય, લોભ, મોહ, કામ, ઇચ્છા, લજ્જા, ભય, ઘૃણા, દ્વેષ આદિ સર્વ દુર્ગુણો રહે છે ત્યાં સૂધી તો તેનાથી વૈષ્ણુવ થવાતું નથી. જ્યાં સૂધી તે સ્વજાતિમાં છે ત્યાં સૂધી વૈષ્ણુવ થઇ શકાતું નથી. વૈષ્ણુવ થયા પછી મનુષ્યનું નાસ્તિત્વ હોય એમ જણાય છે. જે મનુષ્ય વૈષ્ણુવ થાય છે તે ગતિમાન તો રહે છે; પરંતુ તેની ગતિ વિપરીત હોય છે. આ ઉલટી ગતિનું નામ તે યમુના. આ ઉલટી ગતિએ શનૈઃ શનૈઃ વધ્યા જતાં વૈષ્ણુવ પોતાના મૂળ સ્થાને પહોંચે છે અને ત્યાં નિશ્ચિંત થાય છે. જે જીવ એજ ગતિમાં વહ્યા કરે છે તે દૂરને દૂર તણાતા ચાલ્યા જાય છે, અને ડૂબકા પણુ ખાય છે, પરંતુ વિશ્રામ કરવાનો એક પળનો પણુ અવકાશ મળતો નથી. આપણે તો વૈષ્ણુવ થઇ જઈએ એવી ઇચ્છા છે. યમુનાની ઉલટી ગતિનું કારણભૂત શ્રી-

કૃષ્ણની બંશીનાદ છે. એ પ્રવાહની સાહ્મા જતાં જતાં વંશી-નાદ કર્ણે પડે છે અને ક્રમે ક્રમે આગળ વધતાં વંશીના વગાડનાર શ્રીકૃષ્ણના દર્શન થાય છે અને તેમ થવાથી કૃતાર્થ થવાય છે. જે એ ગતિમાં ને ગતિમાંજ વહ્યા કરે છે તેનાથી તો એ નાદ ક્રમે ક્રમે દૂર થતો જાય છે. અંતે તો એ બીલકુલ સંભળાતોજ નથી અને પછી તરવાનો માર્ગ ખોઈ બેસે છે. સર્વ દીશામાં સંકટથી તે ઘેરાઈ જાય છે અને તેનો ભક્ષ રૂપ થઈ નિર્જીવ પડી રહે છે. આવી અવસ્થામાં કોઈ પણ પ્રકારની વિશ્રાંતિ નહિ મળવાથી ભારે આક્રંદ કરી મૂકે છે. પોતાના ગત કર્મોને સંભારી સંભારી અનુતાપે દગ્ધ થાય છે. માટે કહું છું કે જાતિ છોડી દઈને વૈષ્ણવ બનો! મહદ્ આનંદ! જ્ઞાતિબહાર રહેવામાં અતિ આનંદ છે. પછી અન્ન જળની ચિંતા રહેતી નથી. જ્યાં જસો ત્યાં અન્ન જળ તહ્મારે માટે તૈયાર રહેશે એટલા માટેજ લોકોમાં કહેવાય છે કે:

"ચૈતન્યના ચાર ખૂણા ખાલી છે." *

---

*આ ચાર ખૂણા તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ કહેવાય છે.

હૃદય વિકાસ.

દુનીઆનું ક્ષણિક મંદિર તે તમ્હારૂં શાશ્વત ધામ છે એવા ખોટા ભ્રમમાં રહેશો નહિ. દુનિયા ભલે સ્થિર રહે; પરંતુ આપણને તો સ્થિર રહેવાનું છેજ નહિ. અસંભવમાં સંભવ કેમ મળી શકે ? હમણાં તો આપણે વિદ્યમાન છઈએ. બીજી ક્ષણે આપણે નશ્વર થઈશું. ક્યાં જઇશું તેની ખબર સરખી પણ પડશે નહિ. એટલા માટે અસ્થિરને સ્થિર માની–તેમાં ગરકાવ થઈ શાશ્વત ધામની પ્રાપ્તિથી વિમુખ નહિ બનશો. દુનીઆના ક્ષણિક વૈભવોથી આપણે મોહિત નહિ થવું જોઈએ. સ્ત્રી પુત્ર આપણા સહગામી છે એવી માન્યતામાં શાશ્વતસંગી શ્રીકૃષ્ણને અને કૃષ્ણના નામને વિસારી નહિ દેવાય તે ખુબ સંભાળજો. તેનું નામ તો આપણા શ્રેયનું અંતિમ સાધન છે.

ક્ષણિક પદાર્થોના ક્ષણિક ઠાઠથી તમ્હે આકર્ષાતા ના. તમ્હાને ઉલટો સંતાપ થશે. દુનીઆના સકળ પદાર્થો કોઈ એક ઐંદ્રજાલિકની ઈંદ્રજાલ સમાન છે. ક્ષણ ક્ષણમાં રૂપાંતર થતું રહે છે. હમણા જે સ્વરૂપ દેખાય તે બીજીજ ક્ષણે

નહિ જણાશે. ઘડી રૌદ્ર દેખાશે તો ઘડી શાંત દેખાશે. ઘડી આનંદ સ્વરૂપ જણાશે તો ઘડીક મ્લાન દેખાશે. આવા ધૂર્તથી—આવા ખોટા સ્વાંગથી તમ્હારે ભોળવાવવું નહિ જોઇએ. રૂપે અને રંગે સમાન અને સર્વકાલિક રહેનાર તો શ્રીકૃષ્ણ માત્ર છે. તેના પ્રત્યે પ્રેમ રાખતા શીખો. તેમ કરવાથી તમ્હને ચિંતા સરખી કરવાનો પ્રસંગ મળશે નહિ.

એ દિવસના સંબંધની ખાતર સર્વ કાલિક સંબંધીનો અનાદર નહિ કરશો. તે કોઈ પર પુરૂષ છે એવો ખ્યાલ પણ નહિ આણશો. આ દુનીઆના આવા ક્ષણિક સંબંધો આપણે કેટલાંયે બાંધ્યા. પ્રત્યેક જન્મમાં આપણને માત પિતા, ભાઈ બ્હેન, સ્નેહી સહોદર હતાં. આમ્હાંનો કોઈ પણ સંબંધ અદ્યાપિ પ્રર્યંત જળવાયો નથી. નથી આપણા સંબંધીઓ આપણને ઓળખતા કે યાદ કરતા—તેમ નથી આપણે પણ તેમ્હને યાદ કરતા. કૃષ્ણ તો આપણી સાથમાં ને સાથમાંજ રહ્યા છે. એક ક્ષણ માટે પણ આપણા ચક્ષુ આગળથી તે દૂર થયા નથી. આપણી હાજતો તે નિરંતર પૂરતા આવ્યા છે. એવા પુરૂષના આપણે વિસ્મરણશીલ બનીએ તેનાથી તે વિશેષ શોચપ્રદ અન્ય શું હોય ?

દુનીઆની કોઈપણ વસ્તુ સ્થિર નથી. આપણા જીવનમાં જે જે કર્મો કરીએ છઇએ તેના સારા નરસા ફળ જ્યાંસૂધી

ભોગવાય નહિ ત્યાંસૂધી તે તે કર્મો ઘણી સાવચેતીથીજ કરવાના છે.

એક દિવસ એવો આવશે કે જે દિવસે ધર્મ શું છે તેનું ભાન સર્વ સર્વ કોઇને થશે. તે દિવસ કયો છે તેની તહ્મને ખબર છે? તે એજ દિવસે કે જે વખતે તેની સર્વ ઇંદ્રીઓ કામ કરતી એકાએક અટકી જશે–શરીર ધબ દઈને પથ્થરવત્ પડી રહેશે–તેજ ઉડી જઈ નિસ્તેજ છવાઈ રહેશે–તેના સગાં વહાલાં હેબક ખાતાં રોતાં અને છાતી ફ્રાટ આક્રંદ કરતાં રહેશે અને યમના દયાહીન દૂતો તાગડધીન્ના મચાવી રહેશે, દમ દાટી દેતા થશે, ધમકાવશે અને ગભરાવશે. આવી વખતે તેને પોતાના ધર્મનું સ્મરણ થઇ આવે છે. પણ તે શા કામનું ? રાંડયા પછીનું ડહાપણ કામ ના આવે. સવેળા હોય તો કામ લાગી શકે. આખરે તે બીચારો જેવો થઇ જાય છે. તેનો ઉપરાણો કોઇજ ખેંચતું નથી. ખેંચે તોયે કયાં વળે છે? હુકમ આવ્યો કે જવાબ આપવા ગયા વિના આરો નથીજ આવતો. આવા નિષ્ઠુર દિવસની જો અગમચેતી મળતી હોય તોતો સર્વ સાધન સંપન્ન થવાય; પરંતુ તેવા દિવસની કોઇપણ આગાહી થતી નથી. માટે શ્રેય તો એજ છે કે દુનીઆના આવા મોહક પદાર્થો માટે તાલાવેલી કરવા કરતાં પરમનિધિ સ્વરૂપ કૃષ્ણનુંજ ચિંત્વન કર્યા જવું. તેહ્માં તહ્મો નિશ્ચીત થશો.

જીંદગીનો વહેલો મોડો અંત તો છેજ. પછી શા માટે આવી રમતોમાં લલચાવવું જોઈએ? રમવાના દિવસો તો ગયા છે; હવે તો અવશેષ રહેલા દિવસો નો ઉત્તમ વ્યય કરવો જોઈએ. તેવા વ્યયમાં તહ્મારે સુખી થવાનો યત્ન કરવો જોઈએ. હું જે કંઈ કહેવા માંગુંછું તે આજ છે. વળી પણ કહું છું કે હરિના નામથી તહ્મારૂં હૃદય વિભૂષીત થાઓ.

સૃષ્ટિના આરંભથી તહ્મે આ રંગભૂમિપર અનેક વખત આવી ગયા, રમી ગયાં છતાંયે સંતૃપ્ત થયા નહિ. જે રંગભૂમિપર આજે તહ્મે આવ્યા છો. જેને તહ્મે તહ્મારા પ્રેમથી વિભૂષીત કરી છે અને તેહ્માં ગૂલતાન થયા છો, તે રંગભૂમિ પણ પૂર્વભૂમીવત્ અસ્ત વ્યસ્ત થશે. આ વખતે તો તહ્મને તહ્મારા ધર્મનું સ્મરણ કરાવ્યું છે. તહ્મારા સ્વદેશની એધાણ પણ આપી છે. હજુ સમય છે. તે સાધી લેશો તો કંઈક પણ લેખે લાગશે. આત્માના નિયામક–પ્રેરક એવા રાસવિહારી શ્રીકૃષ્ણના પ્રેમમાં સાનંદ લીન થવા માંડો. એક વખત તેહ્માં પ્રવેશ્યા પછી દુનીઆના મોહથી તહ્મે પ્રસાશો નહિ.

પ્રત્યેકને પોત પોતાની રમત રમવા દ્યો તહ્મે રમી લો. એક રીતે જોતાં દુનીઆની વસ્તુ માત્ર અસત્ય

છે. દ્રષ્ટિમાં તો પાગલ અને બુદ્ધિમંત ઉભય એક છે; બલ્કે પાગલ વિશેષ અંકાય છે; કારણ કે તેવી અવસ્થામાં તેને અતિ સૂક્ષ્મજ કરવાનું હોય છે અને તેટલે અંશે જવાબદારી પણ ઓછીજ. એટલા માટે બુધ્ધિમંત કરતાં પ્રાગલ વિશેષ કિમતી ગણાય છે. અને તેજ વળી દુનીઆના મોહપાશમાં નહિ ફસાતા કૃષ્ણના પંથમાં વિચરી પાગલનું લાડકું નામ સંપાદન કરે છે. પોતાની સ્ત્રીના ઘણા નામ છતાં પ્રેમના ઘણા સંબોધન છતાં પતિ ઘણીયે વખત "ગાંડીરે ગાંડી" શબ્દથી સ્ત્રીને સંબોધે છે. ખરી રીતે તો તે ગાંડી નથીજ. તેમ તે ગાંડી છે એવી ભાવના પતિની પણ નથી. પરંતુ પ્રેમના આવેશમાં એવું આકસ્મિક બોલાઈજ જવાય છે. બીજી રીતે એ પ્રેમનો ઇલ્કાબ છે એમ કહીએ તોયે ચાલે. તે ગમે તે હોય, પરંતુ દુનીઆના વિચારમાં તહ્મારે વધારે ઉતરવાનું નથી. એ બલામાં વિશેષ લપટાશોજ નહિ. પ્રત્યેક વસ્તુનો એક સરખોજ કાયદો છે અને તે કોઇનાથી પણ ફેરવી શકાય તેમ નથી. ક્રોધાવેશમાં ન્યાયાધિશ કોઇને કટુ વચન કહે તો તેને માટે તેના દીલમાં કંઈક ખેદ થાય ખરો; પરંતુ તે ન્યાયાધિશ કદાપિ ગુન્હેગારને ફાંસીની સજા કરે તો તેને લેશ માત્ર પણ લાગતું નથી. કાયદાની દ્રષ્ટિમાં તે છૂટી શકતો હોય તો તેને છોડી મુકવા ન્યાયાધિશ તત્પર થાય ખરા. કાયદો જ્યાં ના કહે ત્યાં એ કેમ

બને ? એવમ્ જડ કે ચૈતન્ય સૃષ્ટિ માટે એકજ કાયદો છે. તદ્માટે પછી ખિન્ન થવાની કંઇ જરૂર નથી. ન્યાય મંદિર જેણે જોયુ નથી તે પણ ગુન્હેગારને થયલી ફાંસીની સજા સાંભળીને અગર તો તેને સિપાઈના જાપતામાં જતો જઈને કાં તો ફાંસીને માચડે ચઢતો કે લટકતો જોઇને લોક ખુશ થાય છે અને કહે છે કે, એને એના કર્મનું ફળ મળ્યું. આ શિક્ષાથી અન્ય કોઇનું હૃદય શોકાન્વિત થતું નથી; કારણ એ તો કાયદો છે.

શોકાર્ત થવા કરતાં બલ્કે તેની સજા જોવાને ઘણાને મન થઇ આવે છે. જન્મ લઇને પ્રત્યેકને પોતપોતાના કર્મો કરી લેવાના છે. પ્રત્યેકને એકજ પ્રકારનું કાર્ય ખેડવાનુંછે એવું કંઈ નથી પ્રત્યેકના નિરનિરાળા કર્મો નિર્મીત હોય છે. તે પ્રમાણે તેમે પોતાના કર્મો આટોપી લેવાના છે. અન્યના કામનો બોજો જોઈ પોતે દયાર્દ્ર બની તેમે સ્હાય આપવા જાય તો તેને માટે તે અસહ્ય થઇ પડશે. પોતાનું કામ અપૂર્ણ રહેશે અને બદલામાં ભર્ત્સના થશે તે તો જૂદું.

દુનીઆમાં જે કંઈ દ્રશ્ય છે તે આપણને સત્ય વસ્તુથી વિમુખ કરવાને માટેજ છે. કૃષ્ણ પ્રેમની પ્રાપ્તિમાં આદ્રશ્ય કંટકરૂપ છે એવું જે સમજી ચૂકયા છે તેજ માત્ર શાણા અને સુખી છે. ચકડોળમાં બેસવાથી શરૂઆતમાં મનુષ્યને ચક્રી આવે છે, ચોંકે છે બૂમ પાડી ઉઠે છે. તે

ચેતી જઇને જો છોડી દે છે તો તો નિશ્ચિંત થાય છે. પછી ચક્રી કે વમનેચ્છા, ચોંક કે બૂમ થતીજ નથી. તેવી રીતે દુનીઆના ચકડોળમાં પણ છે. આ ચકડોળનો જીજ્ઞાસુ પ્રારંભમાંજ ચેતી જઇ ત્યાંથી અટકે તો તો પછી ભવિષ્યની અનેક વમન, ચોંક કે બૂમરૂપ ઉપાધિનો લય ત્યાંજ થઈ જાય છે. વમન કે ચોંક થયા છતાં જો નહિજ સમજે તો તેના શ્રેયની ખાતરજ કૃષ્ણ અણધારી આફત આપીને ઉભા રહે છે કે જેથી તે ચેતે તો ખરો. આ આફતથી પણ તેને જો કંઈ જ્ઞાન નહિ થાય તો તો પછી માયા પોતે પોતાની લીલા વીસ્તારવા માંડે છે. ધીરે ધીરે "ભાઇ! બાપુ!" કહેતાં કહેતાં એવી સ્થિતિપર તેને પછી મૂકી દે છે કે માયા મજાક કરતી ઉભી રહે છે અને બીજાને પણ તેમાં ભાગ લેવા ઉત્તેજીત કરે છે.

બાપુ! તમારા આત્મા અતિ કોમળ છે. તેને જેમ વાળશો તેમ વળશે. અને સર્વકાલિક સુખની પ્રાપ્તિ પણ થશે. એ સ્થિતિ જતી રહેવા પછી કૃષ્ણની ભક્તિ કરવામાં ઘણી મૂશ્કેલીઓ જણાશે. વર્ષાદનું જળ સિંચી રાખ્યું હશે તો ઉન્હાળાના ઉગ્રતાપમાં તે કામ લાગશે. દુર્ભવતાથી તમે પીડાશો નહિ. માત્ર તમારે શ્રમ લેવો પડે. તમારી યુવાવસ્થા એ વર્ષાઋતુ છે. એ અવસ્થા નિરૂપયોગી બનાવી તો તો પછી ઉત્તરાવસ્થામાં તમે તે શું કરી શકવાના છો?

આજ કારણથી "ચરિત્રામૃત"માં પણ સંબોધવામાં આવ્યું છે કે "સ્રીના જીવનમાં યૌવન એ એક અમૂલ્ય સમય છે. અને તે સમય એક કે બે દિવસનોજ છે." યુવાવસ્થામાંજ કૃષ્ણને ભજી લેવા જોઇએ. દુનીઆના વૈભવમાં કાળક્ષેપન કરવા કરતાં કૃષ્ણના અનંત વૈભવમાં વિલાસ કરવા શું આપણે સાધન સંપન્ન નહિ થવું જોઇએ? ત્હમારી યુવાવસ્થામાં બીજ અંકુરીત થયું છે. તેમાં ખાતર અને જળનું સીંચન કરતા રહો, અવરનવર તેને તપાસતા રહો તો પછી ત્હમે અનુભવશો પણ ખરા કે વિશાળ વૃક્ષ રૂપે થતાં સખ્ત તાપ સહન કરતાંયે કેવો શીતલ છાંયો મુસાફરોને આપતું રહે છે. વખત વીતી ગયા પછી ત્હમે ગમે તેટલું જળ સીંચન કરો પરંતુ તે નિષ્ફળ થશ તાપથી તે કરમાતુંજ જશે. ત્હમારી પ્રસ્તુત અવસ્થાનો ખૂબ વિચાર કરો. તેનો બને તેટલો સદુપયોગ કરો. યુવાવસ્થાતો ત્હમને ઘણી વખત મળી ગઇ છે; તથાપિ તે દરેકનો ત્હમે દુરપયોગજ કીધો છે. અહુણાં જો ચેતો, ઉદાસીનતા અને શિતિલતાનો ત્યાગ કરો તો તો કૃષ્ણ નામમાં નિમ્મંજ્જન કરી ત્હમે સાર્થક થયા છો એમ કહેવાય. ત્હમારી યુવાવસ્થામાં સર્વ અવયવો દ્રઢ અને વિકસિત થયલાં હોય છે. રાગ અને વાસનાની પણ તેમજ અભિવૃદ્ધિ થયલી હોય છે. ત્હમારા જીવનમાં

આ વખતની ભરતી પૂરેપૂરી આવી છે. તેનો ઉપયોગ કરી લેવાનું તમારૂં કામ છે. ઓટ થતાં વિમાસણ થશે. માટે સવેળા કૃષ્ણ પ્રેમ શીખતા થાઓ. એ પ્રેમને માટે બીજું કંઈ નથી જોઈતું. માત્ર હૃદયની વિશુદ્ધતા અને અર્પણ-પત્રિકાનીજ માંગણી જોઈએ છે. તમારી યુવાવસ્થા ક્ષણિક છે. તેનો સદુપયોગ કરો અને સંતૃપ્ત થાઓ. એ જતી રહેશે પછી હાથ લાગવી કઠિન છે. અત્યારે સૂર્યોદય પ્રપૂર્ણ થયો છે. તેના તેજોમય રશ્મી પણ સર્વત્ર પ્રકાશી રહ્યાં છે. ખરી સંધિ આજ છે. અસ્ત થવા માંડશે પછી એ ઉદય, પ્રકાશ કે રશ્મી મળનાર નથી. ક્રમે ક્રમે તેનો પૂરોજ અસ્ત થશે. સ્વર્ગ ગંગાની શી અવસ્થા થઈ તેની તમને ખબર નથી ? સ્વર્ગ ગંગા સ્વર્ગમાંથી ચળી પડી શિવની જટામાં ભરાઇ ત્યાંથી પણ પડવા માંડેલી ગંગા પડી અને હિમાલયના પર્વત પર પડી. હજુ પણ પડી અને ધૂળમાં રગદોળાતી ને રંગાતી આખરે ખારા પાણીમાંજ મળી. મીઠા પાણીને પણ ન મળી શકી. પડવા માંડેલી ગંગા સ્વર્ગમાં તો પાછી જઈ શકીજ નથી. તમારે માટે આટલું પૂર્વ બોધન બસ છે. હવે કેસરીયાં કરી તમારે ઘૂમવાનું છે. આગળ પાછળ જોવાનું નથી.

દર્દીને ઔષધ રૂચતુ તો નથીજ છતાંયે કટાણું મોંઢું કરીને અંતે તો લે છે પછી ગુણ માલૂમ પડવાથી તે આપો

આપ લેવા માંડે છે; તેમ તહ્મે પણ અનિચ્છા છતાં કૃષ્ણનું નામ એક વખત તો લેજોજ. તે લેતા વારને એવી તો ચટકી લાગી જશે કે પછી કોઈના ઉપદેશની કે કહેવાની રાહ પણ જોશો નહિ. બલ્કે કોઇ પ્રસંગ વશાત્ કવચિત્ તે નામ નહિ લેવાયું તો તે આખો દિવસ ઉદ્વિગ્ન રહેશે.

દહીં ગોળી ગળે છે તેવી રીતે તહ્મે કૃષ્ણનું નામ લેતા રહો. એની મિષ્ટતા ધીરે ધીરે જણુંશે. સ્વર્ગના રાજ્ય પદની પ્રાપ્તિના બદલામાં પણ કૃષ્ણના નામનો ત્યાગ કરશો નહિ. તે અમૂલ્ય છે. એના વિવાદમાં ઉતરશો નહિ. કૃષ્ણ કરતાં કૃષ્ણ નામ વિશેષ કિમતી છે. કારણ એ નામથીજ કૃષ્ણ મળી શકે છે. આવા અમૂલ્ય નિધિમાં વૃધ્ધિ કરવા લેશ માત્ર પણ ગફ્લતી કે આળસ કરશો નહિ. તેનું નામ લેવામાં અનુકૂળતાની દાદ ઉઠાવશોજ નહિ. ગમે તે વખતે ગમે તે સ્થળમાં તે નામ સ્મરણ થતું રહે એવી પ્રતિંજ્ઞા કરો. સાકરના ટુકડાને ધોવાની જરૂર નથી. મોઢામાંજ મુકવાની જરૂર છે.

કૃષ્ણને માટે જો તમે ઉત્કંઠિત હો તો નિરર્થક બેસી રહેવામાં કંઇ પણ પ્રયોજન નથી. તેની પુંઠે તહ્મારે પડવું જોઇએ. પુત્રી જ્યાં સૂધી પરણી નથી ત્યાં સૂધી સ્વામિનું નામ સાંભળતા બ્હીએ—ગભરાય—કંપે; પરંતુ જ્યાં તેના ગુણોની પીછાન થઇ કે તુર્ત તેના સાનિધ્યમાંજ રહેવા તત્પર થાય. તહ્મે તહ્મારા સ્વામિના વિચાર કરતા શીખ્યા છેઃ—તહ્મે તેને પીછાની શકયા હો તો

હવે શા માટે તેનાથી વિમુખ રહો છો? હવે તો તેની સાધનામાંજ તમ્હારે નિમગ્ન રહેવું જોઇએ. હવે જો તમ્હને કોઇની જરૂર હોય તો તે માત્ર તમ્હારે માટે કૃષ્ણને ભલામણ કરે અને કૃષ્ણની પીછાન આપે એવા મધ્યસ્થ પુરૂષની છે. તે શોધી કાઢો અને તેના દ્વારા નામ નિશાન જાણી લ્યો. ઉચ્ચ અને નીચમાં અંતર આણશો નહિ. જે મળે તેને પૂછતા રહેજો કે કૃષ્ણ કોણ છે, કેવા છે અને કયાં છે? તમ્હારા પ્રશ્નના ઉત્તર આપ્યા વિના કેટલાયે ચાલ્યા જશે; પરંતુ કોઈક વીરલ નિકળી આવશે તે તમ્હારા લાડકવાયા પ્રભુ શ્રી કૃષ્ણને પંથે દોરવશે તેની સર્વ ઓળખ આપશે અને તે કૃષ્ણની તમ્હે સેવા કરતા થાઓ એવા પદ પર પણ તમ્હને મુકી આપશે ત્યારે તમ્હે સંતુષ્ટ થશો તમ્હારી ચિંતા માત્રનો લય થશે. હવે પ્રમાદમાં સમય વ્યતીત કરવામાં લાભ નથી કારણ સમય ઘણોજ ઓછો છે. હવે તો તેની તાલાવેલીમાંજ વાયલ બની અહીંથી તહીં અને તહીંથી અહીં શોધતાં ઘૂમતાં રહેવાનું છે. કાળું ઢાસ છવાશે તો માર્ગ શોધવો દુર્ઘટ થશે. એક તો માર્ગ અંજાણ્યો છે. બીજો માર્ગદર્શક નહિ મળે. એટલે પછી અંધારામાં ગોથાં અને ઠોકર ખાવાનોજ પ્રસંગ આવે. હજુ કંઇ બહુ મોડું નથી, વેળાસર છો. તમ્હે તમ્હારે સજ્જ થાઓ અને યદિ સહયાત્રી તરીકે જરૂર જણાય તો તમ્હારી સ્ત્રીને સંગાથે લેજો. પરંતુ તેને પણ જલદી સજ્જ થવાનું કહેજો. તમ્હે ઉભય એક નહિ હો તો તે ધામમાં પહોંચી શકવાના નથી. અંગુલીને હૃદયની ગ્રંથી કરીને માર્ગે પડો. ત્યાં જતાંજ તમ્હે તૃપ્ત થશો.

એકાગ્રતા અને નામ સ્મરણ.

નામ સ્મરણ કરતાં કરતાં અન્ય વિચારોનું પ્રકટીકરણ થાય તો તેથી ખિન્ન નહિ થશો. તેમાં હાનિ જેવું કંઈ નથી; પરંતુ તેનો પ્રારંભ કરો, સોત્કંઠ કરો. પ્રભુનિમિત્ત કોઈ પણ ક્રિયા દૃઢ સંકલ્પથી થતી રહે તો તાકાત નથી કે કોઈ પણ અશોચતા તમારા શરીરને કે હૃદયને સ્પર્શ કરી શકે. શરૂઆતથી તમે પવિત્ર અને વિશુદ્ધ હો એજ તમારે જોવાનું છે.

નામ સ્મરણની રીતી તે કેવી હોય? ગમે તે પ્રકારે "હરિ" ઉચ્ચારાય એટલે બસ છે. તમને ફાવે તેમ એ ઉચ્ચારતા રહો. તે પવિત્ર અને રામબાણ મંત્ર છે. એ નામ લેવાની વિધિ કેવી હોય તે તમારે પૂછવાનુંજ નથી. જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ત્યારે નિવૃત્તિના સ્થાનમાં જઈ સર્વ ચિંતાથી મુક્ત થઇ "હરિ હરિ" બોલ્યા કરો. એજ નામોચ્ચારથી દડદડ કરતા અશ્રુ હૃદયની મલીનતા ધોતું વહેશે અને તમને નિષ્પાપ બનાવશે. તમારામાં નવજીવન સ્ફુર્યું હોય એમ તમને લાગશે. અને અનંત આનંદના અનુભવનો લહાવો પણ મળશે.

તમને પરવડે તેમ, ગમે તે વખતે નામ સ્મરણ કર્યા કરો. શનૈઃ શનૈઃ તમારા હૃદયમંદિરમાંજ એ વિરાજી રહેશે.

છી કંઈ ચિંતા નથી. તહ્મે તહ્મારે નામ લેતા રહો. તે
ાગ્ય લેવાયુ' છે કે અયોગ્ય તે પ્રભુ નીતાઈ જોઇ લેશે.
ાગની અંદર ખોદવાનું આપણને ફરમાન થયું છે આપણે
ખોદ્યા કરવું જોઇએ. તેની ચોમેર પાળ બાંધવી કે વાડ
રવી એ આપણું કામ નથી. તે કામ માળીનું છે. ફક્ત
ામ લેવાને આપણને હૂકમ થયો છે અને તે આધારે
હરિ હરિ" નો અસ્ખલીત ધ્વનિ થતી રહેવી જોઈએ.
નને જે દિશામા વહેવું હોય તે દિશામાં વહેવા દો. એહ્માં
ાપણે શું કરી શકીએ? મન ઉપર આપણો અંકુશ નથી.
ાપણી હાકેમી તેના ઉપર હોય તો આપણું જોઇતું આપણે
રી પણ લઈએ. પ્રભુ પોતે નિરીક્ષણ કરવા આવશે, આપણા
મની સમીક્ષા કરશે અને આપણને રસ્તે પણ પાડશે. તેની ચિંતા
ાપણને નથી રાખવાની. માળીનાપર શ્રદ્ધા રાખો અને તેની
ચના પ્રમાણે કામ કરતા રહો. કોદાળી લઇને જમીન ખોદવા
ાંડશો તે વખતે તો પહેલાં હશે તેના કરતાંએ કઢંગી
ાગશે—બગડીગયલી જણાશે. માલી જ્યાં ઢેફાં ઢલીઆં વીણી-
ાણીને ફેંકી દઈ ભૂમીને એક સરખી કરશે ત્યારે તે ભૂમિ
વી મનોહર લાગશે? જે દીશામાં દૃષ્ટિ ફેંકશો તે દીશામાં
મણીયતા જણાશે. એ દિવસ કંઈ દૂર નથી. એ આપણા
ાથમાં છે. જ્યાં આપણું ખોદકામ પૂરૂં થયું કે તુર્ત તે
ાનુભવ થવાનો. બીજી વાતોને ભૂલી જઈ હરિનામમાં નિમગ્ન
ાઓ. નીતાઈ તહ્મારી સોડમાં રહેશે અને તહ્મારા કામ

સાંગોપાંગ ઉતારશે. તે વખતે તહ્મે ચક્ષુથીએ ઠરશો અને હૃદયથી પણ ઠરશો. લેશ માત્ર તહ્મારે ફીકર કરવાની નથી. તહ્મે તેને શરણે જાઓ. ગદગદ કંઠે તેના ચરણારવિંદ ભીંજવો. તેના ચરણારવિંદમાં રાધાકૃષ્ણના સ્વરૂપનો અનુભવ થશે એ નિ:સંશય છે.

તહ્મારે કૃષ્ણની પ્રાપ્તિજ કરવી હોય તો કૃષ્ણ નામની મદીરામાં રાત્રિ દિવસ ચકચૂર રહો. ખાતાં પીતાં અને હરતાં ફરતાં તેનું નામ લેતા રહો. પવિત્રતા કે અનુકૂળતા નથી એવી ફરીઆદ તો કરતાજ નહિ. અસ્ખલીત રીતે તે લેયા કરો. તહ્મારા ઓષ્ટ પણ કૃષ્ણના નામથી ફફડાવો. આવી વિધિએ નામ સ્મરણ કરવાથી પ્રેમ સંપાદન થશે અને પ્રેમ સંપાદન થયે શ્રીકૃષ્ણ સંપાદન થશે.

નામ સ્મરણ વખતે કોઈપણ પ્રકારના સંશયગ્રસ્ત થશો નહિ. તેને જે દિશામાં વહેવું હોય તે દિશામાં વહેવા દેજો. મનની કેળવણીમાં નામની કિમ્મત રહી છે. કેળવાયલા ઘોડાને અટકાવવાની શું જરૂર છે? ગાડીમાં જોડાયો કે ગમે તે દિશામાં તે દોડયા કરશે એ તો તેનો સ્વભાવ છે. તેવી રીતે નામ સ્મરણ થવા માંડયું કે તુર્ત મનનો વેગ વધવાનો, પરંતુ તેની સાથે તહ્મારે કંઈ સંબંધ નથી. મનનો વેગ વધે કે હરિની પ્રખર ધ્વનિ લગાવી દો. તુર્ત તહ્મને અનુભવ થશે કે મનનો વેગ શિથિલ થયો છે

અને અંતે તે તહ્મારા અંકુશમાં પણ આવી ગયું છે. અન્ય કોઈ લતમાં પડી એની વિસ્મૃતિ થાય એવું ન કરશો. કોઈ પંતુજીના કે વિદ્યાદાંભિકના વિચારને તહ્મારા મનમાં આદર આપશો નહિ, તેની સાથે વાદવિવાદમાં ઉતરશો નહિ. તહ્મે તહ્મારે ઉત્સાહભેર નામ લેયા કરો. તેનો ચમત્કાર તહ્મને વખત આવ્યે દેખાયા કરશે. પણ એક વાત ધ્યાનમાં લેજો— છોડને રોપ્યા પછી સહસા ફળની વાંચ્છના નહિ રાખશો. ફળના સ્વાદના ગાંડા બની છાલ અને પર્ણ નહિ ખાઈ જતા. છાલ અને પર્ણ ચૂશી લેશો તો પછી ફળમાં મિષ્ટતા મળનારી નથી. બલકે તે વૃક્ષજ જીવવા પામશે નહિ. એટલા માટે તૃષ્ણા રહીત બની નિરંતર "હરિ હરિ" રટયા જાઓ, પછીથી એ અગ્રાહ્ય સ્હેજમાં ગ્રાહ્ય થઈ જશે. એને પકડવાને નામરૂપી જાળ એ સર્વોત્તમ સાધન છે. એ જાળના તાર જેમ વધારે નિકટમાં હશે તેમ કૃષ્ણને પકડવાને વધારે લાયક ઠરશે. એહ્માં ગાળો નહિ પડવો જોઈએ, કારણ એ ગાળામાંથી તે સટકી જશે અને દૂર ઉભા રહી તહ્મને હસી કાઢશે. એના નામમાં તહ્મે પાગલ થાઓ ત્યાં સૂધી તહ્મે "હરિ હરિ" રટયા કરો.

શું તહ્મારૂં મન વહ્માજ કરે છે ? વહેવા દ્યો ત્યારે. તેની પીડામાં તહ્મે શું કરવા પડો ? તહ્મે જે અવસ્થામાં હો તે અવસ્થામાં રહી "હરિ હરિ" ઉચ્ચાર્યા કરો. અંતે એની મેળે એ શાંત થશે. મનની સ્થિતિ ન્હાના છોકરા જેવી હોય છે. ન્હાના

છોકરાને જેમ જેમ "ભાઈ બાબુ" કહી બોલાવીએ છીએ તેમ તેમ તે વધારેને વધારે ખીલે છે. પ્રેમના ખોટાં સંબોધન નહિ કહેવામાં લાભ છે. તેથી મન અશ્વવેગી બનતું નથી, કૃષ્ણની પ્રાપ્તિ થાય છે, અને પરમાનંદ અનુભવાય છે.

પવિત્રતા અને નામસ્મરણ.

હરિના નામમાં તહ્મે ચકચૂર રહો. તેના તહ્મે નીશાબાજ થાઓ. મલિનતાનો વિચાર તહ્મારા મગજમાં થવા દેશો નહિ! દુનીઆમાં મલિનતા જેવું કંઈ છેજ નહિ. કવચિત રડયું ખડયું હોય તો તે કૃષ્ણના નામ સ્પર્શથી તે પલટાઈ જાય છે. કયાં કૃષ્ણની વિશુદ્ધતા–પ્રભુતા?! કયાં વસ્તુની પામર મલિનતા?!

ઉકરડે પડેલા દ્રવ્યને લઇ લેવામાં મનુષ્ય વિલંબ કરશે ખરોકે? એ નિધિ લેવામાં મનુષ્યને મલિનતાનો લેશ માત્ર વિચાર થતો નથી. વિષ્ટા ભર્યા ઉકરડામાંથી તે ઉમંગ ભેર લઇ લેશે અને પોતાની જાતને કૃતાર્થ માનશે. તેજ પ્રમાણે કૃષ્ણ નિધિ લેવામાં મલિનતાનો પ્રશ્નજ ઉઠાવવાનો નથી. જે વસ્તુ નિરંતર વિશુદ્ધ છે તે મલિન બનીજ કેવી રીતે શકે? મલિનતાનો સ્પર્શ પણ કેવી રીતે થાય? પોતાના પાપથી પતિતપાવન ગંગાજળ ભૃષ્ટ થશે એવો વિચાર જો પાપીષ્ટ કરે તો પછી તેના પાપનું નિવારણ કેમ થાય? પાપાત્મા નિષ્પાપી બને છે એટલા માટે ગંગાજીનું મહત્વ અદ્યાપિ પર્યંત જ્વલંત રહ્યું છે. પાપાત્મા ન હોય તો ગંગાજીનો ભાવ પણ કોઈ નહિ પૂછે.

હરિનું નામ લેવામાં સમયની અનુકૂળતા છે કે નહિ તે જોવાનું નથી. તમ્હારો સમય તમ્હને અનુકૂળ નહિ પણ આવે તેથી શું "હરિ" નામોચ્ચાર નહિ કરવો? એવા ખોટા તર્કોમાં તણાઈ નહિ મરશો. અનુકૂળતા અને પ્રતિકૂળતા ઉભયમાં તમ્હારે નામ સ્મરણ કરવાનું છે—તેનો તમ્હને આનંદ નિશ્ચીત મળશે. નામ તો અનાદિનું પવિત્ર છે. એની પવિત્રતા આગળ બીજી બધી મલિનતા ન્હાસવાજ માંડે છે. આગ આગળ કોઈ ભસ્મ થયા વગર રહેતું નથી. તમ્હે દૃઢ સંકલ્પમય થયા પછી કોઈપણ મલિનતા તમ્હને સ્પર્શ કરી શકશે નહિ. જન્મની કે મરણની મલિનતા સરખીએ તમ્હને અડશે નહિ. આવી પ્રભાવશીલ પવિત્રતા આગળ મલિનતાના નિરર્થક તર્કો શું કરવા કરો છો?



વિશ્વ પ્રેમ.

પોતાના સંતાન પ્રત્યે ધરાતા પ્રેમના જેવો પ્રેમ બીજાના સંતાન પ્રતિ રાખવો એ મનુષ્ય માત્રની ફરજ છે. આવા પ્રેમના વિસ્તૃત સ્વરૂપમાં મનુષ્ય—જીવ કૃષ્ણ પ્રેમ કરતાં શીખે છે; પરંતુ લૌકિક પ્રદેશના બીન સ્વાર્થી પ્રેમ વિના કૃષ્ણ પ્રેમની પ્રાપ્તી અશકય થઈ પડે છે. સનાતન ગોસ્વામિને પણ શ્રી ચૈતન્યએ ઉપદેશ આપ્યો છે કેઃ–(૧) પ્રભુ નામના પ્રેમી થવું (૨) સર્વ જીવ પ્રતિ દયામય થવું, અને (૩) વૈષ્ણવોનું સેવન કરવું. આ ત્રિપુટીમાંની કોઈ પણ સૂત્રની સાધનામાં નિઃસ્વાર્થી પ્રેમની આવશ્યકતા છે. શનૈઃ શનૈઃ નિઃસ્વાર્થી પ્રેમ સાધતાં શ્રી કૃષ્ણની પ્રાપ્તિ થઈ શકે છે. શ્રી કૃષ્ણની પ્રાપ્તિ એ વિશ્વ માત્રની વસ્તુની પ્રાપ્તિ સમાન છે. વિશ્વ તહ્મારૂં થઈને રહેશે. કૃષ્ણની પ્રાપ્તિના ક્રમમાં જેજે સ્નેહીઓથી તહ્મારે વિમુખ રહેવું પડયું હશે તેજ પાછા તહ્મારા થઈને રહેશે.

પાંજરામાં પૂરેલા પંખીને નિહાળવા કરતા ગગનગામી સર્વ પક્ષીને નિહાળવામાં આનંદ માનો. તેને નિરીક્ષણ કરવા પૂરતો યત્ન કરજો–પકડવા પૂરતો નહિ. જેણે પક્ષીને પકડી રાખ્યું છે તેને તો એકજ–પકડેલા પક્ષીનેજ જોઇ જોઈને

આનંદ થવાનું છે; જ્યારે અન્યને તો "ઉડતા પક્ષી માત્ર તે મ્હારા" એવા વિચારમાં ને નિરીક્ષણમાં મહાલવાનું છે.

વ્યામોહમાં જે આનંદ પાગલને થાય છે તે આનંદ ભક્તને પણ થાય છે. પાગલના વ્યામોહ કે આનંદ પોતાના અંકુશમાં નથી; જ્યારે ભક્તનો તેનાપર અંકુશ છે. પાગલ વસ્તુ માત્રનું વિસ્મરણ કરે છે. ભક્ત પોતાના હૃદય પ્રદેશ-માંથી નિર્મૂળ કરે છે. તેનું સ્મરણ તો ભક્તને રહે છે છતાં તે તેનો ત્યાગ કરી શકે છે. આ પાયા ઉપર તહ્મારૂં જીવન મંદિર બાંધો.

નીશામાં મળતા આનંદનો પ્રકાર પણ આવો છે. આનંદ કંઈ મ્હારામાં નથી. તે નીશામાં છે. જ્યારે નીશો ઉતરે છે ત્યારે આનંદ પણ સાથે સાથે રસ્તે પડે છે. જેને પ્રેમની કણિકા મળી ગઈ છે તે તેનો આનંદ યથેચ્છ અનુભવે છે. અન્યને શી કદર હોય? તહ્મે તહ્મારા શરીરનો વિચાર છોડી દો. પછી તહ્મારા હૃદયમંદિરમાં પ્રેમ વિરાજશે. શારીરિક વિચારથી પ્રેમ કરમાઈ જાય છે. પોતાના દેહનો જે વિસ્મા-રક બની શકતો નથી તેને પ્રેમનો ખરો અનુભવ પણ થતો નથી. પ્રેમ એક જાતનું સાટું છે. મ્હારે કંઈક આપવાનું છે અને તેના અવેજમાં અન્ય કંઈક લેવાનું છે. એક વખત ભૌતિક વિચાર કરતા અટકો અને તેના બદલામાં તહ્મને પ્રેમ સંપાદન મળશે. એ પ્રેમમાં કેવો અનંત અને અવર્ણનીય આનંદ સ્થિત છે તેની પછી ખબર પડશે.

જીવ પ્રત્યે તમ્હારો પ્રેમ વૃદ્ધિગત થતો રહેશે તો કૃષ્ણ પ્રેમ આપોઆપ અનુસરશે. સામાન્ય પ્રેમમાંથી વિશ્વપ્રેમમાં પ્રવેશવાની ખાતર પ્રભુએ પ્રેમના સગપણની યોજના ઘડી કાઢી છે. પ્રથમતો જીવ પોતાને માટે પ્રેમ રાખતા શીખે છે પછી માતાપિતા, ભાઈ બહેન, પ્રત્યે પ્રેમ રાખતા શીખે છે. વયે વૃદ્ધ થતા મિત્રનો પણ પ્રેમ કરતા શીખે છે. અને લગ્ન થતાં પોતાના પક્ષ ઉપરાંત પોતાની સ્ત્રી પ્રત્યે અને તેના કુટુંબ પ્રત્યે પ્રેમ પ્રકટે છે. પોતાને સંતાન થતાં સંતાનના સગાને માટે મિત્રોને માટે, લગ્ન પક્ષના સંબંધીઓને માટે પ્રેમ કરવાનું પણ મન તેને થઈ આવે છે. જ્યારે પ્રેમનું સ્વરૂપ આમ અનુક્રમે વિસ્તૃત થાય છે; ત્યારે ખરા સગપણની મહત્વતા જતી રહે છે અને તેનું અંતે વિસ્મરણ પણ થાય છે. આનું નામ તે વિશ્વ-પ્રેમ. આવી સ્થિતિમાં મનુષ્યને કૃષ્ણનું નામ લેવાને ઉત્સાહ થાય છે. તે ઉત્સાહ પૂર્વક લે છે પણ ખરો અને અસીમ આનંદ અનુ-ભવે છે. આ વિશ્વપ્રેમને માટે તમ્હારે કંઈ દામ ખર્ચવા પડતા નથી, માત્ર તમ્હારા હૃદયનો વિકાસ થવો જોઈએ. અન્ન વસ્ત્રથી યથાશકિત આશ્રય ગરીબને આપતા રહો. તમ્હારા સ્નેહમય વાકયોથી તેભાગ્યહીનના આત્મિક પ્રદેશમાં શાંતિ વરસાવો. તમ્હે તમ્હારા પુત્રને કેરી આપતા હો તે વખતે કોઈ ગરીબનો છોકરો જો પાસે ઉભો હોય તો તેનેપણ સાથે સાથે આપજો. એમ્હાં કંઈ તમ્હને હાનિ જેવું નથી. તમ્હારા પુત્ર માટે જરૂર કરતાં વિશેષ કપડા

હોય તો ફાટ્યા ત્રુટયા કપડાથી અંગ ઢાંકતા, કકડતી ઠંડીમાં ધ્રૂજતા એવા દીન બાળકોને કંઈક ઓરાઢતા રહેજો. એથી કંઈ ઘટ થવાની નથી. કહ્યું છે કેઃ—

તુળશી પંછી પીનેસે, ઘટે ન સરિતા નીર;
ધર્મ કીયે ધન ના ખુટે, સહાય કરે રઘુવીર.

એવમ્ આ માર્ગનું અનુસરણ છે. તેમાં અનુક્રમે વધતાં હૃદય સૌમ્ય બનશે અને વિકસીત પણ થશે.



કૃષ્ણ કૃપા કેવા ભાવે સત્વર મળે?

ઉત્કંઠા અને સ્પૃહાને તમારા નિરંતરના સંગી બનાવો. આ યુગલ વૃંદાવનની મહારાણી રાધાજીની પ્રાણ સખી લલિતા અને વીશાખા રૂપ છે. કૃષ્ણ સન્મુખ કરનાર તે આધશક્તિ છે તેટલા માટે કાળાંતરે પણ તેનો ત્યાગ નહિ કરશો. યુગલ સ્વરૂપ (રાધા કૃષ્ણ)ના દર્શન કરાવવાનું સામર્થ્ય તેમનામાં છે. સ્પેનની મક્ષીકાની માફક પોતાના રંગમાં તમને રંગનારી છે. માટે તમે તેને ભૂલી જશો નહિ. તેની સર્વોત્તમ ભૃતિ થાય એવો આહાર કાળજીપૂર્વક આપતા રહો. તેની ભૃતિના આહારની તમને સમજ નહિ હોય તો તેની સહચારીને પૂછજો. એને બળ્યા ઝળ્યા રાખશો નહિ. તે કરમાઇ જશે. જૂદાજૂદા વેશે એને ગુપ્ત રાખો. તમારા પોતાના શરીરના જે જે અવયવો ઢંકાયલા રહે છે તે બીજા ઉઘાડા રહેતા અવયવો કરતાં કેવા સ્વચ્છ અને સૌંદર્ય-ગૌર દેખાય છે તેની શું તમને ખબર નથી? તેનો રંગ પાકો થાય ત્યાં સૂધી તેને આચ્છાદીત રાખો. લજ્જા સ્રીનો બુરખો છે. તે વીના સ્રીનું માધુર્ય અદ્રશ્ય થાય છે. અવિવિક્ત વસ્તુ કે વ્યક્તિ માટે ઘડી ઘડી બુરખો ઉંચો કરવો એ પણ ઉચિત નથી. પોતાના ચંચળ નેત્રના કામબાણ મારનારા વિલાસીનો પડછાયો સરખો એનાપર નહિ પડવો જોઇએ. એને માટે ખબરદાર રહેજો.

નિરંતર કૃષ્ણનું ચિંત્વન કરો. ખાતાં, પીતાં, ઉંઘતા, ચાલતાં, બેસતાં અને ઉઠતાં કૃષ્ણ કૃષ્ણ કહ્યા જાઓ. તહ્મે ગમે તે કાર્યમાં પ્રવર્ત્ત થાઓ પરંતુ તહ્મારૂં મન તો તેહ્માંજ પ્રેરાયલું રહે એવું કરો. આવું છતાં લૌકિક કાર્યથી વિમુખ રહો એવું કહેવાનો આશય નથી. લૌકિક કાર્ય પણ કરતા રહો. પરંતુ અવકાશનો પ્રસંગ નિર્ચિંત્વન વહી જાય એમ ન થવું જોઇએ. આવા ભાવથી તેનું નિરીક્ષણ કરો. માયામાં તહ્મે બંધાશો નહિ; અને અંતે તહ્મે નિશ્ચિંત થશો.

રંડીબાજ જેવો પોતાની ગુણીકા માટે તાલાવેલી કરે છે તેવી તાલાવેલી તહ્મને કૃષ્ણની થશે ત્યારેજ પ્રેમનો પ્રાદુર્ભાવ થશે. "જ્યારે હું રસોડામાં જાઉં છું ત્યારે, પ્રેમ! તારાં યશોગાન ગાઈ દડદડ અશ્રુએ હું અંગબોળીત થાઉં છું, લોક પૂછે છે તો કહું છું કે ધૂમ્રથી આંખો લાલ થઈ આવી છે અને પાણી વહે છે. "રાધાજીના આ વાકયો ખરેખર યોગ્યજ છે. પોતાના ચરણારવિંદથી કોઈપણ જીવને કૃષ્ણ વિમુખ રાખતા નથી. જીવ માત્ર તેના સાનિધ્ય હોય છે. નિષ્ઠુર પુત્ર એવી કલ્પના કર્યા કરે છે કે પોતાનાપર પોતાના માતપિતાનો પ્રેમ નથી. તેવી રીતે અંતરાવલોકન નહિ કરનાર જીવ પણ એમજ માની બેસે છે કે કૃષ્ણ પોતાને માટે કૃપાયુક્ત થતા નથી. હવે તહ્મેજ વિચાર કરો કે એહ્માં દોષીત કોણ? જીવ કે કૃષ્ણ? પ્રેમના વ્યાપા-

છોકરાને "તું હોંશીઆર છે–તું સુઘડ છે" એમ વારંવાર કહેવામાં આવે તો તે છોકરો પોતાની ઉચ્છૃંખલતા બતાવતો છતાં સુઘડ અને હોંશીઆરનો સ્વાંગ કરતો ઉભો રહેશે. તેટલા માટે એ ગોવાળીઆને તો ગોવાળીઓજ રહેવા દો. અહ્મારા ગોવાળીઆને રાજકુંવરની ઉપાધીની જરૂર નથી. એને એવા અમીરી ઠાઠની જરૂર પણ નથી. "મ્હારા મિત્ર ! મ્હારા પ્રાણપ્રિય ! મ્હારા અંતરના નિધિ !" એવાજ સરળ શબ્દોથી સંબોધી લેજો. "તહ્મે તો દયામય છો ! કરૂણામય છો ! અધમતારણ છો !" એવા વાકયોથી પંપાળી–થાબડી કૃષ્ણને મ્હોટા ભા કરશો નહિ. મ્હોટા ભા કરવામાં ખરે વિલંબજ થાય છે. તહ્મે જોઈ લ્યો ! યોગી અને મુનિ "મ્હોટા ભા" કરવાની પ્રણાલિકાનું અનુકરણ કરતા હોવાથી કૃષ્ણ દર્શનનો સાક્ષાત્કાર થવામાં કેટલો બધો વિલંબ લાગે છે ? ગોપીઓએ તો પોતાના સખા કે પતિ કહીને ક્યારનો એ સાક્ષાત્કાર કરી લીધો હતો. કૃષ્ણએ તેહ્મને પોતાના દર્શન કરાવ્યાં એટલું નહિ; પરંતુ તેના તો તેને ઋણી થવું પડયું હતું. તે ઋણમાંથી મુક્ત થવાને તેના પ્રતિ અત્યંત સ્નેહ અને અનુનય કર્યાં છતાં—ડુસકાંભેર રોતાં ગોપીને ઘેર ઘેર રખડવું પડયું હતું. હજુ પણ તે ડુસકાંભેર રોશે. યોગિઓને પોતાના નિરંતર ચિંત્વનમાં કેટકેટલી મુશ્કેલી વેઠવી પડી હશે ? કેટલા સાવચેત રહેવું પડયું હશે ? અદ્યાપિ પર્યંત કોઈ પણ યોગીથી

કૃષ્ણને તુંકારો કરી શકાયો નથી. ધન્ય છે ગોપીઓને કે તેમણે કૃષ્ણને સખા ભાવમાં નવનીતનું દાપું માંગતાં અસહ્ય વાક્ બાણ માર્યાં હતા. કૃષ્ણને મૂગે મોંઢે તે સાંભળવા પણ પડયા હતાં. એટલા માટે અમારા કૃષ્ણને મ્હોટા ભા કરશો નહિ. એને ગોવાળીઆની ટોળીમાંજ રહેવા દ્યો. તમને તેમાં અલભ્ય આનંદ મળશે.



રથી પ્રેમનો વિકાસ થાય છે. પ્રેમની લેણદેણ એ પ્રેમનો વ્યાપાર છે. આપેલો પ્રેમ પાછો ન મળે તો તે અપૂર્ણ રહે છે. તદુપરાંત માધુર્યમાં પણ ઉણપ જણાય છે. તમે પ્રમાણીક થાઓ, સદ્‌નિષ્ટાથી એ વ્યાપારમાં પ્રવર્ત્ત થાઓ. કૃષ્ણ પોતે પણ પછી ન્યાયી જણાશે. અરે! કૃષ્ણ તો નિરંતર ન્યાયીજ છે, હમણાં નથી અને પછી થશે એવું કહેવામાં પણ ભૂલ છે. આપણા વ્યાપારમાં આપણે દૃઢ થશું કે તુર્ત કૃષ્ણનું સત્ય સ્વરૂપ આપણને જણાશે. શેરડી ખાતાં જીભે કાતરા પડે છે, ડાચાં દુઃખી આવે છે, દંત શિથિલ થઈ જાય છે છતાં તેને ખાવાની લાલસા છૂટતી નથી; બલ્કે વધે છે એનું શું કારણ? એની મિષ્ટતા એજ એનું કારણ. પેરીયાં કરતાં ગાંઠમાં કંઈક વિશેષ મિષ્ટતા હોય છે. કૃષ્ણ રસમાં પણ તેમજ છે. એ તલસાવે છે–તપાવે છે–રડાવે છે છતાંએ એની મિષ્ટતાનો ત્યાગ કરવાનું આપણને રંચ માત્ર મન થતું નથી. એના પ્રેમમાં રોવું એ તો ગાંઠો છે. એ ગાંઠમાંજ મઝા છે. ગોપી યશોદા અને અસંખ્ય ભક્તો એ કૃષ્ણના પ્રેમમાં આક્રંદ કર્યા કરતા હતા અને અસીમ આનંદ અનુભવતા. નિરાક્રંદ પ્રેમ તે પ્રેમજ નથી એ ખાલી ઢોંગ છે. પ્રેમમાં અશ્રુ અને સુવર્ણમાં ટંકણખાર એક પંક્તિના છે. ઉભય પીગળે છે અને શુદ્ધ બને છે. કૃષ્ણનું નામ લેતાં આપણને રોવું આવે એવાં આપણે ભાગ્યવંત બનીએ.

કૃષ્ણ અત્યંત દયામય છે, તેની પાસેથી નિરાશ થઈને કોઈ પાછું વળતું નથી. તેની સન્મુખ જે જે વાંચ્છના થાય છે તે પરિપૂર્ણ થાય છે. હૃદય પ્રેરીત જ્યારે પ્રાર્થના નહિ હોય–માત્ર જીવ્હાની અને ઓષ્ટનીજ હોય ત્યારે તેની કૃપાને પાત્ર થવાને કંઈક વિલંબ લાગે ખરો. તેની કૃપાનો આસ્વાદ ચાખવા હૃદય ગુફાની વિશુદ્ધ પ્રાર્થનાનીજ જરૂર છે.

નામની ખાતર નામ નહિ લેશો. ખૂબ યાદ રાખજો કે તે કૃષ્ણનું નામછે. શબ્દની ખાતર આપણને શાસ્ત્ર અધ્યયન કે મનન કરવાનું નથી. તેનું રહસ્ય જાણવાની ખાતર–તેના પ્રેમી થવાની ખાતર તે વાંચવાનું છે.

તહ્મે કૃષ્ણને "અહ્માારા અધમતારણ છો! ભીડભંજન છો! પરમેશ્વર છો!" એવા સંબોધનથી બોલાવ્યા કરશો તો તે તહ્મારાથી દૂરને દૂર રહેશે. સ્ત્રી પોતાના પતિને, જ્યાં સૂધી અતિગાઢ સંબંધ થયો નથી–હૃદય ગ્રંથી ગુંથાઈ નથી ત્યાં સૂધી, સન્માન સહિત સંબોધ્યા કરશે. પોતાનો આત્મા પતિના આત્મામાં ભળી જવાથી તે વિવેક જતો રહેશે. આપણા આત્માને પોતાના સ્વામિ (કૃષ્ણ) ના આત્મામાં એક થવાને એવા વિવેકની કંઈ જરૂર નથી. એવા વિવેકથી ઉલટા તે દૂરને દૂર રહેશે. આપણા કૃષ્ણ તો એઠી ખાનાર છે. ગોવાળીઆના સંગમાં રમનાર છે. ગોવાળીઆ પણ બનનાર છે. તેવા કૃષ્ણને રાજકુંવરના નામથી શું કરવા ગાવા જોઈએ? કોઈપણ ઉચ્છૃંખલ

હીનતા અને નમનતાનો નિરંતર વાસો છે. તેનાહ્માં રાંકનો સ્વભાવ વિરાજીત છે; છતાં વિચાર કરો કે કેવી કેવી અમૂલ્ય ખાણો એ પૃથ્વિના પડમાં સ્થિત છે? સ્થિતિથી નહિં; પરંતુ સ્વભાવથી જે દીન છે તેને પ્રત્યે પભુ દયામય છે. જેમ દીનતા વધારે તેમ કૃષ્ણના દરબારમાં તેનો દરજ્જો પણ વધારે. સદોદીત હું દીનતાવાળો રહું એવી મારી કૃષ્ણને તો પ્રાર્થના છે. મારે ઉન્નત થવું નથી. તેવી ઇચ્છા પણ નથી.

અહંમાનહીન થવાની ખાસ આવશ્યકતા છે. તે વિના નીતાઇ કૃપાવંત થતા નથી. હૃદયને આપણે વિશુદ્ધ અને કોમળજ રાખવાનું છે. તે ન થાય તો શ્રી કૃષ્ણના પવિત્ર ચરણાંબૂજની પ્રાપ્તિ પણ નહિ થાય એટલા માટે હૃદયમાં જે કંઇ કઠિનતા, કર્કશતા અગરતો મલિનતા હોય તે સર્વ માત્રથી આપણે મુકત થવું જોઇએ.

કેવળ નિરભિમાનપણે નીતાઇનું શરણું ગ્રહો. તે તહ્માને સપ્રેમ ઉંચકી લેશે અને તહ્મારા હૃદયમાં કૃષ્ણ માટે પ્રેમ પણ પ્રકટાવશે. તે અસાધારણ રીતે દયામય છે; પરંતુ જે વિનયી નથી તેને તો તે મેઘનાદ કરતાંયે દયાહીન જણાય છે. એટલા માટે અહંમાનથી મુકત થઇ અંતઃકરણને શુદ્ધ કરો. અહંમાનથી પ્રેમ પુષ્પનો વિનાશ થાય છે. તહ્મારે જો પ્રેમનીજ

જરૂર હોય તો અહંમાનનો ત્યાગ કરો. અને તે પ્રમાણે કરવાને તહ્મારા પરિચિત વર્ગને કહેતા રહો.

મનુષ્યની સાથે નહિ પરચડવાની વાતો છોડી દ્યો. તે વાત કૃષ્ણની સાથ કરો. જીવ જંતુ કે મનુષ્ય સાથે ખાલી બકવાદ કરવામાં તેની સાથે ચુંધી કરવામાં કે વાંધા ઉઠાવવામાં તહ્મને શું મળે છે? જેને માટે તહ્મને વિશેષ પ્રેમ છે તેની સાથેજ વાંધા ઉઠાવો. નિખાલસપણે તહ્મે કૃષ્ણના પ્રેમી બનો અને તેની ચુંધી કરતા થાઓ. અન્યની ચુંધી કરવામાં તહ્મે પોતાનો વિનાશ કરો છો.

ગરીબ અને પાપાત્મા તો કૃષ્ણને વિશેષ પ્રિય હોય છે. તેનામાંજ તેને વધારે આનંદ મળે છે. ઉત્સાહપણ તેહ્માંજ થાય છે. માટે જે નિર્ધન છે તેને માટે ખોટાં વિચાર કરશો નહિ. પાપાત્મા કે પુણ્યાત્મા કૃષ્ણનાજ છે. ફાંસીની સજા કરનાર અધિકારી તે રાજાની પ્રજા છે અને માચડે ચઢાવનાર ભંગી તે રાજાની પ્રજા નહિ એ કેમ બની શકે? સજાના અધિકારી અને માચડે ચઢાવનાર ભંગી ઉભય એકજ રાજાની પ્રજા છે. જેને જેવા હૂકમ થાય છે તેવા હૂકમની બજાવણી તે કરતા જાય છે. તો પછી નિકૃષ્ટાવસ્થામાં પડી રહેલા રંક આત્માને માટે શું કરવા દ્વેષભાવ આણવો જોઇએ? જેના તહ્મે છો તેના ઝેરી સર્પ પણ છે. આવું છતાં તેનો કેમ તિરસ્કાર કરો છો..?

ભક્તના કર્તવ્ય.

દુનીઆના કાર્યો એક ફરજ તરીકે કરવાં જોઇએ; પરંતુ તે સરળતા અને પવિત્રતાના મિશ્રિતપણાના ભાવથી. કૃષ્ણનું નામ તહ્મને નિરંતર હિતાવહ થાય અને તે તહ્મારો હર્ષનો નિધિ પણ હોય એવી સંભાવનાથી અસ્ખલીત રીતે કૃષ્ણ નામ સ્મર્યા કરો. અન્ય કોઇને પણ તહ્મે શરણ થશો નહિ. તહ્મારૂં ભૌતિક શરીર ભૌતિક પદાર્થ માટે નિર્મીત કરો.તહ્મારો આત્મિક દેહ તો કૃષ્ણને માટે છે. તે તેનેજ આપજો અને પછીથી તહ્મે સુખાબ્ધિમાં સ્થિર રહેશો. સંકટ અને ચિંતા મુકત પણ ત્યારેજ થશો. યાદ રાખજો કે વિશ્વ માત્રના નેતાને–આદ્ય સ્વરૂપને ચાહ્યા કરશો તો સર્વ જીવંત વ્યકતિને માટે પણ તહ્મને ચાહના છે–તહ્મે તેને ચાહો છો એમ લેખાશે. વૃક્ષના મૂળમાંજ જળસીંચન કરવાથી તેની શાખા ઉપશાખા અને પર્ણ સરખામાંએ તે સીંચન પહોંચી જાય છે. કૃષ્ણમાં પ્રેમ સીંચન કરવાથી વિશ્વને પણ તે સીંચન પહોંચી જાય છે. કૃષ્ણ જેના મિત્ર છે તેના ચેતન અને વિચેતન પદાર્થો પણ મિત્ર છે. મન, વાણી અને કર્મથી કોઈપણ પ્રકારની બીન શરતે તે સર્વોપરી આદ્ય

પુરૂષને માટે પ્રેમ રાખવો એ આપણી ખાસ ફરજ છે. શાસ્ત્રનું પણ કથન છે કેઃ—જે કૃષ્ણનો પ્રેમી છે તેજ માત્ર દીર્ઘ દર્શિ છે.

ધન સંચય કરવામાં મનુષ્યને પ્રારંભમાં અતિશ્રમ વેઠવો પડે છે. બહુધા કૃપણુજ થવું પડે છે. કૃષ્ણના પ્રેમ સંચયમાં પણ તેવીજ પૃથા છે. ધંધામાં જે રકમનો બચાવ થાય છે, તેની વૃદ્ધિ થતાં વિલંબ લાગતો નથી. વ્યાજ રૂઢીથી તેહ્માં સ્વાભાવિક રીતે વૃદ્ધિ થયાજ કરે છે. કૃષ્ણ નામની પણ જ્યાં રકમ જમા થઇ છે પછી તેહ્માં વૃદ્ધિ થતાં શું આડ આવે છે ?

કૃષ્ણને તહ્મારા પોતાના કરવાને માત્ર તહ્મારી ઉગ્ર ઉત્કંઠાજ જોઇએ છે, બીજી કોઇપણ અમૂલ્ય વસ્તુના સાટામાં તે મળી શકે તેમ નથી. ધર્મની ક્રીયા કે પ્રક્રીયા, વૈરાગ્ય, પ્રતિજ્ઞા, પશ્ચાતાપ અને અધ્યયન આદિથી પણ તે એ અપ્રાપ્ય છે. તહ્મારી ઉત્કંઠામાં પ્રાબલ્ય હોય એજ માત્ર તહ્મારે જોવાનું છે.

મ્હોટાઇની ઘેલછામાં જે પડતો નથી—નિરભિમાનીપણું જેને વિશેષ પ્રિય છે તેને માટે મારા નીતાઇને ઉંચો મત છે. તે તેનેજ ચહે છે. તહ્મારી જાતને પણ તહ્મે દીનતામયજ રાખો. પૃથ્વિમાં

નથી; માટે દુશ્મનના ત્રાશથી જેને મુકત થવાની અપેક્ષા હોય તેણે મન, વાણી અને કર્મથી તેની સાથના વ્યવહાર માત્રનો સંબંધ તોડી નાંખવા જોઇએ. જેને કામના કે ક્રોધના પંજામાંથી અગર તો એવાં બીજા કોઇ બલીષ્ટ અરિના સકંજામાંથી સટકી જવાની ઇચ્છા હોય તેણે તેવા વાતાવરણ પ્રત્યે દ્રષ્ટિ સરખી પણ નહિ નાંખવી જોઇએ. માનુસિક યત્નો અહીં વિરામે છે; તદુપરાંત દયામય કૃષ્ણની શીતળ છાંયા અને અનુપમ કૃપા માટે અહોનિશ પ્રાર્થનાની પણ આવશ્યકતા છે. કૃષ્ણના નામોચ્ચારની સાથે અરિ માત્ર છિન્ન ભિન્ન થઇ જાય છે. કારણ તેમને કૃષ્ણનો ઘણો ભય રહે છે. તેટલા માટે આવા ત્રાસદાયક દુશ્મનોના સકંજામાં સપડાવવું નહિ હોય-નાહકનું દુઃખ વ્હોરી નહિ લેવું હોય, તો શ્રેયસ્કર એજ છે કે તેણે નિરંતર "કૃષ્ણ કૃષ્ણ" કહ્યા કરવું. તેમ કરવાથી તેના ભય માત્રનો વિલય થશે. કૃષ્ણના અંભુષણથી તહ્મને વિભુષીત થયલા જોઇને આ તહ્મારા પુરાણા દુશ્મનો તુર્ત તહ્મને ચરણે પડશે. વસ્તુ માત્રની સાધનામાં કૃષ્ણ મંત્ર મહાન-પ્રભાવશીલ છે. ભાગવતમાં પણ કહ્યું છેકે:-"કલીયુગ ઉપાધિ માત્રનો મહાસાગર છે છતાં તેનામાં એક ખાસ પ્રશંસાત્મક ગુણ છે. તે ગુણ નામસ્મણનો છે જેના વડે સહેજમાં મુકિત મળે છે".

કૃષ્ણનું મંજુલ નામ એજ તહ્મારી ઓથ છે. એ તહ્મારો અજીત દુર્ગ પણ છે. એવા અભંગ દુર્ગમાં તહ્મને હેરાન કરવાને કોઈની તાકાત નથી. જે આ દુર્ગમાં વસે છે તે નિર્લેપ અને સુખી રહે છે. આ દુર્ગના સંરક્ષણને માટે કોઇ યોદ્ધા કે સરદાર, રથી, મહારથી કે બાણાવલી રોકવાની જરૂર પણ નથી. એકલું કૃષ્ણનું ચક્ર બધાંને પહોંચી વળવા સમર્થ છે. બધી દિશાએ તે પૂરી વળશે. તેના બીજા શાથી કે શસ્ત્રની જરૂર પણ નથી. તે ચક્ર છુટતાં વારનેજ જડ ઘાલી બેસેલા કામ ક્રોધ આદિ પ્રવીર યોદ્ધાઓ ગમે તે દિશામાં શ્વાનવત્ નહાસવાજ માંડે છે. દોડતાં દોડતાં ચક્રથી કેટલે અંતરે પડયા છે તે જોવાને પણ પોતાની નજર પાછી ફેરવતા નથી. દુશ્મનોને ત્રાસદાયક અને ભકતોને દયામય જણાતા એવા કૃષ્ણનું વિસ્મરણ કદી પણ કરશો નહિ. આના જેવું બીજું ભયાનક શસ્ત્રજ નથી. કૃષ્ણ નામમાં થતાં નિરંતર શોષણથી કલેશાદિથી મુકત થતાં શાંતિ મળે છે. શ્રી ચૈતન્ય પ્રભુનો પણ સદુપદેશ છે કે:–(૧) જીવાત્મા પ્રત્યે દયાદ્રષ્ટિ રાખો. (૨) નામ સ્મરણ કરો. અને (૩) વૈષ્ણવનું સેવન કરો.

આ શિક્ષાનું બનતું અનુવર્તન મનુષ્ય માત્રે કરવાનું છે. જીવાત્મા પ્રત્યે દયાભાવ રાખતાં કૃષ્ણ નામની રૂચિ થાય છે. અને નિરંતર નામ રટણ કરવાથી મહંતની કૃપા

હવે કોઇના કહેવાની વાટ નહિ જોશો. માર્ગમાં જે મળે તેને કૃષ્ણનું નામ લેવાને કહો. અને કોઇપણ સંકોચ વિના તેના પ્રત્યે પ્રેમ દર્શાવો. તહ્મારા દુશ્મનો પ્રત્યે પણ પ્રેમ દ્રષ્ટિ રાખતાં શીખો. બીજાઓની સેવા કરવામાં તહ્મારૂં જીવન વ્યતીત કરો. તહ્મારી દ્રષ્ટિમાં જે પાપાત્મા જણાય તેને માટે શોચાન્વિત થાઓ, દયાના અશ્રુ પાડો અને તેહ્મના ઉદ્ધાર માટે પ્રેમ પ્રભુ શ્રીકૃષ્ણુને પણ પ્રાર્થના કરો. તહ્મારા પોતાનામાં જ્યાં સૂધી સ્વસામર્થ્ય નહિ હોય ત્યાં સૂધી અધમનો ઉદ્ધાર કરવાનો સાહસ નહિ ખેડશો. તેહ્માં તહ્મે સફળ થશો નહિ. કવચિત તહ્મારી પણ અવનતિ થશે. અન્યનું શ્રેય થાય એવી કલ્પના માત્ર તહ્મારા અંતઃકરણમાં કર્યા કરો. પ્રેમને માટે પ્રેમપૂર્ણ સ્વરૂપ શ્રી કૃષ્ણુને પ્રાર્થના કરજો. પ્રેમ વિના તે પ્રેમ પ્રભુની પ્રાપ્તિ થઇ પણ શકતી નથી. મારા નીતાઇ પ્રેમથી પરિપૂર્ણ છે. જાણે પોતે પ્રેમનાજ અવતાર હોય તેમ. પ્રેમની વાંટણી પણ તેજ કરે છે. તહ્મે તેના શરણાર્થી થજો. નીતાઇ અતિ દયામય છે. તહ્મારે સૃષ્ટિને જો કેવળ આનંદમય જોવી હોય તો આનંદતરૂની છાંયામાં બેસો અને અવલોકો. નીત્યાંનંદના ચરણનો આશ્રય લો. અને અતિ વિનય ભરી રીતે વર્તન પ્રવર્તાવો. ત્યારે તહ્મારામાં કૃષ્ણુ પ્રેમની ભરતી થશે. તહ્મારા ચર્મ ચક્ષુમાં પણ પ્રેમ છલકાતો થશે. તે

અવસ્થામાં સકળ પદાર્થો—પછી ભલે તે જડ હોય કિંવા ચેતન હોય તોયે—મંગળમય અને આનંદમયજ નિરખાશે. વિપત્તિનો લય પણ તેજ અવસ્થામાં થશે. દુઃખમુક્ત થવાને કૃષ્ણની શીતળ છાંયા શિવાય આરો નથી. દાવાનળથી જ્યારે આખ્ખું વન ભસ્મવત્ થવા લાગ્યું ત્યારે એક શ્વાસ માત્રમાં તેને સંપૂર્ણ રીતે બૂઝાવનાર માત્ર શ્રીકૃષ્ણજ હતા. પ્રારંભમાં અજ્ઞાનના આવરણને લીધે સ્વાર્થનો ભોગ આપવો એ કંઇક દુઃખપ્રદ અને દુષ્કર લાગે ખરૂં. એક વખત સ્વાર્થ ત્યાગી થયા પછી જે સંબંધીઓનું વિસ્મરણ થયું હતું તે સંબંધીઓ પણ તમ્હારા નિકટમાં આવી ઉભા રહેશે, એ દિવસના ક્ષણિક સ્વાર્થની ખાતર સ્થાયી લાભને જતો નહિ કરવો જોઇએ. નિત્યસુખની જેને અપેક્ષા છે તેને તો પોતાના ચક્ષુઓ બંધ કરી સ્વાર્થત્યાગનો અભ્યાસ કરવો જોઇએ. જ્યાં સૂધી સ્વાર્થના અંકુર પ્રલય થાય નહિ ત્યાં સૂધી કૃષ્ણની સેવા પણ થઈ શકે નહિ.

દુશ્મનના હાથમાંથી સટકવાના બે ઉપાય છે. દુશ્મન જો બળહીન હોય તો તેના સંહાર કરવાથી અગર તો પોતાને વશ કરવાથી. તે બલીષ્ટ હોય તો સદંતર નાશી છૂટવાથી. આ શિવાય ત્રીજો તોડ

રાખે તો તે વાત નિરાળી છે. તેવા હતભાગી તો નિરંતર બળતા ને જળતા રહે છે. તેમને શાંત્વન ક્યાંથીજ મળે? હું જે કંઇ લખું છું તે અયોગ્ય છે એવું ધારશો નહિ. કૃષ્ણ પ્રેમમાં ભીના થયા પછી કોઇને પણ દાહ્ય લાગે ખરી? તેની એક ક્ષણ માત્રની સામાન્ય દ્રષ્ટિમાં કોટિ જીવાત્માને શાંતિ મળે છે તો પછી તેના સહવાસમાં આવેલાને, તેમના અનુયાયીને કોઈ પણ જાતની વેદના સંભવે ખરી કે? જુઓ જટીલા અને કુટીલાનાજ દ્રષ્ટાંત લ્યો. તેઓએ કૃષ્ણનું મોહક મુખારવિંદ જોયું હતું; છતાં તે કોઇ કોઇવાર ચમકતા. ચંદ્રાવલી તો એ પ્રેમ સાગરમાંજ નિરંતર નિમગ્ન રહેતી; છતાં રાધાજીના જેવી શાંતિ તો તેને પણ નહિ મળી હતી. ઘણા ભકતો એ માર્ગમાં આગળ વધતાં ગબડતાં નીચે પડે છે. પ્રેમ સાગરમાં અતિ વિકાળ અને વિષમય પ્રાણીના સમાગમમાં આવવું પડે છે. એ સાગરને જો નિરર્થક ડોળવામાં આવે તો પછી આપણને તેના ડંખ પણ લાગે. એવાં સાગરમાં નિમગ્ન છતાં મોંઢું બંધ રાખી એ અમૃત પાનનો લ્હાવો નહિ લે તો પછી એ તેમનું કમભાગ્ય છે એમજ સમજવું. ઝેરી પ્રાણી તેને ગટકા દેતા થશે અને તેમાં તે મરી પણ જશે.

દરિદ્ર અને અનાથને માટે તમો દયાંશીલ બનો. તેમના સંકટનું નિવારણ કરવા સદોદિત તત્પર રહો. કાંતો તમારી બુદ્ધિ બળથી કિંવા પૈસાના સાધનથી તેમને

સંકટ મુકત કરતાં થાઓ. કોઇને પણ હેરાન કરવા તમારી શકિતનો દુરૂપયોગ નહિ કરશો. કારણવશાત્ તમારે કોપાયમાન થવું પડે તો ખેર; તથાપિ તેને તમારો અનુસંગી તો નહિજ બનાવતા. તમારા હૃદય મંદિરમાંથી તુર્ત કાઢી મૂકજો—તેનો જડમુળથી બહિષ્કાર કરજો. કોઈક પ્રચંડ વૃક્ષના અંકુરનો નાશ કરતાં કંઇ મૂશ્કેલી લાગતી નથી. ફાલ્યા પછી તેની જડ કાઢવી એ મહાભારત કાર્ય છે ખરૂં. અને તેમ કરવા જતાં તે નિર્મૂળ તો નહિજ જાય. સૂક્ષ્મ નિશાની પણ રહેવાનીજ. તેજ પ્રમાણે ક્રોધનું જો પ્રારંભમાં લાલન પાલન કરી પોતાનો કરી લેશો તો પછી એનું બળ અસીમ થશે. તે સમજ્યા પછી કાઢવા જતાં તમને ભારે પણ લાગશે અને પાછળથી તેની કલીષ્ટ એંધાણી પણ રહી જશે. કામ, ક્રોધ, મોહ એ બધા એક સરખા ગોઠીઆ છે તે તમારા શરીરમાં પ્રવેશ્યા તો પછી તેમને નીકળવાનું મન પણ નહિ થશે. તેમ છતાં તમે જો તમારા પુરૂષાર્થથી કાઢી શકવા પ્રર્વત થાઓ તોયે જતાં જતાં તેનો ચમત્કાર તમને બતાવી જશે. સમૂળાં જશે કે કેમ તેને માટે તો મન શંકાશીલ રહેશે; તેટલા માટે આવા બલીષ્ટ દુશ્મનોને તમારા હૃદયમાં તો વાસ કરવા દેશો નહિ. જયારે જયારે તમને અવકાશ મળે ત્યારે ત્યારે એકાંત સ્થળમાં વિહરણ કરવાનો અભ્યાસ

સંપાદન થાય છે.–આ કૃપા કૃષ્ણની અનુપમ કૃપાથી પણ ઉચ્ચતર છે. કૃષ્ણ કૃપાથી તો મુકિત મળે છે; જ્યારે ભકતોની કૃપાથી તો શ્રી કૃષ્ણ પોતે મળે છે. કૃષ્ણના સહવાસ કરતાં કૃષ્ણના પ્રેમીનો સહવાસ વિશેષ અમૂલ્ય છે. માટે કૃષ્ણ નામમાંજ નિરંતર તરબોળીત રહો. એના ફળના તર્ક વિતર્ક કર્યા વગર રાત્રિ દિવસ નામમાં નિમગ્ન રહો. પછી તહ્મે સુખી અને સંતુષ્ટ રહેશો.

તામસિક અને રાજસિક ક્રિયાઓથી ઘણા મનુષ્યો અસાધ્ય વસ્તુ સાધી શકે છે. પરંતુ તેથી કરીને એ ઉભય ગુણોનો કંઇ નાશ થતો નથી. આને માટે અણખુટ દ્રષ્ટાંતો છે. રાવણ કુંભકરણ કે કંસ કરતાં વિશેષ સિદ્ધિ સંપન્ન અન્ય કોઇ વિરલજ હશે. પોતાની આવી મહદ્ શકિતના મદમાં આવી જઇ પોતાના ઇષ્ટ દેવની સાથે યુદ્ધ મચાવવામાં રંચ માત્ર પણ ખમચ ખાધી હોય એવું કયાંયે પણ જણાતું નથી. આનું નામ તે તમગુણ. પ્રભુની સેવામાં તો હંમેશ સત્વગુણથી વિભૂષીત થઇને સાષ્ટાંગ કરજો. તેથી તહ્મને વિશુદ્ધતા અને સુખ ઉભય મળશે. પ્રેમ ભૂમિપર પ્રવેશતી નવોઢાની માફક તહ્મે પણ ઘૂમટો રાખજો. જ્યાં ત્યાં ડોકીયું કરતાં બહાર નહિ આવશો. નહિ તો લોકો તહ્મને નફટ કહેશે. તેટલા માટે મહંત પણ કહેતા રહ્યા છે કે “ વિજાતીય વાતાવરણમાં તહ્મારા ધર્મ–ભકિતની

પ્રથાપ્રકટ કરશો નહિ." જે ભકિત કરતા હો તે હંમેશા કોઇક ગુપ્તસ્થાનમાં ગુપ્ત રીતે કરો. માંસાહારના અભ્યાસને પોતાના આહારને વર્જ્ય કરવાને એકદમ આકરૂં જણાશે. પરંતુ તે જો યુકિતસર કરાય તો તે પણ છુટી શકે છે. જમવાની વખતે–કેહો કે શ્વાસ લેતી વખતે ઉલટી આવતી હોય તેવો તેણે ઢાંગ કરવો જોઇએ. એમ બે ચાર દિવસ પ્રારંભમાં કર્યા ઉછી તે આહાર પોતાને રૂચતો નથી એવી દલીલ મૂકવી જોઇએ. આ પ્રથા અનુસરવાથી આપોઆપ એ આહાર છુટી જશે. ઉદય માર્ગે ચઢવામાં વિટંબણાનો પરાભવ કરવામાં આવી અનેક યુકિતઓની ખાસ જરૂર છે. તેમ જો નહિ થાય તો મૂશ્કેલીઓ સાહ્મી વધતી જવાની. દુનીઆદારીમાં રહીને પ્રભુને ભજવામાં મનુષ્યને ઘણી હિકમતની જરૂર છે. બીનદુનીઆદારીમાં એટલી હિકમતની કંઇ જરૂર પડતી નથી.

વિચારની વિવિધતામા મગજની હાડમારી કરશો નહિ. કૃષ્ણ પ્રેમમાં તરઓલીત થઇ તેની મિષ્ટતાના ઘૂંટડા પીજો. તે અવસ્થામાં તહ્મે વિષપાન કરશો તોયે તહ્મારા જીવનને આંચ આવશે નહિ. તહ્મને ભસ્મ કરવાને વિષ વિફળજ થશે. એમ છતાં એ પ્રેમ સરોવરમાં પડયાં ઉપરાંત જો હતભાગી જીવાત્મા પોતાના મોંઢા બંધના બંધ

શાખજો. એવા વિહરણથી જે આનંદની પ્રાપ્તિ થાય છે તે ઇંદ્રના અલૌકિક મહેલમાં પણ મળી શકતી નથી.

કોઇક નિર્જન સ્થાનમાં નિવાસ કરી કૃષ્ણના ગુણો ઊંહાડી અવાજથી ગાજો. તુર્ત પ્રેમને ઉભરાતો અનુભવશો. દડ દડ કરતાં વહેતા અશ્રુઓ તહ્મારા ગાલને ભીંજવી નાંખશે. સંકટ અને વેદનાનો વિલય થશે અને અંતે તહ્મે નિશ્ચિંત થશો. જે માધુર્ય તહ્મારા એકાંતના હૃદય ભર્યા સંગીતમાં જણાશે તે માધુર્ય તાનસેનના વાજીંત્રના સાધન છતાંયે જણાશે નહિ. તેનો આનંદ તો અવર્ણનીય છે. તેની ઉપમા તો તે પોતેજ છે.

જો શુધ્ધ અને સત્ય હૃદયથી કોઇને પણ ચ્હાતા હો તો જીવંતના જીવન શ્રીકૃષ્ણને ચહાજો. તહ્મારે પછી રોવું નહિ પડશે. આપણે વક્ર માર્ગે ચઢી જઇશું તો તે ધોરી રસ્તાપર આણી મુકશે; આક્રંદ કરશું તો આપણા અશ્રુ લૂંછી નાંખશે. આપણને હસવું આવશે તો અટ્ટહાસ કરાવશે. આ નિસ્સંશય છે. તેના અનુભવી બનો અને કૃષ્ણના પ્રેમી થાઓ. તહ્મારે કોઇને પણ, માતા, પિતા, બંધું, મિત્ર, પુત્ર કિંવા પુત્રિના નામથી બોલાવવા હોય તો એક કૃષ્ણનેજ બોલાવજો. તેનું વિસ્મરણ કરવાથી સ્વર્ગનું રાજ્ય પણ રસહીન લાગશે.

મારા તો તે સ્વામિ છે. પાળક અને પોષક પણ તેજ છે. એવાનું વિસ્મરણ કરી જીવવામાં શી સાર્થકતા કીધી કહેવાશે?

"સમાજનું શ્રેય કરવું" એ તહ્મારા જીવનનો મુદ્રાલેખ બનાવો. નિષ્ઠુરતાનો ઉપયોગ કદી કરશો નહિ. તેનો સંકલ્પ સરખો ન કરશો. મન, વાણી અને કર્મથી બને તેટલી બીજાની સેવામાં પ્રર્વત થવાય તેવું કરો. સત્ય કથનમાં ભીરૂં નહિ બનશો. જો તેમ કરવામાં અતિ અનિષ્ટ પરિણામ આવતું હોય તો બહેતર એજ છે કે સદંતર મૌન ધારણ કરજો. દયામય કૃષ્ણનું ચિંતવન કરો. કોઈ પણ કાર્યના પ્રારંભમાં તે મંગલ નામોચ્ચાર કરતા રહો.

અહોરાત્રિ રમત ગમતમાં નહિ કાઢો. તેમ બીભત્સ કે કલીષ્ટ ભાવનાવાળા ગ્રંથોનું અધ્યયન પણ નહિ કરો. કુસંગમાં જોડાશો નહિ અને કુકર્મ કરશો પણ નહિ. એવા નિકૃષ્ટ કાર્યમાં તહ્મે પ્રર્વત નહિ થાઓ. એટલું નહિ પરંતુ અન્યને પણ નહિ થવા દેશો.

"કૃષ્ણ નામ" એ તહ્મારી અખુટ મીલકત કહેવાય તેનું સંભાળ પુર્વક જતન કરજો. તેની વૃદ્ધિ કરવા શરાફી રૂઢીએ વ્યાજે આપજો. જોઈએ તેને બીજાને આપજો. તેમ કરી તહ્મે સુખી થાઓ અને અન્યને પણ કરો. અસહ્ય વેદના મહેણાં

કે મારની કિમ્મતે આ કૃષ્ણ મીલકત જેટલી અપાય તેટલી આપતા રહેજો. એને માટે રંચ માત્ર પણ સંકોચ નહિ ખાશો. દુનીઆની ચિંતા નહિ કરશો. સાગ નરસાનેઃ માનાપમાનનો ખ્યાલને છોડી દેશો. દુનીઆના માનઅકરામ જ્યાં ખરા નથી તો પછી નિંદાને પણ શું કરવા ગણકારવી જોઇએ ? સ્તુતિ અને નિંદા ઉભય એક છે.

કૃષ્ણ નામ ગાવાની, અન્ય પ્રત્યે દયાભાવ બતાવવાની, દીનની હાજતો પૂરી પાડવાની અને દુઃખી આત્માના દુઃખનું વિમોચન કરવાની પ્રત્યેક પ્રાણીની ફરજ છે. આમ કરવામાં ન્હાના મ્હોટાનો કોઇપણ જાતનો અંતર નહિ હોવો જોઇએ. કૃષ્ણ પ્રેમમાં મત્ત રહેવા પ્રેમના આ અનુષંગીનું બને તેટલું સેવન કરજો. તેને માટે શુદ્ધ હૃદયથી પ્રેમ રાખતાં કૃષ્ણ પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે. પશ્ચાત્, ઉપરોકત નિયમોના પ્રથક સેવનની જરૂર નથી રહેતી. કન્યાને પોતાની વાંચ્છનાં સંપૂર્ણ કરનાર સ્વામિની ભેટ થઇ ગઇ પછી તે બીજાની સેવા કરતીજ નથી. તેમ કરવાને તેને અવકાશ પણ નથી મળતો. કૃષ્ણ પ્રેમમાં જ્યાં સૂધી તમ્હે દિવાના નહિ બનો ત્યાં સૂધી તેના સેવનની જરૂર છે; પછીથી નહિ. જ્યાં સૂધી લગ્ન થયા નથી ત્યાં સૂધી તો પોતાના સ્વામિના ઘરના કુતરાને પણ રમાડવાની અને થાબડવાની ફરજ જણાય છે. લગ્ન પછી ભલે તમ્હે તમ્હારા સ્વામિના અનુ-

સંગીને અને સગાંઓને શનૈઃ શનૈઃ ત્યાગતા રહેજો. પરંતુ માબાપનો કોઈ કાળે પણ સંબંધ છોડશો નહિ. તેમની પ્રત્યે નિર્લજ વર્તન નહિ થાય એ ખાસ સંભાળવાનું છે. બલ્કે તમ્હારે તો તેને હંમેશા પ્રસન્ન કરવાના છે. તેવી રીતે કૃષ્ણ પ્રેમની પ્રાપ્તિ થયા છતાં કૃષ્ણને વિસારે નહિ મૂકશો. નામ એજ પ્રેમના માતપિતા છે. નામમાંથીજ પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે અને એ પ્રેમથી પ્રેમપૂર્ણ કૃષ્ણની પ્રાપ્તિ થાય છે. ભલે તમ્હે બીજું ભૂલી જજો; પરંતુ કૃષ્ણનું નામ તો કાળાંતરે પણ ભૂલશો નહિ. કૃષ્ણ પ્રાપ્તિ માટે આ કઠિન કલીયુગમાં તો “ નામ સાધન ” વિના ભાગ્યેજ અન્ય સુગમ માર્ગ હશે.

વિશ્વના કોઇ પણ આત્માને પરાયો નહિ જાણશો. તે તમ્હારો જાણીતો છે, એમજ તેને માનજો અને તેવું વર્તન પણ તેમના પ્રત્યે રાખજો. તમ્હારા ઉપકારના અવેજમાં કોઇ અપકાર કરી જાય તો કરવા દો. તે મુગે મોંઢે સહન કરજો. રોષે નહિ ભરાશો. પરંતુ તેને દયાભાવે માફ કરજો. અને તેનું શ્રેય થાય તેટલા માટે દીનતા વડે પ્રભુ પ્રાર્થના કરજો. આવા વર્તનથી દયાહીન હિંસક પ્રાણી પણ તમ્હને ચહાતા થશે.

રસ્તે જતાં આવતાં જાજરૂ ભલે આરસના ઉભા કીધા હોય, રંગરોગાનથી રંગીન બનાવ્યા હોય, તથાપિએ ત્યાંથી

પસાર થતી વખતે આંખ નાક બંધ કરી દેવાની આપણને ફરજ પડે છે. જંગલના પ્રાચીન ચિત્રોની છાંયા આપતા અને આરશ શીલાના જીર્ણ થયલા એક ન્હાનકડા મંદિર વટાવતાં કેવી પવિત્ર ભાવના આપણા હૃદય મંદિરમાં પ્રકટે છે ? એ પણ ખૂબી છે. સહજ સાષ્ટાંગ પણ થઈ જાય છે. કૃષ્ણના પાદામ્બૂજમાં મન, વાણી અને કર્મથી નિરભિમાને આશ્રીત બનો અને ત્હમારૂં શરીર પણ મંદિરવત્ થઈ જશે. કૃષ્ણને વિસરનાર દેવદૂત પણ યમ જેવો લાગે છે. માટે કૃષ્ણના પ્રેમી બનો, તેની જે કંઇ વસ્તુ છે તેના પણ પ્રેમી બનો. દ્રશ્ય અને અદ્રશ્ય સૃષ્ટિ એ કૃષ્ણની પ્રજા છે. જડ અને ચેતન તેની વસ્તુ છે. ન્હાની મ્હોટી તેની માલકી છે. સંગીન અને જીર્ણ તેની કૃતિ છે. તેવાને ચાહ્યા વગર પરભાર્યા કૃષ્ણને ચ્હાવા જવું એ કંઇ ખરો કૃષ્ણપ્રેમ કહેવાતો નથી. યુરોપની એક સ્ત્રીએ પત્ર લખતાં પોતાના સ્વામિને લખ્યું હતું કે;—“જો મને ચાહતા હો તો મારા કુતરાને પણ ચાહતા રહેજો.” તેજ ન્યાયે ત્હમારે જો કૃષ્ણના પ્રેમી બનવું હોય તો વિશ્વના પણ પ્રેમી બનજો. કૃષ્ણની ખાતર પણ તેના પ્રેમી થજો અને નહિ કે તેહના સ્વાર્થની ખાતર. કૃષ્ણનામ એ એક ગુપ્ત ભંડાર છે. ધનિક પોતાના ગુપ્ત ભંડારને વારંવાર જોયા નથી કરતો,

કારણુ રખેને કોઇ ત્રાહિત જોઈ લેશે તો તસ્કર વિદ્યાનો ઉપયોગ થઈ જશે. તેમ છતાં તે સ્વપ્નાવસ્થામાં પણુ વિચાર કરતો અટકતો તો નથીજ. તહ્મેપણુ કૃષ્ણુ ભકિત છુપી રીતે કરતા રહો. જાહેરમાં નહિ થાય તે સંભાલજો. રખેને તે લૂંટાઈ જશે. હા ! જ્યારે તહ્મારો ભંડાર પ્રેમથી પરિપૂર્ણુ થયો હોય-ઉભરાઇ જતો હોય ત્યારે રાજ્ય ખજાનાની માફક તહ્મે પણુ તેને લોકોના લાભાર્થે ખુલ્લો મૂકજો. પ્રારંભમાં નહિ. દુનીઆદારીમાં ભલે મ-ત રહો પરંતુ કૃષ્ણુને નહિ વિસારશો. પ્રેમનો ગસ્તાન સંસારના નિત્ય કામો કર્યોજ જાય છે; છતાં શું તે પોતાના મગજમાંથી પોતાના પ્રેમના ખ્યાલોને પણુ તિલાંજલી આપતો હશે ?

જારિણી પોતાના યારની સાથે રહેવા ખાતર ઘરનો અને કુટુંબને ત્યાગ કરી દે છે; પરંતુ થોડા વખતમાં તેને માલૂમ પડી આવે છે કે સુખ અનુભવવા જતાં દારૂણુ દુઃખમાં સડતી થઈ છે. પોતાના સ્વામિ ભલે નિષ્ઠુર હોય કિંવા દયામય હોય છતાંએ કોઈ પણુ સંજોગમાં તેનો ત્યાગ નહિ થવો જોઈએ. આવા નિંદ્ય માર્ગે આપણુને દોરવનારા કોણુ ધૂર્ત લલચાવનારા છે તે પણુ હું જણાવું છું. જેને સ્નેહની દરકાર છે—પોતાના સ્વામિના સુખમાં જેને આનંદ છે તેવી મહિલાઓએ પોતાના સ્વામિના પરમુખે થતા યશોગાન નહિ સાંભળવા. અલંકાર પહેરવાના અનહદ શોખીન

સ્ત્રીનો સંસર્ગ છોડી દેવો. પોતાની વિષયેચ્છા તૃપ્ત કરવાના દુષ્ટાશયથી જે પોતાના સ્વામિની સેવાનો અનાદર કરી રખડતી ફરે છે તેનો પણ સંસર્ગ નહિ થવો જોઇએ. એવા કામી પુરૂષોની સાહ્મા નજર નહિ નાંખવી જોઇએ. જે સ્થળે પોતાના સ્વામિની નાલેશી થઇ હોય ત્યાં ભૂલે ચૂકે જવું પણ નહિ જોઇએ. પોતાના સ્વામિની દરકાર રાખ્યા વિના પોતાની યૌવનાવસ્થા કિંવા સૌંદર્યતાના પ્રાંકામાં વિચારનારી કુલટાને પાસે નહિ આવવા દેવી. પોતાની ક્ષણિક ઇચ્છાના વિલાસથી સંતુષ્ટ થવાને પોતાના સ્વામિને જે વાંરવાર સંબોધ્યા કરે છે તેવી સ્ત્રીના સમાજમાં નહિ ભળશો. આવી કુટિલ સમાજને સર્વથા વર્જ્ય કરીને સુશિક્ષીત સમાજમાં જતા આવતા રહેવું. ત્યાંથી પ્રેમાંકુર ફૂટે છે. તે વિસ્તૃત ફલીત પણ થાય છે. અને અંતે કૃષ્ણચંદ્રની પ્રાપ્તિ થાય છે. આ માર્ગના સહાયક કોણ છે તે પણ હું જાણું છું. હું તે કહું છું અને તે જાણવાથી તહ્મને લાભ પણ થશે. સર્વાંશે જે પ્રેમ પૂર્ણ છે તે પ્રથમ દરજ્જાના છે. આતુરતાથી તેનો સંસર્ગ થતો રહે તે જોવાની તેની મુખ્ય ફરજ છે. જો તે દયા કરી શકે તો વજ્રવત્ પાષાણમાં પણ પ્રેમાંકુર બતાવે. પોતાના સ્વામિના જે પ્રેમપાત્ર છે—જે પ્રેમના પાગલ છે તે બીજા દરજ્જાના છે. તેવી વ્યકિતની સાથે ભળી જવાની કોઇ પણ તક જતી

નહિ કરવી. તેવા સંમેલનમાં જવામાં કોઇ પણ જાતનો જ્ઞાતિભેદ પણ નહિ ગણવો. જે સ્થળમાં પોતાના સ્વામિના દોષહીન કીર્તન ગવાતા હોય ત્યાં ઘડી બે ઘડી વિશ્રાંતિ પણ લેવી. જ્યાં સૂધી તહ્મારો પ્રેમ સુદૃઢ થયો નથી ત્યાં સૂધી કુટિલ સંમેલનનો કાળજીપૂર્વક ત્યાગ કરવાનો છે.

કૃષ્ણ નામ હમેશાં કહેતાં, ગાતાં અને યાદ કરતા રહેવું. તહ્મારા પોતાના સ્વાર્થની ખાતર અગર તો પરાર્થની ખાતર પણ ક્ષણાયુ ભૌતિક પ્રદાર્થો છે તેનો ઉપભોગ કરવાનો નથી; તેમ વિશ્વના પ્રત્યેક પ્રાણી પ્રત્યે સામ્યક ભાવ રાખવો એપણ આવશ્યક છે. દશ્ય વસ્તુ ઉપરથી મનનો નિગ્રહ કરી કૃષ્ણ નામમાં નિમગ્ન થાઓ. નિરંતર તેવાજ સંસર્ગમાં રહેતા થાઓ. જ્યાં સૂધી શુદ્ધાંતઃકરણથી સાષ્ટાંગ થયા નથી–જ્યાં સૂધી ચર્મચક્ષુમાંથી ઊનાં પાણી ઝર્યાં નથી–જ્યાં સૂધી પોતાના ગત કર્મોનો પરિતાપ થયો નથી કે મુખ પર શોકની છાંયાં પ્રસરી નથી ત્યાં સૂધી તો પ્રેમની પ્રાપ્તિ થતી નથી. આ સાધન વિના પ્રેમ મૂર્તિ શ્રી કૃષ્ણના દર્શન નહિ થાય સરળ અને સર્વોતમ માર્ગ માત્ર "કૃષ્ણ નામ" છે. ગુપ્ત નામ, સ્મરણ અને મ્હોટા અત્રાજના યશોગાન એજ પ્રેમના પગથીઆં છે. વસ્તુ માત્રનો બહિષ્કાર કરી–વિરાગ ધારી જો કૃષ્ણનું અસ્ખલીત ચિંત્વન થતું રહે તો એ જરૂર સાહાય થશે. આ સ્વાનુભવ સિદ્ધાંત છે. એ નિર્શંક છે.

લાભ ભલે નજીવો હોય; પણ સંતુષ્ટ રહો. પૈસા રળવામાં અયોગ્ય માર્ગનો-રૂઢીનો સ્વીકાર નહિ કરવો. તમ્હારી આવકનો સદુપયોગ કરો. પૈસાનો સંચય કરવામાં માણસાઇ નથી; તેના ઉપયોગમાં માણસાઇ સમાયલી છે. દુનીઆના મોજ શોખને માટે વિશેષ તાલાવેલી ન કરશો'.

વિસ્મરણમાં આનંદ અને શાંતિનો નિવાસ છે. લોકોકિત છે કે:—" મૃત્યુથી શાંતિ મળે છે." તેનો મર્મ સમજાયો ? મૃત્યુ થવાથી સર્વ વાતો ભૂલી જવાય છે. માન-અપમાન, સુખ-દુઃખ વિગેરે સમૂળા વિસારે પડે છે. પછી કોઇ પણ પ્રકારનો ઉદ્વેગ-કે કલેશ થતો નથી. તેટલા માટે ભૂલી જવું એ એક રીતે આનંદ છે.

દુઃખી દુનીઆમાં દુઃખને ભૂલી જવું એ એક મૂલ્ય રત્નની પ્રાપ્તિ બરોબર છે. દુઃખને ભૂલી જવાનું જે શીખ્યા છે તેણે સર્વ સંપાદન કીધું છે. દુઃખને ભૂલેલા છે તેજ દુઃખી દુનીઆમાં ખરા સુખી છે. શું ભૂલવું અને શું યાદ રાખવું એ ખાસ શિખવાનું છે. શિખી લીધું છે એમ ન માની બેસશો. જુઓ. જ્યારે તમ્હારો તિરસ્કાર થાય, તમ્હારૂં અપમાન થાય, તમ્હારી નાલેશી થાય, તમ્હને દમદાટી આપી જાય અગર તો મારી જાય તો તે ભૂલી જજો. બીજાને તમ્હે દુઃખ દેતા હો-ખાલી હેરાન કરતા

હો—ગ્રાહ્ય ગ્રાહ્ય કરાવતા હો તો તેવી વર્તણુક પુનઃ થાય તે પૂર્વે જરા તેનું સ્મરણ કરજો. તેવી વર્તણુકને અંગે શોચાન્વિત પણ થજો. બનેલા પ્રસંગને યાદ કરવામાં વૈરાગ્નિ પ્રકટે છે અને તેથી આખાં કુટુંબ અને રાજ્યનો સંહાર થાય છે તેની કયાં તમને ખબર છે ? દ્રૌપદિની લાજ્જિત દશા ભીમ ભૂલી ગયા હોત તો તેને દુઃશાસન રૂધિર પાન નહિ કરવું પડત. કુરૂક્ષેત્રમાં કોટિ સૈન્યનો સંહાર થઇ ગયો તે પણ બનેલા બનાવના પુનઃ સ્મરણને આભારી છે. જે ભૂલી ગયા છે તે સુખે સૂતા છે અને હજી પણ સુખેજ સૂએ. અગાધ સાગરના આ અમૂલ્ય રત્નો છે.

જરા સ્વસ્થ થાઓ. એક વખત કૃષ્ણ રાધાજીને અને ગોપીઓને ઉદ્ધતાઈ રીતે છોડીને ચલ્યા ગયા. રાધાજીના અને ગોપીના અનહદ કાલાવાલા અને છાતીફાટ રૂદન છતાં કૃષ્ણને પાછા ફરેલા ન જોતાં—તદ્દન નિષ્ઠુર અનુભવતાં રાધાજીએ સર્વ ગોપી સમક્ષ એવા સોગન લીધા કેઃ— “કૃષ્ણ ક્રુર છે—ધૂર્ત છે. તેની સાથના સર્વ સંસર્ગોને વર્જ્ય કરૂં છું. એવા કાળા કહાનને હું જોવા માંગતીજ નથી. તેનું નામ પણ સાંભળવા ઇચ્છતી નથી. બીજા કોઈને પણ એનું નામ લેતા સાંભળીશ તે. તેને પણ જોઇશ નહિ.” બીજે દિવસે જ્યારે કૃષ્ણ પોતાની ભૂલની ક્ષમા યાચતા પાછા ફર્યા ત્યારે ગોપીઓએ તેનો તિરસ્કાર કીધો. તેનાપર

ભારે વાક્પ્રહાર કીધો. ગોપીઓની આવી અનાદર રૂઠી રાધાજીના જોવામાં આવી તેણે સકોપ થઈને પૂછ્યું પણ ખરૂં: "કૃષ્ણનો શામાટે બહિષ્કાર કરો છો? તેણે શું તહ્મારૂં અહિત કીધું?" ગોપીઓએ પ્રત્યુત્તર આપ્યો:— "કૃષ્ણ નિષ્ઠુર છે. અહ્મને એ છોડીને ચાલી ગયા છે. એનામાં દયાનો છાંટો નથી. અહ્મે એની સાથે કોઇ પણ જાતનો સંબંધ બાંધવા માંગતા નથી." ગોપીના આ વાક્યથી રાધાજીનું દયાર્દ્ર હૃદય ભરાઈ આવ્યું. ચક્ષુમાં પણ ભરતી એકદમ આવી ગઇ. ગદગદ કંઠે તે બોલ્યા:—"મને તેહ્માનું કંઇજ યાદ નથી; હું ભૂલી ગઇ છું. જે કૃષ્ણ સમગ્ર વિશ્વને કુશળ રાખે છે તે કૃષ્ણ કોઇને પીડા કરે ખરો કે? ખરે, આજે એને અતિ હેરાન કીધા છે. ધિક્કાર છે મને!" આટલું બોલતાં—પોતાની ભૂલનો પશ્ચાતાપ કરતાં ડૂસકાં ભેર સહસા રડી પડયા. રાધાજી આગલા દિવસના બનાવને ભૂલી ગયા હતા તેથીજ તેને આક્રંદ થયો હતો. કૃષ્ણને પણ પાછો સપ્રેમ આવકાર દીધો.

જે સુમનમાં સૌંદર્ય નથી તેહ્માં સુગંધ પણ નથી હોતી. જ્યાં સૌંદર્ય છે ત્યાં સુગંધ હોવી જોઇએ એવો સુમન સૃષ્ટિનો સામાન્ય નિયમ છે. તે વિનાના સુમનો નિરૂપયોગી લેખાય છે. દુનીઆનું મનરંજન થાય છે તે સુગંધીત સુમનથીજ અને નહિ કે શુષ્ક સુમનથી. તેજ

પ્રમાણે જે મનુષ્ય સદ્‌ગુણુ સંપન્ન છે તે વિશ્વને પ્રિય થઇ પડે છે. પશુમાં બહિર સૌંદર્ય છે જ્યારે દેવ કોટિમાં આંતરિક સૌંદર્ય–સદ્‌ગુણુ છે. સૌંદર્યની ખોટી લતમાં પડવાથી ભયના ભયંકર પગથીએ ચઢવા જેવું છે. સદાચરણુથી આપણુને અસીમ આનંદ મળતો હોય એવું લાગે છે. સદ્‌ગુણુ એજ મનુષ્યનું સૌંદર્ય છે. ખરૂં પૂછો તો સદ્‌ગુણુ સૌંદર્યની જોડીજ નથી. સંક્ષિપ્તમાં હું કંઇક કહેવા માગું છું. તેનું રહસ્ય બરાબર તપાસજો. કૃષ્ણુની સૌંદર્યતામાં ચંદ્રબલી અને રાધાજી ઉભય તલ્લીન હતા. પરંતુ ચંદ્રાવલી શરીર સૌંદર્યમાં તલ્લીન હતા જ્યારે રાધાજી સદ્‌ગુણુ સૌંદર્યમાં તલ્લીન હતા. હું એટલું તો કહીશ કે જ્યારે સૌંદર્ય તલવલતી તૃષ્ણાને પુષ્ટીકારક બનાવે છે ત્યારે અંતર્ભાવ સ્નેહનું સ્વાભાવિક રીતે પ્રેમમાં રૂપાંતર થઇ જાય છે.

એક પાપ કરે અને અન્ય તેની વાત સાંભળે તે તેણે પણુ પાપ કીધું છે એમ લેખાય છે. ધ્રુવ અને પ્રલ્હાદના ચરિત્રો વાંચી મનુષ્યો શુદ્ધાત્મા કેમ બને છે તેની તમને ખબર છે ? સાવિત્રી કથા સાંભળવાથી શ્રોતા પાપમુક્ત બને છે તેના ભેદની કંઇ જાણુ છે ? તે સર્વ શુદ્ધ અને નિષ્કલંક હતા તેથી. તેમની અગર તેમના ગુણુ સંબંધી વાત કરવી એ પણુ એક સુકૃત્ય છે. સદ્‌ગુ

ણુની પરાકાષ્ટાપર સ્થિત થયલા મહાન પુરૂષો સંતોને પણ પાવન કરે છે. તેનાને તેનાજ ગાઢ સહવાસમાં આવતાં અન્યના શ્રેયની ખાતર તેને પાવન કરે છે અને એવી ઔદાર્ય બુદ્ધિના પરિણામે પોતે પાપી પણ અંતે બને છે. માટે પાપીષ્ટની કથા તો કરશોજ નહિ. કોઇને નિંદ્ય કર્મ કરતા તમ્હે જોતા હો પરંતુ તમ્હે જાણુતા હો કે તેનામાં કોઇક સદ્‌ગુણુનો અંશ છે તો તે અંશની ખાતર તેનું ચિંત્વન કરજો. તેથી પણ તમ્હે વિશુદ્ધ બનશો. ત્યારે તમ્હે કૃષ્ણુના પરમપ્રિય ભકતના મંડળમાં બીરાજવાને લાયક ઠરશો અને કૃતાર્થ થશો.

અન્યની નિંદા કરવામાંજ જે મશગૂલ રહે છે, તે કદાપી પણ કૃષ્ણુના પ્રેમી મંડલમાં પ્રવેશી શકતા નથી. તેમ્હાં તમ્હને પ્રવેશવાની રજા ચિઠ્ઠી જોઇતી હોય–તે મંડળના પત્રકમાં તમ્હારૂં નામ તમ્હારે લખાવવું હોય તો એ નિંદ્ય કર્મનો ત્યાગ કરો અને તમ્હે તમ્હારી પોતાની ભૂલોની નિંદા કરતા થજો. સદ્‌ગુણુ સંપન્ન કરવાનો સર્વોતમ માગ આજ છે. નિત્ય દેવ પૂજન, પવિત્ર ગ્રંથોનું અધ્યયન પવિત્ર સ્થળોનું પર્યટણ આદિથી પણ સદ્‌ગુણ મળવા અસંભવિત થઇ પડે છે. રાતના ઘર ફાડુ દિવસના ભગવાં ઓઢી ભીક્ષા માંગવા આવે અને તમ્હે તેને ભીક્ષા આપો તો તેમ્હાં શું તમ્હેં પુણ્ય કરેલું લેખશે! એના કરતાં તમ્હારે ખાતે એટલું પુણ્ય નહિ લખાય તે સારૂં ?

પોતાના ઘરમાં કુરૂપ કિંવા રોગ શીલ સ્ત્રી કોઇ માંગતુ નથી. તેમ હાલ પોતાના મંદિરમાં પણ અનીતિમાન, વંચનશીલ, સ્વાર્થી, દુરાગ્રહી, કે બે ઇમાન મનુષ્યને જોવા ઇચ્છતા નથી. તદ્દન સ્ફાટિક મણિ જેવા વિશુદ્ધ બનો ધ્રુવ જેવા શ્રદ્ધાવાન બનો. ત્યારેજ પોતાના કુટુંબમાં કૃષ્ણ તહ્મને દાખલ કરશે. આપણા દીલને નિખાલસ અને પવિત્ર બનાવો. આપણે આપણી ચિંતા રાખીએ છઇએ તેટલી અન્યને માટે પણ રાખતા શીખવું જોઇએ. અજ્ઞાનાવરણને કૃષ્ણને ખસેડવા દો. આપણને અનંત માર્ગે પણ દોરવવા દો.

શ્યામ (કૃષ્ણ) સન્મુખ રોશો નહિ. કૃષ્ણથી તે સહન થશે નહિ. જ્યાં આનંદ હોય છે ત્યાંજ કૃષ્ણનો નિવાસ છે. તહ્મે જો નિત્યાનંદ સ્વરૂપને ચ્હાતા હો તો તહ્મે પોતે હસમુખા–આનંદી બનો; તેને તહ્મારા અશ્રુ ગમે છે. પરંતુ શોકના નહિ. તેને પ્રેમાશ્રુમાં વિશેષ આનંદ મળે છે. કૃષ્ણ ઘણા ચતુર છે અને તેટલા માટે શોકાશ્રુ કરતાં પ્રેમાશ્રુને વિશેષ પસંદ કરે છે.

આપત્તિના સંજોગમાં વહેતા અશ્રુ એ એક જાતનો જળપ્રપાત કહેવાય. સામાન્ય જળ વૃષ્ટિથી ધરતિ ફળદ્રુપ બને છે. પરંતુ જળપ્રપાત ફળદ્રુપ નહિ બનતા ઉલટા થયલા પાકનો પણ પ્રલય કરે છે. કુદરતના જળ પ્રપાતનુ આ

પરિણામ છે; જયારે ચક્ષુના જળ પ્રપાતનો પ્રભાવ જૂદોજ છે. આ જળ પ્રપાત જેમ વધારે તેમ વધારે ઇષ્ટ. એ જળ પ્રપાતથી હૃદય વધારેને વધારે કરૂણાર્દ્ર બને છે. એ કરૂણાર્દ્ર હૃદય ક્ષેત્ર અંતે કૃષ્ણના પ્રેમાંકુર પુટવાને લાયક નિવડે છે. અને તેજ અંકુરથી સત્ય શાંતિની પ્રાપ્તિ થાય છે. હૃદયને એવું સૌમ્ય બનાવવાને એથી વિશેષ ઉત્તમ માર્ગજ નથી. એ અશ્રુપાતથીજ હૃદયને સૌમ્ય બનાવતાં શીખો. આખરે તહ્મને એહ્માંજ શાંત્વન મળશે.

નિઃસીમ આનંદથી કિંવા શોકથી અશ્રુપાત થતા નથી એ તો મધ્યમ અવસ્થામાં હોય તોજ થાય છે. એને માટે ખાલી વખવખો નહિ કરવો. જયારે એ વહેશે ત્યારે તહ્મે અટકાવી પણ શકવાના નથી. નિર્જન સ્થાનમાં મ્હોટાં અવાજથી કૃષ્ણ કીર્તન ગાવાનો અભ્યાસ કરો. તુર્ત તહ્મારી ન્હાનકડી આંખોમાં પાણી ભરાઇ આવશે અને દડ દડ અશ્રુ તહ્મારા ગાલને ભીજવતા વહેતા થશે.

નામસ્મરણ તો ભૂલશો નહિ. તહ્મે ખાતા હો અગર તો વિશ્રાંતિ લેતા હો, પરંતુ કૃષ્ણના મંજુલ નામનું તો વિસ્મરણ નહિજ થવા દેશો. તેને તહ્મારો અમૂલ્ય નિધિ માનો. તે અસીમ દયામય છે. તેની પાસે તહ્મારે કંઇપણ માંગવું નહિ પડશે. તહ્મારાં દીલની કદર કરતાં તે તહ્મારા

સુખ-સાહિત્ય પૂરા પાડશે; નૂતન અને વિવિધ આનંદ ત્હમને નિરંતર મળશે એવું ત્હમે અનુભવશો.

આઠે પ્રહર તેનુંજ નામ લ્યો. માનસિક દૃઢીથી પણ તેને યાદ કરતા રહો. આ ભૂલી જવાય નહિ તેટલા માટે હોંશીયાર રહેજો. વિશ્વનું મૂળ-આદ્યાંકુર તો તે છે, તો પછી તેની કૃપા શિવાય સુખી થવાની આશા રાખીયે તે કેમ બની શકે?

શ્વાસ અતિ અલ્પાયુ છે છતાં જીવનના કેટલાક શુભ કાર્યમાં પણ ખલેલ કરનાર છે. જીવનના એવા સંગીન કાર્યને ધોકકો નહિ પહોંચે એવા શ્વાસ નહિ લેવાવા જોઇએ. મન વાણી અને કર્મના આચાર જેવા બહારના છે તેવા અંદર પણ હોવા જોઇએ. નટની માફક સ્વાંગ જેવા નથી જોઈતા. ધૂર્ત બાજી ખેલવામાં હરિરંગ ચઢાવવો પણ નહિ જોઇએ. કસાઇખાનામાં અજા વધ કરી નિર્દોષતા કે અનુરાગના ઢોંગ પણ નહિ કરવા જોઇએ. કૃષ્ણના મંદિરમાં એવી ધર્ત વિદ્યા ચાલતીજ નથી.

કૃષ્ણ લીલામાં નિમગ્ન થવાને ઘણી પ્રવીણતા જોઇયે છે. તમે કૃષ્ણ સાથે ત્હમારી ઇંદ્રજાળ કે છેતરપીંડી ચાલવાની નથી.

⊙ ⊙ ⊙ ⊙ ⊙

આવી વખતે મગ્યા પશુ-નિંદક અને હાંસિજનક પુરૂષો બળહીન થશે. અને દૂરને દૂર નાસતા ફરશે.

ોઇ ખુણા ખોચરામાં લપાતા રહેશે. અગર નિરભિમાનીપણે
માધીન થશે અને દયા માટે યાચના પણ કરશે. જ્યાં સુધી
ાહ્મારૂં મનોબળ સંગીન અને દ્રઢ થશું નહી ત્યાં સુધી તો
ાહ્મારે ઘણા હોંશીયાર રહેવું પડશે. જ્યારે મહત્વાકાંક્ષારૂપી
સેંહ તહ્મારા હૃદયમાં પ્રવેશ કરશે ત્યારે એ દુષ્ટ હૃદય
ારો આમ તેમ નહાસ્તા રેહેશે. ત્યારે તહ્મે નિશ્ચંત થશો.
ેઓ કોલાં કુતરાંના ખાલી દમથી પણ બ્હીતા હશે તે પણ
ાછીથી સલામતિથી ફરતા થશે. એટલાજ માટે મારા પ્રભુએ
ાર્દુલ ગર્જનામાં કીર્તન ગાયા હતા. પ્રભુ નામની
સેંહ ગર્જના સાંભળતા વારનેજ માયાએ પૃથ્વિનો ત્યાગ
ોધો. તેના અંકુશમાં રહેતા પ્રત્યેક જીવાત્માએ પછી
ષ્ણુના પાદાંબૂજને નમન પણ કીધું. આજ કારણવશાત્
ૌરાંગ પ્રભુએ અવરનવર પ્રખર ધ્વનિમાં કીર્તન ગાયા
ુતા. માયા અને માયાના ગણના સંકજામાંથી છૂટી
ઃવું એજ આવા પ્રાસાંગિક પ્રખર ધ્વનિમય કીર્તનનો
માશય છે. જેમને એ અંકુશમાંથી મુકત થવું હોય
ેમણે ઉચ્ચ સૂરના સંકીર્તનની વિધિને અવલંબવું
ોઇએ. પ્રભુના ગુણાનુવાદ થતાં વારનેજ એ પ્રપંચ
ાયા પોતાની શકિત સંકેલવા મંડે છે. કારણ
ાભુના ગાત્ર ભંગ કરનાર ત્રાસનો તેને સારો અનુભવ છે.

તહ્મારે જો આનંદમાં રહેવું હોય તો બહેતર એજ છે કે પ્રભુનું નામ સ્મરણ શનૈઃ શનૈઃ પણ ઉચ્ચ સૂરે લેતા રહો. પ્રાસ્તાવિક કીર્તન તો અશ્રુથીજ થવા જોઇએ. જેમ જેમ એ પ્રેમના વધારે ઉન્માદ બનતા જશો તેમ તેમ અનુક્રમે ઉચ્ચ સૂરના સંકીર્તનની આવશ્યકતા જણાશે. પ્રારંભમાં તો આ વિધી આવશ્યક છે. નરોતમ ઠાકોરે પણ કહ્યું છેઃ "જેને તેને તહ્મારી પ્રેમ ભકિતની વિધી કહેતા નહિ ફરો; "પ્રારંભમાં તો તહ્મારે બહુજ ચાલાક રહેવાનું છે." પોતાની ભકિત વિધી છૂપાવવાની ખાસ આવશ્યકતા" છે એવું શાસ્ત્ર વચન પણ છે. દારૂડીઆ પોતાના શીશા કંઇ જાહેરમાં ઉભા રહીને ગટગટાવતા નથી તે તો કંઈ ગલી ખાંચામાં, અંધકારમાં, અગર તો નિર્જન સ્થાનમાં છૂપાઈનેજ દારૂ પીશે. પછી જયારે એના રંગમાં પોતે પૂર્ણ રીતે રંગાય છે ત્યારેજ બહાર પડે છે. તે વખતે તે ગમે તેમ ડોલે છે; લવે છે, ધુળમાં કે કાદવમાં આલોટે છે, તથાપિ કોઇની સ્પૃહા પણ રાખતા જણાતા નથી. રંડીબાજીની શરૂઆત કરનાર પણ શરૂઆતમાં છૂપાતો અને સંતાતો જતો થાય છે. નિયમિત જ્યાં જતો થાય છે. કે પછી તે કોઈની પરવા પણ નથી રાખતો. ધોળે દિવસે પણ જવામાં તેને સંકોચ આવતો નથી. બીલ્વમંગળનું દ્રષ્ટાંત આને

માટે પૂરતું છે. તાત્પર્ય કે પ્રેમ ભકિતના દિવાના થતા પહેલા તેનો પ્રારંભ ઘણી ચૂપકીથી કરવાનો છે. પછી ભલે તહ્મે તેહ્માં નિમગ્ન થયા પછી, નાચતા કૂદતા થાઓ. તે વખતે તહ્મને કોઈની દરકાર પણ જણાશે નહિ.

વિદ્યાર્થી ગમે તેટલો ચાલાક કે બુદ્ધિશાળી હોય, પરંતુ પોતાની પરીક્ષા વખતે તો તે ગભરાય છેજ. તેજ પ્રમાણે ગમે તેવો મહાન ભકત હશે તે પણ આ દુનીઆની પરીક્ષા ઉતીર્ણ કરતાં અનેક વખત ગભરાય છે– મુંઝાય છે; અને શિથિલ પણ થઇ જાય છે. પ્રભુની એવી ઇચ્છા છે કે આ પરીક્ષામાં તહ્મારે કસાવવુંજ જોઇએ અને વિકટ પ્રશ્નો પૂછાતાં છતાં એક ચાલાક વિદ્યાર્થીની માફક સમાન ફ્-તેહમંદ નીકળવું જોઇએ. પ્રત્યેક જણ પવિત્ર થાય અને આ લીલામાં જોડાય એવી એહ્મની અભિલાષા છે. તેટલા માટે તે આપણને અહીં વિશ્વવિદ્યાલયમાં મોકલે છે. અહીંની આવશ્યક પરીક્ષામાં ઉતીર્ણ થતાં તે આપણને તેહ્મના આશ્રીત મંડળમાં સ્થાન આપી યોગ્ય કામ આપે છે. જે વારંવાર નાપાસ થાય છે, તેને જોકે તે પોતાના આશ્રીત મંડળમાં લઈ શકતા તો નથી; તથાપિ તેવી સ્થિતિમાં તેને મૂકવા તે સદાયે તત્પર હોય છે. નિષ્ફળ થવાથી પ્રભુ કંઇ દયાહીન થતા નથી. બલ્કે આપણી નિષ્ફળતાને

માટે તે ઘણુા શોકાકૂલ દેખાય છે. વિશ્વવિદ્યાલયની પરીક્ષા જે સમાન પસાર કરે છે તેને એક વિદ્યાલયમાંથી બીજા વિદ્યાલયમાં મૂકે છે. આનું નામ તે આત્માનું આવર્જન–વિસર્જન. મનુષ્ય જીવન એ મેટ્રીકયુલેશન વર્ગ છે. પશુ જીવન એ પ્રાથમિક વર્ગ છે અને સ્વર્ગીયજીવન એ મહા-વિદ્યાલય વર્ગ છે. આમ છતાં આ ત્રણે વર્ગોથી પ્રભુતા એક સમાન અંતરેજ સ્થિત છે. મેટ્રીકયુલેશનના વર્ગમાં આવતા વિદ્યાર્થીને ઐચ્છિક વિષયો પસંદ કરવાના હોય છે. જેને જે રૂચે તે તે લઈ લે છે. તેજ પ્રમાણે મનુષ્યજીવન પ્રાપ્ત કીધા પછી ગમે તે ઐચ્છિક વિષય લેવાની આપણુને સત્તા મળેલી છે. આપણુને ભાવે તે, આપણુને પરવડે તે, આપણુને સુગમ જણાય તે આપણે પસંદ કરી લેવા જોઇએ. આજ વર્ગમાં આપણા અસ્તોદયની કલ્પના કરવાની પૂરતી છૂટ આપેલી છે. માટે જે વિચારવંત છે તેણે તો આ વર્ગમાં રહીને ઉચિત સાધી લેવું જોઈએ. બીજા કોઈ પણ જીવનમાં પસંદગીના વિષયો ચુંટી લેવાની છૂટ નથી. સ્વર્ગીય કે નર્ક જીવનમાં પણ ઐચ્છિક વિષયની રૂઢી નથી. સ્વર્ગીય જીવનમાંથી તો તેણે અગિયારાજ ગણ્યા છે. સત્ય પૂછો તો પોતાના વાદવિવાદમાં બન્નેએ જતી કરી છે. દેવ અનુચર જેવા છે. દાનવ બંદી જેવા છે. મનુષ્યજીવન એજ ખરેખરૂં અને સ્વાતંત્ર્ય જીવન છે. તહ્મે તહ્મારૂં મનુષ્યજીવન

જવલંત બનાવી જાઓ. ભવિષ્યમાં આવો સંજોગ મળશે કે કેમ તે શંકાસ્પદ છે. મનુષ્ય જીવનમાં આવ્યા પછી જેણે "હરિ–કૃષ્ણ" નો ધ્વનિ કીધો નથી તેણે પોતાની જાતનેજ ઠગી છે. ગમે તેટલી વિંટબણા હોય, તથાપિયે તમ્હે તમ્હારી ધારણાને છોડી દેશો નહિ. તમ્હારાપર ગમે તેટલો અસહ્ય બોજો આવ્યો હોય છતાંયે, ત્યાંથી એક ડગલું પણ ડગશો નહિ અને તેમ કરી હાથે આવેલી બાજીને ખોશો પણ નહિ. હરિનામના પ્રભાવમાં તે પૂર્ણ શ્રદ્ધા મુક્ત બની નિરંતર તેમ્હાંજ મશગૂલ રહે તો મનુષ્યને આ પૃથ્વિના પડપર એવી કોઇ વસ્તુ નથી કે જે તેને ડરાવી શકે. પછી કોઈ પણ પ્રકારનો ભય તેને નડશે નહિ. તે આનંદ સ્વરૂપ બનશે; ચતુર્દિશામાં આનંદને આનંદજ તે નિરખ્યા કરશે. તેમ્હાંજ તે મલમસ્ત બનશે. દિવાનો થશે.

દુનીઆની રકઝકમાં કે વિલાસમાં નિરર્થક સમય વ્યતીત કરવો એ ઠીક નથી. જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે એકાંતમાં સ્થિત થઈ તેનુંજ ચિંત્વન કર્યા કરો. તેમ નહિ બને તો જેના હૃદય પવિત્ર છે–દયાર્દ્ર છે–પ્રેમપૂર્ણ છે તેના સમાગમમાં રહી દયામય કૃષ્ણનાજ ગુણાનુવાદ ગાતા રહો.

જ્યારે તમ્હને નવરાશ મળે ત્યારે તમ્હારી પવિત્રમાળા લઈ તેનું નામ લેતા રહો. કૃષ્ણમાં તમ્હારૂં ચિત્ત પરોવાય કે નહિ તેની પરવા નહિ. કૃષ્ણ નામ અતિ અભિલાષ

સહીત લીધું હશે કે નહિ છતાંયે તે ફલદાયક નીવડશે. "સાધક–કંઠહાર" ગ્રંથનો નિરતર પાઠ કરો. તેના કીર્તન તહ્મે કંઠસ્થ કરો અને હરતા ફરતા તે ગાઓ. એવમ્ પ્રારંભ કરતાં અને વિધિસર વધ્યા જતાં તહ્મે અનુભવશો કે તહ્મારા આ ચર્મ ચક્ષુમાંથી દડદડ અશ્રુ વહ્યા કરે છે અને તહ્મારા હૃદયમાં ભક્તિ અંકુર દેખાવવા લાગ્યા છે. આજ ભક્તિનું સ્વરૂપ અનુક્રમે વધવાથી કૃષ્ણના પાદામ્બૂજને પણ તે લળી પડશે. ભક્તિ એ એક વેલી છે. તે કોઈના આશ્રય વગર વૃદ્ધિ પામતી નથી. તેને શ્રધા તરૂનો આશ્રય જોઇએ છે. તે મળે છે કે તુર્ત વિણુઅટકે વધવા માંડે છે અને અંતે કૃષ્ણના પાદમ્બૂજને ચૂમ્બન કરે છે. ત્યારે તહ્મે આ દુની-આના સગાંને–સ્નેહીને-બંધુને નિંદક કે શત્રુને, સુખ કિંવા દુઃખને અગરતો વિહારોને ભૂલી જશો અને અલભ્ય આનંદમાં તરબોલાતાં થશો. દુનીઆ તહ્મને કંઈજ કરી શકશે નહિ. તહ્મારી દૃષ્ટિ રાજ્યના તહ્મે અધિપતિ થઈને બેસશો. બસ, શ્રદ્ધામય થઈ કૃષ્ણનું નામ લેતા રહો.

સાધુના સ્વાંગમાં ફરનારાની અવગણના નહિ કરશો. કારણ તે પાખંડી છે કિંવા શુદ્ધાચરણવાળો સાધુજ છે તે તહ્મે પારખી શકશો નહિ. એક ખરા સાધુને તહ્મે પાખંડી માની જતો કરશો તો નાહક પાપ સંચિત કરશો. સર્પ અનેક જાતના છે. જ્યાં સૂધી તેના સ્વભાવથી તહ્મે જાણીતા

થયા નથી ત્યાં સૂધી તો દૂર ઉભા રહીનેજ તેના દર્શન કરવામાંજ શ્રેય છે. નહિ તો પછી, જેને તેને પકડવા જવાની રૂઢીમાં પ્રસંગવશાત્ કોઈ એવો પણ ગરલીઓ સર્પ નીકળી આવશે કે જે તહ્મારો પ્રાણ ઘાતકજ નિવડશે. એટલા માટે સર્પથી તો દૂર રહેવામાંજ ડહાપણ છે. સાધુને નહિ આપવાની ઈચ્છા હોય તો ભલે પરંતુ તેની બદબોઈ તો નહિ કરશો એવી મારી નમ્ર વિજ્ઞાપ્ના છે. શબ્દ પ્રહાર કરી નાહક કોઈની લાગણીને દૂભાવશો નહિ. હૃદયપર શબ્દ પ્રહાર કરવા કરતાં શરીરપર દંડ પ્રહાર કરવો વિશેષ ઈષ્ટ લેખાશે. હૃદય અતિ કોમળ છે. ત્યાં જરા પણ ઈજા થવાથી અતિ દુઃખ ઉત્પન્ન થાય છે. આ દુઃખ હૃદય સ્વામિ શ્રી હરિથી નથી સહન થતું.

એક વખત જેણે "ગૌર" નામોચ્ચાર કર્યો છે તે પાણીમાં પડી ચૂક્યો છે. વહેલો મોડો પણ તે મત્સ્ત લઈનેજ બહાર આવશે. માટે સાધુના વેશમાં પૂરતી કોઈપણ વ્યક્તિને માટે કટાક્ષ નહિ કરવો. એ માટે બહુ હોંશીઆર રહેજો. કાયદાનો ઉપયોગ તમે પોતે નહિ કરશો. ન્યાધિશના હાથમાં તે તો આપજો પર હાથથી ન્યાય અપાય એ પણ એક જાતની ભૂલ છે. બનતા સૂધીતો એ ઝઘડોજ ઉત્પન્ન નહિ થાય તો સારૂ. ગમેતેવો દરિદ્રી કિંવા ભિખારી હોય પણ તેજો સાધુના વેશમાં હોય તો તેને એક મહંત તરીકે માનવામાં આપણી સલામતી છે. એવા અધમની અવગણુના કરવામાં મતાવગણુના કરી છે એમ લેખાશે. દીનનાપણુ તહ્મે દીન બનો. ચ્રાસનો દીનભાવ

કેટલો બધો છે? પોતાના દીનભાવને અવલંબીને તે આપણા કરતાં કંઈક ઉચ્ચ વાતાવરણમાં ઉડતું થાય છે?

સામાન્ય વૈષ્ણવ ભક્તોનોં સ્વાભાવિક તિરસ્કાર થતો રહે છે—પરંતુ તેમની સાથે સહજ બેસીને કૃષ્ણના સુંદર કામોની વાતો કરો–કૃષ્ણ નામોચ્ચાર કરો. કંઈક ઢાળમાં કીર્તન કરો તો તમને સ્વાનુભવ થશે કે મનને શાંતિ આપવાને એના જેવું રામબાણ ઔષધ અન્ય છેજ નહિ. નામોચ્ચાર વિનાની પ્રાર્થના કે ભકિત એક કુત્સિક અને સુઘડતા વિનાની મુગ્ધા જેવી છે. તમારા હૃદય મંદિરમાં જો આનંદને પ્રકટાવવો હોય શાંતિની શીતળ છાયામાં તમારે વિશ્રન્તિ લેવી હોય તો વાનપ્રસ્થ થયલા સાધુનો સમાગમ કરો. તેમના પ્રત્યે પ્રેમ રાખતા શીખો. કૃષ્ણનામ પણ તેમની સાથે ગાતા થાઓ.

"હરિ ભક્તોને કંઈપણ અસાધ્ય નથી" એવું હું ઘણીવાર સાંભળું છું. માટેજ મન, વાણી અને કર્મથી તેની સેવા કરતા રહો. તનો આશ્રય લો. કોઇપણ જાતના જાતિભેદ વિના, ઉચ્ચ નિચના તફાવત વિના તેની સેવામાં તત્પર રહો. તમને સર્વોત્તમ શાંતિ મળશે અને કૃષ્ણ પ્રાપ્તિ પણ થશે. એથી તમારૂં જીવન સફળ થયું છે એમ તમને જણાશે. જ્યાં સૂધી કૃષ્ણના પ્રેમી ભકતોના તમે આશ્રીત બન્યા છો ત્યાં સૂધી કૃષ્ણની આજ્ઞાનો અનાદર કવચિત્ થઈ જાય તો તેથી તમારે શોકાકૂલ થવાને કારણ નથી. કૃષ્ણ ભક્તાની

ત્હમારા પર કૃપા છે તે જરૂર તહ્મારો બચાવ કરશે. ભકત આગળ તેનું કંઈજ ચાલતું નથી. ખરે ! તે સર્વશક્તિ સંપન્ન છે; પરંતુ ભકતની સાહ્માતો તેનાથી ઉપયોગ નથીજ થઈ શકતો.

કૃષ્ણ સમક્ષ બ્રાહ્મણ–શુદ્રનો જાતિ ભેદ નથી. માટે અહંમાન રહિત ગમેતે જ્ઞાતિના કૃષ્ણ ભકત સાથે ભળી જાઓ. કૃષ્ણ ભકતની દિલોજાની મૈત્રી આનંદ મેળવવાને માટે મહાન સાંધન છે.

મનુષ્યને જ્યારે એમ લાગી આવે છે કે ઘડીભરમાં કૃષ્ણની પ્રાપ્તિ થશે કે તુર્ત કૃષ્ણ પોતે તે બાજી એવી તો ચાલાકીથી પલટાવી નાખે છે કે તે વિમાસતોજ ઉભો રહે છે. કેટલીક વખત તો તે સાચો દાવ કરવાનું ભૂલી ખોટો દાવ કરી દે છે. પરંતુ જેણે અહંભાવ છોડી દીધો છે. મમત્વ વિસારે કીધું છે–પોતાનું તે પ્રભુનું કીધું છે તેને તો કૃષ્ણ આડે માર્ગે ઉતરવા દેતાજ નથી. જેઓ પોતાની શકિતથી–પોતાની બુદ્ધિથી પ્રભુના ચરણમાં સ્થિત થવાને વિચાર કરે છે, તે ખરેખર મુકત થાય છે. જેઓ અંધશ્રદ્ધાને માનીને પણ કૃષ્ણની શીતલ છાંયામાંજ રહેવાનું પસંદ કરે છે તેને કોઈ પણ જાતની કસોટીમાં ઉતરવું પડતું નથી. કવચિત્ પરીક્ષામાં બેસવું પડે તો તે ફત્તેહમંદીથી પસાર થાય એવા આશયથી ખૂદ પરીક્ષક તરફથી પણ અવર નવર યાદ દેવડાવવામાં આવે છે. માટે નીતાઈના ચરણ શોધી કાઢવામાં

એક અંધ મનુષ્યની માફક વર્તન રાખજો. તેના અસાધારણ શાંતિમય કમળ પદમાં તહ્મે જરૂર સુખી થશો. જ્યારે તે શાંતિ પડે ત્યારે તહ્મારા ચક્ષુ ઉઘાડજો. તુર્ત તહ્મે જોશો કે નીતાઈ તહ્મને શ્યામ સ્વરૂપના (કૃષ્ણના) દર્શન આપવાને ક્યારના ખોટી થાય છે. ઘણુાયે દીર્ઘકાળથી જેનું તહ્મે ચિંત્વન કરતા હુતા તે તમારી વાટ જોતા જણાશે. પરંતુ જ્યાં સૂધી આંધળાનું અનુવર્તન થશે નહિ ત્યાં સૂધીતો તેની પ્રાપ્તિ અસાધ્ય જણાશે. આપણા ચક્ષુ કેટલીક વખત મિત્ર તરીકે કામ કરે છે અને કેટલીક વખત દુશ્મનની ગરજ પણ સારે છે. આપણુને ખબર નથી હોતી કે કઈ વખતે કઈ સ્થિતિમાં આપણા ચક્ષુ કામ કરતા હુશે. સ્થિતિ જ્યાં આવી વિષમ છે તો પછી બહેતર એજ કે તેના આશ્રીત નહિ થવું; તેની મદદ નહિ લેવી. નીતિવચન પણ આમજ સંબોધે છે. જ્યાં સૂધી આપણુને પરપુરૂષના સ્વભાવની પીછાણ નથી થઇ ત્યાં સૂધી તો તેને અંજાણ તરીકે લેખવો જોઈએ. મિત્ર તરીકે ગણવામાં લાભ નથી. જ્યારે કોઇપણ મનુષ્ય કોઇપણ વસ્તુની પ્રાપ્તિ અર્થે તીવ્ર ઈચ્છા ધરે છે, તેનીજ તાલાવેલી કરે છે, જ્યાં ત્યાં શૂન્યવત જણાય છે ત્યારેજ તે પોતાની ઈચ્છીત વસ્તુ જોઈ શકે છે. મેળવી પણ શકે છે. કૃષ્ણ પ્રાપ્તિમાં પણ તેમજ છે. ત્યાં પણ તીવ્ર ઈચ્છાની રૂઢીની આવશ્યક્તા છે.

પતિથી વિમુખ રહેનારી પ્રેમમુગ્ધા પત્ની જ્યારે અન્ય સ્ત્રીઓને પોતપોતાના પતિની ગાથા કરતી, પ્રેમના વાર્તાલાપમાં આનંદ માનતી જાય છે ત્યારે તે સાંભળવાથી તેના પ્રેમને પણ–રે દુપટ–પુષ્ટિ મળે છે. કૃષ્ણને માટે તમ્હને પ્રેમ હોય તો તેના પ્રેમીના સંમેલનમાં જતા થાઓ. તે ભક્તોની માફક તમ્હે પણ તમ્હારા હૃદયને પ્રેમલીન બનાવી દો. કૃષ્ણની જ્યાં વાત થતી હોય ત્યાં ડોકીયું કરો–તે આતુરતાથી સાંભળો. તમ્હારી જીવ્હાને પણ સાથે સાથે કામે લગાડો કે જેથી તે પણ અસ્ખલીત રીતે "કૃષ્ણ કૃષ્ણ" કહ્યા કરે. આ પ્રથાને જ્યાં માન અપાયું કે તુર્ત તમ્હારી જીવન મૂસ્કેલીઓનો અંત આવશે એ નિઃસંશય છે.

એ મહાન ચતુર પુરૂષની ચાલાકી જૂઓ. પ્રથમ જેની આપણી માગણી છે તેનાથી તે કંઈ નીરાળી વસ્તૂ આપીને ઉભા રહેશે. જો ભકત પોતાની માંગણીમાં દૃઢ રહે છે તો તો અંતે તેને આપવું પડે છે. કૃષ્ણ પોતે કહે છેઃ–"મારી સહાયતાને માટે જે ભકત માંગણી કરે છે તેને તો હું પ્રારંભમાં હેરાન કરૂં છું. જો તે ચલિત નહિ થાય તો તો પછી હું તેનો દાસાનુદાસ બનું છું." માટે એવા ચતુર પુરૂષની ચાલાકીથી બચી જવાને ઘણી બાહોશી જોઈએ છે. કવિ ચંદીદાસનું પણ કહેવું છે કેઃ–" ્ષ્ણના પ્રેમી થવામાં દીર્ઘ દૃષ્ટિની ઘણી જરૂર છે. તમ્હારે જો દક્ષિણમાં જવાનું હોય તો તમ્હે પશ્ચિમમાં જાઓ છો એવું કહેજો અને મોઢું કરજો પૂર્વનું."

આવી દશાપન્ન છતાં જે મનથી ચલિત થતા નથી તે કૃષ્ણને સાધ્ય કરી શકે છે. આ અનુભવીનેજ કૃષ્ણદાસ કવિરાજે પણ કહ્યું છેઃ-"પ્રભુ ! તમ્હારી માયાની રંગભૂમિમાં કોનું મન સ્વસ્થ રહી શકે ?" દર્પણમાંના પ્રતિબિંબીત ચંદ્ર આપ્યા છતાં ન્હાના બાળકો જો રડયા કરે તો તેને બે ત્રણ થાપડ પણ પડે તેમ છતાં વિશેષ આગ્રહી બને તો તો આખરે તેને જોઈતું તેને મળી આવે છે. જેને કૃષ્ણની અભિલાષ છે તે પણ તે મેળવી શકે છે; તથાપિ તેના લાયકના સર્વ ગુણસંપન્ન થવાય નહિ ત્યાં સૂધી નહિ. પ્રારંભમાં તો પ્રભુ પોતે ભકત આગળ ઠગવિદ્યા ચલાવે છે. એકને બદલે બીજી વસ્તુ આણીને ઉભા રહે છે. સારાને બદલે નરસી—નરસીને બદલે સારી. આ પ્રમાણે એક રમતજ રમે છે. જો આમ નહિ કરે તો રમતનો અંત પણ વહેલો આવે. ત્યારે રમતમાં વિનોદ કયાં રહ્યો ? બે ઘડી આનંદ મળે એટલા માટે તો રમત રમાય છે. તે ઠઠ્ઠા-મશ્કરી કે ટોળ નહિ મળે તો તેને રમત પણ કેમ કહી શકાય ? પાનાની રમતમાં સાત હાથ કરવાને દરેક વખત હુકમનાજ એક્કા, બાદશાહ, રાણી, ગુલામ વિગેરે આવ્યા કરે તો બાજી જીતાય છે ખરી, પરંતુ એમાં આનંદ મળે છે ખરો કે ? ઉલટો આનંદ લેવા જતાં શ્રાંતિકારક થઈ પડે છે. બાજીનો અંત પણ વહેલો આવે છે. દુનીઆની બાજીના બાજીગર શ્રી કૃષ્ણ પણ એમજ કરે છે. જ્યારે અગ્નિ જોઈએ છે ત્યારે

જળ આપે છે—જ્યારે જળ જોઈએ છે ત્યારે અગ્નિ આપીને ઉભા રહે છે. કોઈકને હસાવે છે તો કોઈકને રડાવે છે. જેને ખાવાનું જોઈએ છે તેને ભૂખ્યા ટળવળાવે છે—જેને ખાવાની રૂચી નથી તેને ઠાંસી ઠાંસીને ખવડાવે છે. આમ કરી તે મહદ્ આનંદ લે છે. મારા જેવા કેટલાક નિરક્ષરો કૃષ્ણની આ રીત-ભાતને વખોડે છે તેહ્માં તેહ્મનીજ ભૂલ છે. જે જ્ઞાની છે તે તો કૃષ્ણની આવી ચાલાકી ભરી લીલાને વધાવી લે છે. કારણ પોતાની સચ્ચાઈ બતાવી આપવાને તેહ્મને તે મજબૂત થઈ પડે છે. જ્ઞાની પુરૂષો આવી રમત રમ્યા પછી એમજ અનુભવે છે કે "વિશ્વમાત્ર વાસુદેવ રૂપ છે. આવી અવસ્થામાં જડ અને ચૈતન્ય જૂદાં છે એવું જરા પણ જોતા નથી. જ્યાં જૂએ છે ત્યાં તે વાસુદેવ—શ્રીકૃષ્ણનેજ જૂએ છે. આવી સ્થિતિમાં કેવો અસીમ આનંદ તેઓ અનુભવતા હશે તેનો કંઇક ખ્યાલ તો કરો! નોકર જ્યારે શેઠની સાથે મુસાફરીમાં બ્હાર જાય છે ત્યારે તેના ખાવાપીવાની કે અન્ય બંદોબસ્તની ફીકર તેને રાખવી પડતી નથી. ભક્તને પણ જ્યાં એમ લાગે છે કે મ્હારી સાથે ભીડભંજક શ્રીકૃષ્ણ સદા સાથેજ રહે છે તો પછી તેને પણ કોઈ પ્રકારની ચિંત્તા હોતી નથી. તે ગમે ત્યાં વિચરે છે. પરંતુ આ વાત ખરી નહિ હોય—સંશય યુક્તજ હોય તો જે આનંદ ઉપરોક્ત સ્થિતિમાં મળે છે તે આનંદ અહીં મળશે ખરોકે? નહિ.

આપણે અહીંઆ પ્રભુ ભક્તિ કરવાજ આવ્યા છઇએ. અને તે થવું પણ જોઇએ. કૃષ્ણ આપણને જરૂર સહાય થશે એમ છતાં આપણે કેટલીક બેદરકારીને લીધે આપણા કર્તવ્ય પરત્વેની તેની આપેલી આજ્ઞા ભૂલી જઈએ છઇએ–પ્રભુનીજ જોખમદારી આપણે વ્હોરી લઈએ છઇએ અને પછી શું ખાશું ને પીશું, કયા કપડા પહેરશું એવી નિર્થક પ્રશ્નાવલી-માં ગૂંથાઈ જઈએ છઇએ. મ્હારૂં કર્તવ્ય તો "હરિ" કહેવામાં છે. તે મને કહેવા દો. એ શાને માટે કહેવું જોઈએ અગરતો એનું શું પરિણામ આવશે?" એવી પ્રશ્નાવલી ઉપજાવી કાઢવાની હું આવશ્યકતા જોતો નથી. પાણીમાં મત્સ્ય પરોક્ષ હોય છે. મારી પાસે મત્સ્ય પકડવાનો કાંટો છે. દોરી પણ છે; પરંતુ તે પાણીમાં નાંખ્યા વિના એમ કહ્યા કરૂં કે "એહ્માં મત્સ્ય નથી" તેહ્માં શું વળે? કૃષ્ણ પણ પરોક્ષ છે. તેને પકડવાને આપણી પાસે "નામ સ્મરણ" સાધન છે. તે નહિ લયા કરીએ અને "કૃષ્ણ હશે કે નહિ? ક્યાં હશે? મળશે ખરા કે?" એવી સંશય શ્રેણી ઉભી કરવા બેસીએ તો માછીની માફક આપણને પણ વીલે મોઢે બેસવાનો પ્રસંગ આવે એવે. એટલા માટે "કૃષ્ણ કૃષ્ણ" કહ્યા કરવું એહ્માં આપણું શ્રેય છે. કયારે અને કેવી રીતે લેવું જોઇએ તે વિચારવાની જરૂર નથી. તહ્મને પરવડે તે સમયે અને રૂઢીમાં લેયા કરો. બેચાર વખત વિશેષ કહેવાશે

તો તેમાં હાનિ નથી. બને તેટલી વખત "કૃષ્ણ કૃષ્ણ" રટયા કરો. તે પોતે તમારો સંસાર નીભાવી લેશે. તેની ચિંતા તમારે રાખવાની નથી. મનુષ્ય જ્યારે શ્રીમંત બને છે ત્યારે પછી તેના વખાણનારની કે અનુચરોની બીલકુલ ઉણપ જણાતી નથી. એની મેળે દોડયા આવે છે. તેવી રીતે શ્રીકૃષ્ણ નામમાં જે શ્રીમંત થયા છે તેની પાસે પણ સર્વ વસ્તુ વિણ માગે આવી પડે છે. મનુષ્ય જ્યારે શ્રીમંત થવાની અપેક્ષાથી કોઈપણ ધંધો શરૂ કરે છે ત્યારે તેને અનેક વિટંબણા વટાવવી પડે છે. પૈસાની તંગી અનેક વાર પડે છે. લેણદાર પોતાના પૈસા માટે રોજ ધકકા ખાતા રહે છે. વખતપર ગાલી પ્રદાન પણ મળે છે. આબરૂ જવાનો વખત પણ આવે છે. આવી વિષમ સ્થિતિની દરકાર રાખ્યા વગર જો તે હિમ્મતથી પોતાનો ધંધો ચલાવ્યો જાય તો જરૂર તે શ્રીમંત થાય છે. તેવી રીતે "કૃષ્ણ" નામ કહેતાં પણ તમને અગણ્ય હાડમારી જણાશે, ઘડી ભર લઘુતા થશે, ઘડીભર ક્રોધ થશે. ઘડીમાં કોઈ ખીજાશે તો કોઈ નીંદા કરશે. આ બધાને તમારે દાદ આપવાની નથી. તમે તમારા નેમમાં સદૃઢ વધ્યા જાઓ.

દુનીઆની હાડમારીથી તમે નાશીપાશ થશો નહિ. બીધેલું બાળક જેમ દોડતું દોડતું પોતાની પ્રેમાળ માતાની ગોદમાં ભરાઈ જાય છે તેમ આપણે પણ શ્રીકૃષ્ણના

ચરણારવિંદની શીતળ છાંયામાં જઇએ. બાળક બીધેલો હોય કે નહિ છતાં તે હંમેશાં પોતાની માની સામુજ જોયા કરે છે—તેને તેજ પસંદ છે; તેમ આપણને પણ સંકટ હોય કે નહિ છતાં કૃષ્ણ પ્રત્યે જોવાની લલુતા કેમ નહિ રાખીએ? કૃષ્ણ નામજ સંકટનું મારણ છે અને તમારૂં તારણ છે. એક ક્ષણ પણ તે ભૂલશો નહિ.

ભવિષ્યના વિચારમાં ને વિચારમાં વર્તમાન એળે નહિ વહિ જાય તે ખૂબ સંભાળજો. ભવિષ્યને ભવિષ્યના ગર્ભાશયમાંજ રહેવા દો. હમણાં તો વર્તમાન તમ્હારૂં છે. તેનો તમ્હારે વિચાર કરવાનો છે. તેનોજ સદુપયોગ કરવાનો છે. ભવિષ્યતો કૃષ્ણનેજ અર્પણ કરજો અને વર્તમાનમાં તમ્હારાથી જેટલી વખત "કૃષ્ણ કૃષ્ણ" કહેવાય તેટલી વખત કહેતા રહેજો. એક ક્ષણભરનું પણ કૃષ્ણ નામવાળું જીવન કૃષ્ણ નામના રટણ વિનાના સો વર્ષના જીવન કરતાં હજાર દરજ્જે શ્રેષ્ટ ઠરે છે.

નામ સ્મરણ કરવાં છતાં કૃષ્ણ તમ્હારા હૃદય મંદિરમાં વિરાજતા નથી એવા ખોટા ખ્યાલો કરશો નહિ. તે પોતાનું સ્થાન શોધીજ લે છે. એવા નિરાશાના વચનો બોલી વક્ષ સ્થળમાં વિરાજતા મહાન પ્રભુને નિરર્થક દોષીત નહિ કરતા. તેથી તેને વેદના થશે. તમ્હારૂં હૃદય શુદ્ધ રાખો. વિપૂલ

બનાવો, ઉત્સાહી કરો પછી જુઓ કે તમારા તમારા હૃદયમાં બીરાજે છે કે નહિ ?

આપણે ઘેર કોઈ મહાન પુરૂષનું આગમન થવાનું હોય ત્યારે ઘરમાં અને બહાર ઘણી સ્વચ્છતા રાખીએ છઇએ કોઈ પણ પ્રકારની ગલીચી રહેવા દેતાજ નથી. ઘરમાં ગોઠવણ પણ એવીજ બનાવી છઈએ કે તે મહેમાન અગરતો મહા પુરૂષ પધારતાં મોહન આનંદ અને શાંત પામે. બે ઘડી વિશેષ પણ બેસવાને ગમે. તેવી રીતે જ્યારે શ્રીકૃષ્ણ પણ આપણા હૃદય મંદિરમાં પધારવાના હોય ત્યારે તેને અંદરથી અને બહારથી પૂર્ણ રીતે સ્વચ્છ રાખવા આપણે અતિ શ્રમ લેવો જોઈએ. હૃદયમાં રહેતા સજ્જનો (સદગુણો) સ્વચ્છ વસ્ત્રથી સજ્જ થઈ તૈયાર થઈ રહે એવો પ્રબંધ કરવો જોઇએ. કૃષ્ણના વિરોધી (કામ ક્રોધ આદિ)ને સમૂળા બહાર કાઢી નાંખવા જોઇએ.

દુનીઆ એક મુસાફરખાનું છે—એક હંગામી રહેઠાણ છે; એ નિર્વિવાદ છે. આનું રહસ્ય યથાર્થ રીતે સમજી તમારે જે કર્તવ્ય કરવાનું છે તે આરોપી લેવામાંજ તમારે ગૂંથાવવું જોઈએ. એક સંધ્યાએ એક સંત પુરૂષે કોઈએક ગૃહસ્થના ઘર આગળ આવી પ્રશ્ન કર્યો:—શેઠજી, મ્હારે અહીં રાત વાસો કરવો છે. કૃપા કરી કરવા દેશો ?

મહારાજ ! આ કંઈ ધર્મશાળા નથી, કે રાતવાસો

કરવા આવ્યા. આતો ગૃહસ્થનું ખાનગી ઘર છે. સમજ્યા!” ગૃહસ્થે કંઈક સક્રોધ ઉત્તર આપ્યો

સંતે પુનઃ પૂછયું:—“એમ કે? મને કંઈ ખબર નહિ. હું તો ધારતો હતો કે ધર્મશાળા હશે. વારૂ પણ; એ કોણે બંધાવ્યું તે કહેશો ખરા?”

“મ્હારા પ્રપિતામહે.” ગૃહસ્થે પ્રત્યુત્તર આપ્યો.

“તે કયાં છે? ઘરમાં છે કે? મારે મળવું છે.”

“તે તો કયારનાયે મરી ગયા છે. હવે તેને શું મળો.” સંતના પ્રશ્નનો નિવેરો આણવા ટુંકાણમાં પતાવતાં કહ્યું; પરંતુ સંત કંઈ આટલેથી શાંત થઇને બેસી રહે તેવા નહિ હતા. તેના કર્તવ્યનું સ્મરણ કરાવવાજ અહીં આવ્યા હતા. તેણે એકવાર વધુ પૂછયું:—“ઘણી ગાઢી વાત. વારૂ, તમો આ ઘરનાં ધણી કેવી રીતે થયા?”

ગૃહસ્થે પોતાનું ગાંડું પાછું ચલાવ્યું:—મ્હારા પ્રપિતામહ મરી ગયા પછી મ્હારા પિતામહ ધણી થયા. તે પણ તેના કાળે મરી ગયા. પછી મ્હારા બાપ ધણી થયા. થોડા વર્ષ પછી એ પણ મરણ પામ્યા. મ્હારા બાપ પછી હું ધણી થયો છું, અને મ્હારા મૃત્યુ પછી મ્હારા પુત્ર, પૌત્ર પ્રપૌત્ર એમ અનુક્રમે ધણી થશે.”

આ સાંભળી સંતે જણાવ્યું:—યજમાનરાજ! તમે તમારા શબ્દમાં કહોછો કે આ ઘરના ઘણા ધણી થઈ ગયા.

કોઈ પોતાનું નથી કરી ગયા. વહેલા મોડા બધાયે ગયા. તહ્મે પણ જશો. એ ઘડીભરનું હંગામી રહેઠાણ—ધર્મશાળા નહિ તો બીજું શું ? !"

સંતનાં આ વાકયોથી ગૃહસ્થને પોતાની ભૂલો સમજાઈ. પોતાની ફરજનું તેને સ્મરણ થઈ આવ્યું. સંતની ક્ષમા યાચી અને પછીથી ઇષ્ટ રીતે તેની આગતા સ્વાગતા કરી. તાત્પર્ય કે આ દુનીઆ મુસાફરખાના શિવાય બીજું કંઈજ નથી. કોઈ અહીં ચિરસ્થાયી થયું નથી. માટે નાહક દુનીઆના ઝઘડામાં નહિ પ્રર્વત થતાં પવિત્ર ભાવથી કૃષ્ણ સ્મરણ કર્યા કરો. નહિ તો વળી અધમાવસ્થાના ભોગી થશો.

સ્ત્રી અને દ્રવ્ય બન્ને અજીત શત્રુ છે. કોઈ પણ કાળે બળથી તહ્મે તેને જીતી શકશો નહિ. તેને જીતવાની એકજ રીત છે. તેની પટાવત કબૂલ રાખો. કેટલાક સમય વીત્યા પછી તેને તહ્મારો વિશ્વાસ આવશે. અને તહ્મને સર્વ સત્તા આપશે. જ્યારે આ સત્તા મળે ત્યારે સાંધી જોઈને તુર્ત માથું ઉંચું કરજો. પછી જરૂર વિજયી થશો.

શરીરના સર્વ અવયવો જો ઐકયતાના ભાવથી વર્ત્યા રહેતા હોય તો શરીર ક્ષયશીલ પણ નહિ બને. કર્તાની ઇચ્છાથીજ કોઈક વખત એકથી વિરૂદ્ધ બીજો અવળાં કામ કરે છે અને તેથી શરીર ક્ષિણતા પામે છે. તમારે જો હમેશાં પ્રસન્ન વદનથી રહેવું હોય તો કૃષ્ણમાં શ્રદ્ધા રાખો. તેના

પ્રેમી બનો. તેની કથામાં નિમગ્ન થાઓ. દુનીઆની વાતોમાં ગમે તેટલો અપૂર્વ રસ જણાશે, પરંતુ અંદરથી તો તે વિષથી પરિપૂર્ણ છે. એકાંતમાં રહેવાનું પસંદ કરો. જે મનુષ્ય પોતાના જન્મ બંદીખાનામાંથી મુક્ત થવાની ઇચ્છા રાખે છે તે હમેશાં કોઈક ગુપ્ત સ્થળમાંજ પોતાની ધારણા સિદ્ધ કરે છે. " હું આમ કરીશ ને હું તેમ કરવા માંગુ છું " એવું સમાજને મોંઢે બોલનારા જન્મ બંદીખાનામાંથી છૂટી શકતાજ નથી. જાહેરમાં એવો બકવાટ કરવાથી ઉલટી તેની મુદત વધે છે. માટે નિરંતર નિર્જન સ્થાનમાં રહેતા શીખો અને તેવાજ સ્થાનમાં તહ્મારા ભદ્ર કાર્ય પણ કરતા થાઓ. આ એક " સંતા-કૂકડી " જેવી રમત છે. તેની ખરી મજાહ તો વૃંદાવનમાં મળી શકે. " અહા ! પુરૂષ સ્વરૂપ મટીને હું પ્રકૃતિ ક્યારે બનું ? " એવો વિચાર તહ્મે મનમાં કર્યા કરો. એહ્માં ઘણો વિનોદ છે અને તેટલાજ માટે શ્રીકૃષ્ણ પણ તે ચાહે છે.

દુઃખી મનુષ્યને કયાં શાંતવન મળશે ? કયા સ્થળમાં ધર્મીષ્ટને આનંદ મળશે ? પાપી કયા સ્થાનમાં ગયા પછી પાપવૃત્તિમાંથી અટકશે ? સંસારી અને વિરકત કયા સ્થાનમાં એક સાથે રહેવાને ઇચ્છા કરશે ? રસીકની નીકટમાં તે સ્થળ છે. મ્હારા નિતાઈ સર્વથી ચાલાક છે. તેજ કારણથી સંસારી અને વિરકત, પાપીષ્ટ અને ધર્મીષ્ટ સર્વે

એક સરખા તેની પાછળ દોડયા રહેતા. આ વિશ્વનું યથેચ્છ અવલોકન કરો. એક નાકેથી બીજે નાકે-ઉપરથી તે નીચે સૂધી-જળ અને સ્થળમાં-જડ અને ચૈતન્યમાં-ચલન અચલનમાં-અણુ પરમાણુમાં-જ્યાં જોશો ત્યાં નિતાઈનીજ તૃષ્ણા જણાશે. આજ કારણથી નિતાઈના પ્રેમ નિશામાં ગૌરાંગ મસ્ત થયા હતા. નિતાઈ પણ આજ કારણથી જાગૃતાવસ્થામાં કે નિંદ્રાવસ્થામાં તેનેજ નિહાળ્યા કરતા હતા.

કૃષ્ણ નામનું વિસ્મરણ નહિ થાય તે ખૂબ સંભાળજો. જ્યાં સૂધી સ્ત્રી પોતાના પતિના પક્ષનાને સંતોષ ન કરી શકે ત્યાં સૂધી પતિને પણ તે સંતોષ કરી શકતી નથી. સ્વજનોને સન્માન મળતું જોઇ પતિને સ્વભાવિક સંતોષ થાય છે. તેમ ભકતોનો અનાદર કરી કૃષ્ણને રાજી રાખવા જેવું એ પણ નિરર્થક પ્રયોજન છે. જ્યાં ભૂતળનાજ ભકતો તહ્મારાથી સંતુષ્ટ કરી શકાતા નથી તો પછી વિશ્વના સ્વામિ શ્રી કૃષ્ણને કેમજ સંતુષ્ટ કરી શકશો ?

એક કિનારાપર ઉભા રહીને માછી પોતાની જાળને જો પાણીમાં નાંખે તો તેને માછલી મળી આવે છે, એ અનુભવ સિદ્ધ છે. તેજ પ્રમાણે તે પરોક્ષને અપરોક્ષ કરવા હોય તો શ્રદ્ધાની ખડક પર ઉભા રહીને નામ રૂપી જાળે પકડવા યત્ન કરે તો તે ગ્રાહ્ય થઈ શકે

છે. પ્રારંભના તહ્મારા બે ચાર યત્નો ખાલી જશે. પરંતુ તેથી નિરૂત્સાહી થઇ છોડી દેશો નહિ. સખંત મંડ્યા રહો. વહેલા મોડા પણ તે કૃષ્ણ અપરોક્ષ થશેજ.

રોગીને માત્ર ઔષધથી આરામ થતો નથી. સાથે સાથે બીજી પથ્ય પણ પાળવી પડે છે. અર્ધો ફાયદો તો પથ્યથી થાય છે. સંસારના રોગથી મુકત થવાને " નામ સ્મરણ " કંઈ એકલું સાધન નથી. બીજાં પણ સાધનો છે. તેહ્માંના કેટલાક સુગમ સમજાવ્યા છે. એનું અનુવર્તન કરવાથી હૃદય વિશુદ્ધ અને નિષ્કલંક બને છે. પછી એવા વિશુદ્ધ હૃદયમાં શ્રીહરિ વિરાજતા થાય છે. તહ્મારે પછી સાધ્ય કરવાને કંઈ બાકી રહેતુંજ નથી. તહ્મારો આત્મા પરમાનંદ-શાશ્વત સુખ ભોગવતો થશે ! ! !



ભક્તિ અને પ્રેમનું રહસ્ય.

સ્નેહ અને પ્રેમ ઉભય સામયિક છે. અસભ્ય સ્વરૂપનો સ્નેહ તે કામ છે. વિશુધ્ધ અને ગંભીર સ્વરૂપનો સ્નેહ તે પ્રેમ છે. પ્રેમની કોઇ ઉપમા નથી. પ્રેમનું ફળ તે પ્રેમ પોતે છે–પ્રેમનો સ્વાદ તે પણ પ્રેમજ છે. તેને કોઈ પણ પ્રકારની ઉપમા કે સરખામણી આપી સમજાવી શકાય તેમ નથી. પ્રેમની સાથે સરખાવવાની કોઈ લાયક વસ્તુ વિશ્વંભરમાં જડી આવતી નથી. જે અમૃતપાનથી મનુષ્ય અમરત્વને પામે છે–જેનાથી અનેક દેવ અમરત્વ પામી પણ ગયા છે–જેને વીશે આપણા પૂરાણોમાં વિસ્તૃત સમર્થન પણ થયું છે તે અમૃત પણ પ્રેમ આગળ છાછરા પાણી જેવું છે–સાગરમાં એક મધુ બીન્દુ જેવું છે. માટેજ એ પ્રેમની કોઇ જોડી નથી. પ્રેમની સાક્ષાત્ મૂર્તિ શ્રીહરિને જે પ્રેમથી સંકલીત કરી શકાય છે તે પ્રેમની તુલના થઇ શકતી હશે કે? પ્રેમનિધિ શ્રીકૃષ્ણ પોતે પણ તેની તુલનામાં ઉતરી શકે તેમ નથી. કૃષ્ણએ વૃંદાવનમાં અપૂર્વ પ્રેમ ચાખ્યો હતો; તથાપિએ તે સંતુષ્ટ નહિ થયા. આખરે તે ગૌરાંગ સ્વરૂપે અવતરી પ્રેમના વહેતા અશ્રુથી ઘેર ઘેર રખડયા હતા. તે શાને માટે? પ્રેમનેજ માટે. જેણે શ્રીકૃષ્ણને પણ મસ્તાન–દીવાના બનાવી દીધા

હતા તે પ્રેમના તહ્મે શું શું ગુણાનુવાદ ગાશો ? એક ગ્રં
કર્તાએ પ્રેમનું સ્ફુટન આ પ્રમાણે કીધું છે. "પ્રેમ કૃષ્ણું
નચાવે છે–પ્રેમ ભકતોને પણ નચાવે છે–છેવટે તે પો
પણ નાચે છે. આ અદ્વિતીય ત્રિપૂટી એકજ સ્થળે એકીવ
વખતે નાચે છે !" ખરે! પ્રેમની તુલનજ નથી. એ
પ્રેમની, કૃષ્ણ તહ્મને કૃપા કરો. તે જોવાને હું ભાગ્યવં
પણ થાઉં. નામ સાગરના મંથનથી આ આદ્વતીય પ્રે
મળી શકે છે. અન્ય કોઇ પણ રીતે એ અસાધ્ય છે. શ્રીમ
ભાગવતમાં પણ સાભાર સંબોધન છે કે કલીયુગમાં કૃષ
નામ એજ મુકિતનું સાધન છે. અસ્ખલીત રીતે તે ના
જપ્યા કરો. નામ મંથનથી તહ્મને જરૂર પ્રેમામૃત મળશે
એ નિસ્સંશય છે.

પ્રત્યેકને માટે પ્રેમ રાખતા શીખો. જેમ વધારે પ્રે
રાખશો તેમ તહ્મે વધારે પ્રેમના ઉન્મત બનશો. પ્રેમ
સંકોચનથી હૃદય કઠિન, દયાહીન અને નિરાનંદ બને છે
પ્રેમતરૂપર પ્રેમ ફૂલે છે. હીંદુ, મુસલમાન, પારસી સર્વને
ત્યાં સમાન હક છે. એક સમાન દ્રષ્ટિથી સર્વને ચહાત
શીખો. સ્વાર્થના ત્યાગ વિના ખરા પ્રેમની પ્રાપ્તિ પા
અપ્રાપ્તવ્ય છે. માતા પોતાના લાડકવાયા પુત્રને નિહાળે
ત્યારે તેને પ્રેમ સિવાય બીજો કંઈજ વિચાર આવતો નથી
પુત્રમાં પ્રેમ છે. અને તેથીજ તે પ્રેમનો વિચાર કર્યા કં

છે. જ્યાં સૂધી તહ્મે તહ્મારૂં જીવન સામાજિક કરશો નહિ, જ્યાં સૂધી તહ્મે તહ્મારી સ્વાર્થ વૃત્તિને તહ્મારા હૃદયમાંથી મુક્ત કરશો નહિ, જ્યાં સૂધી ન્હાનાં મ્હોટાં એક સમાનતાથી ચહાતા શીખશો નહિ, ત્યાં સૂધી પ્રેમની કીંમત શું છે–પ્રેમનું માધુર્ય શું છે તે કદીયે સમજાશે નહિ. વૃજગોપબાળાનો અનુભવેલો પ્રેમ તે ખરેખર નમુનેદાર છે? એ પ્રેમ સર્વાંશે સ્વાર્થ મુકત હતો. એક બીજાના સુખની વૃદ્ધિ અર્થે તેમણે પોતાની જીંદગી વેચી નાંખી હતી. માટે જેને પ્રેમની આકાંક્ષા છે તેણે તે. પ્રારંભમાં નિસ્વાર્થી પ્રેમ કરતાંજ શીખવું જોઇએ. એ સ્વાર્થથી પ્રેમ ગળ.ઈ શુષ્ક થઈ જાય છે. પ્રેમને સ્વાર્થ ગંધની જરૂર પણ નથી. પ્રેમની પ્રાપ્તિ માટે ચહાતા થાઓ. અને એજ પ્રેમથી વૃજપ્રેમની સ્થિતિએ પહોંચી જશો. પ્રેમહીન હૃદયવાળાથી ત્યાં જવાતું નથી. જેની પાસે પ્રેમ પરવાનો હોય છે. તેનોજ ત્યાં સંચાર છે. બીજાનો નહિ. કોઇક વખત અનાયાસે થઈ જાય તો તે એક અપવાદ છે. એના મૂલ્યની દરકાર રાખ્યા વિના જ્યાંથી અને જેવા સંજોગમાં મળી આવે તેવા સંજોગમાં પ્રેમનો સંચય કરવામાં નિશ્ચય કરો. તે સંચયમાં વૃદ્ધિ થતી રહે એવી તહ્મારી ઉગ્ર ઉત્કંઠા થાઓ. તહ્મારી ઉગ્ર ઉત્કંઠા એજ એ પ્રેમની કિમ્મત છે એ પણ સ્મરણમાં

રાખજો. પ્રેમની ખરીદીમાં શમ દમ આદિ કંઇ કામ લાગતા નથી. પ્રેમ આગળ તેનો હીસાબ નથી. પ્રેમરાજ્યમાં સર્વ વસ્તુ શુદ્ધ અને પવિત્ર છે મલીનતાની છાંયા સરખી ત્યાં નથી. સર્વ વસ્તુ સંપૂર્ણ છે અને તે પણ પ્રેમથી પરિપૂર્ણ છે. તેવા અદ્વિતીય રાજ્યમાં ચિંત્વન અને ખંત સાધન પણ નિરૂપયોગી થઇ પડે છે. ખરૂં પૂછો તો ત્યાં તેની જરૂરજ જણાતી નથી. આવા વિશુદ્ધ અલૌકિક અગમ્ય પ્રેમરાજ્યમાં પ્રવેશતાં પૂર્વે મનુષ્યે પોતે નિખાલસ થવું જોઇએ. સાદાઈ અને સરળતા ગૃહણ કરવી જોઇએ. તહ્મારો પ્રપંચ ત્યાં કામ આવશે નહિ. શોભન વૃંદાવન ખરેખર અપૂર્વ રાજ્ય છે. તેના રીત રીવાજો પણ અસાધારણ છે. એનો નિર્દેશ કરવો પણ કઠિન છે. તીવ્ર ઇચ્છા અને ચિત્વનથી આ રહસ્યનું સ્ફુટન થઈ શકે એમ છે. ચર્ચા અને વિચારણા રૂપી ઘંટીમાં અતિ બારીક ચૂર્ણ થવાથી તેના અસ્તિત્વનું વિસ્મરણ થઈ જાય છે—તેનું માધુર્યજ જતું રહે છે. કાર્યસિદ્ધ અને સંપાદનનો અહીં આદર નથી. તે તો નિસત્વ અને વિફળ છે.

ટુંકી નજરવાળા મનુષ્યો વૃજલીલા અવલોકી કૃષ્ણની મથુરાલીલા નિરખવા સહસા મથુરા પ્રતિ પ્રયાણ કરતા જણાય છે. પરંતુ જેને વૃજ રહસ્ય જણાઇ આવ્યું છે તે તો વૃજનીજ આનંદ લીલા નિહાળવાને નિરંતર ચાહે છે. કૃષ્ણએ

મથુરામાં શું કીધું તે જોવાની પરવા રાખતા પણ નથી. વૃંદાવનના મહા રાસના આનંદમાં નિમગ્ન થવાને તે તો સદાના ઉત્સુક બને છે. માટે કૃષ્ણની મથુરા લીલા જોવાને એટલી બધી તાલાવેલી કરશો નહિ. કૃષ્ણ એ પ્રેમ પૂર્ણ છે. તેનું રાજ્ય–વૃંદાવન પ્રેમપૂર્ણ છે. તેની રમત અને લીલા પ્રેમપૂર્ણ છે. પ્રેમ શિવાય ત્યાં બીજું કંઈજ મળતું નથી. પ્રેમ એ જળ છે. પ્રેમ એ આહાર છે. પ્રેમ એ વસ્ત્ર છે અને એજ શરીરને પહેરાવે છે. ત્યાંના પ્રેમનો દ્રશ્ય અંતર એટલોજ કે તે વિવિધ સ્વરૂપે પણ પરિપૂર્ણ છે. પોતાની કાર્ય સૃષ્ટિમાં કોઈ ન્યૂન નથી. તેના ઉપવનના પુષ્પો વિવિધ રંગી અને સુંગધી છે. તેનો લાભ એકસરખી રીતે મક્ષીકાને પણ મળતો રહે છે. ત્યાં સર્વ સમાન છે. ત્યાંની સેવામાં અંતર પણ નથી. કૃષ્ણને સર્વે એકસરખો આનંદ આપતા રહે છે.

જેટલો પ્રેમ કૃષ્ણનો છે તેટલો બીજો કોનો છે? તેના જેટલો પ્રેમ રાખી પણ કોણ શકે ? પોતાનો પ્રેમ શું છે તે મનુષ્યને બતાવવાની અને શીખવવાની ખાતર ગોલોક ધામ છોડી અહીં–મનુષ્ય લોકમાં આવે છે. કરો એ પ્રેમના ગૌરવની કિમ્મત. !

વળી જુઓ તેનો પ્રેમ ક્ષણિક નથી. તે ત્રિકાલિક અને અહર્નિશ નવિન છે. મર્ત્ય પ્રેમની માફક તે ચીમળાતો

પણ નથી. પ્રેમ કેવી રીતે કરવો તે એવી તો સરસ રીતે જાણે છે કે પ્રેમાન્વિત મુખારવિંદે અને ચોધાર અશ્રુએ રોતા અને કકળતા પોતાના પ્રેમે મનુષ્યનો પ્રેમ અદા કરવા ઘેર ઘેર રખડતા થાય છે. માતા પોતાના ન્હાનાં બાળકોને છોડી તેની તરફ દોડી જાય છે. કોઇ પતિની સેવા કરતી કરતી પણ દોડી જાય છે. ખરે ! તેના પ્રેમથી દરેક મોહીત થાય છે. ધન્ય છે પ્રભુ તહ્મને અને તહ્મારા પ્રેમને ! ! !

જેની પાસે ભજન સાધન છે તે ભલે ઇશ્વર, બ્રહ્મ આદિ સાથે વાતચીત કરે; પણ મારે તો કંઈજ નથી. હું તો અતિ કંગાલ છું. અને તેથી કંગાલના પ્રભુશ્રી ગૌરાંગની સાથે વાતચીત કરવા ચાહું છું. ગોપકુંવર અને ગાયો ચરાવનાર જે કનૈયો મારો પ્રાણ છે તેનો સંગ કરવા પણ તેટલા માટે ચાહું છું. અહીં મંત્ર, તંત્ર, જપ, તપ, ધ્યાન આદિ કશું કરવાની જરૂર નથી. કેવળ પ્રેમની જરૂર છે. પણ હું એવો કમભાગી છું કે જે પ્રેમની કિમ્મત એક પાઈ પણ નથી તે પ્રેમ પણ મારાથી તેને અપાતો નથી. તેમ છતાં શ્રીકૃષ્ણ એટલા તો દયામય છે કે જે તેને બીલકૂલ ચહાતા નથી તેને તે ઝૂપટ ચાહે છે. જે તેની નિંદા કરે તેનાપર પણ તે દયા કરે છે. આવા દયામય કૃષ્ણને છોડી શા સારૂ રાજ દરબારે ભિક્ષા માંગવા જાઉં? અરણ્યમાં પણ પ્રેમી સાથે નિવાસ કરવાને વધારે પસંદ કરૂ છું.

તમ્હે કૃષ્ણ માટે ગાંડા થશો તો કૃષ્ણ પણ તમ્હારે માટે ગાંડા થશે. કૃષ્ણને માટે રાધાજી ઉદ્વિગ્ન અને કૃષ્ણ પ્રેમમાં એકીવારે ઉન્મત થયા ત્યારે કૃષ્ણની શી અવસ્થા થઈ હતી તે વિષે કવિ ચંડીદાસે લખ્યું છે કે:—

" ઉઠતાં કિશોરી, બેસતાં કિશોરી,
કૃપા કિશોરી એ જીંદગીનો સાર છે;
શયને કિશોરી, સ્વપ્ને કિશોરી,
કિશોરી અહ્મારા કંઠનનો હાર છે. "

તહ્મારે કૃષ્ણને રડાવવાની મરજી હોય તો પહેલાં તહ્મે તેને માટે પ્રેમાશ્રુ વહાવો. કૃષ્ણને તહ્મારે ગાંડા બનાવવા હોય તો તહ્મે પહેલાં કૃષ્ણ નામના ગાંડા બનજો. કૃષ્ણ પ્રેમ મેળવીને તહ્મારે જો અવિનાશી થવું હોય તો તેને ખરા અંતઃકરણથી ચહાતા રહો. જેમ હડખાયલા કુતરાથી અગર તો શીયાળથી કરડાયલો માણસ જળમાં ને સ્થળમાં કુતરાની અને શિયાળની મૂર્તિ દેખ્યા કરે છે તેમ કૃષ્ણ ભકતો પૃથ્વિના સર્વ પદાર્થમાં કૃષ્ણ મૂર્તિને દેખે છે.

એ સત્ય છે કે શ્રીકૃષ્ણને ગોપી અને તેહ્મના ધામ—વૃંદાવન કરતાં બીજું કોઈ પણ વિશેષ પ્રિય નથી. તે વૃંદાવન અતિ શાંતિમય અને પ્રેમમય છે, માટેજ એના જેવું બીજું કોઇ સ્થળ પૃથ્વિપર નથી. જયાં સૂધી એ ગોપી પ્રેમ આપણાથી સંપાદન થઈ શકાતો નથી ત્યાં સૂધી

એ પ્રેમ રાજ્ય વૃંદાવનમાં જઈ શકાતું પણ નથી. ગોપ
અનુગત થઇ ધીરે ધીરે ગોપી ભજન કર્યાથી
પરમ દયામયીની દયા થવાથી આપણુને અદ્વિતીય પ્રે
મંદિરમાં બોલાવી લેશે ત્યારે આપણો સર્વ અહંભા
વિનાસ થશે અને માત્ર એક પ્રેમ વસ્તુ રહેશે. જ્ઞાન અ
વિજ્ઞાનને માટે ત્યાં સ્થાન નથી. ત્યાંને માટે તે અજાણ
અને નિર્મૂલ છે. એક ન્હાના આનંદી બાળકને હાથમાં લ
પ્રેમથી રમાડશો તો તે આનંદથી રમશે; પરંતુ તેજ બાળ
કને કોઈ વિદ્વાન-પંડિત જ્ઞાન અને વિજ્ઞાન શું છે એ
સમજાવવા જશે તો તે બીલકુલ આનંદી દેખાશે નહિ
પ્રેમમય વૃંદાવનમાં એ જ્ઞાન અને વિજ્ઞાનનો બહિષ્કાર છે
કોઇ પણ પતિ પોતાની ધર્મ પત્ની પાસે બેસી બે ઘડ
આનંદથી અને પ્રેમની વાતચીત કરી આનંદમાં સમય
વ્યતીત કરવાને બદલે શાસ્ત્રના ગૂઢ પ્રશ્નોપર સંભાષણ
ચલાવવા બેસે તો જેવું નિઃરસ અને કંટાળા ભરેલું લાગે
તેવુંજ વૃંદાવનમાં પણ જ્ઞાન અને વિજ્ઞાનનાં વાર્તાલાપ
કરવાથી થાય છે. વૃંદાવનમાં પ્રેમ શિવાય બીજા કોઈનો
પણ પગ પસારો નથી.

વ્રજેશ્વર શ્રીકૃષ્ણની ભક્તિના પ્રકાર વિવિધ છે. દરેક
પ્રકાર સંપૂર્ણ પણ છે; પરંતુ એક માર્ગના ભક્તો બીજા
માર્ગનો સ્વાદ લઈ શકતા નથી. તેનું કારણ એજ કે સૌ

સૌના પ્રકાર એવા ચાતૂર્યથી ગૂંથી લીધા છે કે પોત પોતાનામાંજ તેહ્યને રસ લાગ્યો રહે છે. આ સર્વમાં પ્રેમ ભકિત સર્વોપરી છે. એના ભકતો પણ એજ કારણથી અન્ય કરતા વિશેષ કરૂણાર્દ્ર જણાય છે. નજીવી વાતથી પણ તેના હૃદયને ભારે આઘાત થાય છે. એટલા માટે સ્વપ્ના-વસ્થામાં કૃષ્ણની વિપદાવસ્થા પણ સહન કરી શકતા નથી. જેઓ સ્નેહ અને મૈત્રીના પ્રકાર સાધનથી કૃષ્ણ સાનિધ્ય જવા ઇચ્છે છે તે પણ "પોતાનાથી શ્રીકૃષ્ણ પર છે" એવું ધારી કેટલીક વખત ખંચાયે છે. પ્રેમના સિદ્ધ પુરૂષો તો અટકતાજ નથી. તેને સ્વાનુભવ છે કે પ્રેમમૂર્તિ શ્રીકૃષ્ણ તેહ્યના અંકુશમાં છે. પ્રેમ ભકિતની આ અપૂર્વ ખૂબી કહેવાય ! જેમને આ પ્રેમ ભકિતની વિશેષ તલપ છે તે, ભકિતના અન્ય પ્રકારને આદર પણ આપતા નથી. બીજાં પ્રકારનો એકત્રીત આનંદ પ્રેમ ભકિતના આનંદની તુલનામાં એક સમાન ઉતરે છે. એહ્માં વિવાદનું કે શંકાનું સ્થાન નથી.

કૃષ્ણને કેમ ચહાવા તે કૃષ્ણ પોતે મનુષ્યને શીખવે છે, નહિ તો કૃષ્ણના પ્રેમી થવાને મનુષ્યને શી સત્તા છે? માટે જે કૃષ્ણને ચહાતા થયા છે તે હવે પછી આ વિશ્વના મનુષ્યો પણ નથી. પરમાનંદ ગોલોક ધામના નિવાસી અને કૃષ્ણના અનુસંગી તે થઇ ચૂકયા છે.

બળથી દમન નહિ થઇ શકતા હોય તેવાઓને વશ કરવાના બીજા પ્રકારો શું નહિ હશે ? આપણે અનેક વખત વાંચીએ છઇએ, સાંભળીએ છઇએ કે પ્રાચીન ઋષિઓ વ્યાઘ્ર, શાર્દૂલ આદિ અનેક ક્રૂર માંસ ભક્ષક પ્રાણીઓને એકેક દ્રષ્ટિના પલકારામાં સાલસ બનાવી દેતા હતા. બંગાલના પ્રચંડ હાથીઓને અને વ્યાઘ્રોને પણ મ્હારા ગૌરાંગે કેવી રીતે વશ કીધા હશે ? તેની પાસે કંઇ શસ્ત્ર હતા નથી–તેમ તેણે કંઈ બળનો ઉપયોગ કીધો પણ નથી **એ સર્વ પ્રેમથી થયું છે.** તેમની પ્રેમમૂર્તિ જોતાં વારનેજ ઉગ્રતા અને ક્રૂરતા ભૂલી જતા હતા. તુર્ત પૂછડી હલાવતા અને જીભ્હાએ ચાટતા પાસે આવી પ્રેમ નિમગ્ન થતા હતા.

શુષ્ક અને કપટી હૃદયથી કૃષ્ણની પ્રાપ્તી થઇ શકતી નથી. એટલા માટે ચંડીદાસે રાજા કીનીને કહ્યું છેઃ— “તહ્મે પ્રેમના કૂપ છો; પ્રેમી પોતાના પ્રેમને પાછા નહિ મળતા જોઈ ફૂપટ ફૂભાય છે.” પ્રેમગુરૂ શ્રીકૃષ્ણની જેને ઇચ્છા છે તેને પોતાને પ્રેમી થવા દો. પણ એક વાત ખાસ ધ્યાનમાં રાખજો.–સાચા પ્રેમી થવું અતિ કઠિન છે, પ્રેમ કરતાં પોતની જાતનું પણ ભાન ભૂલી જનારા તેજ ખરા પ્રેમી છે. તેવા તો વિરલજ હોય છે. દરેક જણ પોતાને પ્રેમી કહેવડાવશે; પરંતુ ખરી રીતે જોતા તે તેમ નથી. તહ્મારે એવા પ્રેમીને ગણવા હોય તો ગણી લ્યો. લાખમાં તેવા એકજ નીકળી આવશે.

પ્રેમની ખાતર પણ પ્રેમ કરો.

મોંઢેથી પ્રદર્શિત કરેલા સ્નેહને કામ કહેવાય છે, જ્યારે અંતરમાં સંચિત કરેલા સ્નેહને પ્રેમ કહેવાય છે. પ્રેમના સ્રોતને અંતર તરફ વાળવા પ્રયત્ન કરો. શોક કરવાનું પ્રયોજન નથી. જેના તમે પ્રેમી હો તેપણ તમારા પ્રેમને સમજી નહિ શકે એવા પ્રેમી બનજો. મોંઢાની વાતથી કંઈ આંખમાં આંસુ આવતાં નથી. હૃદય પ્રેરીત શબ્દોજ હૃદયને પીગળાવે છે અને અશ્રુ વહેવડાવે છે. તમારા પ્રેમ નિધિ તમારા હૃદય રાજ્યનો રાજા છે એમ માનજો. તે કોઈને પણ જણાવશો નહિ. માત્ર ચરણે પડયાથી પ્રેમ જણાતો નથી; તેમ તે આક્રંદમાં પણ જણાતો નથી પ્રેમ મન અને પ્રાણમાં જોઈએ છે. બીજાની સામા એકી નજરે જોયા કરીએ તેમાં પણ પ્રેમ જણાતો નથી. નિકટ રહેવાથી આવો પ્રેમ કંઈક અશક્ય લાગે છે. એટલા માટે તમારી પ્રેમમૂર્તિને પ્રારંભથી દૂર રાખવી જોઈએ. તીવ્ર ઈચ્છાની સાથે નિરંતર ચિંત્વન કરતાં કરતાં જ્યારે સામાન્ય કામેચ્છા બળીને ભસ્મ થઇ જાય છે ત્યારેજ જે અવશિષ્ટાંશ રહે છે તે વિશુદ્ધ સ્નેહ કહેવાય છે. વિકાસ ક્રમે એ વિશુદ્ધ સ્નેહ સર્વોત્તમ સ્નેહ બને છે.

નિકટ નિરીક્ષણ કરતાં દૂરના દર્શન સારાં લેખાય છે. પ્રથમ સ્વાર્થ લુબ્ધ છે, જ્યારે બીજું સ્વાર્થ મુક્ત છે. કૃષ્ણ મથુરા ગયા હતા તે ગોકુળની દૂરથી ઝાંખી કરવાની અપેક્ષાથી ગયા હતા. કૃષ્ણ પોતે ગૌરાંગ સ્વરૂપે પ્રકટયા તે પ્રેમપાન કરવાની મહદ્ ઇચ્છાથી. પ્રેમમૂર્તિ નિકટમાં હોય છે ત્યારે કામ પ્રકટે છે; જ્યારે તે દૂર હોય છે ત્યારે પ્રેમ પ્રકટે છે. તેટલા માટે કૃષ્ણ જ્યારે મથુરા ગયા તે વખતે શ્રી રાધાજીના ચક્ષુમાંથી દડ દડ અશ્રુ વહ્યા હતા. ગૌરાંગના ચક્ષુ પણ કોઈ દિવસ અશ્રુ રહિત થયા નથી. જો આહ્માં કંઈ સત્ય નહિ હોય તો હું મારી પ્રેમમૂર્તિથી કેમ છૂટો થઇ શકત? જેને આ રહસ્યની ખબર નથી તે પ્રેમ શી વસ્તુ છે તે ખરી રીતે જાણતા પણ નથી. જેને તે પ્રેમ કહે છે તે પ્રેમ નથી. તેઓ જાણતા નથી અને કદાપિ જાણવાના પણ નથી. જેમને કૃષ્ણ કૃપાથી આ પ્રેમનું એક મધુ બિન્દુ ચાખવાને મળ્યું છે તેજ માત્ર પ્રેમ જાણી શકયા છે, અને સંતૃપ્ત પણ થયા છે.

કામ અને પ્રેમ બહુધા એક છે. કામ સાધારણ છે. પ્રેમ અસાધારણ છે. નિંદ્ય માર્ગે વિચરતી મનોવૃત્તિ કામ કહેવાય છે અને કૃષ્ણના અનુરાગ પંથે જનારી વૃત્તિ પ્રેમ કહેવાય છે. કામ લોખંડ છે, પ્રેમ સુવર્ણ છે. ચિંતામણીના સ્પર્ષથી લોખંડ સુવર્ણ થઇ જાય છે. દુનીઆ

ની વાસના પણ આજ પ્રકારની છે. જ્યારે શ્રીકૃષ્ણને ચરણે આપણે ગદ્દગદ કંઠે પડીએ છઇએ ત્યારે સુવર્ણની માફક વાસના ગળઇ જાય છે અને પ્રેમ સ્વરૂપ થઇ જાય છે."

ગોસ્વામિ કવિરાજે ચૈતન્ય ચરિતામૃતમાં કહ્યું છે કેઃ—
" કામ અને પ્રેમ સ્વભાવમાં એક છે. દુનીઆની વાસના તે કામ છે, અને જ્યારે તે ઈચ્છા—વાસના ગોપી હૃદયમાં પલટાઇ જાય છે ત્યારે તે પ્રેમ છે. તહ્મે જરા વિચારી જુઓ કે ઉભય વસ્તુ સ્વભાવમાં એક છતાં પરિણામમાં કેટલા ભિન્ન થઇ જાય છે.

રાધાજી મારા પ્રેમ ગુરૂ છે. આપણે અતિ ભાગ્યહીન છઇએ કે પ્રેમ શીખવાનું છોડી કામ પકડવા જઇએ છઇએ. સુવર્ણને છોડી કાચના કકડાને માટે વલખાં મારીએ છઇએ. પ્રેમ અને કામ ઘણી રીતે જુદા પડે છે. દેહ ભાનવિનાનો સ્નેહ તે પ્રેમ છે. શ્રીકૃષ્ણ તેવા પ્રેમને શરણે આવે છે અને તેના ઋણી બને છે. પોતાનું પ્રેમ ઋણ અદા કરવાના આશયથીજ શ્રીકૃષ્ણ ગૌરાંગ સ્વરૂપે પ્રકટયા હતા. દેહ ભાનવાળો સ્નેહ તે કામ છે. તે કામમાંથી સુખ દુઃખ, માન અપમાન, એવાં દ્વંદો અનુક્રમે નીકળતા જાય છે. પ્રેમ ભીરૂને ધીર બનાવે છે—ધીરને ભીરૂ બનાવે છે. પ્રેમ પૌરૂષત્વનું સ્ત્રીત્વ આણે છે—સ્ત્રીત્વનું પૌરૂષત્વ આણે છે. પ્રેમ મર્ત્યને જીવંત કરે છે અને જીવંતને મારે પણ છે.

પ્રેમ અતિ સરળ છે; તેમ છતાં કેટલીક વખત કઠિન કેમ લાગે છે? શેરડીમાં મીઠાશ છે ખરી, પરંતુ જેમ તેના ગાંઠા પાસેને પાસે વિશેષ આવતા જાય તેમ તેમ તેની મીઠાશમાં વૃદ્ધિ થતી જાય છે. તેવી રીતે સરળ પ્રેમને પોતાનું માધુર્ય બતાવવાને કઠિન થવું પડે છે. વખતપર એ કઠિન નહિ બને તો તહ્મે એને નિઃરસપણુ ગણી કાઢો. પોતાના સ્વમાનની જાળવણી અને વૃદ્ધિ કરવા ખાતર પ્રેમે આ કઠિનતા ગૃહણુ કીધી છે. તેનો ઉપકાર માનો કે આવી કઠિનતા છતાં તહ્મારા જડ, અને દયાહીન હૃદયને પણ પોતાના નીરમાં તરબોલી સીધ્ધાં–સરળ પ્રેમાર્દ્ર અને દયાદ્ર બનાવી દે છે! તેની કઠિનતામાં હવે તહ્મને કયો દોષ જણાયો છે વારૂ !

આકર્ષણ સંયોગ અને વિયોગ.

મ્હોટા સાપ કરતાં ન્હાના સાપનું વિષ વિશેષ હોય છે. વૃદ્ધ કરતાં બાળકની ચેષ્ટા વધારે લાગે છે. સિદ્ધ કરતાં સાધકની આકુળતા પ્રબળ હોય છે. કૃષ્ણના સંસર્ગમાં રાધાજીના જે ભાવ અને આકુળતા હતા તે વિરહની અવસ્થામાં નહિ હતા. આકર્ષણ મનુષ્યને પ્રેમ-નિમગ્ન કરે છે. અને પછીથી પ્રેમ દેહવિલયની સ્થિતિમાં મૂકે છે. " અંતરના ભાવથી પ્રકટતી પ્રેમ વાણી અખિલ વિશ્વનું શાંત્વન કરી શકે છે. એક જણ ઘણો ખર્ચ કરી મૂર્તિ આણે છે. અને વિધિથી સ્થાપના કરે છે. તેના દર્શન કરી સેંકડો મનુષ્યો આનંદ લે છે. શ્રી અદ્વૈતે શ્રી ગૌરાંગને આણ્યા. તેના દર્શન કરી લાખો જીવ નિષ્પાપ થઇ ગયા. વસ્તુ માત્ર તે સમયે પ્રેમમગ્ન થઇ ગઇ.

ગલ નાંખીને બેસી રહેલો માછી પોતાનાં શાંત પાણીના ક્ષેત્રફળને હાલતાં જોઇ પોતાના ગલમાં માછલી ભરાઇ હશે, એમ ધારી અતિ પ્રસન્ન થાય છે. તેવી રીતે ભકતના શાંતિમય માનસિક પ્રદેશમાં જ્યાં તીવ્ર આતુરતા

જણાય કે તુર્ત તે ભક્તને શ્રીકૃષ્ણના માનવંત આગમનની આગાહી લાગે છે. આનું નામ તે પૂર્વરાગ.

અતિવ્યગ્ર પુરૂષની સ્થિતિ આનંદ અને શોક પૂર્ણ છે. તેમાં વિષ અને અમૃતનું એકીકરણ કીધું હોય એવું જણાય છે. તમારા હૃદય અસ્વસ્થ હોય–તમારી ઇચ્છામાં ઉણપ જણાય તો તમારા ગલમાં માછલી ભરાઇ નથી એમ તમારે માનવાનું છે; અસ્વસ્થાવસ્થા તમારી ઈચ્છા પરિપૂર્ણ કરશે; પરંતુ અધીરા બની ગલ ખેંચી લો કે હલાવ્યા કરો તો તેમાં અતિ વિલંબે પણ તમારી સાધના સાધ્ય થશે નહિ. ઇચ્છીત વિષય કંઇ સહસા મળી જતા નથી. તેમાં ધૈર્યની જરૂર છે. એક વખત ગલમાં ભરાશે કે પછી છૂટી શકાશે નહિ. અહીં તહીં ખાલી હાલ્યા કરશે અને તેથી તમને આનંદ મળશે. સખંત મંડયા રહો. તમારો ગલ તમને ભારે જણાશે પછી તમે નિશ્ચંત થશો. તમારી આશા અને આસ્થા પ્રબળ જોઇએ. ગોસ્વામિ કવિરાજે પણ એમજ કહ્યું છે કે "શ્રધ્ધા નિષ્ટ થાઓ, કૃષ્ણ તમને જરૂર મળશે." તે દયામય છે. તે દર્શણ દેશે અને તમારી સાથે ક્રીડા કરશે. આ વચનમાં વિશ્વાસ રાખો. તમે તેમ અનુભવશો પણ ખરા. તે કૃપાળુ તો છે પણ કંઇક રમતીઆળ વિશેષ છે. માટે તપાસતા રહેજો કે વખત પર સટકી નહિ જાય–અદ્રશ્ય નહિ થાય. કૃષ્ણ પોતાની મોહક

શકિતથી ભકતના અંતઃકરણને ચોરી લઇ શોકાવિન્ત કરી દે છે. તે ભકતનું મૃત્યુ તો નથી કરતા, તથાપિ ચોકી ભરી તેનું સંરક્ષણ કરે છે. જ્યારે દુઃખની અવધી થઈ હોય ત્યારે તે પ્રકટ થાય છે અને ભકતને સંતુષ્ટ કરે છે. કૃષ્ણ પ્રાપ્તિની આતુરતામાં વૃદ્ધિ કરતા જાઓ. તહ્મે વિશ્વાસનીય બનો. તહ્મારે ખાસ જોવાનું એજ કે તહ્મારૂં વિશ્વાસ સૂત્ર મધ્યેથી તૂટી નહિ જાય. જયાં દ્રઢ શ્રધ્ધા થઇ ત્યાં કૃષ્ણને આવ્યા વગર છૂટકો નથી!

જયારે મન બીલકૂલ આકર્ષીત થતું નથી ત્યારે વિનય અને શરમ ઉભય જતા રહે છે. એવી અવધે જ્યારે ઉદ્વેગતા પહોંચે છે, ત્યારે કૃષ્ણ પ્રેમ જણાવવા લાગે છે. પ્રેમની મૂલાકાતનો પૂર્વનો સમય અતિ દુઃખ પ્રદ અસહ્ય અને વધારા પડતો જેવો હોય છે. એવા સંભ્રાંત થવાનું કામ નથી. જરા સ્વસ્થ થાઓ. હરિ એ હીરો છે પણ તેને ઉદ્વેગીજ ઓળખી શકે છે. સ્ત્રીને પોતાના પતિને માટે અતિ ઉચ્ચભાવ હોય છે. તેથી શું અન્ય પ્રતિ તે બેદરકાર હોય છે? વડિલો પ્રત્યે શું નિષ્ઠુરતા જણાય છે? ફજેતીની બ્હીકથી પોતાના મનસ્તાપને ઢાંકી રાખવો પડે છે. લીલી વસ્તુઓ પણ ઢાંકી રાખવાથી યથેચ્છ પરિપકવ અને મિષ્ટ બને છે.

અવિવાહીત બાળા આગળ જયારે પોતાની સાથે વિવાહમાં જોડનાર પુરૂષનું નામ લેવામાં આવે છે ત્યારે તે બાલાને ભારે આનંદ થાય છે. લગ્ન થયા પછી જયારે જયારે એકાંત મળે છે ત્યારે તે બાળા–સ્ત્રી પોતાના પતિના દર્શન કરતી અને અને ગુણાનુવાદ ગાતી થાય છે. જયારે એ સંસર્ગ દ્રઢ થવા માંડે છે ત્યારે પોતાના પતિના યશોગાન અન્યના કર્ણે સંભળાવવા તે વિશેષ ઉત્સુકત જણાય છે. જયારે ઉભય એક મય થઇ જાય છે. દ્વૈતના અદ્વૈત બને છે ત્યાર પછી પૂર્વવર્તન તેને એટલું બધું આનંદ જનક થઈ પડતું નથી.

વિયોગ કેટલો બધો હિતાવહ છે! એનાથી કૃષ્ણની પ્રાપ્તિ થાય છે. વિયોગના કારણે કામ એ પ્રેમમાં પલટાઇ જાય છે અને પ્રેમમય કૃષ્ણના દર્શન થાય છે. શેરડીના રસની સાકર બનાવવામાં અગ્નિની જરૂર છે. તેવી રીતે ામને પ્રેમના રૂપાંતરમાં ક બનાવવા માટે વિયોગ અગ્નિની જરૂર છે. એવા વિયોગના આપણે ભાગ્યશાળી થઇશું, એવી કૃપા શું દયામય કૃષ્ણ નહિ કરે? જરા એ શબ્દો ધ્યાનમાં લ્યો—એકલા અગ્નિથી રસનું સાકર રૂપાંતર થતું નથી. એ પ્રવાહી પદાર્થનો કચરો નિર્મૂળ કરવા પ્રથમ દૂધ અને જળનું મિશ્રણ કરી અંદર રેડવું પડે છે. ત્યાર પછી અગ્નિનો પ્રયોગ અજમાવાય છે. કામનું

પ્રેમ રૂપાંતર કરવામાં પણ વિરહઅગ્નિની આવશ્યકતા ઉપરાંત બીજી એક વસ્તુની પણ જરૂર છે. તે વસ્તુ તે રમણપતિજ જાણે છે. એ સંબંધી મેં કંઇક સાંભળ્યું છે તે મને કહેવા દ્યો. તે આ પ્રમાણે હોવો જોઇએ. એકે બીજાના આશ્રીત થવું. આત્માની ઐકયતા કરવી. ઉભયમાં એકાત્મા દ્રષ્ટી કરવી. તહ્મારી પ્રેમમૂર્તી તહ્મારી પાસે હશે તો પછી પ્રેમ પ્રકટેજ કયાંથી? શ્રીકૃષ્ણ પોતે તેમ કરી શકયા નથી. પોતાની મધુવંશી નાદથી ગોપીઓને દૂર દૂરથી બોલાવી પ્રેમ જયોત પ્રકટાવતા હતા. રડતા હતા અને પ્રેમભીના થઇ જતા હતા. વૃંદાવનથી મથુરા કંઇ બહુદૂર નથી છતાં શ્રીકૃષ્ણે પોતાની પ્રેમમૂર્તિને સાથે નહિ રાખી હતી. વિયોગમાં પ્રેમ સમજાય છે. અને વિયોગમાંજ પ્રેમ અંકાય છે? ગોપીઓ કૃષ્ણ માટે અને કૃષ્ણ ગોપીઓ માટે અવરનવર આક્રંદ કર્યા જતા તે શું તેહ્મના સંયોગના સંબંધમાં હતા? નહિ. વિયોગના એ અશ્રુ હતા. અને એ અશ્રુ પ્રેમનાજ હતા. મથુરામાં કે દ્વારિકામાં શ્રીકૃષ્ણને મોહક મૂર્તિની ઉણપ નહિ હતી; છતાં તેને કેમ આક્રંદ થતો? જે પ્રેમ વિયોગમાં મળી શકે છે તે સંયોગમાં મળતો નથી કૃષ્ણ તો પ્રેમનાજ ભૂખ્યા હતા. એટલે પછી તેને કેમ આક્રંદ નહિ થાય? એટલેથી પણ સંતુષ્ટ નહિ થતાં ગૌરાંગ સ્વરૂપે અશ્રુધારા વહેવડાવતા ઘેર ઘેર રખડયા

હતા ધન્ય છે એ પ્રેમને! ધન્ય છે એ પ્રેમીની મૂર્તિને!! ધન્ય છે એ પ્રેમમય શ્રીકૃષ્ણને!!!

કૃષ્ણ આજે આપણી કુંજમાં નથી. કોઈક બીજા પ્રેમના આકર્ષણથી તેણે આપણી કુંજ છોડી હોય અને ત્યાં રહેતા હોય એમ લાગે છે. એહ્માં આપણે લાચાર છઈએ. કૃષ્ણને ઘણા ભકતો છે. અસંખ્ય પ્રેમી છે. તે સર્વની ઇચ્છા પરિપૂર્ણ કરવાની તેહ્મની ખાસ ફરજ છે. અને તે માટે તે અહીંઆથી પધારી જાય તો તેહ્માં તેનો પણ દોષ નથી. કૃષ્ણને આપણા પોતાના કરી લેવાની ઉત્કંઠા હોય, પરંતુ તે કેમ બની શકે? સ્ત્રી નિરંતર એમજ ઈચ્છા રાખે છે કે પોતાના સહવાસમાંથી પતિ દૂર નહિ થાય તો સારૂં. કઇ પત્ની પોતાના પતિના વિયોગની ઇચ્છા કરશે? આમ છતાં પત્નીને નાખુશ કરી બીજી વ્યકિત તરફ તેને જવું પડે છે. દુનીઆદારીની તેની ફરજ છે. તે તેમ કરે છે. તેહ્માં તે પણ દોષીત નથી. કૃષ્ણ એકના સ્વામી નથી. જગત્‌ના સ્વામી છે. તેને સર્વ સમાન છે. સર્વનું સંરક્ષણ તેને કરવુંજ જોઈએ. સર્વની વાંચ્છના પૂર્ણ કરવાનો તેનો ધર્મ છે. તેને માટે તેને જવાની જરૂર છે. એટલા માટે તેને દોષીત નહિ ઠેરવશો. દ્રષ્ટિ બહાર છે તેથી મનની બહાર પણ કૃષ્ણને કાઢી નહિ મૂકતા. નિરંતર તેનું ચિંત્વન કરતા રહેજો. તહ્મે તેને નહિ ભૂલશો તો તે તહ્મને પણ નહિ ભૂલશે. આ વાત નિસ્સંશય છે.

નામ મહાત્મ્ય.

નિરંતર નામ જપ્યા કરો. નિંદ્રામાં અને સ્વપ્નામાં તેનોજ વ્યાપાર કરો. નામ એ મંત્ર છે, નામ તંત્ર છે; નામજ સ્વયં ઇશ્વર છે. નામથી બીજું કોઇ મ્હોટું નથી. શ્રીકૃષ્ણના કરતાંયે શ્રીકૃષ્ણ નામ વિશેષ ચમત્કારિક અને પ્રભાવશાળી છે.

શ્રીકૃષ્ણ નામ રામબાણ ઔષધ છે. બીજાં ઔષધો શારીરિક રોગોનું નિવારણ કરે છે; જયારે શ્રીકૃષ્ણ નામ શરીરની સાથે મન અને અને આત્માના રોગોનું નિવારણ કરી જીવને પરમ પવિત્ર બનાવી નિત્યસુખ અને શાંતિમય વૃંદાવનમાં લઈ જાય છે. અસાધ્ય ભવરોગથી મુકત થવાને નામ શિવાય બીજો ઉપાય નથી. કૃષ્ણ નામ લેવાની ઇચ્છા થતાં શારીરિક વ્યાધિનો નાશ થાય છે અને મનુષ્યના હૃદય વિશુદ્ધ બને છે. જયારે નામમાં એવો વિશ્વાસ દ્રઢ થાય કે નામ એજ સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે ત્યારે અસાધ્ય ભવરોગનું પણ નિવારણ થાય છે, ત્યાં પછી શરીરના સામાન્ય વ્યાધિની શી કથા ?

નામ જપ્યા કરો. નામથી સકલ જગત્ ત્હમારૂં થશે. ત્હમે તેના થઇ જશો. ત્યાં ત્હમે એવા પરમાનંદમાં નિમગ્ન

થશો કે નિરાનંદ શોક કે વિષાદની છાંયા સરખીયે જણાશે નહિ. આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક તાપ કોઇ પણ રીતે અને કોઇ પણ અંશે કનડતા જણાશે નહિ. ભય માત્ર નામ સાંભળી પલાયન થઇ જશે. અને તહ્મે હમેશને માટે નિશ્ચિંત મસ્તચિત્ત બની રહેશો. માટે નામ લેવું, નામ જપવું નામની ધૂનથી વાતાવરણને ગજાવી મૂકવું એજ માત્ર જીવનું પરમ કર્તવ્ય છે–ઉચ્ચતમ ઉદ્દેશ છે. નામ વિસ્મરણ થવાથી સ્વર્ગનું ઇંદ્રપદ પણ ઘોર નર્કના ભયંકર ભોગરૂપ જણાય છે. શ્રીકૃષ્ણના વિસ્મરણથી જીવ માયાનો દાસ બને છે તેના સ્મરણથી મુકિત પદ પામે છે. જીવનનો જેટલો કાળ અવશેષ હોય તેટલો સર્વ કૃષ્ણ નામ લઇને જીવનની સાર્થકતા પ્રાપ્ત કરવામાં સમર્પણ કરવો. કૃષ્ણ વિનાનું બ્રહ્મત્વ કે શીવત્વ કંઇ કામનું નથી. સંસારમાં સુખ દુઃખ સદાએ અનિત્ય છે. તેમાં તલ્લીન થઇ કૃષ્ણને ભૂલી જવા અને અંજલી અંજલી વિષપાન કરવું એ બન્ને બરોબર છે. મનથી પ્રાણથી હૃદયથી એજ રસમય શ્રીકૃષ્ણ નામને સર્વદા કંઠભૂષણ કરો. કૃષ્ણ નામનું કંઠાભરણ કરવાથી ચમાર જાત પણ પવિત્ર બને છે. કૃષ્ણનો જાપ જપવો એજ મનુષ્ય જીવનનો ખરો આશય છે. તેને ભૂલી જઇ નાહક માયાના બંધનમાં જીવ બંધાયા કરે છે.

"કૃષ્ણ તણું એ ન્હાનું-મંજુલ નામ ભૂલી જે જન રખડે;
તેહ તંગ કરે, આ કંઠ ખરે, માયા! નિજ માયા તંત વડે."
પછી એ વિલપે, પછી એ વિનવે, "પાહિમામ કૃપાળુ કૃષ્ણ હરે!"
"પાહિમામ કૃપાળુ કૃષ્ણ હરે! પાહિમામ કૃપાળુ કૃષ્ણ હરે!"

શ્રીકૃષ્ણને ભૂલી જવાથી જીવ સદાનો માયાનો દાસ બની રહે છે. માટેજ કહેવું છે કે એવાં મંજુલ કૃષ્ણને નહિ ભૂલો. કૃષ્ણ નામ લેવું અને તેહ્માં નિમગ્ન થવું એજ કૃષ્ણ પ્રાપ્તિનો સુગમ ઉપાય છે. ઠંડા પાણીમાં ડૂબકી મારી રહેલાને સૂર્યના પ્રખર તાપવાળા કિરણો કંઇ પણ અસર કરી શકતા નથી. પૃથ્વિ પરવિચિરતા જીવને તે તપાવે છે ખરા. પરંતુ જળમાં ઝબકોળાતા ને તપાવતા નથી. તેવી રીતે શ્રીકૃષ્ણ નામમાં જે નિરંતર મસ્ત છે. તેને કોઇ પણ પ્રકારે માયા સ્પર્શ કરી શકતી નથી. શ્રી કૃષ્ણ નામ શિવાય બીજો મહામંત્ર હું જાણુતો નથી. તેથીજ હું તેનું નામ નિરતંર લેવાને વારંવાર કહ્યા કરૂં છું અસ્ખલિત નામ સ્મરણથી શ્રી કૃષ્ણ પ્રેમ પ્રકટે છે. અને તે પ્રેમ પરિપકવ થયાથી શ્રી કૃષ્ણની પ્રાપ્તિ થાય છે.

જેની પાસે ભકિત અને પ્રાર્થના સાધન છે તેને નાવિકના દબાણમાં રહેવાની જરૂર નથી. કારણ તેણે પોતાની મુસાફરીના મૂલ બરોબર ચૂકતે આપી દીધા છે.

હું તો કંગાલ છું. મ્હારી પાસે એવા કંઇ સાધન નથી. મ્હારા જેવા બીજા ઘણુાયે દીન છે તેની પાસે પણુ કંઇ સાધન નથી. તેવાને માટે કૃષ્ણુ નામ અને કૃષ્ણુ ગુણાનુવાદ સાધન બસ થશે. કૃષ્ણુ નામ રટાયા કરશે તો દયામય પ્રભુ જરૂર આપણા પર કૃપા કરશે. એક નિષ્ઠાથી તેનું નામ જપ્યા કરવું એ મનુષ્ય માત્રની ફરજ છે.

કૃષ્ણુ નામ અને ગુણાનુવાદ શિવાય હજુ બીજું શું છે? સર્વનુ મૂળ આજ છે. તેનાથી સર્વ સાધી શકાય છે. કૃષ્ણુનામ અહોરાત્રિ લેવાયુંજ જાય એવી તીવૃ ઇચ્છાથી શિવ પોતે પોતાના મંદિરમાંથી નીકળી નિર્જન સ્થાનમાં આવી એક બિલ્વ વૃક્ષની શીતળ છાંયા નીચે એક વખત બેઠા હતા. આ શિવ વર્તન આપણુને સિધ્ધ કરી આપે છે કે મુકિત મેળવવા માટે વસ્તુ માત્રનો ત્યાગ કરવો કરવો જોઇએ અને નિર્જન એવા ઉપાધિ રહિત સ્થાનમાં જવું જોઇએ. મુકિત મેળવવામાં આ પ્રથમ પગથીયું છે. શાંતિ મેળવવાને બિલ્વ વૃક્ષ એ પણુ સાધનાંશ ગણાય છે. નામથી પ્રેમ ઉદ્ભવે છે. અને પ્રેમથી મારા લલિત રાસવિહારી શ્રીકૃષ્ણુની પ્રાપ્તિ થાય છે. ધ્રુવ તારાના સાધનથી વ્યોમના બીજા તારાની દિશા

પકડાય છે, તરૂના મૂળમાં જળ સિંચનથી શાખા ઉપશાખા પર્ણ ફલઆદિમાં પણ તેનું સિંચન થયલું જણાય છે; તેવી રીતે કૃષ્ણ નામ લેવાથી ધર્મની અનેક ક્રીયા, જપ, તપ, વૃત્ત આદિ ઉજવી લીધાં મનાય છે. જપતપ આદિ અનુષ્ટાનના ફલો નામમાંથી ફૂલે છે. તે નામ શિવાય બીજું કંઈ મહદ્ સાધન હોય તેવું હું તો જાણતો નથી. કૃષ્ણ નામ કૃષ્ણ કરતાં વિશેષ પ્રભાવશીલ અને મિષ્ટ છે. નારદ મુનીનું યોગ બળ શું ન્યૂન હતું? શિવની ત્રિકાળ શકિત શું નહિ હતી? શુકદેવે શાસ્ત્ર અધ્યયન ઓછું કીધું હતું? તેમણે પણ અંતે એજ તારણ કાઢયું કે નામ એજ મહામંત્ર છે. નામમાં શાંતિ છે—નામમાં આનંદ છે—નામમાં સર્વસ્વ છે. શ્રી કૃષ્ણ પોતે પણ કહે છેઃ—“ હું વૈકુંઠમાં નથી, નથી તેમ યોગીના હૃદયમાં. જ્યાં મારા ભકતો મારી ભકિત કરે છે ત્યાંજ માત્ર હું છું.” આ સૂત્ર પુનઃ સ્થાપવાની ખાતર પોતે શ્રી ગોરાંગ રૂપે ભકતોને ઘેરઘેર આંસુભેર રખડયા કીધું હતું.

મનુષ્ય કૃષ્ણને જોતા નથી એ વાત ખરી છે છતાં, નામ તેના અનુસંગી તરીકે રહે છે. મન વાણી અને કર્મથી તેનાજ શરણમાં નિરંતર રહીએ. એક વખત નામ

મારૂં થયું કે શ્રીકૃષ્ણ પણ મારા થશે મનુષ્ય, જંતુ, જીવના રૂપમાં પણ હું એને જોઇ શકીશ. વૃજના જીવ-જંતુ સરખા કૃષ્ણની ઝાંખી કરે છે અને તેની સાથે રમણ કરે છે. જો તહ્મારે પરમાનંદ એવા શ્રીકૃષ્ણની સાથે રહી આનંદ ખેલવો હોય તો માત્ર તેનું નામ લેયા કરો. જેને હીરા સંબંધી જ્ઞાન નથી તે હીરો હાથ આવતાં પણ ફેંકી દેશે જેને જ્ઞાન છે તે કાચના કકડાને પણ ભૂલમાં હીરો માની ઉચકી લેશે. આવા ખોટા કાચના કકડા શોધવામાં ખરો હીરો એને મળી પણ આવે; તેવી રીતે " કૃષ્ણ કૃષ્ણ " જપવામાં કૃષ્ણ મળી પણ આવે. જેને તેને કૃષ્ણ માનો. એકાદ સુભાગ્ય દિવસ આવશે તે વખતે કૃષ્ણ જરૂર મળી જશે. ત્યારે તહ્મારી વાસનાનો લય થશે. તહ્મે નિશ્ચીંત થશો.

દુઃખી અને કંગલ મનુષ્યને કૃષ્ણ અસાધ્ય જેવા લાગે છે. તેવાને કૃષ્ણ કરતાં કૃષ્ણ નામ વિશેષ પ્રિયકર થઇ પડે છે. ખરૂં પૂછો તો તેહ્મના શાંત્વન અર્થે કૃશ્ણ નામનો આજે અમલ છે. કૃષ્ણ નામનો અમલ શાશ્વત રહે—ગરીબ બિચારા તેનો સદુપયોગ કરતા રહે તેટલા માંટે હું કૃષ્ણને એવીજ વિજ્ઞાપ્ના કરતો રહું કે "પ્રભુ તમારો

નામ મહિમા અહ્માશ ઉધ્ધારને માટે ધ્રૂવ કરો. ” જ્યાં નામનો પ્રભાવત્મક અમલ પ્રવર્તતો હોય ત્યાં પછી પાપીના પાપ અને દુઃખીના દુઃખનું અસ્તિત્વ કયાંથી સંભવી શકે ? ગંગા તટે રહેનારો તરસ્યો કેમ મરે ? મારા જેવા જેટલા દીન અને દુઃખી છે તે સર્વે આપણે એકત્રીત થઇએ. આપણે એકસામટા હરિધૂન ગજાવી મૂકીયે અને આપણા આત્માને સંતુષ્ટ કરીએ. નામ લેવાથી જે સુખ, આનંદ અને વૈભવનો અનુભવ થાય છે, તે અનુભવ મુકિત પદમાં પણ નથી મળતો. નામની તુલનાજ નથી; તે અતિ મિષ્ટ છે.–અસાધારણ મિષ્ટ છે. જેને જાણવાની અપેક્ષા છે તે ભલે તેની ચટકી લઈ જૂએ. વાણીથી તે સમજાવી શકાય તેમ નથી. તેમ તે સમજી શકે તેમ પણ નથી. નામની મિષ્ટતા તે મિષ્ટતાજ છે. તેની મિષ્ટતા આગળ સર્વ મિષ્ટ એકીકરણ પણ નિકૃષ્ટ છે. ભૂલેચૂકે એવા મધુર નામને પણ કોઈ નહિ ભૂલશો. જીવન અનિત્ય છે. આજે જે વિદ્યમાન છે તેનો કાલે નાશ છે. માટે કૃષ્ણ નામ લેવું એ ઉચિત છે. જેણે કૃષ્ણ નામનો જાપ કીધો છે તે કૃતાર્થ થયા છે. કૃષ્ણ મંત્રોચ્ચાર જેના કર્ણમાં પ્રવેશ્યો તે પણ કૃતાર્થ થયા છે. જે જે સ્થાનમાં ભકતનું આવર્જન વિસર્જન થાય છે તે તે સ્થાન પવિત્ર થાય છે. કૃષ્ણના

ભકતોને કોઈ પણ પ્રકારનો ભય નથી. ભય શું ચીજ છે તે જાણતાજ નથી.

વાઘ, વરૂ જેવા હિંસક પ્રાણીવાળા એક ગાઢ જંગલમાં ત્રણ માલનું એક ભવ્ય મકાન બંધાવી ઉંચી અટારીથી જો જોવા માગે તો આ હિંસક-રકત તરસ્યા પ્રાણીઓને પોતાના મકાનની આસપાસ કૂદતા અને છલંગો મારતા નિડરપણે જોઈ શકાય. ભયંકર ગર્જના કરતી તેહ્મની ભયાનક મૂર્તિ પણ દેખાયા કરે. અને ઈચ્છા થયે તેહ્મનો નાશ કરવો હોય તો તે પણ અતિ સુગમતાથી થઇ શકે. આ માયાના અગમ પ્રદેશમાં જેણે કૃષ્ણના ચરણારવિંદમાં પોતાનું શીશ નમાવ્યું છે-જેણે તેનુંજ અષ્ટે પ્રહર ચિંત્વન કરવા માંડયું છે-જેણે સ્વયં ચોદિશ વાતાવરણને પણ કૃષ્ણ ધ્વનિમય ગજાવી મૂકયું છે તેને માયાના ઈલ્મનો ..યાના મોહનો કિંવા ભયનો સ્પર્શ થનાર નથી. નિશ્ચિંતપણે કૃષ્ણના દયામય મંદિરમાં બીરાજી માયાના ખેલ અવલોકે છે અને આનંદ માને છે. માયાની તાકાત નથી કે ને કૃષ્ણના ભકતને અડી શકે. બલ્કે માયાને હંફાવવી હોય તો તે ભકત કરી શકે એમ છે. જેને શાશ્વત આનંદની જીજ્ઞાસ છે તેણે હવે કોઇ પણ પ્રકારનો વિલંબ કર્યા વિના શ્રીકૃષ્ણના ચરણ કમળમાં સાષ્ટાંગ થવું જોઈએ.

વિશેષ વિલંબ કરવામાં માયા પોતાની હાકેમી બતાવી જશે. અને તેથી ઘણું સોસવું પડશે. રામચંદ્રજીના દર્શન થતાં વારને દુષ્ટ દાનવો ભસ્મવત્ થતા. રામનું નામ સાંભળી તે પલાયન કરી જતા. માયા પણ કૃષ્ણનું નામ સાંભળી કંપે છે અને તેના પ્રદેશથી અતિ દૂર જઇ ઉભી રહે છે. માયાના બંધનમાંથી મુકત થવાને શ્રીકૃષ્ણ નામજ ખરૂં સાધન છે એવો દ્રઢ વિશ્વાસ આણી "કૃષ્ણ-કૃષ્ણ" રાત્રી દિવસ કહેતા રહો. માયાની ખાલી પડેલા સ્થાનમાં શ્રીકૃષ્ણનો વાસ આવે છે. જ્યારે જ્યારે કૃષ્ણ નામોચ્ચાર થતો રહે છે ત્યારે ત્યારે નામોચ્ચારની સાથે કૃષ્ણ સ્વયં હાજર રહે છે. કૃષ્ણને દેખી માયા પાછી ચાલી જાય છે. કૃષ્ણધ્વનિ શાંત થાય છે કે તે પાછું ડોકીયું કરી જાય છે. એ ધ્વનિ પાછો જાગ્યો કે એક વખત પાછી માયાં સટકે છે. એમ આવે છે ને જાય છે. માયા પોતાના મુદ્દામાં રમે છે. મનુષ્યને તેને પોતાના અંકુશમાં લેવો છે તેથી તે આર્વજન વિસર્જન કરે છે. પરંતુ તેનું વર્તન ફલીન થતું નથી. કૃષ્ણ પોતાની પાછળજ પડયા છે એવું જ્યાં માયાને જણાઇ આવે છે કે પછી તે મનુષ્યનો પણ કેડો છોડી દે છે. કારણ તેને પૂર્ણ અનુભવ છે કે જ્યાં કૃષ્ણ છે ત્યાં પોતાની પ્રખર હાંક કંઈપણ અસર કરી

શકતી નથી. સર્વ પવિત્ર સ્થળો શ્રીકૃષ્ણમાં સ્થિત છે. જ્યાં એનો નામોચ્ચાર થાય છે ત્યાં-તે ભૂમિનો રંગ પણ પલટાઇ જાય છે, જે ભૂમિમાં કઠિનતા, અને નિષ્ઠુરતા દ્રશ્ય થતી ત્યાં કૃષ્ણ નામના પ્રભાવથી દીનતા અને દયાભાવના અંકુર પ્રકટતા જણાતાં. આપણા ઉધ્ધારને માટે નામ જેવું એક સુગમમાં પણ સુગમ સાધન પરમ દયામય કૃષ્ણ નિર્ણીત કરી ગયા તો તે શા સારૂ જતું પણ કરવું જોઇએ? नामैव केवलम् નામથીજ મુક્તિ મળે છે. નામ રટણ કરનારા નિરંતર પવિત્ર સરિતામાં સ્નાન નહિ કરી રહ્યા હોય એવો સ્વાનુભવ તેહ્મને થાય છે. જયાં નામ સાધન છે ત્યાં નિરાશા નથી. દયામય કૃષ્ણે આપણને માટે આવો ધોરી રસ્તો બતાવી દીધો છે. એ ધોરી રસ્તે આપણે ચાલ્યા જવાનું છે. દરવજ્જન તરીકે નિત્યાનંદ છે. તે તહ્મને કૃષ્ણના અનંત જ્યોતિમય પ્રદેશમાં સમાન જવા દેશે. આવી અણુમાગી સિદ્ધિ નહિ જવા દેવી જોઇએ. પ્રાચીન યુગમાં ઋષિમુનીઓએ કરેલા હજારો વર્ષોના તપાંતે જે નથી મળી શક્યું તે આજે હરતા ફરતાં-એક રમત માત્રથી મળી શકે છે. કહો ત્યારે, સુભાગ્ય આપણા કે આપણા પૂર્વજોના; દયામય કૃષ્ણની આવી મહદ્ કૃપા છતાં આપણે તેના નગૂરા બનીએ તો પછી તેહ્માં આપણોજ દોષ લેખાય. कर्षति ति कृष्णः દુઃખ હરે છે તે કૃષ્ણ છે, તો તેવા કૃષ્ણને

શરણે જવામાં અને દુઃખ વિમોચન કરવામાં શરમાવવું શાને જોઈએ?

મનુષ્યને જ્યારે કોઈપણ વસ્તુની ખરી તંગી પડે છે. ત્યારે શ્રીકૃષ્ણ તે આપે પણ છે. એમાં કંઈ સંશય નથી. મનુષ્યને જ્યાં સૂધી સાચા હીરાની પરીક્ષા નથી, ત્યાં સૂધી રસ્તામાં પડેલા કાચના ટુકડાને પણ હીરા માની લેશે, તેનું સંભાળ પૂર્વક જતન કરશે અને આનંદ નિમગ્ન થશે. હીરાનો ઝવેરી થતાં તે કાચના ટુકડા સંગ્રહ કરવાની ઘેલછા છોડી દેશે—જતન કરેલા હશે તે પણ ફેંકી દેશે. અને રસ્તામાં પડી રહેતા એવા ટુકડાથી મોહીત નહિ થતાં માત્ર સાચા હીરાના ગ્રાહક થવાનુંજ તે પસંદ કરશે. તેવી રીતે મનુષ્યને જ્યાં સૂધી કૃષ્ણના નામની કૃષ્ણના ગુણોની પીછાન નથી ત્યાં સૂધી દૂનીઆમાં અનેક વ્યવસાયમાં ગુંથીત રહેશે. અનેક ધંધા કરી જોશે. અનેક ઉપાધિના સ્વામિ થશે. કૃષ્ણ માર્ગે જ્યાં એક વખત ચઢયા કે સહસા શાંતિ પ્રવર્તિ રહે છે. કૃષ્ણનામમાં આ એક અજબ ચમત્કાર છે. કૃષ્ણ અતિ દયામય છે. દુનીઆની અનિત્ય વસ્તુ માટે મનુષ્યને ભારે લલુતા હોય છે તે કૃષ્ણ સારી રીતે જાણે છે; પરંતુ એવી લલુતાવશ કલીષ્ટ અવસ્થામાં મનુષ્યને પડયા રહેલા જોવા શ્રીકૃષ્ણ નારાજ છે. તે તેનો

ઉદ્ધાર કરવા માંગે છે. એક વખત તે ગુપ્ત રહેલા કોઈ પણ વિષમય પદાર્થ મનુષ્ય આગળ ધરે છે. લઘુતાનો નિર્ધન મનુષ્ય તે લઈને અનુભવે પણ છે. અંતેતો તેની રગેરગમાં વિષ વ્યાપી જાય છે. તે અચેતન થઈ પડી રહે છે. આવી સ્થિતિમાં કૃષ્ણ કૃપાવંત થઈ નામ મહાત્મયથી નવીન ચૈતન્ય સમર્પે છે. પોતાની પ્રેમ વિભૂતિથી તેનું આકર્ષણ કરે છે અને તેને શાંતિ બક્ષે છે. આના કરતા વિશેષ દયામય બીજું કોણ હોય? માટે તમને કહું છું–કાલાવાલા કરી કહું છું કે બીજુ બધું ભૂલી જાઓ. કૃષ્ણ નામને નહિ ભૂલશો. તેના નામથી પરમાનંદમાં મહાલતા થશો.

કૃષ્ણનામ જપવામાં અંતઃકરણનું અજીત શૌર્ય જોઈએ છે. તેની નામાવલી બોલાતા ભય, સંકટ આદિ દૂર નાશે છે. તેની છાંયા સરખી પણ જણાતી નથી. અને જીવન નિશ્ચિંત થાય છે. આવા મહદ્ લાભોનો ત્યાગ કરી બહારથી મ્હોટા દેખાતા વૈભવોમાં પડવાથી અશાંતિ અને ક્લેશજ મળે છે. એ સત્ય છે કે જેણે એક વખત શ્રીકૃષ્ણ નામામૃતનો એક ઘૂંટડો લીધો છે તેણે દુનીઆની ચિંતા માત્રને પોતાને માથેથી ઉતારી ક્યાંયે દૂર ફેંકી દીધી છે. જે કૃષ્ણમાં નિરંતર મસ્ત છે તેના આનંદની–તેના મહિ-

માની સીમા નથી. અમીર, ઉમરાવ કે રાજા મહારાજાની કોટિના પણ તેને વંદન કરવા પગે પડે છે. કહો ત્યારે, મ્હોટાઈ કૃષ્ણ નામની કે દુનીઆના વૈભવની? માયાના બહારના ભપકાથી અંજાઈ નહિ જતા. અંદર સર્વ પોકળ છે. ટકોરામાં છિન્ન ભિન્ન થઈ જાય તેવું છે. તહ્મે સંગીનની વાત કરજો. સંગીન વસ્તુ માંગજો, બહારથી અને અંદરથી સંગીન છે એવી પ્રતીતિ થાય તો તે લેજો. એવા સંગીન શ્રીકૃષ્ણચંદ્ર છે. એ સંગીન કૃષ્ણ છોડી પોકળ માયા નહિ લેશો. કૃષ્ણ નામ સમાન બીજું મદ્ય પણ નથી. બજારૂ મદ્યપાનથી માત્ર પીનારને નીશો ચડે છે, બીજાને નહિ. કૃષ્ણ નામથી પોતાને નીશો ચડે છે અને જગત્‌ને પણ ચડાવે છે. પોતે ડોલે છે–જગત્‌ને પણ ડોલાવે છે. પોતે શાંતિ પામે છે–અન્યને પણ આપે છે. તહ્મારાથી થાય તેટલો તેનો જાપ કરો. અન્યને કરવાને પણ કહેતા રહો.

રાજા, કે રંકને પોતપોતાની ચિંતા હોય છે. નિચિંતાવાન કૃષ્ણ ભકત શિવાય કોઈ નથી. દુનીઆ માયાની છે, ત્યાં માયાનો અમલ ચાલે છે. માયાની નેકી પોકરાય છે. એ દુનીઆમાં સર્વાંશે સુખી આત્મા કયાંથી મળે? કોઈને સુખી કરવા–કોઈને દુઃખી કરવા, કોઈને હસાવવા તો કોઈને રડાવવા, કોઈને પાડવા તો કોઈને ઉભા કરવા કોઈની જય ઘોષ કરાવવી તો કોઈની હાંસી કરાવવી એ માયાના મુખ્ય

કર્મો છે. માયાની આ એક લીલા છે. જેને જોઇએ છે તેને તે હોંસથી આપે છે. બીજા બંધનોમાં પણ બાંધતી રહે છે. યાદ રાખજો કે ગમે તેટલો પૈસો ખર્ચશો છતાં વ્યભિચારિણી તહ્માારી પોતાની નહિ થશે. તેવી રીતે માયાને પોતાની કરવા માંગશો તો તે પણ કદી થશે નહિ. માયા ધૂર્ત છે. માયા ઠગારી છે. ઠગારીની પણ ઠગારી છે. એ ઠગારીનું મારણ શ્રીકૃષ્ણ એકલુંજ છે. તે શિવાય બીજું કંઈ નથી. માટે કૃપા કરી એ ઠગારીના ફંદામાં ફસાસો નહિ. એની લાલચથી લોભાશો નહિ. કૃષ્ણ–કૃષ્ણ કહ્યા જાઓ તેથી તહ્મારી વાસના નિર્મૂળ થશે. પછી તહ્મને માયાનો ભય રહેશે નહિ.


સંપાદન કરેલી વસ્તુ જતી રહે છે અને પાછી પ્રાપ્ત થતી નથી ત્યારે મનુષ્ય ભારે રૂદન કરે છે. તેવું રૂદન કૃષ્ણ ભકતને કરવાનું નથી. કૃષ્ણ સંપાદન થયા પછી જતા નથી રહેતા. કવચિત્ જાય છે તો તે પાછા પણ આવે છે એટલે આક્રંદનું કંઈ કારણજ હોતું નથી. આ અનુભવસિદ્ધ છે.

સૃષ્ટિનું જીવન યુગથી નિર્માણ કરાયું છે. એવા યુગ ચાર છે. (૧) સત્યયુગ (૨) ત્રેતા (૩) દ્વાપર અને (૪) કલીયુગ. આ ચારે યુગમાં કલીયુગ શ્રેષ્ટ કહેવાય છે. તેનું કારણ એ કે તેના સમયમાં નામનો અસાધારણ પ્રભાવ છે.

કળીમાં બીજી ઘણી હરામી છે. ધૂર્તતા, ક્રૂરતા, ભ્રષ્ટતા, અસત્ય ભાષણ, અનીતિથી કલી પ્રપૂર્ણ છે છતાં નામના મહાન સદ્‌ગુણથી તે બધા અવગુણો ઢંકાઈ જાય છે. પાપી કલી પણ પતિતને પાવન કરનાર સમય વીર છે.

"કૃષ્ણ કૃષ્ણ" નામોચ્ચાર કરતા રહો. આ મારો અંતિમ ઉપદેશ છે. જપ, તપ, અનુષ્ટાનાદિ કંઈ કરવાની જરૂર નથી. એ સર્વોત્તમ છે. નિંદ્રામાં અને જાગૃતાવસ્થામાં "કૃષ્ણ કૃષ્ણ" બોલ્યા કરો. તે અતિ મિષ્ટ છે. નામવિધિમાં કોઈપણ જાતના નિયમપાલન નથી. કૃષ્ણ નામને પાવન કરવાને બીજી ક્રીયાની જરૂર નથી. ગંગા જળ નિરંતર પવિત્ર છે. તહ્મારા પાપાત્મક શરીર ત્યાં ધોયા છતાં તે પવિત્ર રહે છે. એને પવિત્ર કરવાની આવશ્યકતા નથી. કૃષ્ણ નામ પણ પવિત્ર છે. ભલેને ઢેડ-ચમાર તેનો ઉપયોગ કરે તો તેથી શું શાશ્વત પવિત્ર વસ્તુ તે અપવિત્ર થતી હશે કે? દુનીઆની અપવિત્ર વસ્તુનો સમૂહ પણ એ પરમ પવિત્ર નામને પતિત કરવાનું સાહસ નહિ કરી શકે. એ સર્વ ભ્રમણા છે. નામમાં મત્ત થાઓ. નામ તહ્મારો માર્ગ દર્શક થશે. વાટમાં અટકવાની કે કોઇને પૂછવાની તહ્મને જરૂર રહેશે નહિ. નામ એ તિમિરનો પ્રકાશ છે. ગમે તેવા ગાઢ અંધકારમાં તે નામ તેજથી સીધે માર્ગે ચાલ્યા જશો. માત્ર વિશુદ્ધ હૃદયથી નામ લેતા રહો. જે લેતા હોય

તેનો સંગ કરતા રહો. ઘણી વખત મેં કહ્યું છે-ફરી પણ કરગરીને કહું છું કે **નામ સમાન મહામંત્ર નથી. નામ રટયા કરો તેથી તમે નિશ્ચિંત થશો. ગમે તે સ્થિતિ, સંજોગ અને સમયમાં "કૃષ્ણ કૃષ્ણ" ગાયા કરો!!!**



રાધા કૃષ્ણનું રહસ્ય.

શ્રીમતિ રાધાજી એક વખત શ્રીકૃષ્ણ દર્શન કરીને ઘેર પાછા વળ્યા, ત્યારે તેમની સખીઓએ રાધાજીને ચિત્તની ચંચલતાનું કારણ પૂછયું. રાધાજીએ જવાબ આપ્યો :—

સખી મારૂં મન મોહનમા મોહ્યું,
સુખકર સુંદર સુરતે સોહ્યું......સખી!
મોહીની મૂર્તિ, પ્રિયરસપૂર્તિ, સ્ફૂર્તિ પયે ચેતન ધોયું..સખી!
ત્રિભૂવન મોહન, સુલલિત લોચન જીવન ભાન હર્યું..સખી!
અતુલ અનુપ અપ્રતિમરૂપ નિરખી પ્રેમનું પાન કર્યું..સખી!
મનસા વાચા તર્કો કાયા, રંગે રૂપ મેં એહ ધર્યું..સખી!
રંગ તરંગે ડુબી નિરંતર, ચૈતન્ય ધ્યાન સર્યું..સખી!

સર્વાંગ સુંદર શ્રી કૃષ્ણચંદ્રની અનુપમ સૌંદર્યથી વિશ્વ મોહવશ થયું છે. જે કૃષ્ણ સૌંદર્ય છે તે રાધાજીનું સૌંદર્ય છે. જેમ શરીરમાં અસ્તિ માંસ એક છે તેમ રાધાજી પણ એક ભાવે છે. જગત્‌માં વિવિધ પ્રકારની જે જે રૂપ-છાંયા છે, તે સર્વ અમારી રાધાની આભા છે. એ રૂપસાગરનું આસ્વાદન પોતપોતાના અનુભવ અને અધિકારની

યોગ્યતા અનુસાર પ્રાપ્ત થાય છે. ઘડામાં જેટલું જળ રહી શકે તેટલું જળ મનુષ્ય કૂવામાંથી ખેંચી શકે છે. તેવી રીતે દેહઘટ પણ તેટલેજ અંશે અનુપમ સૌંદર્યથી ભરાય છે.

શ્રી કૃષ્ણ સકળગુણ સંપન્ન છતાં તેનામાં એક દોષનો પણ અધિનિવેષ છે. એ દોષ તે કાળો અને કૂટિલતા. આ દોષ છતાં ગુણની વિશેષતા છે. નીલકાન્તમણી કાળો છે છતાં તેની શોભામાં, કિમ્મતમાં કે આદરમાં ન્યૂનતા થાય છે ખરી કે ? અહ્મારા કૃષ્ણ કાળા લોકોની પાસે કાળા, સુંદરની સમીપ સુંદર, વાંકાની સાહ્મા વાંકા અને સીધાની સાથે સીધા છે.

યુગલ મૂર્તિનો વિચાર પ્રત્યેક જીવને સ્વાભાવિકજ હોય છે. તેનું સ્વરૂપ અતિસુગમતાથી ધ્યાનમાં ઉતરી શકે છે. અંતરની આતુરતાને નિવૃત કરી શાંતિ પ્રદાન કરનાર છે. માટે યુગલ મૂર્તિનું ધ્યાન ધરવું–યુગલ મૂર્તિની કૃપા સંપાદન કરવી એજ ઉચિત છે. તહ્મે યુગલ મૂર્તિની-રાધા કૃષ્ણની જય ગાઓ, એ તહ્મારી ગાશે ! ! !

સમાપ્ત

અમે પોતે.

ફોટોગ્રાફીનું સર્વ કામ કરીએ છઇએ. બીજાપર ભરોસો રાખતા નથી. બ્રોમાઈડ એનલાર્જમેંટ-છબીમાં રંગ પૂરવાનું કામ-વૉટર કલર અને ઑઇલ કલરના જંગી ચિત્રો ઘણાજ મોહક અને આકર્ષક બનાવી આપવામાં આવે છે. એમેચ્યુઅરના કામો પણ તેમના સંતોષ પ્રમાણે થતાં રહે છે. ઑફીસના, કલબના કે સમારંભના ફોટા ગમે તે વખતે લઇએ છઇએ અને તેના ભાવ પણ માફકસર છે. **રેશમી રૂમાલ અને બટનપર છબી ઉતારવાનાં અમારા કામ જોઇને પ્રજા છક થઈ જાય છે. અમારા આ કામ બીન હરીફ છે એવો જાહેરનો એકમત છે.** મહેરબાની કરીને એક વખત મુલાકાત લઈ લ્યો. પણ યાદ રાખજો કે તેના જેવી તમારી છબી લેવડાવવાનું તમારૂં મન થાય નહિ હોં! અમારા સ્ટુડીઆપર આવતા ઘણાના નિશ્ચય ફરી ગયા છે માટે ખૂબ ગોખતા આવજો કે "અમારે છબી નથી પડાવવી." લ્યો ત્યારે અમારૂં ઠેકાણું તો નોંધી રાખોઃ—

મેસર્સ પી. પી. મેકડયુમ એન્ડ કું.

૧૭૬. ગીરગામ બેકરોડ. મુંબઈ.